બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરજીની ૧૩૩મી જન્મ જયંતી નિમિત્તે બાબાસાહેબ ડૉ. બી. આર. આંબેડકર ચેર - સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા **'મારી આત્મકથા: ડૉ.બાબાસાહેબ આંબેડકર'** પુસ્તક માંથી તૈયાર કરેલ **"ડૉ આંબેડકર ઉવાચ"** શ્રેણી

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૧-એપ્રિલ

## અધ્યાય -૧ : તે તો હું નથી ને ?

મારા દાદાનું નામ માલોજીરાવ હતું. તેમને એક નાનો ભાઈ હતો. તે ચૌદ-પંદર વર્ષની ઉંમરે જ સાધુ-સંન્યાસી લોકોના ટોળાની સાથે જવા ઘર છોડીને જતો રહ્યો અને પછીથી લગભગ ચોવીસ વર્ષે એ પાછો આવ્યો તે વખતે તેની મા એટલે કે મારી પરદાદીયે જીવતાં હતાં. પોતાના દીકરાને ઘણા લાંબા દિવસો પછીથી ઘરે આવેલો જોઈને તે માને અતિશય આનંદ થયો અને તેને 'તે હવે સંસાર વસાવીને ત્યાં જ કાયમ રહી જવા' માટે તેણે હઠ પકડી. તે જ પ્રમાણે માલોજીરાવે તેને સમજાવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ સાધુ મહારાજ કાંઈ સાંભળતા જ નહોતા. તે એકના બે ના થયા. તેઓ માલોજીરાવને એકાંતમાં લઈ ગયા ને કહ્યું કે, "ભાઈ, મેં આટલા વર્ષો સુધી તપસ્યા કરવા છતાં આજ સુધી મને સંતોષ થયો નથી. એટલે મહેરબાની કરીને ફરી એકવાર મને જવા દો. મને રોકાઈ જવા માટે તમે મને વધુ આગ્રહ કરો નહીં."

તેમની વાત સાંભળી માલોજીરાવે કહ્યું કે, "મને આ બાબતમાં કોઈ વાંધો નથી, પરંતુ ડોસી તને જવા દે તેમ નથી તેનું શું?"

આ બાબતમાં સાધુ મહારાજે માલોજીરાવને એક યુક્તિ બતાવી. તેમાં એમ હતું કે તેણે ડોસીના મનમાં ઠસાવવાનું કે, "આ સાધુ મહારાજ કેટલાંયે વર્ષો પછી આવ્યો છે. ત્યારે તે ખરેખર તારો દીકરો જ છે એ શેના ઉપરથી કહી શકાય? આવાં સાધુ-બાવાઓ તો ખૂબ જ મેલી વિદ્યા-તાંત્રિકના જાણકાર હોય છે. કાંઈ પણ મેલી વિદ્યા કરીને આ સાધુ આપણા ઘરની મિલકત- સંપત્તિને પડાવી લેવા કાંઈ છેતરપિંડી નહીં કરે એવું શેના પરથી કહી શકાય ? તેનો વિશ્વાસ કેવી રીતે કરી શકાય? જ્યારે એની જાતે જ એ સાધુબાવા- સંન્યાસીની સાથે જાય છે તો તેને જવા દે. નકામો તેને રોકાઈ જવાનો આગ્રહ ન કર." એવું તું ડોસીને સમજાવ." આ વાતથી તેની માને વિશ્વાસ બેઠો અને તેણે સાધુ-સંન્યાસીને રાજીખુશીથી જવાની પરવાનગી આપી.

આ પછીથી બરાબર વીસ વર્ષે તે જ સાધુ મહારાજ ફરીથી ઘેર આવ્યા. પરંતુ તે વખતે તેની માતા દિવંગત થઈ ગયાં હતાં અને સાધુ મહારાજ પણ ખૂબ જ ઘરડા થઈ ગયા હતા. આમ છતાંયે માલોજીરાવે તેમને ઘર સંસાર વસાવીને ઘરે જ રહેવા માટે વિનંતી કરી.

તે વખતે સાધુએ કહ્યું :

"ભાઈ, હવે મારું અવતારકાર્ય પૂરું થઈ ગયું છે. હવે તો હું માત્ર આપની આખરી મુલાકાત લેવા માટે જ આવ્યો છું. હવે પછીથી આપણે ભાઈઓની મુલાકાત થશે નહીં. ત્યારે તમે મને હવે અહીંયાં રોકાઈ જવાની જરાયે તાણ, આગ્રહ કરશો નહીં. હવે હું જતાં જતાં આપને એક અભિવચન આપતો જાઉં છું. તે એવું છે કે, આપણી ત્રીજી પેઢીમાં એક ઉદ્ધારકર્તા પુત્ર જન્મશે અને તે આપણી ત્રીજી પેઢીનો ઉદ્ધાર કરશે." એવો સંદેશો આપીને એ સાધુપુરુષે પોતાના ભાઈની વિદાય લઈ કાયમના માટે જતો રહ્યો.

ત્યારે મારા મનમાં ક્યારેક ક્યારેક એવો વિચાર આવે છે કે, મારી બુદ્ધિ પણ અતિશય તીવ્ર છે એટલા માટે તે સાધુપુરુષના વચન પ્રમાણે "આપણી ત્રીજી પેઢીનો 'ઉદ્ધારકર્તા પુરુષ' એ હું તો નથીને ?' "

સાભાર :

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

**[Estb.: Govt. of Gujarat]**

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૨-એપ્રિલ

## અધ્યાય - ૨ : હું મૂળ નક્ષત્રમાં જન્મ્યો હતો

આ દૃશ્ય જોઈને મારા અગાઉના જીવનની ઘટનાઓનું ચિત્ર મારી આંખો - સામે તરવરે છે. મારું બાળપણ મારી આંખો સામે આવીને ઊભું રહે છે. મારી ઉંમર ૬૦ વર્ષની થઈ હશે, પરંતુ આમ છતાંયે હું ક્યારે જન્મ્યો હતો તું એની મને ખબર નથી. એના કોઈ પુરાવાયે નથી. તેની કોઈ જન્મતારીખ - લખી રાખવામાં આવી નથી. મારાં મા-બાપને એનું કોઈ મહત્ત્વ સમજાયું - નહીં હોય. "છોકરાનો જન્મ થયો એમાં મોટી શી વાત છે? અને એમાં એની તારીખોય વળી શું લખી રાખવાની?" એવું મારાં મા-બાપને લાગ્યું હશે. મારી જન્મકુંડળી કઢાવી નથી. પરંતુ મારા પિતાજી જયોતિષશાસ્ત્રના જાણકાર હતા. તેઓ મારા ભવિષ્ય વિશે ખૂબ જ આશાસ્પદ વાતો કરતા હતા. તેમના એકંદરે વ્યવસ્થિત અને નિયમબદ્ધ જીવન અંગે એવું કહી શકાય કે, તેમણે શાળામાં જે જન્મતારીખ લખાવી હતી એ સાચી જ હોવી જોઈએ. મારો જન્મ થયો ત્યારે મારા પિતા સાતમી પાયોનિયર પલટણમાં હતા. મારાં મા-બાપ કોંકણના હોવા છતાં તે સમયે તેઓ મધ્યભારતમાં મહુ ખાતે રહેતા હતા. મારી બાબતમાં બાળપણમાં જે વાતો થતી તેના ઉપરથી એટલું તો સાચું જણાય છે કે, મારો જન્મ બારના ટકોરે થયો અને આમ મારો મૂળ નક્ષત્રમાં જન્મ થયો. જ્યોતિષીઓએ ભવિષ્યવાણી કરી હતી કે, "આ છોકરો તેની માને લઈ જવા આવ્યો છે. તેની મા મરી જશે." પિતાને આની કોઈ અસર થઈ નહીં. પરંતુ આના કારણે મારા ભાઈઓ મારો તિરસ્કાર કરવા લાગ્યા. "છોકરો ખરાબ છે," એમ કહીને સૌ કોઈ મારી નિંદા કરતા, તિરસ્કાર કરતા. બાળપણની યાદો સ્મૃતિપટ પર આવતાં મને જ મારું આશ્ચર્ય થયું. ૧૨ વર્ષનો થયો ત્યાં સુધી હું લંગોટી સિવાય કાંઈ પહેરતો ન હતો. લોકોના ઘેર ઘેર જઈને તેમના લાકડાં ફાડી દેવાનો મને શોખ હતો.

માનું મૃત્યુ થયા પછી મારી સાર-સંભાળ મારી ફોઈએ કરી. છ મહિના સુધી તો મેં બગીચામાં માળીનુંયે કામ કર્યું. વાંદરાની જેમ ઝાડ પર ચડી જવાની મને ખૂબ જ ભયંકર આદત હતી. કામળો-ધાબળો ઝાડ પર બાંધીનેતેનો ઝુલો બનાવીને તેમાં હું સુતો. તે ઝાડ અમારા ઘરની સામે હતું તેની નીચે ઉકરડો હતો. ઝાડ પરથી હું ઊતરતો નહોતો, પરંતુ તે ઉકર ઉપર જ કૂદી પડતો. પછી તે ઉકરડાની બધી રાખ મારા શરીર પર ઊડતો તે સમયે ગામમાં પ્લેગનો વા હતો. લોકો મારા તરફ આંગળી ચીંધી કહેતા, "આટલા બધા લોકો પ્લેગમાં મરે છે,પણ આ કેમ મરતો નથી ? મારી ફોઈને આવું બોલવું જરાયે ગમતું નહીં. તેમની બધાને સખત તાકીદ હતી કે, "છોકરાને કોઈએ કાંઈ કહેવું નહીં."

મા નાનપણમાં મરી જવાના કારણે મને મળતી સહાનુભૂતિનો મેં દુરુપયોગ કર્યો. "આ છોકરાના હાથે કાંઈ થઈ શકે તેમ નથી." એવું બધા કહેતા હતા. તેમાંના માણસો આજે હયાત નથી એનું મને ભારે દુઃખ થાય છે. તેઓ જો આજે હયાત હોત તો તેમનો તર્ક ખોટો પડેલો જોઈને તેમને પણ ભારે આનંદ થયો હોત.

ઢોર ચરાવવાનુંયે કામ મેં કર્યું છે. કદાચ હું ઢોર ચરાવનારો ગોવાળ બન્યો હોત. પરંતુ 'હું પથ્થર ફોડવાનું કામ કરું નહીં, ને છાયામાં બેસીને કામ કરવા પૂરતું જ કામ માટે કરવું' એવું મારા પિતાજીને લાગતું. હું આજની સ્થિતિએ પહોંચ્યો એનું કારણ મારામાં કાંઈક એવું હતું એવું કોઈએ માનવું નહીં. ખૂબ જ પ્રયત્નો અને કષ્ટ સહન કરીને હું આ સ્થાને પહોંચ્યો છું.

મારા પિતા કબીરપંથી સાધુ હતા. તેઓ વિદ્યાવ્યાસંગી હતા. તેમના ઘરને ધર્માસન અથવા તો વિદ્યાસન કહેવું પડશે. હું દસ-બાર વર્ષનો હતો ત્યારે તેમણે રામાયણ-મહાભારત વગેરે ગ્રંથોની પારાયણ કરાવી હતી. તેઓ ખૂબ જ ધર્મનિષ્ઠ હતા. "હું નિશાળે નહીં જાઉં" એવું મેં એક દિવસ ફોઈની સાથે હઠ પકડીને કહ્યું :

"તું કહે છે કે 'તું શાળાએ જા, શાળાએ જા.' પરંતુ શાળામાં જવાથી શું થવાનું છે એ તું મને પહેલાં કહે." એવું મેં તેમને પૂછ્યું. ફોઈ બિચારી શું કહે? પરંતુ મારા પિતાજીના કહેવામાંથી મને તેનો ઉત્તર મળી ગયો. 'દ્રૌણ બ્રાહ્મણ હતો. તેમ છતાં તે મોટો યોદ્ધા બન્યો. આપણે ગરીબ હોઈએ તોયે તું વિદ્વાન કેમ ના બની શકે?' એવું તેઓ મને કહેતા. તેમની આ શિખામણની મારા મન ઉપર ભારે અસર થઈ.

સાભાર :

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

**[Estb.: Govt. of Gujarat]**

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૩-એપ્રિલ

## અધ્યાય - ૩ : તેમણે જ મને શીખવ્યું

મારા પિતા શિક્ષક હતા. ઈસ્ટ ઇન્ડિયા કંપની સરકારનો એક ખૂબ જ સારો નિયમ હતો. તેનો આગળ જતાં અમલ કરવામાં આવ્યો નહીં, એ અમારું દુર્ભાગ્ય હતું. તે નિયમ એટલે કંપની સરકારના સૈનિકોમાંથી પરિવારના નાના-મોટા સૌને ફરજિયાત શિક્ષણ આપવામાં આવતું હતું અને - સૈનિકોના દીકરા-દીકરીઓ માટે દિવસપાળીની શાળા હતી અને પ્રૌઢ લોકો માટે રાત્રિશાળા ભરવામાં આવતી હતી. દરેક પલટણ માટે રાત્રિશાળા ભરવામાં આવતી હતી. દરેક પલટણ માટે સ્વતંત્ર શાળા હતી.

આવી એક શાળામાં મારા પિતાજી ચૌદ વર્ષ હેડમાસ્તર રહ્યા હતા. સૈનિકો માટે સારા શિક્ષકો તૈયાર કરવા માટે પૂણેમાં એક 'નોર્મલ સ્કૂલ' હતી. તે નોર્મલ સ્કૂલમાં ભણીને મારા પિતાજીએ શિક્ષકનો ડિપ્લોમા મેળવ્યો હતો. તેમની ભણાવવાની પદ્ધતિ ખૂબ જ વખાણવા લાયક હતી. તેના કારણે મારા પિતામાં શિક્ષણની બાબતમાં દિલચસ્પી અને આત્મીયતા પેદા થઈ હતી. અમારા ઘરની સ્ત્રીઓ-બાળકો સુધ્ધાને ખૂબ જ સુંદર લખતાં- વાંચતાં આવડતું હતું. એટલું જ નહીં પણ પાંડવપ્રતાપ, રામાયણ જેવા ગ્રંથો વાંચીને તેના ઉપર વિવેચન કરવાની શકિત પણ પિતાજીના પ્રોત્સાહનને લઈને મારી બહેનમાં આવી હતી. તેઓ પોતે કબીરપંથી હોવાથી તેમણે ઘણાંબધાં ભજનો અને અભંગો મોઢે-કંઠસ્થ કર્યાં હતાં.

હું સંસ્કૃત ભણું એવી તેમની ખૂબ જ ઇચ્છા હતી. પરંતુ તેમની તે ઇચ્છા ફળિભૂત થઈ નહીં. તેનુંયે આવું એક કારણ હતું. મારો મોટોભાઈ સાતારા ખાતે હતો, ત્યારે તે અંગ્રેજી ચોથીમાં આવ્યો ત્યારે 'તેણે પણ સંસ્કૃતનો અભ્યાસ કરવો અને સારા એવા વિદ્વાન બનવું' એવું તેમની ખૂબ જ પ્રબળ ઇચ્છા હતી. પરંતુ અમારા સંસ્કૃતના શિક્ષકે "અસ્પૃશ્યના છોકરાને હું સંસ્કૃત શીખવીશ નહીં" એવી હઠ પકડી હોવાના કારણે મારા ભાઈને આખરે-નિરૂપાયે થઈને પર્શિયન ભાષા શીખવાની ફરજ પડી. એ શિક્ષક વર્ગમાં અમારી મજાક ઉડાવતા હતા. તેના કારણે મન ઉપર એક ખરાબ અસર થતી હતી. આગળ જતાં પછી હું પણ જયારે ચોથા ધોરણમાં આવ્યો ત્યારે અમારા સંસ્કૃતના શિક્ષકની હઠ મારે પણ ભોગવવી પાશે એ નક્કી ખબર હોવાથી મારે નિરૂપાયે પર્શિયન ભાષા લેવાની ફરજ પડી. મને સંસ્કૃત ભાષાનું ભારે અભિમાન છે અને તે મને સારી રીતે આવો એવી મને આજે પણ ઇચ્છા છે. હવે તો હું મારી ખુદની મહેનતથી થોડાઈ સંસ્કૃત-સમજી શકું છું. પરંતુ એટલું ભાયામાં પારંગત થવાની અંતઃકરણથી મહેચ્છા છે. હવે તો એ દિવસો જયારે આવે ત્યારે ખરા. મેં જો પર્શિયન ભાષાનો સારો અભ્યાસ કર્યો હોય અને મને એકસોમાંથી નેવુંથી પંચાણું માર્ક જો મળતા હોય તો એ કબૂલ કરવું પડશે કે સંસ્કૃત વાઙ્મય આગળ પર્શિયન એકદમ ફિક્કું લાગે છે. સંસ્કૃત વાક્ર્મયમાં કાવ્ય છે, કાવ્યશાસ્ત્ર છે, અલંકારશાસ્ત્ર છે, નાટકો છે, રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યો છે, તત્ત્વજ્ઞાન છે, તર્કશાસ્ત્ર છે, ગણિત છે. આધુનિક વિદ્યાની દૃષ્ટિએ જોઈએ તો સંસ્કૃત વાઙમયમાં બધું જ છે. પરંતુ જોવા જઈએ તો પર્શિયન વાઙ્મયમાં આવું નથી. સંસ્કૃતનું અભિમાન અને સંસ્કૃત ભાષાનું આપણને સારું એવું જ્ઞાન હોવું જોઈએ. આ બાબતમાં મારું અંતઃકરણ અદમ્ય તલસાટ, બેચેન હોવા છતાંયે શિક્ષકોની ખોટી વૃત્તિના કારણે અને સંકુચિત દૃષ્ટિકોણ હોવાના કારણે મને સંસ્કૃત ભાષા શીખવા મળી નહીં.

ક્રમશઃ......

અમારા ઘરમાં પિતાજી શિસ્તપાલનના કડક આગ્રહી હતા અને તેઓ સૈનિક હોવાના કારણે મને તેમના કડક સ્વભાવથી ભારે કંટાળો આવતો હતો. જોકે અત્યારે મને તેનું દુ:ખ થાય છે, પસ્તાવો થાય છે. મેં મારા પિતાજીની લગન પ્રમાણે જો અભ્યાસ કર્યો હોત તો મને મુંબઈ વિશ્વ વિદ્યાલયની એકેએક પરીક્ષામાં બીજો વર્ગ તો મેળવવો એ કાંઈ અશક્ય નહોતું. પરંતુ તે વખતે મને તેમની લગનનો અર્થ સમજાતો ન હતો. તેના કારણે 'તેઓ અમારી પાછળ વિનાકારણ અભ્યાસ કરવાનું કહીને પાછળ પડ્યા રહેતા હતા' એવું લાગતું હતું.

તેમને ગણિતનો ભારે શોખ હતો. ગોખલેના અંકગણિતમાંથી એકેએક ઉદાહરણો તેમણે પોતાની જાતે ઉકેલીને સારા સુવાચ્ય અક્ષરોમાં એક મોટા ચોપડામાં ઉતારીને મૂક્યા હતા. તેમની ઈચ્છા હતી કે હું વખતોવખત તે ચોપડાને જોઈને દાખલા ગણું અને ગણિતનાં વિષયમાં ખૂબ જ હોશિયારબનું. તેવી જ રીતે હું ઉત્તમ પ્રકારે પાસ થાઉં. આ વિષયમાં તેમણે મારી કેટલી કાળજી લીધી હશે તેની કોઈ કલ્પના સુધ્ધાં કરી શકે તેમ નથી. અંગ્રેજી ભણવા માટે પછીથી અમે મુંબઈ આવ્યા અને હું 'મરાઠા હાઈસ્કૂલ'માં ભણવા લાગ્યો. પહેલાં કરતાં હવે અમારા ઘરની સ્થિતિ સારી હતી, પણ પછીથી આગળ જતાં જતાં ખૂબ જ હાલાકી ભોગવવી પડી. મારા પિતાજીને થોડું ઘણું પેન્શન મળતું હતું. પરંતુ મુંબઈમાં રહેવું અને કુટુંબના ઘણા બધા લોકોને સંભાળવા, તેના કારણે મને જોઈતાં હોય તે પુસ્તકો લાવી દેવા, એ બધું તો મારા પિતાની શકિત બહારનું હતું. આમ છતાંયે તેમનાથી થઈ શકે તે બધું કરીને તેઓ મારા સુખની-આનંદની વ્યવસ્થા કરવા માટે કાયમ તૈયાર રહેતા. આ વાત મારા સ્મરણમાં આવતી એટલે મારા પિતાનું મને અત્યંત ગૌરવ થતું.. આવા પ્રેમાળ પિતા ખૂબ થોડાને જ નસીબમાં હોય છે એવું મારું મન મને કાયમ યાદ અપાવતું રહે છે. પરંતુ મારો અલ્લડ સ્વભાવ હોવાના કારણે મને તે સમયે તેમના પ્રેમાળ સ્વભાવની કિંમત જણાઈ ન હોતી.

મને પહેલાંથી જ શાળાના અભ્યાસથી દુર્લક્ષ કરીને ઈતર પુસ્તકો વાંચવાનો ભારે શોખ હતો. પરંતુ મારો આવો સ્વભાવ મારા પિતાને પસંદ નહોતો. તેમનું કહેવું એવું હતું કે, "શાળાનું ઘરકામ પહેલાં પૂરું કરવું જોઈએ, એ પછીથી તમારે જે કાંઈ ઈતર વાંચન કરવું હોઈ એ કરો."

મરાઠીની જેમ જ તેમને અંગ્રેજી ભાષા માટે પણ ગૌરવ હતું. તેમને અંગ્રેજી શીખવવાની પણ ભારે હોશ હતી. તેઓ મને કાયમ કહેતા, "હાવર્ડનાં પુસ્તકો મોંઢે કરી નાખ." તે જ પ્રમાણે તરખડકરની ભાષાંતરની પાઠમાળાનાં ત્રણ પુસ્તકો પણ તેમણે મારી પાસે મોઢે-કંઠસ્થ કરાવી લીધાં હતાં. મરાઠી ભાષાના શબ્દોનો યોગ્ય અંગ્રેજી પ્રતિશબ્દ શોધી કાઢવા માટે અને તેનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવા માટે પણ મારા પિતાએ જ મને શીખવ્યું. હું અંગ્રેજી સારું બોલું છું અને લખું છું એવી થોડીઘણી ખ્યાતિ છે એવું મને લાગે છે. પરંતુ યોગ્ય શબ્દને તોલી તોલીને ઉપયોગ કેવી રીતે કરવો એ મને મારા પિતાએ શીખવ્યું તેવું તો બીજા કોઈ શિક્ષકે મને શીખવ્યું નથી. તરખડકરના પુસ્તકમાંથી ઊલટાસૂલટા શબ્દો પૂછીને તેઓ મારા જ્ઞાનની કાયમ પરીક્ષા કરતા. તેવી જ રીતે અંગ્રેજી વાક્યનો ઉપયોગ યોગ્ય ભાષાશૈલીમાં કરવો તે પણ મને તેમણે જ શીખવ્યું.

સાભાર :

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૪-એપ્રિલ

### અધ્યાય -૪ : હું ખૂબ જ લાડકવાયો હતો

તે વાત જાણે આજે જ બની હોય એવું લાગે છે. પોતાનાં પુસ્તકો હોવાં જોઈએ, એટલે કે તેનો માલિકીનો હક્ક માત્ર પોતાનો જ હોવો જોઈએ, એટલી જ એ ઉંમરમાં મારી મહત્ત્વાકાંક્ષા હતી. એ મહત્ત્વાકાંક્ષામાંથી હાલનું મારું ગ્રંથ સંગ્રહાલય નિર્માણ થયું. તે સમયે પણ નવીન નવીન પુસ્તકો લાવીને આપવા માટે હું મારા પિતાજી પાસે હઠ કરતો હતો. પરંતુ જો એકાદ પુસ્તક જ હું માગું તો તે સાંજ સુધીમાં મારા પિતા ગમે ત્યાંથી લાવે નહીં એવું કદી બન્યું જ નથી! અમારી આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ હતી, એ વાત તો હું તમને અત્યારે જ કહું છું. પરંતુ તે સમયે મને આ વાતની વધારે કાંઈ ખબર જ નહોતી. મારા પિતાજીનું અંતઃકરણ ખૂબ જ વિશાળ હતું, એમાં કોઈ જ શંકા નથી. મારા તરફથી એકાદ પુસ્તકની માંગણી થતાં જ તેમના ખિસ્સામાં પૈસા હોય કે ના હોય-જોકે મોટાભાગે તેમના ખિસ્સામાં પૈસા હોય જ નહીં, પોતાના રિવાજ મુજબ કાયમી માથે ફાળિયું બાંધી મારા પિતાજીની સવારી એકદમ બહાર નીકળી પડતી. તે સમયે મારી બંને મોટી બહેનો પણ ત્યાં જ મુંબઈમાં રહેતી હતી. તે વખતે તેમનાં લગ્ન થઈ ગયાં હતાં. મારા પિતા ઘેરથી નીકળીને સીધા જ મારી નાનીબહેનના ઘેર જતા અને તેની પાસેથી જે કાંઈ ત્રણ-ચાર રૂપિયા મારા પુસ્તક માટે જોઈતા હોય તે માગતા. તેની બિચારી પાસે પણ ક્યાંથી હોય ત્રણ-ચાર રૂપિયા ? બિચારી દુઃખી થઈને કકળતા હૃદયે કહેતી: "મારી પાસે એટલા રૂપિયા તો નથી." એટલે તુરંત જ મારા પિતા ફરી પાછું માથે ફાળિયું બાંધીને મારી મોટી બહેન પાસે પહોંચી જતા. તેની પાસે જો છૂટા પૈસા ના હોય તો તેઓ તેની પાસેથી એકાદ દાગીનો માગી લેતા. જોકે, આ બધા દાગીના મારી બહેનને લગ્નમાં આપેલા જ હોય. તેમ છતાંયે તેમની પ્રામાણિકતા જુઓ, કેટલી બધી હતી તે દાગીનો લઈને તેઓ એકાદ નક્કી કરેલા-જેમની સાથે તેમની કાયમી લેણદેણ થતી હોય એ મારવાડીપાસે જતા. તેમની પાસે એક મહિના માટે તે દાગીનો અડાણે એટલે કે ગિરવી મૂકતા અને મહિનો પૂરો થતાં જ પેન્શન હાથમાં આવતાવેંત પિતા ફરી પાછા એ મારવાડીના ઘેરે જતા અને ગિરવી મૂકેલા દાગીના છોડાવી લાવીને બહેનને પહોંચતા કરતા. તેના કારણે મારી બહેન સુધ્ધાં મારા પિતા ક્યારેય પણ દાગીના માગે તો કોઈપણ હિચકિચાટ વગર આપી દેતી, કોઈ દિવસ ના પાડતી નહીં. આનું બીજું પણ એક કારણ હતું. મારી મા જોકે, મારા બાળપણમાં જ મૃત્યુ પામી હોવાના કારણે મને મારા ફોઈએ મોટો કર્યો હતો. મારી આ ફોઈ એ મારા પિતાજી કરતાં મોટાં હોવાના કારણે ઘરમાં તેમનો જ મોટો ડારો અને બીક રહેતી હતી. મારા પિતા પણ તેમને ખૂબ જ માન આપતા હતા. તેના કારણે હું ફોઈનો લાડકવાયો હોવાથી ઘરમાં મને બોલવાની, ધમકાવવાની કોઈની હિંમત નહોતી. એનું પરિણામ એ આવ્યું કે, હું બેફામ તોફાની બની ગયો. મારા સુખ, આનંદ માટે મારા પિતાજી કેટલું બધું દુઃખ સહન કરતા હતા અને કેટલી બધી આંટીઘૂંટીઓના તોડ કાઢી મને ખુશ રાખતા હતા એની મને તે વખતે કાંઈ જ ખબર નહોતી. હું માથાની ચોટલીને તેલમાં બરોબર લથબથ કરીને નવા લાવેલાં પુસ્તકોનું ઓશીકું કરીને ખુશીથી સૂઈ જતો. આના કારણે પુસ્તકોની શી દુર્દશા થતી હશે તેની તો તમે જ કલ્પના કરો તો સારું ! નાનપણથી જ મને વાંચવાનો અજીબ શોખ જાગ્યો હતો. તે એટલો બધો હતો કે અમુક પુસ્તકમાં, અમુક ઠેકાણે એકાદ મહત્ત્વની વાત છે એ વાત કોઈક જગ્યાએ નોંધેલી કે લખીને રાખી ના હોવા છતાંયે હું તેને તુરંત જ બતાવી શકતો. મારી આ આદતના કારણે જ મારી સ્મરણશક્તિ અતિશય તીક્ષ્ણ-તેજ થયેલી છે.

સાભાર

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૫-એપ્રિલ

## અધ્યાય - ૫ : મારા પિતા

અમારું કુટુંબ ગરીબ હતું. આમ છતાંયે અમારા ઘરનું વાતાવરણ આગળ પડતા સુશિક્ષિત કુટુંબમાં શોભે તેવું હતું. અમારામાં વિદ્યા પ્રાણ કરવાની, ભણવાની અભિરુચિ ઉત્પન્ન થાય, અમારું ચારિત્ર્ય ઉજ્જવળ બને એ માટે મારા પિતાજી અતિશય જાગૃત હતા. સવારે જમવા બેસીએ તે પહેલાં તેઓ દેવઘર એટલે કે મંદિરવાળા ઓરડામાં બેસાડીને ભજન, અભંગ, દુહા ગાવા લાગતા એટલે અમે બધા લોકો – તેમાં વિશેષ કરીને તો હું કાયમ જ બહાનાંબાજી કરતો. ગમેતેમ કરીને બે-ચાર અભંગો અધપર્ધા પૂરા કરીને હું જમવા માટે થાળી લઈને બેસી જતો, એટલે તુરત જ પિતાજી અમને જાણીજોઈને પૂછતાં, "કેમ રે, આજ તારાં જલદી પૂરાં થઈ ગયાં ભજન ?"

પરંતુ આ તો થઈ સવારની ગરબડ. પરંતુ સાંજના સમયે તો આવી જરાયે ગરબડ મારા પિતા ક્યારેય ચલાવી લેતા નહીં. 'રાત્રે આઠ વાગે કે મારી બંને બહેનો, મારા મોટાભાઈ અને હું દેવઘર પાસે ભેગાં થવાં જ જોઈએ' એવો તેમનો કડક નિયમ હતો. કોઈ પણ તેમાં ગેરહાજર રહે તો તેઓ તેને ક્યારેય માફ કરતા નહીં. જે સમયે તેઓ ખૂબ જ ભક્તિભાવથી સંતોના અભંગો અને કબીરના દુહા લલકારતા, તે સમયે અતિ ગંભીર અને પવિત્ર વાતાવરણ નિર્માણ થઈ જતું. મારા પિતાજીને આ બધું ખૂબ જ મોઢે હતું. એક પછી એક અભંગ એ રીતે તેઓ સતત અભંગો ગાઈ શકતા. પિતાજીને આટલું બધું કેમ મોંઢે રહેતું હશે તેનું અમને ભારે આશ્ચર્ય થતું. તે જ રીતે મારી બહેન પણ ખૂબ જ મીઠા ને મધુર સ્વરે જયારે અભંગ ગાતી. તે સમયે 'ધાર્મિક શિક્ષણ મનુષ્યના જીવનમાં અત્યંત આવશ્યક છે' એવું મને સુધ્યાં લાગતું હતું. 'હું ધર્મને તુચ્છ માનનારો છું' એવું ઘણાં લોક મારા માટે માને છે, સમજે છે. પરંતુ ખરેખર એ વાત સાચી નથી. આ બાબતમાં લોકોની મારા માટે ગેરસમજ છે. જે જે લોકો મારા સંપર્કમાં આવ્યા છે તેમને મારી ધર્મવિષયક શ્રદ્ધા અને પ્રેમની ખબર છે. ધાર્મિક ઢોંગ મને બિલકુલ પસંદ નથી. "જે ધર્મની શિખામણને લઈને મનુષ્યના અંતઃકરણની પાશવીવૃત્તિને કાબૂમાં લાવી શકાતી નથી તેવો ધર્મ કોઈ કામનો નથી," એવો મત મારો આજે પણ છે, વિચાર છે. મારો મત, મારો વિચાર ધીરે ધીરે પ્રગતિ કરવાવાળો-ઉદારમતવાદી બન્યો તેનું શ્રેય પણ મારા પિતાની ધાર્મિક વૃત્તિને જ આભારી છે. બાળપણથી જ તેમણે મારા મનમાં ભક્તિમાર્ગનું વાતાવરણ નિર્માણ કર્યું હતું.

હું નાનો હતો ત્યારથી જ મારા પિતા અમારી પાસે રામાયણ, મહાભારત વગેરે ગ્રંથો વંચાવ્યા સિવાય અમારો છૂટકો કરતા ન હતા. પરંતુ "રામાયણ, મહાભારત વાંચવાની અમારા ઉપર બળજબરી કેમ કરવામાં આવે છે?" એવું તેમને પૂછવાની કોઈનામાંયે હિંમત નહોતી. જે પુરાણોમાં શૂદ્ર અને અસ્પૃશ્યોની ઠેર ઠેર ઉપેક્ષા, અનાદર કર્યાનાં વર્ણનો જોવા મળે છે તે પુરાણ પુરુષોનું જીવનચરિત્ર વાંચવાનો શો અર્થ છે ? મારા જેટલો ધર્મશાસ્ત્રને જાણનારો કોઈ નથી, એવું મને લાગતું. મેં પિતાજીને, "આ ગ્રંથ વાંચવાની અમારા પર બળજબરી કેમ કરવામાં આવે છે?' એવો પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે તેનો આવો જવાબ આપ્યો:


"આપણે જો અસ્પૃશ્ય હોઈએ તોયે રામાયણ, મહાભારતમાંના પુરાણ પુરુષોમાંના જીવનચરિત્રો વાંચવાથી આપણા મનમાં રહેલી લઘુતાગ્રંથિ દૂર થાય છે." પરંતુ મને તેની કાંઈ ત્યારે સમજણ પડી નહીં. પરંતુ ભક્તિમાર્ગ એ રાષ્ટ્ર માટે વિઘાતક છે એવો મારો પ્રામાણિક મત છે. કદાચ મારું આવું કહેવું લોકોને ગળે ઊતરશે નહીં. પરંતુ તેઓ મારા આવા કહેવાને ગંભીરતાથી અને ઐતિહાસિક ભૂમિકા ઉપર અને નિષ્પક્ષપાત રીતે-તટસ્થ વૃત્તિથી બુદ્ધિપૂર્વક વિચાર કરવામાં આવશે તો બુદ્ધિવાદી માણસને મારા કહેવાનો અર્થ સમજાયા સિવાય રહેશે નહીં. માણસોએ બુદ્ધિની સાથે સાથે માણસાઈની દૃષ્ટિએ પણ પ્રત્યેક બાબતનો વિચાર કરવાનું શીખવું જોઈએ.

પિતાજીનું સતત ગવરાવવાના-કંઠસ્થ કરાવવાના કારણે મુક્તેશ્વર, તુકારામ વગેરે સંત કવિની કવિતાઓ મને મોંઢે થઈ ગઈ. એટલું જ નહીં, તે કવિતાની બાબતમાં હું મારા મનમાં એ વિચારવા લાગ્યો. મારા જેટલો સંત કવિઓનો ઊંડો, ગંભીર અભ્યાસ કરેલા માણસો ખૂબ જ થોડા હશે. મને ભાષા ખૂબ તે જ ગમે છે. હું તો અંગ્રેજી પણ ખૂબ સારી રીતે જાણું છું. અંગ્રેજી જળ જ મને મરાઠી ભાષાનુંયે અભિમાન છે. હું કેટલાંયે વર્ષો સુધી 'બહિષ્કૃત આંબેડકર ભારત', 'જનતા', 'મૂકનાયક' આ સાપ્તાહિકોનો સંપાદક હતો અને મરાઠીમ મેં ઘણાંબધાં લખાણો લખ્યાં છે. 'જનતા' પત્રમાં આવનારા મુખ્ય સંપાદકીય લેખ મોટાભાગે મારી કલમથી લખાયેલા છે. જર્મન ભાષાનોયે મેં સારી એવો અભ્યાસ કર્યો છે. જોકે, હવે હું થોડી ભુલી ગયો છું. છતાં થોડ દિવસોના અભ્યાસ પછી હું તેને ફરી વાંચી શકીશ એવી મને આશા છે દિવસે તો તમને ખબર છે જ. મરાઠી ભાષામાં ભાષણ કરતા પહેલાં મને બહુ ભાગતી હતી. પરંતુ મરાઠીમાંયે હું સારું બોલી શકું છે એવું પછી મને આગળ જતાં ખબર પડી. મને ફ્રેંચ ભાષા પણ આવડે છે.

ક્રમશઃ....

હવે મારા પિતાજીના વિષયમાં બીજી બે-ચાર મહત્ત્વની વાતો કહેવી જોઈએ. હું બી.એ. થઈ જાઉં એ માટે મારા પિતાજીની અત્યંત તીવ્ર લગન હતી. વહેલી સવારે બે વાગે ઊઠીને હું અભ્યાસ કરતો. વહેલી સવારના મન શાંત, પ્રસન્ન હોવાના કારણે અભ્યાસ સારી રીતે થઈ શકતો એવી મારી સમજણ છે. પરીક્ષાના સમયમાં તો વહેલી સવારે બે વાગે ઊઠી જાઉં એટલા માટે મારા પિતા બે વાગ્યા સુધી પોતે ઊંઘતા નહીં. શરૂ શરૂમાં તો સવારે વહેલા ઊઠવું ભારે તકલીફ પડતી. પરંતુ પિતાજી મને બળજબરી કરીને ઉઠાડતા ને હું ઊંઘમાં ને ઊંઘમાં–મનમાં ગમે તેમ ગુસ્સામાં બબડાટ કરતો. મારા ઓશીકા પાસે એક દીવો રાખવામાં આવતો. તેમાંનું તેલ અને દીવાની વાટ અજવાળું આપે તોયે કેટલું? અને એમાં હું વાંચુંયે શું? જેમ તેમ કરીને સવારના પાંચ વાગ્યા સુધી પથારીમાં ને પથારીમાં અથવા તો ઘડીક આ પડખે તો ઘડીક બીજા પડખે એમ પડખાં ફેરવતો હું કાંઈક અભ્યાસ કરવા અથવા તો માત્ર અભ્યાસ કરવાનો ઢોંગ પણ સાચી રીતે કરતો. પાંચ વાગ્યા પછી માત્ર એક મિનિટ પણ પથારીમાં પડી રહેવાની મને પરવાનગી નહોતી. હું પિતાજીને કાયમ કહેતો, “હું ક્યારેય નાપાસ થતો નથી અને દર વર્ષે સારી રીતે પાસ થઈ જાઉં છું, એ શું પૂરતું નથી ? તો પછી વધારે વાંચવા માટે થઈને મારી પાછળ કેમ પડો છો ?”

અમારી એલ્ફિન્સ્ટન કૉલેજમાં તે સમયે પ્રો. ઓસ્વાલ્ડ મ્યુલ્લર, પ્રિન્સિપાલહૉવ્હેર્નટન, પ્રો.જોર્જ એંડર્સન એવા સારા પ્રોફેસરો હતા. પરંતુ ગમે તે હોય, તેઓ મારા મનમાં ભણવા બાબતમાં સ્ફૂર્તિ લાવી શક્યા નહીં. પ્રો.મુલ્લરનો તો મારા ઉપર ખૂબ જ પ્રેમ હતો. તેઓ મને તેમનાં શર્ટ પહેરવા આપતા હતા, પોતાનાં પુસ્તકો મને આપતા હતા. આમ છતાંયે તેમના ભણાવવાથી મારા અંતઃકરણમાં નવચેતના પેદા થઈ શકી નહીં, આ વાત એટલી જ સાચી છે. તેમના કારણે હું જો યુનિવર્સિટીની પરીક્ષામાં દર વર્ષે પાસ થતો ગયો હોઉં આમ છતાંયે મને ક્યારેય બીજો વર્ગ તો મળ્યો જ નહીં. બી.એ.માં પણ થોડા જ માર્ક્સ માટે થઈને મારો બીજો વર્ગ જતો રહ્યો. તે સમયના મારા અભ્યાસની પ્રગતિ તરફ જોવા જતાં મેં આગળ ઉપર મેળવેલી પદવી મેળવવા અને લખેલ પુસ્તકો લખવા માટે સમર્થ બન્યો હોત, એવું જો કોઈએ મારા વિશે ભવિષ્યવાણી કરી હોત તો તે ખૂબ જ ભૂલ ભરેલી સાબિત થઈ હોત.



છટ્ઠો અધ્યાય આવતી કાલે...

સાભાર :

પુસ્તક : મારી આત્મકથા ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ....

૬-એપ્રિલ

## અધ્યાય -૬ : ત્યારે મને સમજાયું...

મારો જન્મ મુ.મહુ (ઇંદોર) ખાતે મારા પિતા પલટનમા હતા ત્યારે થયો. તે વખતે પલટનમાં મારા પિતા સૂબેદાર હતા. અમે પલટનમાં રહેતા હોવાના કારણે અમને બહારના જગતનો સંસર્ગ થયો ના હોવાના કારણે અસ્પૃશ્યતા અંગે કોઈપણ પ્રકારની કલ્પના મને નહોતી.

પરંતુ જ્યારે મારા પિતાજીએ પેન્શન લીધું ત્યારે અમે બધા લોકો સાતારા ખાતે આવીને રહેવા લાગ્યા. મારી મા જ્યારે હું આશરે પાંત્ર ધર્ષનો હોઈશ ત્યારે મૃત્યુ પામી હતી. સાતારા જિલ્લાના ગોરેગાંવમાં ભાર દુકાળ પડ્યો હતો. એટલે દુકાળમાં લોકોને મદદરૂપ બનવા સરકારે રાહતના કામો શરૂ કર્યાં. આ વખતે પાણી એકઠું કરવા માટે એક તળાવનું ખોદકામ શરૂ કરવામાં આવ્યું હતું. આ તળાવનું કામ કરનારા મજૂરોને પગાર ચૂકવવાના કામ માટે મારા પિતાજીની નિમણૂક થઈ હતી. તેના માટે તેઓ ગોરેગાંવ્ ગયા અને અમે ચાર બાળકોને સતારા ખાતે રાખ્યા. ઓછામાં ઓછા ચાર- પાંચ વર્ષ અમે ભાત ખાઈને કાઢ્યાં. અમે સતારા આવ્યા પછીથી જ અમને અસ્પૃશ્યતા શું છે તેની સાચી ખબર પડવા લાગી. સૌપ્રથમ તો અમારા વાળ કાપવા કોઈ વાળંદ તૈયાર નહોતો. અમારી તો બહુ મોટી મુશ્કેલી ઊભી થઈ ગઈ. પછી તો મારી મોટી બહેન (જે હાલમાં જીવંત છે) અમો ચાર બાળકોની હજામત ઓટા પર બેસીને કરતી હતી. સતારામાં આટલા બધા વાળદો હોવા છતાં તેઓ અમારા વાળ કેમ કાપતા નથી? એનું કારણ તો મને સૌ પ્રથમ વાર જ જાણવા મળ્યું.

એક પ્રસંગ એવો બન્યો કે, મારા પિતા ગોરેગાંવ રહેતા હોવાથી તેઓ અમને પત્રો લખતા રહેતા હતા. એકવાર તેમણે અમને પત્રમાં લખ્યું હતું કે, "તમે ગોરેગાંવ આવો."

ગોરેગાંવ જવા માટે અમે આગગાડીમાં બેસીને જવાના હોવાથી મને એનો ખૂબ આનંદ થયો હતો. આ પહેલાં મેં ક્યારેય આગગાડી જોઈ ન હતી. પિતાજીએ મોકલેલા પૈસાથી અમે સારાં કપડાં ખરીદ્યાં અને હું, મારો ભાઈ અને બહેનની દીકરી-એટલા લોકો પિતાજીને મળવા માટે નીકળ્યા. આ પહેલાં તેમને જાણ થાય તે માટે તેમને પત્ર લખ્યો હતો. પરંતુ તે પત્ર તેમના નોકરની બેપરવાહીના કારણે તેમને મળ્યો ન હતો. અમે તો માત્ર પિતાજી અમને લેવા માટે નોકર વગેરેને મોકલશે એના આનંદમાં હતા. પરંતુ આ બાબતમાં અમે ભારે નિરાશ થયા.

અમે આગગાડીમાંથી ઊતરતાં જ નોકરની રાહ જોવા લાગ્યા. મારો પોશાક બ્રાહ્મણ જેવો લાગતો હતો. ગાડી તો આવીને જતી પણ રહી. અમે બધા નોકરની અર્ધો-પોણો કલાક સુધી રાહ જોતાં રહ્યાં. હવે તો સ્ટેશન પર અમારા સિવાય કોઈ જ રહ્યું નહોતું. એવામાં અમને બધા બાળકોને જોઈને સ્ટેશન માસ્તરે અમારી પાસે આવીને અમારે "ક્યાં જવાનું છે? તમે કોણ છો?" વગેરે પૂછપરછ કરવા લાગ્યા.

"અમે મહાર છીએ" એવું કહેતાં જ સ્ટેશન માસ્તરને ભારે આંચકો લાગ્યા જેવું લાગ્યું. તે ખચકાઈને પાંચ-છ ડગલાં પાછો હટી ગયો. આમ છતાંયે અમારા પોશાક ઉપરથી અમે કોઈક સુખી ઘરના-ખાતાપીતા ઘરના મહાર બાળકો છીએ એવું તેને લાગ્યું અને અમને ઘેર પહોંચતા કરવા માટે ગાડી કરી દેવાનું નક્કી કર્યું. પરંતુ સાંજના છ-સાત વાગ્યા સુધી એક પણ ગાડીવાળો અમને 'મહાર બાળકો છીએ' એટલે લઈ જવા તૈયાર થતો ન હતો.

છેવટે એક ગાડીવાળો તૈયાર થયો. પરંતુ તેનીયે એક શરત હતી કે, 'તે પોતે ગાડી ચલાવશે નહીં.' પરંતુ હું પલટનમાં મોટો થયો હોવાથી મને ગાડી ચલાવવાનું કામ કાંઈ કઠિન લાગતું ન હતું. એટલે અમે તેની શરત કબૂલ-મંજૂર કરતાં જ તે ગાડી લઈને આવ્યો અને અમે ગોરેગાંવના માર્ગે નીકળી પડ્યા. ગામથી ખૂબ જ દૂર ગયા પછી અમારા રસ્તામાં એક નાળું આવ્યું એટલે ગાડીવાળાએ અમને કહ્યું, "અહીંયાં જ તમે તમારો નાસ્તો-પાણી કરી લો, આગળ તમને ક્યાંય પાણી પીવા નહીં મળે."

અમે ગાડીમાંથી નીચે ઊતર્યા. ભાખરી ખાધી-નાસ્તો કર્યો. નાળાનું પાણી એટલું બધું ગંદુ હતું ને તેમાં ખૂબ જ પ્રમાણમાં ઢોરનાં છાણ-મૂતર ભળેલાં હતાં. ગાડીવાળો થોડીવારમાં જ ક્યાંક ભાખરી ખાઈને આવ્યો.

ફરી પાછી અમારી મુસાફરી ચાલુ થઈ. રાત પણ ખૂબ થઈ ગઈ હતી. ત્યારે ગાડીવાળો ધીરેથી ગાડીમાં આવીને બેસી ગયો. રસ્તા પર ક્યાંય દીવાબત્તી દેખાતા ન હતા ચારે તરફ કાળુડીબાંગ અંધારું જ અંધારું માણસ માત્ર કોઈ દેખાતું ન હતું. અમને તો રડવાનું આવી ગયું. એ રીતે અમે રાત્રિના બાર વાગ્યા સુધીનો સમય પસાર કર્યો. મનમાં જાતજાતના રીતે અકે આવતા હતા. અમે કાંઈ ગોરેગાંવ જતાં નથી

ક્રમશઃ....

એવુંયે લાગ્યુ હતું. એટલામાં એક ટોલનાકા પર અમારી ગાડી આવતાં જ અમે ગાડીમાંથી ઠેકડા જ માર્યા ને નીચે ઊતરી ગયાં. ભાખરી ખાવા માટે ટોલનાકા પરના માણસને પૂછ્યું. મને પર્શિયન ભાષા સારી એવી આવડતી હોવાથી તે માણસ સાથે વાત કરવામાં કોઈ તકલીફ પડી નહીં. પરંતુ તેણે મને સામેથી જવાબ આપીને પાણી માટે સામેનો ડુંગર બતાવ્યો.

છેવટે ગમેતેમ કરીને રાત ટોલનાકા પર પસાર કરી. સવાર પડતાં ફરી પાછી ગાડી ચાલુ થઈ અને છેવટે બપોરના અધમરાની હાલતમાં ગોરેગાંવ આવી પહોંચ્યા.

સાતમો અધ્યાય આવતી કાલે...

સાભાર :

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in



# ડૉ. આંબેડકર ઉવાચ....

## અધ્યાય - ૭ - એ તો સૌ કોઈ જાણે છે.

મારા પિતા કબીરપંથી હોવાના કારણે તેમના માટે માંસ-મચ્છી અને દારૂ પર બંધી હતી એ કહેવાની જરૂર નથી. તેઓ પાકા શાકાહારી હતા અને દારૂને તો તેઓ હાથ સુધ્ધાં અડાડતા ન હોતા.

પરંતુ જ્યારે જયારે - એટલે કે અમારાં ગામડાંઓમાં અમારા સમાજનું જાતિભોજન હોય - ત્યારે ત્યારે બધાને મિષ્ટાન, માંસ ભોજન મળી રહે તે માટે મારા શાકાહારી પિતા તેની આગેવાની લેતા હતા. અમારા ઘરમાં વંશપરંપરાથી ચાલત આવેલા હાંડા, તપેલાંઓ, થાળીઓ વગેરે મોટા પ્રમાણમાં વાસણો હતાં. તેનો ઉપયોગ સાર્વજનિક ગ્રામભોજન માટે થાય એવું જાણે નક્કી કરવામાં આવ્યું હતું.

મારા પિતા જાતે ગામબહારના ઝાડ નીચે જઇને મોટા મોટા પથ્થરો માથે મૂકીને લઈ આવી ભેગા કરતા અને ગામની ભોજન-વ્યવસ્થા માટે જાતે ચૂલા બનાવી દેતા. બકરાનું માંસ, મરઘાં અને મચ્છીનું ટેસ્ટદાર ભોજન તૈયાર કરવામાં આવતું. તે જમવાનું તૈયાર કરવામાંયે પાછા મારા પિતા આગેવાન હોય.

આવી ભોજન-વ્યવસ્થા માટે આગેવાની લેવામાં મારા પિતાને 'આ ખોટું છે' એવું ક્યારેય લાગતું નહીં. 'ફક્ત પોતે કાંઇ ખાવું-પીવું ના જોઇએ' એવું તેમનું ઉદાર તત્ત્વજ્ઞાન હતું. એટલું જ નહીં, દારૂની બાટલી સુધ્ધાં તેઓ જાતે લાવીને દરેકને થોડું થોડું વહેંચતા હતા. પરંતુ તેમણે જીવનભર દારૂના એક ટીપા સુધ્ધાંને સ્પર્શ કર્યો નથી. મારા પિતાજીની આ જ પરંપરાને મેં પણ આગળ વધારી છે. હું વાઇસરોય સાહેબના કાર્યકારી મંડળમાં હોવાથી ઉત્તમમાં ઉત્તમ જમવાનું અને ઉત્તમ વ્હિસ્કી, શેમ્પેઇન વગેરે મારી મિત્રમંડળીને આપી દેતો. મેં પણ મારા પિતાજીની જેમ જ દારૂના એક ટીપાનેય ક્યારેય સ્પર્શ સુધ્ધાં કર્યો નથી એ પણ સૌ કોઇ જાણે જ છે.

આઠમો અધ્યાય આવતી કાલે...

સાભાર...
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

SAURASHTRA UNIVERSITY

Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ....

૮ - એપ્રિલ

## અધ્યાય - ૮ - આનાથી મને બોધપાઠ મળ્યો.



મેં આ અગાઉ તમને કહ્યું જ છે કે, હું બી.એ. થયો ત્યાં સુધી બિલકુલ સામાન્ય જેવો જ વિદ્યાર્થી હતો. આગળ ઉપર મારા હાથે કોઈક સંશોધન થશે એવી મારી બાબતમાં મને સુધ્ધાં કોઈ અપેક્ષા નહોતી અને બીજા કોઈનેય નહોતી. એટલે કે, મારી બુદ્ધિ મંદ હતી અથવા તો મારામાં વાંચવાની રુચિ નહોતી એવુંયે નથી. પરંતુ સંશોધન કરવા માટે જે એક વિશિષ્ટ પ્રકારનો દૃષ્ટિકોણ હોવો જોઈએ અથવા જે એક પ્રકારનું પ્રોફેસરો પાસેથી માર્ગદર્શન મળવું જોઈએ એ મારી બાબતમાં થયું ના હોવાથી મારામાંની ગૂઢ શક્તિને ચાલના મળી નહોતી એટલું જ. અલબત્ત, શરીરમાં જે જન્મજાત ગુણો હોય છે તેનો વિકાસ થાય જ છે. અમેરિકા ગયો ત્યાં સુધી મારામાંના અનેક ગુણો સુષુપ્તાવસ્થામાં હતા.

તેને વિકસિત કરવાનું કામ પ્રોફેસર સેલિંગ્મન અને બીજા મોટા ગજાના વિદ્વાનોના હાથે થયું એ મારે કબૂલ કરવું જ જોઈએ. આ વિદ્વાન પ્રોફેસરોના સાંનિધ્યમાં આવ્યા પછી જ મારી સમજમાં આવ્યું કે, "મને સ્વતંત્ર રીતે વિચારતાં આવડે છે. હું સંશોધન કેવી રીતે કરું?" આ બાબતમાં મેં એકવાર પ્રો.સેલિંગ્ટનને પૂછતાં તેમણે જણાવ્યું, "તું તારું કામ ચાલુ રાખ એટલે તને આપોઆપ સમજાશે કે સંશોધન કેવી રીતે કરવું જોઈએ."

તે જ પ્રમાણે હું મારી જાતે જ વિચારવા લાગ્યો. ખૂબ વાંચવાનું ચાલુ રાખ્યું અને તેના કારણે જ પોતાના પગ ઉપર જ ઊભા રહીને, પોતાને જ કેવી રીતે માર્ગદર્શન કરવું જોઈએ એનો મને બોધપાઠ મળ્યો, શીખવાનું મળ્યું. આની પાછળ મારી એક બીજી પણ ચિંતા હતી, એ ચિંતા એટલે જો નક્કી કરેલી સમયમર્યાદામાં મારું સંશોધન કાર્ય પૂરું થાય નહીં તો, મારી આગળની સ્કોલરશિપ ઉપર પાણી ફરી વળશે, એટલે કે સ્કોલરશિપ મળશે નહીં અને મારું સારુંયે સંશોધન એટલા માટે જ ઠંડું પડી ગયું હોત, અટકી ગયું હોત, તેના કારણે મારે મારું કામ ચોકસાઈથી, ઉત્સાહપૂર્વક ને ઝડપથી પૂરું કરવું જરૂરી હતું.

ક્રમશ:.....

તે સમયે મેં મારી કામ ઉપયોગી નોંધોના કાર્ડ તૈયાર કર્યાં હતાં. આજ સુધી એ નોંધોનાં કાર્ડ મારી પાસે હયાત છે. સંશોધન કરનારા પ્રોફેસરોને તે ઉપયોગી થાય એ માટે તેને મેં મારી લાઇબ્રેરીમાં રાખવાની નજીકના જ દિવસોમાં વ્યવસ્થા કરવાનો છું. મેં એટલું બધું જબરદસ્ત વાંચન કર્યું છે કે, કોનો સંદર્ભ ક્યાં છે એ મને તુરંત જ યાદ આવી જાય છે. આ વાંચનને કારણે મારી સ્મરણશક્તિ તેજ થતી ગઈ છે.

પુસ્તકો લખતા હોઈએ ત્યારે સમય કેવી રીતે પસાર થઈ જાય છે અને દિવસોના દિવસો કેવી રીતે નીકળી-પસાર થઈ જાય છે તેની મને ખબર નથી પડતી. મારું લખાણ ચાલુ હોય ત્યારે મારી બધીયે શક્તિ એક જગ્યાએ એકત્ર થઈ જાય છે. હું જમવાનીયે પરવા કરતો નથી. હું ક્યારેક ક્યારેક તો આખી રાત વાંચતાં-લખતાં બેસું છું. મને તે વખતે ક્યારેય કંટાળો આવતો નથી કે ક્યારેય થાક લાગતો નથી.

પરંતુ કામ પૂરું કરીને તેને એકવાર એક બાજુ મૂક્યા પછીથી હું અત્યંત નિરુત્સાહી અને અસંતુષ્ટ થઈ જાઉં છું. મને ચાર બાળકો થયા હોય તોયે જેટલો આનંદ ના થયો હોત તેનાથી અધિક આનંદ મને પુસ્તક પ્રસિદ્ધ થાય તેનાથી થાય છે.

*નવમો અધ્યાય આવતી કાલે.....*

## સાભાર ......

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૯ - એપ્રિલ

# ડૉ. આંબેડકર ઉવાચ....

## અધ્યાય - ૯ - પિતાજીનું નિધન.

બી.એ. પાસ થયા પછી માત્ર મારા પિતાજીને એવું લાગ્યું કે હવે હું અહીંયાં જ રહું અને કોઈ કાળે વડોદરા જાઉં નહીં.

વડોદરા ગયા પછી મારું જે અપમાન થનાર હતું તેની કલ્પના મારા પિતાને અગાઉથી જ હતી એવું મને લાગે છે. વડોદરાની નોકરીએ હું જાઉં નહીં તે માટે તેમણે મને અનેક પ્રકારે પ્રયત્નો કરી મારું મન મનાવવા પ્રયાસો કર્યા. પરંતુ મેં મારી હઠ છોડી નહીં.

આખરે તો જે થવાનું હતું તે જ થયું. હું વડોદરા ગયા પછીથી અગિયાર દિવસોમાં જ તેમણે મુંબઈમાં અંતિમ શ્વાસ લીધો. તેઓ એકાએક બીમાર પડ્યાનો તાર મને વડોદરા આવ્યો. તેની સાથે જ હું વડોદરાથી મુંબઈ પહોંચવા માટે નીકળી પડ્યો. રસ્તામાં આવતા સુરત રેલવે સ્ટેશનેથી પિતાજી માટે સુરતની ઘારી લઈ જાઉં એટલે તેમને સારું લાગશે એવી મારી કલ્પના હતી. પરંતુ ઘારી લેવાની ઘાય ઘાયમાં મારી ગાડી ક્યારે નીકળી ગઈ એની ખબર ના પડી. એટલે હવે બીજી ગાડી સુરતથી મુંબઈ આવવા માટે મળે નહીં ત્યાં સુધી મારે ચૂપચાપ વાટ જોવા બેસી રહેવા સિવાય મારી પાસે બીજો કોઈ છૂટકો જ નહોતો. તેના કારણે હું બીજા દિવસે ખૂબ જ મોડો મુંબઈ પહોંચી શક્યો.

ઘેર આવીને જોઉં છું તો પિતાજીની સ્થિતિ ખૂબ જ નાજુક થયેલી હતી અને બધા સગાંવહાલાંઓ તેમની પથારીની આજુબાજુ ચિંતાતુર થઈને બેઠા હતા. આવું દૃશ્ય જોતાં જ મારા કાળજા પર ભારે આઘાત લાગ્યો. પિતાજીએ મારા શરીર પર પ્રેમથી હાથ ફેરવ્યો અને મને એકવાર આંખો ભરીને જોઈને તેમણે પોતાનો પ્રાણ છોડ્યો.

માત્ર મારી મુલાકાત થાય તે માટે જ તેમનો જીવ ઘૂંટાતો હતો. સુરત સ્ટેશને તેમના માટે બરફી લેવા ના ઉતર્યો હોત તો તેમને વહેલો મળી શક્યો હોત. એ બાબતમાં મને અતિશય પશ્ચાત્તાપ થાય છે.

*દસમો અધ્યાય આવતી કાલે...*

સાભાર.....
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૧૦ - એપ્રિલ

# ડૉ. આંબેડકર ઉવાચ....

## અધ્યાય - ૧૦ - જિદ્દી સ્વભાવ.

મારો સ્વભાવ પહેલાંથી જ જિદ્દી હતો. હવે પણ મારો સ્વભાવ એવો ને એવો રહ્યો છે કે નહીં એ હું નક્કી કહી શકું નહીં. પરંતુ લોકો કહે છે કે, મારો સ્વભાવ હજુ પણ તેવો ને તેવો જ જિદ્દી રહ્યો છે, એટલે હશે જ.

મારા બાળપણની એક વાત કહું છું. મને લાગે છે ત્યારે હું અંગ્રેજીના બીજા ધોરણમાં ભણતો હતો. અમારી શાળા સતારાના કેમ્પમાં હતી. તે સમયે પેંડસે નામના અમારા એક શિક્ષક હતા. તેમનો મારા ઉપર અતિશય પ્રેમ હતો. મારો સ્વભાવ જિદ્દી છે એ મારા સમોવડિયાઓને બરાબર ખબર હોવાથી તેઓ 'આ વાત કોઈને કહેતો નહીં' એવું મને કહેતાંની સાથે જ હું તે વાત જાણી જોઈને કહીશ જ એવી તેમને બધાને ખબર હતી.

એકવાર ખૂબ જ વરસાદ પડયો હતો અને અમારે શાળાએ જવાનો સમય પણ થઈ ગયો હતો. મારા મિત્રોએ મને કહ્યું: "જોને દોસ્ત, વરસાદ કેટલો બધો પડે છે. આવા વરસાદમાં તું શાળાએ જતો નહીં, નકામો તું પલળી જઈશ."

મને તો આટલું જ જોઈતું હતું. મારો મોટો ભાઈ છત્રી લઈને આવ્યો. મેં તો તેને સાફ સાફ શબ્દોમાં કહી દીધું: "તું તારે એકલો તારી છત્રી લઈને જા. હું એકલો વરસાદમાં ભીંજાતો આવીશ." ભાઈએ મને મનાવવા-સમજાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ મેં તો એની કોઈ વાત કાને ધરી નહીં. 'મારી સવારી' તો છત્રી વિના ખૂબ વરસાદમાં ભીંજાતા જવાનું નક્કી કરીને નીકળી પડી. તે સમયે હું ભરતભરેલી ટોપી પહેરતો હતો. તે ટોપી વરસાદમાં ભીંજાય ન જાય તે માટે પાટી-પુસ્તકો અને પેલી મારી મનગમતી ટોપી મારા ભાઈને લઈ જવા માટે આપી દીધી. તે આગળ નીકળી ગયા પછીથી હું વરસાદમાં ભીંજાતો ભીંજાતો શાળાએ જવાના રસ્તાએ આગળ વધ્યો. જોકે, વરસાદ તો મુશળધાર પડતોહતો. હું ભીંજાતો ભીંજાતો શાળાએ પહોંચ્યો તે પણ કેવો ? જોકે, નખશિય ખૂબ જ પલળેલો હતો. માસ્તરે મને આવી સ્થિતિમાંયે શાળાએ આવેલો જોઈને તેમને ભારે દુઃખ થયું. તેમણે મને પૂછ્યું : "અરે, આટલા વરસાદમાં છત્રી લઈને કેમ ના નીકળ્યો !" મેં જવાબ આપ્યો : "છત્રી એક જ હતી બે ભાઈઓ વચ્ચે, એટકું હું આમ ભીંજાતો આવ્યો." આ તો મેં એકંદરે ખોટેખોટું ગપ્પુ જ માર્યું હતું એની એ ભોળા શિક્ષકને કાંઈ ખબર ના પડી. તુરત જ તેમણે મારા મોટાભાઈને બોલાવી લીધો. ત્યારે તે ચોથા ધોરણમાં ભણતો હતો. તેને શિક્ષકે પૂછ્યું: "બતાવ જોઈએ તારા શરીર પર કેટલાં ખમીશ પહેરેલાં છે?"

મારા ભાઈના શરીર પર તો એક જ ખમીશ પહેરેલું હતું. ત્યારે તેમણે પોતાના જ દીકરાને બોલાવીને તેની સાથે મને તેના ઘરે મોકલ્યો અને તેના દીકરાને કહ્યું : "ઘરે જઈને આને એકદમ ગરમ કરીને નહાવા માટે પાણી આપજે. તેને પહેરવા માટે એક લંગોટ આપજે અને તેના કપડાં એટલે કે ધોતી અને ખમીશને વાડ ઉપર સૂકવવા મૂકજે. જેથી સાંજે એને પહેરીને એ તેના ઘરે જઈ શકે." તે પ્રમાણે માસ્તરના દીકરાએ મને પોતાના ઘરે લઈ જઈને ગરમ સાયથી નવડાવ્યો અને પહેરવા માટે એક લંગોટી પણ આપી. સાંજ સુધી સ્વાગત શાળાના ભણવાના ભારમાંથી છુટકારો મળ્યો એનો મને ભારે આનંદ થયો, હું લપાતો છુપાતો અને મોઢાથી સિસોટી વગાડતો આત જ શાળાની બહાર આંટા મારતો હતો. હું વર્ગમાં આવ્યો નથી એ જોઈને માસ્તરે મને વર્ગમાં બોલાવી લાવવા માટે ફરી પાછા એક છોકરાને મોકલ્યો. માત્ર લંગોટી પહેરીને બધા છોકરાઓના દેખતા વર્ગમાં બેસવાની મને ખૂબ જ શરમ આવતી હતી. પરંતુ માસ્તરે કહ્યું : "અરે, અહીંયાં તો બધા છોકરા જ છે. તેનાથી તારે શરમાવાની ક્યાં જરૂર છે ? " હું પણ એમ જ રડતાં રડતાં વર્ગમાં મેઠી. પરંતુ આ વાતની મને એટલી બધી શરમ લાગી કે તે પછીથી મારાસ્વભાવનું જિદ્દીપણું કાઢી નાખવું એવો મેં મનોમન નિર્ણય કર્યો. તેમાં હું કેટલો સફળ થયો છું એ તો મને બીજા લોકોએ જ કહેવું જોઈએ.

ક્રમશઃ .....

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

મારી અટક 'આંબેડકર' નહોતી. મારી સાચી અટક હતી 'આંબાવડેકર'. આંબાવડેકર નામનું એક ગામ ખેડ તાલુકાના દાપોલીની નજીકમાં પાંચ માઈલના અંતરે એક નાનું એવું ગામ આવેલું છે તેના કારણે અમને લોકો 'આંબાવડેકર'ના નામથી જ ઓળખતા હતા. આ 'આંબાવડેકર' અટકનું 'આંબેડકર' એ નામ કેવી રીતે બની ગયું તેનો ઇતિહાસ છે. અમારા આંબેડકર નામના એક બ્રાહ્મણ માસ્તર હતા. તેઓ અમને કાંઈ બહુ શીખવતા નહોતા, પરંતુ મારા ઉપર તેમનો ખૂબ જ પ્રેમ હતો. વચ્ચેની એટલે કે બપોરની છુટ્ટીમાં મારે રોટલી ખાવા માટે શાળાથી દૂર આવેલા અમારા ઘરે જવું પડતું હતું તે આંબેડકર માસ્તરને ગમતું નહોતું. પરંતુ મને તો તેટલો સમય બહાર ભટકવાની મોકળાશ મળી રહે એટલા માટે થઈને મને પણ વચ્ચેની છુટ્ટીમાં ઘરે જવાની ખૂબ જ મજા આવતી. પરંતુ મારા આ માસ્તરે એક યુક્તિ કરી. તેઓ પોતાની સાથે શાક- રોટલીનું ભાથું બાંધીને લાવતા અને રોજ વચ્ચેની છુટ્ટીમાં, ક્યારેય ભૂલ્યા વગર મને યાદ કરીને-બોલાવીને પોતાના ભાથામાંથી શાક-રોટલી મને ખાવા માટે આપતા. અલબત્ત, આભડછેટ લાગે નહીં એટલા માટે તેઓ પોતાની શાક-રોટલી અધ્ધર હાથ રાખીને મારા હાથમાં નાખતા. મને એ કહેતાં ભારે ગૌરવ થાય છે કે, તે પ્રેમની શાક-રોટલીની મીઠાશ કાંઈક ઓર જ હતી. તે વાત જ્યારે યાદ આવે છે ત્યારે મારું ગળું રૂંધાઈ જાય છે, ભરાઈ જાય છે.

ખરેખર, આંબેડકર માસ્તરનો મારા ઉપર અત્યંત પ્રેમ હતો. એક દિવસ તેમણે જ મને કહ્યું હતું: "આટલું લાંબું 'આંબાવડેકર' નામ બોલવામાં ભારે અડચણ થાય છે. તેના કરતાં તો 'આંબેડકર' એ મારું નામ ખૂબ સારું છે. તે જ તું હવે રાખ." અને તે જ પ્રમાણે તેમણે કેટલોગમાં એટલે કે શાળાના રજિસ્ટરમાં તેવી જ નોંધણી કરી નાખી.

હું વિલાયત ખાતે ગોળમેજી પરિષદમાં હાજરી આપવા માટે નીકળ્યો ત્યારે તેમણે મને અત્યંત પ્રેમભર્યો પત્ર લખ્યો હતો. તે પત્રને મેં આજે પણ મારી પાસે સંઘરી રાખ્યો છે. આગળ જતાં જ્યારે પણ મને મારી આત્મકથા લખવાની સ્ફૂર્તિ આવશે-સમય મળશે ત્યારે તેમાં હું આ પત્ર છાપવાનો છું. અમારા આ આંબેડકર માસ્તરનું બધું જ કાંઈક ઓર જ હતું. શાળાનો ઘંટ વાગતા જ તેઓ વર્ગમાં આવતા અને રહિમતુલ્લા નામનો એક મોટો છોકરો અમારા વર્ગમાં હતો તેને આ આખોયે વર્ગ સોંપીને ખુશીથી બહાર નીકળી જતા. આ રહિમતુલ્લા એ અમારા જ વર્ગનો વિદ્યાર્થી હતો. તેની અને અમારી ઉંમરમાં જમીન-આસમાનનો ફરક હતો. અમે બધા દસ-દસ વર્ષના બાળકો હતા ત્યારે તેની ઉંમર પચ્ચીસ-ત્રીસ વર્ષની હતી. સાંજના શાળા છૂટવાના સમયે ફરી અમારા માસ્તર પાછા આવી જતા અને રહિમતુલ્લાને પૂછતાં, "કેમ છે બધું? છોકરાઓએ કાંઈ તોફાન તો વધુ કર્યું નથી ને?" "ના...ના...સાહેબ." એવો રહિમતુલ્લા જવાબ આપતો એટલે નિશ્ચિંત થઈને તેઓ ઘરે જવા નીકળી પડતા.

આ માસ્તર આખી બપોર ક્યાં જતા હશે એવું તમે પૂછશો. વાત એમ છે કે અમારી શાળાની સામે પિપરમિંટ અને સિગારેટ વેચનારા વાણિયાની એક દુકાન હતી. તે દુકાનમાં સિપાઈ અને સિપાઈઓનાં બાળકો રોજ કાંઈક ને કાંઈક ખરીદવા માટે આવતા રહેતા હતા. એના કારણે આ દુકાનની સારી એવી ઘરાકી રહેતી હતી. શાળા છોડીને આ દુકાનમાં અમારા માસ્તર હિસાબ લખવાનું કામ કરતા હતા. તેના માટે તેમને વીસ-પચીસ રૂપિયા મળતા હતા. આગળ જતાં વાર્ષિક પરીક્ષા લેવા માટે જ્યારે ડેપ્યુટી હાજર થતા ત્યારે અમારા માસ્તરની ભારે લેમેલ થઈ જતી. ડેપ્યુટી વર્ગમાં ગણિતના દાખલા પૂછતા એ પછી અમારા માસ્તર પાટિયા પર તે દાખલાના ઉત્તર મોટા અક્ષરે લખીને અમને બાજુની રૂમમાંથી ડેપ્યુટીને ખબર ના પડે તે રીતે બતાવતા. જેથી અમારા બધાના દાખલાના ઉત્તરો સાચા આવતા અને જૈનાથી માસ્તરને ઉત્તમ શિક્ષક તરીકેની શાબાશી મળતી. પરીક્ષા પૂરી થયા પછી શિક્ષકનો શેરો લખવાની બૂકમાં અમારા માસ્તરને 'ઉત્તમ શિક્ષક'નો શેરો મળતો. ડેપ્યુટીને માસ્તર તરફથી ચા, ચેવડો, ચિરૂટના પાકીટનું નજરાણું મળી રહેતું. આવી રીતે એકવાર સારો શેરો મળ્યા પછી વર્ષ આખુંયે નિશ્ચિંત રીતે અમારા માસ્તર સાહેબ મહેતાજીનું કામ બિનધાસ્તપણે કરતા રહેતા.

*અગિયારમો અધ્યાય આવતી કાલે.....*

**સાભાર ......**

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક :- શ્રી જ. ગો. સંત

અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૧૧ - એપ્રિલ

# ડૉ. આંબેડકર ઉવાચ....

## અધ્યાય - ૧૧ - આપણી સ્થિતિ.

પેશવાઈના સમયમાં કોણે કેવાં કપડાં પહેરવાં એ બાબતમાં કાયદાઓ હતા. મારી મા કહેતી હતી કે, "મહાર લોકોએ કપડાં વેચાતા લેવાં હોય તો તેણે દૂરથી જ એને જોવાના. તેની કિંમત શું છે એ પૂછવાનું. દુકાનદાર દુકાનમાંથી કપડું હલાવતો હોય. કપડાં લેવાનાં હોય તો લોટામાં પાણી લાવવામાં આવે. તે કપડાંની ઉપર છાંટવામાં આવે, નવીન કપડાં ચીકલ- માટી-ગારામાં રગદોળવામાં આવે, કારણ કે મહારોને નવાં કપડાં પહેરવા પર પ્રતિબંધ હતો. ફાટેલાં કપડાં જ તેણે પહેરવાનાં. માટીમાં રગદોળેલા કપડાંની અંદર બે આંગળી નાખીને તેના બે ભાગ કરવામાં આવતા. આ પછીથી મહારે પૈસા મૂકવાના ને કપડાં લઈ જવાનાં. અમે લોકો લંગોટી લગાવતા, તે પણ પેશવાની આજ્ઞા હતી. બ્રાહ્મણે બંને બાજુએ ખેસ રાખવાનો. બ્રાહ્મણેતરોએ ફક્ત પાછળની બાજુએ જ ખેસ રાખવાનો અને ભંડારી લોકો એટલે કે રસોયા લોકોએ તો કમરે કુલા પર મોટો રૂમાલ લગાવીને તેનો મોટો ભાગ ઘૂંટણ સુધી તેની આજુબાજુ લંબાયેલો હોય એ રીતે રાખવાનો, એવો નિયમ હતો. અંગ્રેજ સરકાર આવ્યા પછી મુંબઈને બ્રિટિશરોએ પોતાની હકૂમતમાં લીધી. સોનીઓ પર પેશવાની ખૂબ ભારે નજર હતી. "સોનીઓ કહેતા અમે બ્રાહ્મણ" તો "પેશવાઓ કહેતા અમે બ્રાહ્મણ." સોની બ્રાહ્મણોની જેમ ધોતી પહેરતા. તેમણે આવી ધોતી પહેરવી નહીં, ભ્રષ્ટાચાર થાય એટલે બધાયે વર્તમાનપત્રોમાં સમાચાર છપાતાં ખળભળાટ થતો. બ્રિટિશરોએ ધર્મ ડુબાડ્યો એવી કાગારોળ કરવા માંડી. સાહેબ ફર્યા. પેશવાની ફરિયાદ સાહેબે સાંભળી. પેશવાએ કહ્યું : "અમારા પહેલાંના પ્રજાજનો ઉપર પહેલાં કેટલાંક બંધનો હતાં. પરંતુ તમારું રાજ આવતાં જ તેઓ કાછડી પહેરતા થયા છે." ઈસ્ટ ઇન્ડિયા કંપની ત્યારે બાલ્યાવસ્થામાં હતી. વાલકેશ્વરના મહાજન લોકો હતા. મુખ્ય અધિકારીએ તેમની ફરિયાદ સાંભળી લીધી. તેમણે મહાજન લોકોને બોલાવીને તપાસ કરી. સોનીઓ કાછડી પહેરતા હતા. "સોનીઓએ હવે કાછડી પહેરવી નહીં, જો પહેરશે તો તેણે ૫૦ રૂપિયા દંડ કરવામાં આવશે." એવો પંચોએ દંડ જાહેર કર્યો. હવે લોકો કોટ-પાટલૂન પહેરે છે.

મહાર લોકો શું કરતા હતા?

તેમણે આખી રાત જાગીને ગામનો ચોકીફેરો કરતા આખી રાત ફરવાનું. સવારની જે કાંઈ રોટલીના ટાઢા-સૂકા ટુકડા બચ્યા પડયા હોય એ ખાવાના, ફલટણ ગામમાં મહાર રહેતા હતા. તેમની ૨૪ વીઘાં જમીન હતી. ત્યાં એક મંદિર હતું. તેમાં અન્નકૂટ થતો હતો. આપણા એક મિનિસ્ટર હતા. એક ગાડી લાડું, જલેબી, રોટલી વગેરે આ અન્નકૂટમાં આપવામાં આવતા હતા. મહાર લોકો મંદિરના દરવાજાની પાસે બેસતા અને વધેલું એઠુંજૂઠું અનાજ લઈ જતા. આટલું જો મહારોને મળી રહેતું હોય તો તેમણે જમીન મેળવવાની શી જરૂર? કેટલાક દિવસો પછી આવું જમવાનું આપવાનું બંધુ કરવામાં આવ્યા પછી તે મહાર કહે છે: "અમારી આટલી જમીન હતી, તે મરાઠાઓ લઈ ગયા, મંદિરનું એઠુંજૂઠું મેળવવાનું રહ્યું." આવી તેમની અવસ્થા હતી. જળગાંવમાં શ્રાદ્ધ હોય ત્યારે મહારો ભિખારીની જેમ ઉકરડા ઉપર બેસતા. એને ખાવાને અનાજ મળી ગયું — પછીથી, "એનું કયા ભવમાં સારું થશે?" એવું લોકો મને કહેતા. હજારો વર્ષોથી ગઈ કાલ સુધી આપણા સમાજમાંથી એક પણ વ્યક્તિ ગ્રેજ્યુએટ અથવા તો વિદ્વાન બની શકી નથી. મને એ કહેવામાં કોઈ વાંધો નથી કે મારી શાળામાં સાફસફાઈ કરનારી એક બાઈ હતી, તે મરાઠા હતી. તે મને અડતી નહોતી.

ક્રમશઃ .....

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@saurasi.ac.in

મારી મા મને કહેતી કે, "મોટા માણસોને તું મામા કહેતો જા." પોસ્ટમૅનને હું મામા કહેતો. નાનપણમાં શાળામાં જતો ત્યારે મને પાણી પીવાની તરસ લાગી હતી તો મેં આ માટે માસ્તરને કહ્યું. માસ્તરે મારા રક્ષણ માટે ચપરાશીને બીજી જગ્યાએથી બોલાવ્યો અને મને નળ પર પાણી પીવા માટે લઈ જવા માટે કહ્યું. અમે નળ પર ગયા. ચપરાશીએ પછી નળ ચાલુ કર્યો અને મેં પાણી પીધું. મને ૬-૬ દિવસો સુધી શાળામાં પાણી પીવા મળતું નહોતું. જે કોઈને પોતાના મૂળસ્થાન બાબતમાં ગૌરવ નહીં હોય તોયે પ્રેમ તો હોય જ છે. મારા પિતાજીએ પેન્શન લીધા પછીથી કાયમનો વસવાટ કરવો એ હેતુથી દાપોલી ખાતે આવીને રહ્યા. મારા અધ્યયનના શ્રીગણેશ મેં દાપોલીની શાળામાંથી કર્યા. પરંતુ પરિસ્થિતિવશ હું ૫-૬ વર્ષનો હતો ને ઘાટની તળેટીમાં રહેવાનું છોડીને ઘાટ પરના ભાગે રહેવા આવવાનું થયું. ત્યાં જ મારું આજ સુધીનાં જીવનપર્યંત રહેવાનું થયું. આજે ૨૫ વર્ષે ઘાટથી એટલે કે સહ્યાદ્રિના પહાડથી નીચે ઊતર્યો છું. જે પ્રદેશને સૃષ્ટિએ પોતાના સૌંદર્યથી અદ્ભુત રીતે શણગાર્યો છે, આવા પ્રદેશમાં કોઈને પણ પગ મૂકતાં જ ભારે આનંદ થાય એ સહજ છે. આ પ્રદેશ પોતાની માતૃભૂમિ છે એમ કહેતાં તેને અત્યંત આનંદ થાય અને તેમાં બે ગણો વધારોયે થાય તો નવાઈ નહીં. એકવાર સ્થિતિ એવી હતી કે, જેમને માટે આ પ્રદેશ અસ્પૃશ્ય જાતિની દૃષ્ટિએ જોવામાં આવતા એ ખૂબ જ આગળ ગયેલો હતો એવું કહેવામાં કોઈ વાંધો નથી. એક સમયમાં અસ્પૃશ્ય જાતિના અધિકારી આગેવાનો આ પ્રદેશમાં બિલકુલ ધમધમાટ કરીને ગયા હતા. તે જ પ્રમાણે ઉજળિયાત લોકોને છોડી દઈને બાકીના વર્ગની તુલનામાં જોવા જઈએ તો માત્ર અસ્પૃશ્ય વર્ગ જ શિક્ષણમાં આગળ પડતો હતો.

આજની ઉન્નતિ જેનાં કારણોને લીધે પ્રાપ્ત થઈ છે તેમાં લશ્કરી વ્યવસાય એ એક મહત્ત્વનું મુખ્ય કારણ હતું. બ્રિટિશ સરકારની સત્તા અમલમાં આવ્યા પહેલાં અસ્પૃશ્ય લોકોના નસીબ બદલવાની કેટલી ગુંજાઈશ હતી તે બાબતમાં આજે કાંઈ ચોક્કસ કહી શકાય એવું નથી. પરંતુ જે સમયમાં સ્પૃશ્યાસ્પૃશ્યતાની ભાવના એટલી બધી તીવ્ર હતી કે, અસ્પૃશ્યોને રસ્તા પર ચાલતી વેળા પણ તેનો પડછાયો સ્પૃશ્ય લોકો ઉપર પડે નહીં એટલા માટે મોટું ચક્કર મારીને દૂર દૂરથી જવું પડતું હતું. જો તે રસ્તામાં થૂંકે ને રસ્તો-માર્ગ અભડાઈ ના જાય, અપવિત્ર ન થઈ જાય એટલે થૂંકવા માટે ગળામાં માટલી બાંધીને ચાલવું પડતું હતું, અને તેને દૂરથી જ ઓળખી શકાય એટલે અસ્પૃશ્યોએ હાથમાં કાળો દોરો બાંધવો પડતો. તે વખતના સમયમાં જો કોઈ અવકાશ કે ગુંજાઈશ હોય તો એ બિલકુલ નહીં જેવી જ હોવી જોઈએ. અંગ્રેજ લોકોએ જ્યારે તેમનાં પગલાં આ દેશમાં મૂક્યાં ત્યારે ક્યાંક ક્યાંક આ પ્રદેશમાંના અસ્પૃશ્ય લોકોને સ્વાભિમાનપૂર્વક માથું ઊંચું કરીને જીવવાની તક મળી. આ તકનો લાભ લઈને તેમણે પોતાનામાં કેટલી શૂરવીરતા, બહાદુરી છે, કેટલું તેજ છે અને બુદ્ધિમત્તા પણ કેટલી ઉચ્ચ દરજ્જાની છે એ સિદ્ધ કરી બતાવ્યું.

તે સમયે માત્ર સુધારાવાદી બ્રાહ્મણો અથવા તો જે તે સમયના આશાવાદી લોકો જે આજે અમને અસ્પૃશ્ય સમજીને ધિક્કારવામાં આવતા હતા, તે અમે લોકો બીજા બધા સમાજો કરતાં ખૂબ જ આગળ પડતા હતા. કોંકણના અથવા દાપોલી ભાગોમાં અમે અધિકાર અને સત્તા ભોગવતા હતા. લશ્કરમાં નોકરી કરતા હોવાના કારણે આપણને આપણું જીવનધોરણ સુધારવાની તક મળી હતી. તેના કારણે જ ધૈર્ય, બુદ્ધિમત્તા, ચાતુર્ય અને સ્ફૂર્તિની બાબતમાં બીજા બધા લોકો કરતા આપણે રતિભાર પણ કમ નથી એ સાબિત કરી બતાવ્યું હતું, આપણા આવા ગુણોને લઈને જ લશ્કરના અધિકારીઓની જગ્યાએ આપણી નિમણૂકો થઈ. તે સમયમાં લશ્કરની છાવણીમાં હેડમાસ્તરની જગ્યા પર અસ્પૃશ્યોની નિમણૂક કરવામાં આવતી હતી. લશ્કરની છાવણીમાં એટલે કે કેમ્પસમાં પ્રાથમિક શિક્ષણ લેવું ફરજિયાત હોવાના કારણે તેનું સારું એવું પરિણામ જીવન ઉપર થયું છે. લશ્કરના – સૈન્યના દરવાજા મહાર જાતિ માટે બંધ કરીને બ્રિટિશરોએ આપણી સાથે વિશ્વાસઘાત કર્યો હોવાથી તે કૃતઘ્નતાનું લક્ષણ છે.

**ક્રમશઃ .......**

હું પોતે સુધ્ધાં એક મહારણ સ્ત્રીના પેટે જન્મ્યો છું. ગરીબીની દૃષ્ટિએ વિચાર કરીએ તો આજના ગરીબોમાંયે ગરીબ એવા વિદ્યાર્થી કરતાંયે તે વખતે મારી કાંઈ સારી એવી સ્થિતિ નહોતી. મુંબઈના ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની ચાલીમાં દસ ફૂટ લાંબી, દસ ફૂટ પહોળી ખોલીમાં મા-બાપ, ભાઈ-ભાંડુ સાથે રહીને એક પૈસાના ઘાસલેટ તેલના દીવાથી અભ્યાસ કર્યો છે. એટલું જ નહીં, તોયે અનેક અડચણો અને સંકટોનો તે સમયે સામનો કરીને જો હું આજે આટલું કરી શક્યો તો કોઈ પણ વ્યક્તિ સતત લાંબો સંઘર્ષ કરીને પરાક્રમી અને બુદ્ધિમાન બની શકે છે. કોઈપણ મનુષ્ય જન્મજાત બુદ્ધિમાન અથવા તો પરાક્રમી પેદા થતો નથી. હું વિદ્યાર્થી અવસ્થામાં જ્યારે ઇંગ્લેન્ડ હતો ત્યારે જે અભ્યાસક્રમને પૂરો કરતાં ૮ વર્ષ લાગતાં હતાં તેને મેં ૨ વર્ષ ૩ મહિનામાં જ સફળતાપૂર્વક પૂરો કર્યો હતો. આવી સફળતા મેળવવા માટે હું ૨૪ કલાકમાંથી ૨૧ કલાક અભ્યાસ કરવામાં ગાળતો હતો. જો આજે મેં ચાળીસ વટાવી દીધાં હોય તોએ હું ૨૪ કલાકમાંથી ૧૮ કલાક હજુ પણ ખુરશી પર બેસીને કામ કરતો રહું છું. જ્યારે આજના યુવાનોને જો અર્ધો કલાક પણ એકસરખું બેસવાનું થાય તો તે નાકમાં ચપટી તપકીર (છીંકણી) લગાવતા હોય છે, નહીંતર સિગારેટનો કશ ખેંચતા ખેંચતા કેટલોક સમય હાથ-પગ લાંબા કરીને પડ્યા રહ્યા સિવાય તેમનામાં સ્ફૂર્તિ આવતી નથી. મને આટલી ઉંમરે સુધ્ધાં આમાંની કોઈ જ વસ્તુની જરૂર લાગતી નથી.

આ પલટનની નોકરીના કારણે હિંદુ સમાજની રચનામાં એક ક્રાંતિ થઈ હતી, એમ કહેવામાં કોઈ જ વાંધો નથી. જે મહાર-ચમાર લોકોને ગામમાં મરાઠા વગેરે લોકો તેમને અડતાં જ અભડાઈ જતા હતા અને તેને 'જોહર' અથવા તો 'રામ રામ' કરે નહીં તો મરાઠા લોકો તેને 'પોતાનું અપમાન થયું છે' એવું સમજતા હતા, તે જ મરાઠા સિપાઈ મહાર અને ચમાર સૂબેદારને લળી લળીને ઝૂકી ઝૂકીને સલામી આપતા હતા અને 'કેમ રે...' એવું જો તેણે કહ્યું તો તેની ડોક ઊંચી કરીને સૂબેદાર સામે જોવાની હિંમત થતી ન હતી. આટલો અધિકાર અસ્પૃશ્ય સમાજના લોકોને આ દેશમાં કોઈપણ પ્રાંતમાં અને આ પહેલાં ક્યારેય પ્રાપ્ત થયો ન હતો એવું કહી શકાય. તેમાંના ૯૦ ટકા લોકો શિક્ષિત હતા. તેમાંયે ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે આ શિક્ષણનો પ્રસાર જેટલો પુરુષોમાં જ માત્ર હતો એવું જ નહીં, પરંતુ સ્ત્રીઓમાં પણ આટલો જ શિક્ષણનો પ્રસાર હતો. કેટલીક સ્ત્રીઓ તો ભણવામાં એટલી બધી હોશિયાર હતી કે પુરુષોથી ભરપૂર સભાઓમાં પુરાણોનું વિશ્લેષણ કરી સંભળાવતી હતી. જ્યાં સુધી આ રીતે શિક્ષણ આપવાનું ચાલુ હતું ત્યાં સુધી અસ્પૃશ્ય વર્ગને અઢળક ફાયદો થયો હતો. આ શિક્ષણનો ઉપયોગ તેમણે એવી રીતે કર્યો કે, તેના માટે થઈને ગૌરવ લીધા સિવાય રહી શકાય નહીં. આવા જ્ઞાનસંગ્રહના કારણે એટલે કે જ્ઞાન મેળવવાના કારણે અસ્પૃશ્યોમાં જે ગ્રંથોનો સંગ્રહ થયો તે તેની સંખ્યાની દૃષ્ટિએ વિશાળ હતો એવું કહેવામાં આવે તો તેને અતિશયોક્તિ કહેવાય નહીં. શ્રીધર સ્વામીના ગ્રંથની હસ્તલિખિત પ્રતો તો ગાડાં ભરીને મળી શકે તેમ છે. પરંતુ મુકુંદરાજ, જ્ઞાનેશ્વર અને મુક્તેશ્વર વગેરે મહારાષ્ટ્રના જૂના અને મહાન કવિઓના ગ્રંથોની હસ્તલિખિત પ્રતો પણ અનેક અસ્પૃશ્યોના સંગ્રહોમાં જોઈ છે. એટલું જ નહીં તોયે અસ્પૃશ્યોના ઘરે હજુ પણ કેટલાક દુર્લભ એવા ગ્રંથોની પ્રતો મળી રહેશે એવી મને ખાતરી છે.

જ્ઞાનેશ્વર મહારાજે 'પંચીકરણ' નામનો ગ્રંથ લખ્યો હતો એ વાત સહુ કોઈ જાણતું નથી. પરંતુ આ ગ્રંથ મેં મારા એક દિવંગત મિત્રને ઘરે જોયો છે. કેટલાંક વર્ષો પહેલાં શ્રી પાંગારકરે રાઘવચિંતન આ કવિએ લખેલું 'જ્ઞાનસુધા' એ નામનો ગ્રંથ જો કોઈની પાસે હોય તો તેમને જણાવે એવી કેસરી' દૈનિકમાં જાહેરાત આપી હતી. આ ગ્રંથની હસ્તલિખિત પ્રત તેને મળી ન હોવાથી તેને તે પ્રત મારા એક અસ્પૃશ્ય મિત્રના સંગ્રહમાં જોવા મળશે.

જે અસ્પૃશ્ય જાતિના લોકો માટે તે સમયે વિદ્યાના બધા દરવાજા બંધ હતા, તે સમયે તેમણે આવા ગ્રંથોનો સંગ્રહ કરવા કેટલો પરિશ્રમ પડ્યો હશે અને કેટલા રૂપિયાનો વ્યય કરવો પડયો હશે એ તો એ પોતે જ જાણતો હશે. આવી રીતે જ્ઞાન મેળવવાની લાલસા, જિજ્ઞાસા એ સમયના સમાજનું આભૂષણ જ છે એ વાતમાં કોઈ બેમત ના હોઈ શકે.

*બારમો અધ્યાય આવતી કાલે.....*

**સાભાર......**
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in



# ડૉ. આંબેડકર ઉવાચ....

## અધ્યાય - ૧૨ - પ્રોફેસર હતો ત્યારે.

હું ૧૯૨૩થી તે છેક ૧૯૩૯ સુધી મુંબઈની સિડેનહેમ કૉલેજમાં પ્રોફેસર હતો અને ત્યાંની લૉ કૉલેજનો પણ પ્રિન્સિપાલ હતો. ૧૯૩૬નાં વર્ષ પછીથી મારો વિદ્યાર્થીઓ સાથેનો રહેલો સંબંધ છૂટી ગયો અને ત્યાર પછીથી મેં પ્રાધ્યાપકનો વ્યવસાય એક બાજુએ મૂકીને રાજકારણનો વ્યવસાય સ્વીકાર્યો. પ્રોફેસર માત્ર વિદ્વાન જ બની શકે એ ચાલે નહીં. તે સર્વોત્તમ પણ હોવો જોઈએ. તેની ભાષા શુદ્ધ હોવી જોઈએ. તે પોતે જ અત્યંત ઉત્સાહી હોવો જોઈએ અને પોતાના વિષયને દિલચસ્પ રીતે રજૂ કરવાની તેનામાં આવડત હોવી જોઈએ તો જ વિદ્યાર્થીઓ પણ અત્યંત પ્રોત્સાહિત થાય એમાં શંકા નથી. આવા ઘણા બધા ગુણો જન્મગત ધરાવતા હોય છે, તો કેટલાક પ્રયત્નોથી અને કેટલાક અનુભવથી મેળવવાના હોય છે.

વિદ્યાર્થીઓની ગુણપત્રિકા તપાસવા માટેના મેં પોતે જ કેટલાક નિયમો તૈયાર કર્યા હતા. સેંકડે ૫૦ માર્ક્સ હું ઉત્તરોના જવાબોના કુલ નિષ્કર્ષ આવે તેના ઉપર અને સેંકડે ૫૦ માર્ક્સ જવાબોની રીત ઉપર આપવા. આવી રીતે અલગ અલગ માર્ક્સ આપવાનું રાખ્યું હતું. વળી રીતની અંદર ભાષાનું લખાણ અને જવાબ લખવાની શૈલી આ વાતોનો સમાવેશ થતો હતો. દરેક વિદ્યાર્થી પાસ કરવો એ જ મારો સિદ્ધાંત હતો. સર્વપ્રથમ હું સેંકડે ૩ માર્ક્સ એટલે તીસરી શ્રેણીના માર્ક્સ આપતો હતો. પરંતુ ક્યારેક ક્યારેક એવું બનતું કે મારી પાસે વિશેષતઃ જ્યારે હજાર હજાર ઉત્તર પત્રિકા માટે આવતી ત્યારે કેટલા માર્ક્સ આપવા જોઈએ એ હું નક્કી કરતો હતો. આવી પરિસ્થિતિમાં હું અગાઉથી જ બધી ઉત્તર પત્રિકા વાંચી કાઢતો અને પછીથી માર્ક્સ આપતો. જો કોઈ એકાદ વિદ્યાર્થીએ ઉત્તમ રીતે પેપર લખ્યું હોય તો હું તેને સેંકડે ૪૫ માર્ક્સ આપતો. ૪૫ માર્ક્સ પાછળ હું ઉત્તર પત્રિકા ખૂબ જ કડક રીતે તપાસતો.

પ્રશ્ન : તો પછી શું તમારા હિંદુના કોઈ જ વિદ્યાર્થીના ક્યારેય સેંકડે ૪૫ કરતાં વધારે માર્ક્સ મળ્યા નહીં?

બાબા : કેમ નહીં ? કેટલાક વિદ્યાર્થીઓને તો મેં સેંકડે ૬૦ સુધી માર્કસ આપ્યા છે. પરંતુ આવા વિદ્યાર્થીઓ તો ખૂબ જ ઓછા છે, કારણ કે સેંકડે ૬૦ માર્ક્સ આપતી વખતે હું ઉત્તરપત્રિકા બિલકુલ ઝીણવટપૂર્વક ચકાસુ છું.

પ્રશ્ન : આપે ૬૦ કરતાં વધારે માર્ક્સ કોઈ જ વિદ્યાર્થીને આપ્યા જ નથી શું ?

બાબા : સેંકડે ૬૦ કરતાં વધુ માર્ક્સ મેળવવા માટે જે લાયક છે. જ નથી શું? તેનો તે અધિકાર છે. આવાઓને જ મેં ૬૦ કરતાં વધુ માર્ક્સ આપ્યા છે. તમારા આ પ્રશ્નથી મને એક ઘટનાની યાદ આવી ગઈ.

ક્રમશઃ .....

એકવાર મેં એક વિધાર્થીને ૧૫૦માંથી ૧૪૪ માર્ક્સ આપ્યા. ખરેખર જ તેની તે ઉત્તરપત્રિકા તેટલા માર્ક્સને લાયક જ હતી. તે વિધાર્થીના ઉત્તરો એટલા બધા સુંદર રીતે અને ચતુરાઈથી ઉકેલ્યા હતા કે ૧૫૦માંથી ૧૫૦ જ માર્ક્સ આપવા જોઈએ એવું મને લાગતું હતું. પરંતુ ૬ માર્ક્સ મેં એટલા માટે કાપ્યા કારણ કે તે કાંઈ ગણિતનું પેપર થોડું હતું કે તેના પૂરેપૂરા માર્ક્સ અપાય! ખરેખર તેના માટે હું નાઈલાજ હતો. પછી મેં તો ઉત્તરપત્રિકા ડિગ્રી કૉલેજના એક પ્રાધ્યાપક પાસે જોવા માટે મોકલી. ત્યારે તે અધિકારીએ જોયું કે, એક બીજી જ કોલેજનો વિધાર્થી પહેલો આવે છે અને તેના કારણે તે જે કૉલેજનો છે તે જ કોલેજના તે વર્ષનો મેડલ મળશે ત્યારે તેણે તે ઉત્તરપત્રિકા ફરી પાછી મારી પાસે તપાસવા માટે મોકલી. પરંતુ મારે તો તેમાં કોઈ જ ફેરફાર કરવાનો ન હતો. છેવટે મેં તેમને તે ઉત્તરપત્રિકા જેમની તેમ જ પાછી મોકલી આપી અને તેમને લખ્યું કે, "મારો આ નિર્ણય એ અંતિમ નિર્ણય છે. આ ઉત્તરપત્રિકા બીજા કેટલાક પરીક્ષકો પાસે તપાસવા માટે મોકલી દેવામાં આવી. કેટલાકે તો ૧૪૪માંથી ઓછા માર્ક્સ આપ્યા તો કોઈ એકે તો ૧૪૪ કરતાં વધુ માર્ક્સ આપ્યા. છેવટે બીજો કોઈ ઇલાજ રહ્યો ન હોવાથી તેમણે મારો જ નિર્ણય સ્વીકારવો પડયો.

પ્રશ્નઃ અને કોઈ જ વિધાર્થીને નાપાસ કર્યા નથી શું ?

બાબા : મારા હાથે કોઈ જ વિધાર્થીનું નુકસાન થયું નહીં હોય એવું તો હું કાંઈ કહી શકું નહીં.

પ્રશ્નઃ ક્યારેય કોઈએ આપની પાસે કોઈ એકાદ વિધાર્થી અંગે ભલામણ કરી હતી ખરી?

બાબા : એકવાર એક અસ્પૃશ્ય વિધાર્થીના વાલીને ખબર પડી કે, હું મુંબઈ વિશ્વવિધાલયમાં પરીક્ષક છું. ત્યારે તેઓ મારી પાસે આવ્યા અને તેઓ કોઈક વિધાર્થીની ભલામણ કરવા લાગ્યા. તેમને લાગ્યું કે, હું જાતે અસ્પૃશ્ય સમાજમાંથી આવતો હોવાના કારણે તે વિધાર્થીની બાબતમાં કાંઈક મદદ કરીશ. પરંતુ મારી બાબતમાં તો તે સંભવ જ નહોતું. આવી ભલામણ કરનારાઓ તરફ હું ખરેખર તિરસ્કારની દૃષ્ટિએ જોઉં છું. મેં તેમને કહ્યું કે, "હું ધારું તો તે કરી શકું તેમ છું, પરંતુ મારા માટે એ જરાયે શોભાસ્પદ નથી. એક શિક્ષિત અસ્પૃશ્ય તરુણે બીજા શિક્ષિત તરુણની તુલનામાં પોતાની જાતને તુચ્છ અને હલકી શા માટે સમજવી જોઈએ? મારી પણ એવી ઇચ્છા છે કે અસ્પૃશ્ય વિધાર્થીએ પોતાના જ બળે હાઆવી તુલનામાં એક સારા અભ્યાસુ વિધાર્થી તરીકે નામના મેળવવી જોઈએ." મારો આવો જવાબ સાંભળીને તે મહાશય ચૂપચાપ નીકળી ગયા.

*તેરમો અધ્યાય આવતી કાલે.....*

**સાભાર......**

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક :- શ્રી જ. ગો. સંત

અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ....

૧૩ - એપ્રિલ

## અધ્યાય - ૧૩ - સત્યાગ્રહ શા માટે ?

આજે આપણે મંદિરપ્રવેશ કરવાના છીએ. પરંતુ મંદિરપ્રવેશ કરવાથી તમારા બધા જ પ્રશ્નોનો ઉકેલ આવી જશે એવું તો જરાયે કહી શકાય નહીં. આપણા પ્રશ્નોનું સ્વરૂપ વ્યાપક છે. તે રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક એવાં સ્વરૂપોના છે. પરંતુ આજનો આપણો આ કાળારામ મંદિરપ્રવેશ સત્યાગ્રહ એ ઉચ્ચ વર્ણના હિંદુઓના મનને એક પ્રકારનું આહ્વાન છે. સેંકડો વર્ષોથી ઉચ્ચ વર્ગના હિંદુઓએ આપણને માણસાઈના હક્કોથી વંચિત રાખ્યા છે, તે જ હિંદુઓ આપણને માણસાઈના અધિકારો આપવા માટે તૈયાર છે કે નહીં, એ જ એક મોટો પ્રશ્ન આ મંદિરપ્રવેશ સત્યાગ્રહથી પેદા થવાનો છે. હિંદુ માનસ સાચેસાચા માણસોને માણસ તરીકે સ્વીકારવા તૈયાર છે કે નહીં, આ પ્રશ્ન આ સત્યાગ્રહમાંથી જગજાહેર થઈ જશે.

ઉચ્ચવર્ણના હિંદુઓ પોતાનાં કૂતરા-બિલાડા કરતાંયે આપણા જેવા માણસોને માણસ તરીકે સ્વીકારનાર છે કે નહીં એ જ પ્રશ્નનો ઉત્તર આ સત્યાગ્રહમાંથી આપણને મળી જશે. તે હિંદુઓના હૃદયમંદિરમાં પરિવર્તન કરવા માટે છે. ઉચ્ચવર્ણના હિંદુઓના હૃદયમાં આ સત્યાગ્રહ પરિવર્તન લાવવા માટેનો આ એક પ્રયત્ન છે. તેમાં આપણે સફળ થઈશું કે નહીં એ હિંદુઓની માનસિકતા ઉપર આધાર રાખે છે. રામના મંદિરમાં આપણને પ્રવેશ મળવાથી આપણા સાચેસાચા પ્રશ્નો ઝડપથી ઉકેલાઈ જશે એવું જરાયે માનશો નહીં. મંદિરપ્રવેશ કરવા દેવામાં આવશે તો આપણા પ્રશ્નોનો ઉકેલ આવી જશે અને આપણી એકદમ કાયાપલટ થઈ જશે એવું કાંઈ નથી. આપણે તો ઉચ્ચવર્ણના હિંદુઓની માનસિકતાની પરીક્ષા લઈએ છીએ. માણસની સાથે માણસ જેવો વ્યવહાર કરવો જોઈએ. માણસોને માણસાઈનો અધિકાર આપવો જોઈએ, માનવતાની પ્રતિષ્ઠા કરવામાં આવે અને આ નવયુગની ઉચ્ચ પ્રેરણા હિંદુઓનાં મન સ્વીકારવા તૈયાર છે કે નહીં એની કસોટી થવાની છે. એ જ સાબિત કરવા માટે આપણે સત્યાગ્રહના માર્ગનો નિર્ણય લીધો છે. ઉચ્ચવર્ણના હિંદુઓ આનો વિચાર કરવાના છે કે નહીં અને એ પ્રમાણે એનો પ્રત્યક્ષમાં અમલ કરવાના છે કે નહીં એ મુખ્ય પ્રશ્ન છે.

આપણને તો ખબર છે જ કે, મંદિરમાં તો પથ્થરના ભગવાન છે. તેના દર્શન કરવાથી કે તેની પૂજા કરવાથી આપણા પ્રશ્નોનો કાયમી છુટકારો થવાનો નથી. આ મંદિરમાં આજ સુધી કરોડોથીયે વધુ લોકોએ આવીને ભગવાનનાં દર્શન કર્યાં હશે. પરંતુ તેમનાં આ દર્શન કરવાથી તેમના મૂળભૂત પ્રશ્નોનો ઉકેલ આવી ગયો છે એવું કોઈ કહી શકશે ખરા ? પરંતું આજનો આપણો સત્યાગ્રહ એ માત્ર હિંદુઓના મનની માનસિકતામાં પરિવર્તન લાવવા માટેનો પ્રયત્ન માત્ર છે. આજે આપણે વિશિષ્ટ તાત્ત્વિક ભૂમિકાથી સત્યાગ્રહનાં પગરણ કર્યાં છે.

*૧૪ મો અધ્યાય આવતી કાલે...*

*સાભાર......*
*પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર*
*સંપાદક :- શ્રી જ. ગો. સંત*
*અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ*

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૧૪ - એપ્રિલ

# ડૉ. આંબેડકર ઉવાચ....

## અધ્યાય - ૧૪ - સત્યાગ્રહ શા માટે નહીં ?

રામનવમીએ નાસિકના કાળારામ મંદિરપ્રવેશનો સત્યાગ્રહ કરવો જોઈએ કે કેમ ? આ બાબતમાં મારી સલાહ માટે અને મારા વિચાર જાણવા માટે મને પૂછવામાં આવ્યું એ માટે હું આપ સૌનો ખૂબ ખૂબ આભારી છું. આ સમયે સત્યાગ્રહ કરવો એ યોગ્ય નથી એવું કહેતાં મને એમાં કોઈ વિશેષ લાગતું નથી. મંદિરપ્રવેશની ચળવળ આગળ ધકેલીએ તો નહીં જ, પરંતુ તેને કાયમને માટે જ બંધ કરી દઈએ. જેમણે સત્યાગ્રહનું આયોજન કરવાનું કહ્યું હતું, એ જ હવે 'આ સત્યાગ્રહ બિલકુલ બંધ કરી દો' એવી સલાહ આપે છે એ ખૂબ જ મોટી નવાઈ અને આશ્ચર્યજનક લાગે તેવું છે. મને આ અંગે કહેતાં થોડો ડર લાગે છે. મંદિરપ્રવેશની જે ચળવળ મેં શરૂ કરી હતી તેનો ધ્યેય અસ્પૃશ્યોને મંદિરપ્રવેશ મળ્યા પછીથી તેમણે દેવોની પૂજા-અર્ચના કરતા બેસી રહેવાનું અને તેના કારણે જ આપણને 'મોક્ષ મળશે' એવી એ ભ્રામક સમજણને મજબૂત કરીને જીવન આખું જીવતા રહો તેવો નહોતો. અરે, એવી સમજણ તો મારી ક્યારેય નહોતી. મંદિરપ્રવેશથી અસ્પૃશ્યોને હિંદુ સમાજમાં સ્થાન મળશે, માન-મોભો મળશે, એવોયે મારો વિચાર નહોતો ને આજે પણ નથી. અસ્પૃશ્યોને પોતાના માનવીય હક્કોની જાણકારી, જ્ઞાન પ્રાપ્ત થાય અને એવા માનવીય હક્કો મેળવવા માટે તેમનામાં સામેના પક્ષ સાથે સતત ઝઝૂમતા રહેવાની તેમનામાં ચેતના-સ્ફૂર્તિ નિર્માણ થાય એવો ધ્યેય હતો અને એ ધ્યેયને મેળવવામાં મેં સફળતા પ્રાપ્ત કરી છે, કારણ કે આ સત્યગ્રહને કારણે મહારાષ્ટ્રના અને હિંદુસ્થાનના અસ્પૃશ્ય લોકોમાં માનવીય હક્કો મેળવવા અંગે લડવાનો ઉત્સાહ અને પ્રેરણા નિર્માણ થઈ છે, અને પહેલું પગથિયું એટલે અસ્પૃશ્યોમાં શિક્ષણનો પ્રસાર અને રાજકીય હક્કો મેળવવા માટે અને અંતિમ સીમા સુધી લડી લેવાની તેમજ તેમાંથી પાછી પાની નહીં કરવાનું નક્કી કરી લેવું જઈ. જો અસ્પૃશ્ય સમાજ શૈક્ષણિક રીતે સમૃદ્ધ થશે અને રાજકીય રીતે પ્રભાવશાળી અને બળવાન બનશે તો તે હિંદુ સમાજનો એક ઉત્કૃષ્ટ ઘટક બની રહેશે. પરંતુ આ આખરી ધ્યેય સાધ્ય કરવા માટે આખરે હિંદુ સમાજ, ધર્મ અને ધર્મશાસ્ત્રોમાં મૂળભૂત રીતે એટલે કે માથાથી લઈને પગની પાની સુધીમાં (જે ગેરસમજ ફેલાયેલી) છે એમાં સુધારો કરી લેવો જોઈએ અને તેના માટે થઈને અસ્પૃશ્યોએ સવર્ણ હિંદુઓને આ કામ કરવાની ફરજ પાડવા માટે સતત જાગ્રત રહી ઝઝૂમતા રહેવું પડશે.

૧૫ મો અધ્યાય આવતી કાલે...

સાભાર......
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

૨૫ - એપ્રિલ

# ડૉ. આંબેડકર ઉવાચ....

## અધ્યાય - ૧૫ - આખરે ખોળામાં.

ભાઉરાવ ગાયકવાડ, રણખાંબે, દાણી વગેરે કાર્યકર્તાઓને આ પ્રસંગે વિના કારણે જેલવાસ ભોગવવો પડ્યો. તેમાં ને તેમાં જ શ્રી તુળશીરામજી કાળેનાં વૃદ્ધ માતુશ્રી અને તે જ પ્રમાણે શ્રી અમૃતરાવ રણખાંબેનાં માતુશ્રીઓ પણ જેલવાસી બન્યા. એ સાંભળી ભારે દુઃખ પણ થયું અને એક પ્રકારની ધન્યતા પણ અનુભવી. નાશિક જિલ્લાના મારા અસ્પૃશ્યભાઈઓ અંગે મને ભારે ગૌરવ થાય છે. અસ્પૃશ્યો માટે સર્વ રીતે વિપરીત રહેલી અને વિકટ એવી પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં, ગયાં ત્રણ-ચાર વર્ષોમાં જે સ્વાવલંબીપણું અને સંગઠનમાં જે સંગઠનશક્તિનો જે પ્રત્યક્ષ વ્યવહારમાં અમલ કરીને બતાવી અને જે સહનશીલતા અને ધીરજ રાખીને મારાં આ ભાઈ-બહેનોએ જ પોતાની આગવી ઓળખ ઊભી કરી દીધી છે આખીયે ઘટના ખરેખર અપૂર્વ જ છે. બીજા કોઈનીયે મદદ નથી, કોઈની સહાનુભૂતિ નથી. ઊલટાનું કોઈ ને કોઈ વસ્તુને નિમિત્ત બનાવીને બધા જ લોકો નાખુશ—નારાજ છે અને વિરોધી બનીને ઊભા રહ્યા છે. આવી પરિસ્થિતિમાં અસ્પૃશ્યોએ, અસ્પૃશ્યો માટે અને અસ્પૃશ્યોની મદદ ઉપર નાશિક સત્યાગ્રહ જેવી ચળવળ સતત ત્રણ-ચાર વર્ષો સુધી આટલા મોટા પ્રમાણમાં, આટલા બધા ઉત્સાહ સાથે અને ખૂબ જ સંગઠિત રીતે આજ સુધી સંગઠિત રીતે ચલાવીને, આ માત્ર એકલા હિન્દુસ્થાનમાં જ નહીં, પરંતુ જગત આખાની પદદલિત જનતાએ ગૌરવ લેવા જેવી ઘટના છે એવું કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી જ નથી.

પરંતુ બ્રાહ્મણ ધર્મએ અનુદાર અને અસહિષ્ણુ બનાવેલા હિંદુ સમાજને આ બધી વાતોથી શું લેવાદેવા છે? આ સત્યાગ્રાહના માધ્યમથી અસ્પૃશ્ય બાંધવોએ સ્પૃશ્ય હિંદુઓ પાસે માત્ર સમતાની ઓછામાં ઓછી માંગણી કરી છે. પોતાના હિંદુ બાંધવો પાસે અસ્પૃશ્યોએ સમતાની અને પ્રેમરૂપી રોટલીની માંગણી કરી, પરંતુ આપણા હિંદુઓએ તેમની ઝોળીમાં પ્રેમની રોટલીના બદલામ તેમને આડખીલી બનવા ખોળામાં મોટો પથ્થર થમાવી દીધો.

૨૬ મો અધ્યાય આવતી કાલે...

સાભાર......
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ....

૨૬ - એપ્રિલ

## અધ્યાય - ૧૬ - ગોળમેજી પરિષદ.

હવે આપણા બધાની અને મારી ઓછામાં ઓછા ૫-૬ મહિના સુધી મુલાકાત થાય તેમ નથી, આ વિચારથી મારું મન ભરાઈ આવે છે.

છેલ્લાં બે વર્ષમાં મારાથી જે કાંઈ થોડીઘણી કામગીરી થઈ હશે, તેમાં હજારો સદ્‌ગૃહસ્થોએ જો મદદ કરી ના હોત તો મારા એકલાના હાથે કાંઈ જ થયું ના હોત. મેં કરેલ કામગીરી પૈકી કાયદા કાઉન્સિલના કામમાં મારા મિત્ર ડૉ. પી. જી. સોલંકીએ ખૂબ જ મહેનત કરી છે. ૧૯૩૬ની સાલમાં ગવર્નરે મને બોલાવીને પૂછ્યું કે, "જો અસ્પૃશ્ય વર્ગ તરફથી ડો. સોલંકીની મુંબઈ કાયદા કાઉન્સિલમાં પસંદગી થાય તો તેમની સાથે તમને કાઉન્સિલમાં કામ કરતા ફાવશે કે નહીં?" તેના અનુસંધાનમાં મેં જણાવેલ કે, "ડો. સોલંકી એ સારા એવા ભણેલાગણેલા સુશિક્ષિત હોવાથી કાઉન્સિલમાં અમને સાથે કામ કરતાં સારું ફાવશે." હું થોડોક ઉદ્ધત અને ગુસ્સાવાળા સ્વભાવનો છું. કાઉન્સિલમાં હોવાના કારણે ડૉ. સોલંકી સાથે એવો વ્યવહાર મારાથી થયો હશે. પરંતુ ડો. સોલંકીએ આ બાબતમાં કોઈપણ જાતની કટુતા મનમાં રાખ્યા વિના મને પૂરા દિલથી મદદ કરી છે અને તેથી જ કાઉન્સિલનાં બધાં જ કામોનું શ્રેય ડૉ. સોલંકીને જ આભારી છે.

કાઉન્સિલની બહારની વાતોમાં સમતા સંઘે મને ખૂબ જ મદદ કરી છે. શ્રીયુત દેવરાવ નાઈકે આજ સુધી મને કરેલી મદદને કારણે હું તેમને મારો જમણો હાથ માનું છું. મને એની ખાતરી છે કે, જો મારે ૫-૬ મહિના માટે પરદેશમાં જ રહેવાનું થશે તોયે આપણા પરસ્પરના સહવાસના કારણે આપણામાં એટલી બધી ભાવાત્મક એકતા ઊભી થઈ છે કે, મારા પછી શ્રીયુત નાઈક જ કામ કરી શકશે. બીજું, મારા સમતા સૈનિક સંઘના સ્નેહી શ્રીયુત પ્રધાન કદ્રેકર, કવળી વગેરે લોકોએ ખૂબ જ મદદ કરી છે. તેવી જ રીતે શ્રી શંકરરાવ પરશાએ પણ આર્થિક બાબતોમાં ખૂબ જ મડ કરી છે. શ્રી શંકરરાવ જેવો બીજો કોઈ જ આધારસ્તંભ ન હતો. સાર્વજનિક કામોમાં પૈસાની ખૂબ જ આવશ્યકતા હોય છે. પરંતુ શરૂઆતમાં મેં રહુ કરેલી સોલાપુર બોર્ડિંગ વેળા મારી પાસે હાથ પર ફક્ત ૫૦૦ રૂપિય હતા. એ પછીથી એક જયૂ મિત્રએ રૂપિયા ૧૦૦૦ની પ્રોમિસરી નોટ લખીને આ બોર્ડિંગ સંસ્થા શરૂ કરી છે. તેમાં શ્રી શંકરરાવે ખૂબ જ મદદ કરી છે. પ્રેસ ખરીદવા માટે તેમણે ૧૮૦૦ રૂપિયાની મદદ કરી છે. આજ સુધી અસ્પૃશ્ય વર્ગો માટે જે કાંઈ થોડી ઘણી કામગીરી મારાથી થઈ શકી છે. તેનું શ્રેય જુદાં જુદાં કામોના સહયોગી-સાથીઓએ જે સહકાર આપ્યો છે. એવા અનેક સાથીઓના ફાળે જાય છે.

મારા મિત્રોને અને સાથી-સહયોગીઓને એવું લાગે છે કે મારો સ્વભાવ કાવ્યમય નથી. જોકે, હું પણ તેવું જ માનું છું. પરંતુ મારો સ્વભાવ અથવા વૃત્તિ કાવ્યમય નથી. આમ છતાંયે મારો આયુષ્યક્રમ, મારું જીવન જાણે એક અપૂર્વ અને પ્રચંડ એવું કાવ્ય જ સર્જાઈ રહ્યું હોય એવું નથી શું?

૧૭ મો અધ્યાય આવતી કાલે...

સંપૂર્ણ અધ્યાય વાંચવા માટે
મૂળ પુસ્તકના
પાનાં નંબર ૮૩ થી ૧૧૬ સુધી.

સાભાર......
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૧૭-એપ્રિલ

### અધ્યાય -૧૭ : પૂના કરાર

બ્રિટિશ સરકારે જાતીય ચુકાદો (કમ્યુનલ ઍવોર્ડ) જાહેર કર્યો છે તેમાં અસ્પૃશ્ય વર્ગ માટે જે સ્વતંત્ર મતદાર સંઘનો હક્ક આપવામાં આવ્યો છે, તેની વિરુદ્ધમાં મહાત્મા ગાંધી આમરણાંત ઉપવાસ કરવાના છે, આ જોઈને મને તેમની મનસ્વી ભૂમિકાનું આશ્ચર્ય થાય છે. 'સ્વતંત્ર મતદાન સંઘના કારણે હિંદુસ્થાનના સ્વાતંત્ર્યમાં બાધા ઊભી થશે.' એવું ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં કહ્યું હતું. તો પછી હવે સ્વતંત્ર મતદાર સંઘની બાબતમાં આમરણાંત ઉપવાસ કરવાના બદલે સ્વાતંત્ર્ય માટે જ આમરણાંત ઉપવાસ કેમ ના કર્યા? અને આ આમરણાંત ઉપવાસ એ સ્વતંત્ર મતદાર સંઘ માટે જ છે, તો તે ફક્ત અસ્પૃશ્યોની બાબત માટે જ કેમ? મુસલમાન, શીખ વગેરેની બાબતમાં કેમ નહીં ?

અસ્પૃશ્યો પોતાની સ્થિતિ સુધારવા માટે જેવી હલચલ કરે છે કે તુરંત જ બધા હિંદુઓ તેમના પર તૂટી પડે છે. અસ્પૃશ્યોને પોતાની સ્થિતિ સુધારવાનો માર્ગ મોકળો નથી, કારણ કે, તેને હિંદુઓએ રોકી રાખ્યો છે. આવી સ્થિતિમાં અસ્પૃશ્યોને ખાસ રાજકીય હક્ક આપવામાં આવે તો જ તેમને પોતાની સ્થિતિ સુધારવાનો માર્ગ દેખાય. મહાત્માજીએ આ હક્ક મેળવી આપવા માટે કાંઈ જ કર્યું નહીં. ઊલટાનું તો તેઓ આવા હક્કોનો વિરોધ કરે છે ને કહે છે કે, “હું જ અસ્પૃશ્યોનો સાચો હિતેચ્છુ છું.” તેમની વિચારસરણીને સમજવી એ મારી શક્તિ બહારની વાત છે. “હિંદુ લોકો અસ્પૃશ્યોને પોતાના ગુલામ તરીકે સ્વીકારે છે ત્યારે તેઓ તેમને પોતાના હક્કમાંના ભાગીદાર તરીકે કદી સ્વીકારશે નહીં.” એવી વિચારસરણી ગોળમેજી પરિષદમાં મૂકીને, "અસ્પૃશ્યોને ખાસ રાજકીય હક્ક આપવા જોઈએ.” એવી મેં માંગણી કરી. ગાંધીજીએ આ માંગણીનો વિરોધ કર્યો અને હવે તેઓ જાતીય ચુકાદામાં અસ્પૃશ્યોના રાજકીય હક્કોનો આમરણાંત ઉપવાસ કરીને વિરોધ કરે છે. તેમનું આ કૃત્ય નિશ્ચિત જ અસ્પૃશ્યોનાં હિતો માટે બાધક છે.

અમે લંડનમાં હતા ત્યારે મહાત્માજીએ મારી સામે એક યોજના મૂકી હતી. મહાત્માજીની એ યોજના મેં ત્યારે સ્વીકારી નહીં, કારણ કે મહાત્માજ અથવા તો તેમની કોંગ્રેસ એ કાંઈ અજરઅમર નથી કે તે ભવિષ્યમાં અસ્પૃશ્યોન રાજકીય હક્કોનું રક્ષણ કરી શકે. તેમના મહાત્માપણાની ઉપર વિશ્વાસ રાખીય હું મારા લોકોના જીવનમરણનો પ્રશ્ન તેમને સોંપી શકું નહીં, કારણ ? આ હિંદુસ્થાનમાં તો અત્યાર સુધીમાં ઘણા બધા મહાત્માઓ આવ્યા અને ગયા, પરંતુ તેઓ અસ્પૃશ્યોની સ્થિતિમાં રજમાત્રનોયે સુધારો કરી શક્યા નહીં. તેઓ હજારો વર્ષોથી અસ્પૃશ્ય તરીકે રહેતા આવ્યા છે અને હજુ આજે પણ એ જ સ્થિતિમાં રહે છે.

હિંદુ સમાજમાં કેટલાક લોકો સુધારાવાદી છે. પરંતુ સવર્ણ હિંદુ તરફથી જરા જેટલીયે દમદાટી મળતાં જ આ સમાજસુધારક હિંદુ પોતાનો મત અને વિચારધારા પગ નીચે તોડીને સવર્ણ હિંદુની પાછળ ધોતીનો છેડો બાંધીને લાગી જાય છે, એના તો મહાડ અને નાસિક ખાતેના સત્યાગ્રહો વેળાના કટુ અનુભવો થઈ ગયા છે. માત્ર ઉપવાસ કરીને બધાને ડરાવવાનો અને 'પોતે જ સાચા છે' એવી જનતામાં ભાવના ઊભી કરવા માટેનું મહાત્માજીનું આવું કૃત્ય અન્યાયી, અત્યાચારી છે અને આવી ભાવના ઊભી કરીને અસ્પૃશ્યોને ચૂપ કરી દેવાની અથવા તો પોતાની તરફેણમાં કરવાનો જો કોઈ પ્રયત્ન કરશે તો તે ક્યારેય સફળ થશે નહીં એવો ડર ઊભો કરવાનો ગાંધીનો આ ઉપાય યોગ્ય નથી. તેમણે ઉપવાસનું આ શસ્ત્ર હિંદુ-મુસ્લિમ એકતા માટે કે સ્પૃશ્ય-અસ્પૃશ્યની એકતા માટે અથવા તો કોઈ એકાદા મહત્ત્વના રાષ્ટ્રીય કાર્ય માટે વાપરવું જોઈએ. અસ્પૃશ્યોને હિંદુ સમાજથી દૂર કરવાની અમારી ઇચ્છા નથી. માત્ર હિંદુઓના માલિકીપણામાંથી અસ્પૃશ્યોને છુટકારો થાય એ જ અમારી ઇચ્છા છે. જાતીય ચુકાદાની યોજના કરતાં પણ અસ્પૃશ્યોને વધારે ફાયદાકારક હોય એવી એકાદી યોજના તેમણે સૂચવવી જોઈએ, એ પછી તેના ઉપર વિચાર-વિનિમય થઈ શકે.

અસ્પૃશ્યોનું રાજકીય ભવિષ્ય જો હિંદુઓને સ્વાધીન યાવચંદ્રદિવાકરૌ કરવામાં આવે, એવો જો મહાત્માજીના ઉપવાસનો ધ્યેય હશે તો હું તેનો જબરદસ્ત વિરોધ કરીશ. હું મારા લોકોનો, સમાજનો ક્યારેય વિશ્વાસઘાત કરવાનો નથી. મહાત્માજીનો પ્રાણ એક બાજુ અને મારા લોકોના રાજકીય હક્ક એક બાજુએ હોય – આમાંથી મારે કોની બાજુ લેવી, તરફદારી કરવી એવો બંને બાજુથી ધારવાળો પ્રસંગ ગાંધીજી મારાં પર લાવશે નહીં એવી હું આશા રાખું છું.

હિન્દુસ્તાનની મહાન એવી વ્યક્તિ મહાત્મા ગાંધીનો જીવ મને પ્રિય હોય તોયે તેમના કરતાં ૬-૭ કરોડ અસ્પૃશ્યોના હક્કો કાંઈ મને ઓછા વહાલા નથી. તેનું રક્ષણ તો મારે પહેલાં જ કરવું જોઈએ અને તેમનું રક્ષણ કરવાના પ્રયત્નોમાં તમો બધા ભેગા થઈને મને રસ્તા ઉપરના નજીકના થાંભલા પર ફાંસી આપશો તોયે મને તેની કોઈ પરવા નથી. અસ્પૃશ્યોના પ્રશ્નનો મુખ્ય પ્રધાનના ચુકાદાથી-નિર્ણયથી મારા

પૂરતો નિવેડો આવી ગયો છે. તો તમને અથવા મહાત્મા ગાંધીને સ્વીકાર્ય ના હોય તોયે તેમને શું જોઈએ છે એ પ્રથમ મહાત્મા ગાંધીએ કહેવું જોઈએ અને તેનો ખૂબ જ વિચાર કરીને, તેમાં અસ્પૃશ્યોનાં હિતોનું ક્યાં સુધી રક્ષણ થાય છે એ હું જોઈશ અને એ પછીથી જ આપને એનો જવાબ આપીશ.

આ કોંગ્રેસવાળા મારું રાજકીય જીવન નષ્ટ કરવાની વેતરણમાં છે કે શું? જુઓને ભાઈ! મને એ લોકો જો ખતમ કરી દેશે તો તે લોકો તમારા આગેવાન બનશે. પછીથી શું થશે આપણા સમાજનું? આ રીતે રોવા-કકળવાથી શું થશે? આપણે તો લડવૈયા, શૂરવીરોના વંશજ છીએ. લડતાં-લડતાં ખપી જઈશું, પરંતુ લડાઈમાં આગળ ઉપાડેલો પગ કદી પાછો નહીં લઈએ, એ આપણી પ્રતિજ્ઞા છે, ટેક છે. ચાલો, આવતી કાલથી મુંબઈમાં અને બહારગામના આપણા લોકોને આ પરિસ્થિતિની સમજણ આપો અને કોંગ્રેસવાળાઓના આ દાવને નાકામિયાબ બનાવી દો. ચાર-પાંચ દિવસો પહેલાં હું એક ભયંકર ચક્રવ્યૂહમાં ફસાયો હતો. એક બાજુએ અસ્પૃશ્યોનું રાજકીય ભવિષ્ય અને બીજી બાજુએ મહાત્માજીના પ્રાણનું રક્ષણ. પરંતુ હવે હું આ ચક્રવ્યૂહમાંથી બહાર આવી ગયો છું અને તેનું સારુંયે શ્રેય મહાત્માજીને આપવું જોઈએ. હું ગોળમેજી પરિષદમાં આ જ કામ કરતો હતો ત્યારે ગાંધીજીએ મને બીજા કરતાં વધારે મદદ કરી હતી. પરંતુ તે વેળા તેમણે મારી વિચારસરણીને સારી રીતે ધ્યાનમાં લીધી હોત તો તેમને આ ઉપવાસ આદરવાનો પ્રસંગ ઊભો થયો ના હોત. પરંતુ હવે તેનું શું? અમારા અસ્પૃશ્યો સામે એક પ્રશ્ન ઊભો થયો છે કે, તમે હિંદુઓ જે આ કરાર કરો છો તેને ચોક્કસપણે પાળશો ખરા ? (અવાજ: સિદઆહા..!) તમે બધા હિંદુઓ આ કરારને એક પવિત્ર કરાર ગવીર અને માનશો અને તે પ્રમાણે વર્તશો, અમલમાં લાવશો એવી હું આમ રાખું છું. આ કરાર તૈયાર કરવામાં સર તેજબહાદુર સપ્રૂ અને થી રાજગોપાલાચારીએ ખૂબ જ મહેનત કરી છે. બીજા લોકોએ પણ ખૂબ જ પ્રયત્નો કર્યા છે. એ સર્વ કોઈનો હું ખૂબ આભારી છું. પરંતુ આ કરાર કહે છે તે મુજબ સ્વતંત્ર મતદાર સંઘોથી દેશનું અને હિંદુ સમાજને નુકસાન થશે અને સંયુક્ત મતદાર સંઘથી ફાયદો થશે, એ વિચારસરણી મને માન્ય નથી કે ગળે ઊતરતી નથી. અસ્પૃશ્યોની સમસ્યા એ કોઈપણ રાજકીય વ્યવસ્થાથી ઉકેલાશે નહીં. આ કરાર એ સમસ્યાનો ઉકેલ લાવી શકશે નહીં. આ કરાર એ જ કાંઈ સર્વકાંઈ નથી. જ્યાં સુધી અસ્પૃશ્ય, અજ્ઞાની અને સ્વાભિમાનશૂન્ય હતો ત્યાં સુધી તમે નક્કી કરેલાં કામો તે કરતો હતો અને તેને બતાવી દીધેલી જગ્યા ઉપર તે મર્યા સુધી ત્યાં જ રહેતો હતો. હવે તે સુશિક્ષિત થઈ રહ્યો છે અને તેનામાં સ્વાભિમાનની જ્યોત પ્રજ્વલિત થઈ છે. હવે પછી તે તમારી ગુલામગીરીમાં રહેશે નહીં. એટલું જ નહીં પણ તમે તમારી ધાર્મિક અને સામાજિક 'શ્રેષ્ઠતા'ની કલ્પનાને છોડી નહીં દેતાં, અસ્પૃશ્યો સાથે શ્રેષ્ઠતાના ભાવથી જો વર્તવા લાગ્યા તો અસ્પૃશ્ય લોકો તમારાથી દૂર થઈ જશે એ વાત ધ્યાનમાં રાખશો. આવી ભયસૂચક સમસ્યાઓ તમારી આંખ આગળ ઊભી થવાની છે તેને તમારી નજર સમક્ષ રાખીને તમે અસ્પૃશ્યો માટે જે કાંઈ કરવા જેવું હોય તે કરશો જ તેવી હું આશા રાખું છું.

**૧૭ મો અધ્યાય આવતી કાલે.....**

સાભાર

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૧૮-એપ્રિલ

### અધ્યાય -૧૮ : ગાંધી-આંબેડકર ચર્ચા

મણિભવનના ત્રીજા માળે બંને વચ્ચે જે ચર્ચા થઈ તે આવી હતી.

ગાંધીજી : શું ડૉક્ટર, તમે આ બાબતમાં શું કહેવા માગો છો?

બાબાસાહેબ : તમે મને તમારા વિચારો સંભળાવવા માટે બોલાવ્યો છે. તમે જ કાંઈક કહો. નહીંતર મને પ્રશ્ન પૂછો, હું તેનો જવાબ આપીશ.

ગાંધીજી : મને એવું લાગ્યું કે મારી અને કૉંગ્રેસની વિરુદ્ધ તમારી કાંઈક ફરિયાદ છે. મારા શાળાજીવનથી લઈને હું અસ્પૃશ્યોના પ્રશ્નો પર વિચાર કરતો આવ્યો છું. કદાચ તે સમયે તમારો જન્મ પણ થયો નહીં હોય. કૉંગ્રેસના કાર્યક્રમમાં આ પ્રશ્નનો સમાવેશ કરવા માટે મારે શું શું ખટપટો કરવી પડી એ તમને ખબર જ હશે. આ ધાર્મિક અને સામાજિક પ્રશ્નનું રાજકીય કાર્યક્રમમાં મિશ્રણ કરો નહીં એવો મુદ્દો ઊભો કરીને કૉંગ્રેસ આગેવાનો વિરોધ કરતા હતા. સારું, આ પ્રશ્ન મેં હાથમાં લીધો એટલું જ નહીં પણ અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે વીસ લાખ રૂપિયાનો ખર્ચ કૉંગ્રેસે કર્યો.

હશે, આને અણદેખ્યું કરીને તમારા જેવાઓએ મારો અને કૉંગ્રેસનો વિરોધ કરવો એ તો ખરેખર જ આશ્ચર્ય પમાડે એવી વાત છે. તમારી ભૂમિકાના સમર્થનમાં તમારે કાંઈ કહેવું હોય તો મન મોકળું કરીને કહો.

બાબાસાહેબ : મારા જન્મ પહેલાંથી તમો આ અસ્પૃશ્યોના પ્રશ્ન ઉપર વિચાર કરો છો એ સાચું છે. બધા જ ઘરડા અને વડીલોને ઉંમરના મુદ્દા પર જોર દેવાનો ખૂબ જ શોખ હોય છે. દિલચસ્પી હોય છે. એ પણ સાચું છે કે તમારા કારણે જ કૉંગ્રેસ પક્ષે આ પ્રશ્નને માન્યતા આપી છે, સ્વીકાર્યો છે. પરંતુ નામમાત્રથી તમે સ્વીકારવાથી આગળ જઈને કૉંગ્રેસે કાંઈ જ કર્યું નથી. તમે કહો છો કે, કૉંગ્રેસે અસ્પૃશ્યોદ્ધાર માટે વીસ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. તે બધા પાણીમાં ગયા છે. મને જો આ રીતે પૈસાનું પીઠબળ મળ્યું હોત તો મારી જનતાની આર્થિક અને સામાજિક સ્થિતિમાં મેં આશ્ચર્યકારક પરિવર્તન લાવીને બતાવ્યું હોત અને જો આવું જ હતું તો તમારે આ પહેલાં મને મળવું જોઈતું હતું. મને એવું લાગે છે કે, કૉંગ્રેસને પોતાના જ કાર્યક્રમ બાબતમાં નિષ્ઠા નથી. જો એવું જ હોત તો કૉંગ્રેસના સભ્ય થવા માટે જેમ ખાદી પહેરવાની શરત રાખવામાં આવી છે તેવી જ અસ્પૃશ્યતા-નિવારણ બાબતમાં પણ શરત રાખી હોત. જેમના ઘરમાં અસ્પૃશ્ય સ્ત્રી અથવા પુરુષ નોકરીમાં ન હોય, જે કોઈ એક અસ્પૃશ્ય વિદ્યાર્થીનું પાલનપોષણ કરતા ન હોય અથવા અઠવાડિયામાં એક દિવસ અસ્પૃશ્ય વિદ્યાર્થીને પોતાની પંગતમાં બેસાડતો ના હોય, એવાઓના માટે કૉંગ્રેસના સભાસદ બનવા માટે પ્રવેશબંધી લાદી હોત તો આજે જે હાસ્યાસ્પદ દૃશ્ય જોવા મળે છે તે જોવા મળ્યું ના હોત. અસ્પૃશ્યોના મંદિરપ્રવેશનો વિરોધ કરનારા જિલ્લા કૉંગ્રેસના અધ્યક્ષ ઘમંડ કરતા ના હોત. તમે એવું કહેશો કે કૉંગ્રેસે તેનું સંખ્યાબળ વધારવાનું હતું એટલે આવી શરત રાખવી એ એમના માટે ચતુરાઈભર્યું લાગ્યું ના હોત. તો પછી મારું કહેવું સાચું જ ઠરે છે કે, કૉંગ્રેસને સંખ્યાબળની સામે નિષ્ઠાની કાંઈ પરવા નથી. આ મારો તમારી અને કૉંગ્રેસની વિરુદ્ધનો આરોપ છે. અમારો વિશ્વાસ તો નથી હિંદુઓ ઉપર કે નથી કૉંગ્રેસની ઉપર. અમે અમારા સ્વાભિમાન પર અને અમારી પોતાની મદદ ઉપર આધાર રાખીએ છીએ. મહાન નેતા અને મહાત્માની ઉપર અમોને શ્રદ્ધા નથી.

મને 'દેશદ્રોહી' એવું વિશેષણ આપીને મારી ચળવળને કૉંગ્રેસવાળાઓએ શા માટે વિરોધ કરવો જોઈએ? બાબાસાહેબનો ચહેરો ખૂબ ગંભીર બની ગયો. થોડીવાર રોકાઈને તેમણે કહ્યું : "ગાંધીજી, મને મારો દેશ નથી."

ગાંધીજીએ એમને બોલતા રોકવાની દૃષ્ટિએ કહ્યું: "તમને તમારો પોતાનો દેશ છે. મારા હાથમાં આવેલા ગોળમેજી પરિષદના રિપોર્ટ ઉપરથી મને તમારા ત્યાંના કામની સમજણ પડી છે. તમે દેશભક્ત છો એ હું જાણું છું.

બાબાસાહેબ : તમે કહો છો કે, "મને મારો દેશ છે પરંતુ હું ફરીવાર કહું છું કે, 'ના, મને મારો દેશ નથી.' જે દેશમાં અમને પાણી જેવી વસ્તુ પીવા મળતી નથી અને જે ધર્મમાં અમારી સાથે કૂતરા-બિલાડા કરતાંયે ખરાબ વ્યવહાર કરવામાં આવે છે, તે 'મારો દેશ છે અને તે મારો ધર્મ છે' એવું હું કઈ રીતે કહી શકું? અસ્પૃશ્યોને આ દેશની બાબતમાં અભિમાન જેવું લાગશે નહીં. અન્યાય અને ભયંકર અત્યાચારથી કંટાળીને જો અમે જાણતાં-અજાણતાં દેશદ્રોહી તત્ત્વોના બલી બનીશું તો તેની સર્વ જવાબદારી તે દેશની રહેશે. તમે કહો છો તે પ્રમાણે દેશના કાર્યમાં ઉપયોગી થવાની એવી કોઈ રાષ્ટ્રસેવા મારા હાથે થઈ હોય તો તે કામ મેં દેશપ્રેમથી પ્રેરાઈને કર્યું હોય એવું નથી. મારી વિવેકબુદ્ધિએ મને જે કહ્યું એટલે એ મેં કર્યું છે. હજારો વર્ષોથી આ દેશમાં મારા લોકોને પગતળે રગદોળવામાં આવ્યા તે મારા લોકોને

માણસાઈના હક્કો મેળવી આપવા માટે હું પ્રયત્ન કરતો હોવાથી જો આ દેશનું કાંઈ અહિત થાય તો તે પાપ નથી. મારા હાથે આ દેશનું અકલ્યાણ થાય એવું એક પણ કામ થયું ના હોય તો તેનું કારણ મારી પોતાની વિવેકબુદ્ધિ-નિષ્ઠા છે. મારા બાંધવો માટે માણસાઈના હક્કો મેળવી આપવામાં આ દેશનું જરા જેટલુંયે અકલ્યાણ થાય એ વાત મારાં સપનામાંયે આવતી નથી, તો પછી દેશહિતનું બલી આપવાનો કૃત્ય મારા હાથે કેવી રીતે થાય ?

ગાંધીજી : હિંદુઓથી અસ્પૃશ્યોનું રાજકીય વિભક્તીકરણ-છૂટા પડવું મને માન્ય નથી.

બાબાસાહેબે તેમનાથી છૂટા પડતા નીચે મુજબ ઉદ્ગાર કાઢ્યા : "તમારો સ્પષ્ટ મત જણાવવા બદલ તમારો આભારી છું. અમે ક્યાં ઊભા છીએ એ જણાઈ આવ્યું એ બહુ સારું થયું.

**૧૯ મો અધ્યાય આવતી કાલે......**


સાભાર

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૧૯-એપ્રિલ

## અધ્યાય -૧૯ : ગોળમેજી પરિષદ – ૨

ગોળમેજી પરિષદના પહેલા અધિવેશન વખતે મેં અસ્પૃશ્યો માટે કેટલીક ખાસ માંગણીઓ કરી હતી તે તો બધાની જાણમાં છે જ. બીજા અધિવેશનમાં જે સમયે અસ્પૃશ્યોની માંગણીનો પ્રશ્ન ઊભો થયો ત્યારે બધા જ હિંદુ પ્રતિનિધિઓએ અને ખુદ મહાત્મા ગાંધીએ પણ તે માંગણીઓનો જોરદાર વિરોધ કર્યો હતો. અસ્પૃશ્યોના સંરક્ષણ માટે સવલતો મળશે એવા તો કોઈ હાલહવાલ અત્યારે દેખાતા નથી. પદદલિતો જેવા બધી જ બાજુઓથી લૂંટાયેલા- ઠગાયેલા, આર્થિક દૃષ્ટિએ કમજોર, દુર્બળ, સામાજિક દૃષ્ટિએ કચરાની જેવા તુચ્છ લેખવામાં આવેલા અને રાજકીય દૃષ્ટિએ નિર્માલ્ય બની ગયેલા એવા સમાજને કોઈ સવલતો આપવા જયારે હિંદુ સમાજ તૈયાર થતો નથી, ત્યારે ભાવિ સ્વરાજ્યમાં રાજકીય સત્તાનો દોર બહુમતી હિંદુઓના હાથમાં જશે તે રાજ્યમાં આ દુર્બળ અસ્પૃશ્ય સમાજની શું સ્થિતિ ઊભી થશે એની ભારે મોટી શંકા ઊભી થઈ અને મેં બધાને ચેતવણી આપી કે, જો ભાવિ સ્વરાજ્યમાં અસ્પૃશ્ય વર્ગોને જરૂરિયાત મુજબની સવલતો મળી શકે તેમ ના હોય તો તે સ્વરાજયને અસ્પૃશ્ય સમાજ કદાપિ સંમતિ આપશે નહીં.

બીજા અધિવેશનમાં અસ્પૃશ્યો માટે મેં માંગણીઓ રજૂ કરી અને તેની મુખ્યપ્રધાન પાસે જઈને રજૂઆત કરી. આમ છતાંયે મુખ્ય પ્રધાનનો જે ચુકાદો જાહેર થયો તેમાં મેં માંગેલા સ્વતંત્ર મતદાર સંઘ કેટલીક જગ્યાઓ માટે આપણને આપવામાં આવ્યા હતા. આપણી માંગણીઓ પ્રમાણે જોકે બધી જગ્યાઓ આપણને મળી ન હતી. તોયે તેમાં થોડો સંતોષ માની શકાય તેમ હતું અને હવે આપણે આગળના કાર્યમાં લાગી જવું જોઈએ, એવું હું વિચારતો હતો. સંકટોનો સખત સામનો કરીને અસ્પૃશ્ય સમાજ માટે થોડુંઘણું કામ મારા હાથે થયું એ બાબતમાં મને થોડો સંતોષ થતો હતો અને જીવ જરા હેઠો બેઠો હતો. બહુ દૂર શા માટે જવું, વન્ય પશુઓની ચુંગાલમાંથી છૂટીને એ એકાદ આશ્રયસ્થાને પહોંચતા જ જે પ્રમાણે એકાદ હરણ સંતોષનો શ્વાસ લે તેવી મારી મનોસ્થિતિ થઈ હતી. એટલામાં તો મરણાત્મા ગાંધીની ઘોર પ્રતિજ્ઞા કાને પડી. અસ્પૃશ્યોના સદ્નસીબે આ વખતે માત્ર અસ્પૃશ્યોની માંગણીઓનો જ મહાત્માજીનો વિરોધ ન હતો તે મને ઘણી વેળા ઉપયોગી બન્યો. મહાત્માજીને ઘણીબધી વેળા હળતામળતા રહેવાનું કર્યું અને હિંદુ આગેવાનો સાથે આપણે જે સમજૂતી થઈ તેમાં અસ્પૃશ્યોને ફાયદો જ થયો. પંજાબ પ્રાંતમાં અસ્પૃશ્યોને એક પણ જગ્યા મળી ન હતી. ત્યાં તેમને ૮ જગ્યાઓ મળી. એ સિવાય બીજા પ્રાંતોમાંયે વધારે જગ્યાઓ મળી તે તો જુદી જ. બીજો ફાયદો એ થયો કે, મધ્યવર્તી કાયદા કાઉન્સિલમાં અસ્પૃશ્યોની જગ્યાનું પ્રમાણ સોએ ૧૮ જગ્યાઓ નક્કી કરવામાં આવી, એવું બન્યું. આ પ્રશ્ન બાબતમાં મુખ્ય પ્રધાનના ચુકાદામાં કોઈ નામનિર્દેશ કરવામાં આવ્યો ન હતો. મુખ્ય પ્રધાનના ચુકાદામાં અસ્પૃશ્યોને અત્યંત હાનિકારક અને નુકસાનીનો એવો એક દ્વેષ-મનનો મેલ રહેલો હતો અને તે એટલે કે આ બધી સવલતો ૨૦ વર્ષો પછી આપોઆપ નષ્ટ થઈ જશે, એવું હતું. ૨૦ વર્ષમાં કાંઈ અહીંની દુનિયા બદલાઈ જવાની નહોતી અને આટલા ટૂંકા સમયમાં હજારો વર્ષોથી ચાલતો આવતો અન્યાય દૂર થાય, નાશ થાય તેમ નહોતો. ત્યારે સર્વસાધારણ હિંદુ સમાજનો દૃષ્ટિકોણ બદલ્યા સિવાય અસ્પૃશ્યોને મળેલા વિશેષ અધિકારો-સવલતો પાછી ખેંચી લેવી એટલે વધવા લાગેલા-પાંગરવા લાગેલા વૃક્ષને અકાળે કાપી નાખવા જેવું થાય. નવી સમજૂતી પ્રમાણે આ પરિસ્થિતિ બદલાયેલી છે. હવે એવું નક્કી કરવામાં આવ્યું છે કે, હિંદુ સમાજ અને અસ્પૃશ્યોની પરસ્પરની સંમતિથી જ આ સવલતો દૂર થશે. હિંદુ સમાજ પોતાના પ્રત્યક્ષ કર્તવ્યથી અસ્પૃશ્યોનો વિશ્વાસ સંપાદન કરશે તો આ સવલતો અસ્પૃશ્યો પોતે જ છોડી દેશે, નહીંતર તો આ વ્યવસ્થા ચાલુ રહેશે.

એ બધું તો જાણે ઠીક છે, પરંતુ મળેલા લાભનો તમે જો યોગ્ય રીતે ઉપયોગ કરી નહીં લો તો આંધળાની સામે રત્ન (મોતી) રાખવા જેવી સ્થિતિ તમારી થશે. જે કાંઈ મળ્યું તેનો યોગ્ય ઉપયોગ કરી લેવો જોઈએ. તમને કેટલી સત્તા મળી છે તેની યોગ્ય કલ્પના કર્યા કરતાં સ્વરાજ્યમાંની મુંબઈ કાયદા કાઉન્સિલનું ચિત્ર તમે તમારી આંખ સામે લાવો. ૨૦૦ જગ્યાઓમાંથી કોઈપણ પક્ષ પાસે ઓછામાં ઓછી ૧૧૫ જગ્યાઓ (સીટો) હોવા સિવાય તેને રાજ્યનો કારોબાર ચલાવવાનો અધિકાર મળશે નહીં. આ પ્રાંતમાં બધાથી વધારે જગ્યાઓ હિંદુઓના ભાગે આવી છે અને તે ઓછામાં ઓછી ૧૦૦ જગ્યાઓ છે. આ ૧૦૦ જગ્યાઓમાં તમારી ૧૫ જગ્યાઓ સિવાય શું તે રાજયનો કારોબારી ચલાવી શકશે ખરા ? મુસલમાન વગેરે ઈતર નાનાં જૂથો વગેરેને તો બોલાવવાના નથી. ત્યારે તમારા હાથમાં અલૌકિક શક્તિ આવી છે, તેનો આપણી આર્થિક ઉન્નતિ કરી લેવા માટે ઉપયોગ કરી લેવો જોઈએ. બીજી એક મહત્ત્વની અને મનનીય સૂચના તમને આપવાની છે. આજે જયાં ત્યાં તમારા માટે મંદિરોના દરવાજા ઉઘાડવાનો પ્રયત્ન ચાલુ છે. આવો પ્રયત્ન કરનારાઓના શુદ્ધ હેતુ બાબતમાં

મને શંકા નથી. પરંતુ મંદિરમાં જવા મળ્યું એટલે તમારો ઉદ્ધાર થઈ જતો નથી એ તમે ભૂલી જાવ એ યોગ્ય નથી. મંદિરોની મૂર્તિની આગળ ઊભા થતી આધ્યાત્મિક ભાવના કરતાં પેટની ભૂખને કેવી રીતે ઠારશો એની ચિંતા તમારે પહેલાં કરવી જોઈએ. ખાવા માટે પૂરતું અનાજ નથી, શરીર ઢાંકવા પૂરતાંયે કપડાં નથી, શિક્ષણ મેળવવાની કોઈ વ્યવસ્થા નથી, પૈસાના અભાવે દવા-પાણી લઈ શકતા નથી. આવી દૈન્ય અવસ્થામાં રિબાતો ફસાયેલો આપણો સમાજ છે. આ પરિસ્થિતિમાં ફેરફાર લાવીને જીવન જીવવા માટેની આવશ્યક સુખ-સગવડો ભોગવવા મળશે. આ ધ્યેયને નજર સામે રાખીને તમારે આપણો આગળનો કાર્યક્રમ નક્કી કરવો જોઈએ. મંદિરમાં જવાનો માર્ગ મોકળો થઈ ગયો, માત્ર અસ્પૃશ્યતા દૂર થઈ એટલે મેળવેલા હક્કો ગુમાવવા એ યોગ્ય થશે નહીં. આજની આપણી દૈન્ય અવસ્થા એ પરાભવના પાપનું નસીબમાં લખ્યા મુજબનું ફળ છે આ રીતે પોતાની જાતને ખુશ રાખવી અને પોતાની જાતને છેતરવાનો બિલકુલ એક ભાગ છે. મને એવી પાકી ખાતરી છે કે આવી ભોળવનારી કલ્પનાને જાકારો આપીને આપણામાંની પ્રત્યેક વ્યક્તિ રાજકારણ તરફ ધ્યાન આપીને રાજકીય સત્તાનો યોગ્ય ઉપયોગ કરશે તો આપણા સમાજનાં દુ:ખો દૂર થયા સિવાય રહેશે નહીં. એક અત્યંત મહત્ત્વની વાત માત્ર એ છે કે, તમે તમારા જે આગેવાનને ચૂંટશો, તેની ઉપર તમે વિશ્વાસ રાખજો, તે તમારો સાચો માર્ગદર્શક બનશે, તમારું હિત અને તેનું હિત એક હશે એ જે સ્વાર્થી ના હોય એવા જ પ્રતિનિધિને તમે ચૂંટીને મોકલો. યાદ રાખશો, બીજા પક્ષોને વશ રહેતાં એવાં પ્યાદાંઓ અથવા તો ભાડતી કામ કરનારા લોકો માત્ર તમારામાં ફાટફૂટ, ભંગાલ કરાવશે. તે તમને દગો કર્યા સિવાય રહેશે નહીં. ત્યારે તમો આવા નામધારી આગેવાનોથી દૂર રહેશો. હવે પછીથી આગળ આપણે ઘણાંબધાં કામો કરવાન છે. આજે આપણી પાસે મજબૂત એવી સંસ્થા નથી. બધી ચળવળના કેન્દ્રસ્થાન એવી એકાદ સ્વતંત્ર જગ્યા નથી. દરેક કામો કરવા માટે બે લાખ રૂપિયાની નિધિ ભેગી કરવાનો મેં સંકલ્પ કર્યો છે. ઉંમરલાયક દરેક સ્ત્રી-પુરુષે આ નિધિમાં હાથ લંબાવવો જોઈએ, કાંઈક આપવું જોઈએ. તમારે આપણા સામયિક 'જનતા'નો ખૂબ ફેલાવો કરવો જોઈએ. તે આપણું મુખપત્ર છે. તે સામયિક દ્વારા જનતામાં સ્ફૂર્તિ પેદા થનારી છે. ત્યારે આ સામયિકને સ્વાવલંબી બનાવવું એ તમારું કર્તવ્ય બની રહે છે.

★★★

૧૪ તારીખની મધરાત્રે અમારી વિક્ટોરિયા બોટ પોર્ટ સય્યદથી આગળ જવા રવાના થઈ અને તેણે ભૂમધ્ય સમુદ્રમાં પ્રવેશ કર્યો. હિંદી મહાસાગર પ્રમાણે ભૂમધ્ય સમુદ્ર પણ વર્ષના કેટલાક દિવસ શાંત અને કેટલાક દિવસ તોફાની હોય છે. નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી તે મોટાભાગે તોફાની હોય છે, તે પ્રમાણે પંદર તારીખના રોજ સવારે તેણે ભારે તોફાન ધારણ કરેલું જણાય છે. તે દિવસે બાર વાગ્યા સુધી તોફાન ચાલુ જ હતું અને તેના કારણે બોટ પરના બધાના જીવ તાળવે ચોંટેલા હતા. બધાનું હલનચલન બંધ હતું. બધા જ પોતપોતાની કેબિન બંધ કરીને અંદર ગોંધાઈ રહ્યા હતા. તોફાની બનેલા દરિયાની વ્યક્તિગત રીતે મને કોઈ જ અસર થઈ નહીં. હું એક સારો દરિયાખેડુ છું. પરંતુ મોટાભાગે બીજા અનેકોને તોફાની સમુદ્રની બીક લાગે છે અને તેમને એનાથી ખૂબ જ તકલીફ થાય છે. બપોરના બાર પછી સમુદ્ર શાંત થવા લાગ્યો હતો. તેના કારણે સારું લાગવા માંડ્યું. પરંતુ ફરી પાછું રાત્રે તેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. મોટાં મોટાં વિશાળ મોજાંઓ ઊછળવા લાગ્યાં અને ફૂટબોલના ખેલાડીની લાતથી ફૂટબોલ જેમ ઊછળીને ઉપર જઈ નીચે પાછો પછડાય છે એ મુજબ અમારી બોટ આ પ્રચંડ મોજાના પ્રવાહથી ઉપર ઊછળીને નીચે આવે છે અને આજુબાજુમાં હાલકડોલક થવા લાગે છે. આવી બધી પરિસ્થિતિમાં બધાની ઊંઘ હરામ થઈ ગઈ. તે આખી રાત બધાએ જાગીને પસાર કરી. વહેલી પરોઢના અરસામાં વાદળો શાંત થયાં. જીનિવા આવી પહોંચ્યા ત્યાં સુધી આ પછીથી સમુદ્ર શાંત રહ્યો. આ પછીથી બનાવવામાં આવનારી ઇટાલિયન આગબોટને એવી રીતે તૈયાર કરવામાં આવશે કે, જેમાં સમુદ્રમાં ગમે તેટલું તોફાન આવે અને ગમે તેટલા સમુદ્રી મોજાં ગમે તેટલાં ઊંચાં ઊડે તોયે આ બોટ સ્થિર જ રહેશે, જરાયે હલશે પણ નહીં અને ડોલશે પણ નહીં એમ કહેવાય છે. આવી સ્થિતપ્રજ્ઞ અને અચળ નમૂનાની કેટલીક બોટો ફ્રેંચ લોકોએ બનાવી હોવાનુંયે મેં સાંભળ્યું છે. માનવી બુદ્ધિ માટે કાંઈ જ અશક્ય નથી. આવી રીતના ના હલનારી, ના ડોલનારી બોટો ટૂંકમાં જ બધી જગ્યાએ ફરતી થઈ ગયેલી જોવા મળશે. આવું થશે તો સમુદ્રના પ્રવાસમાં હાલમાં ભોગવવી પડતી પીડા અને ત્રાસદાયક તકલીફો જ મોટાભાગે મટી જશે.

અઢાર તારીખે સવારે સાત વાગતાં અમારી બોટ જીનિવા આવી પહોંચી. આઠ વાગે અમે બોટમાંથી નીચે ઊતર્યા. સામાનની તપાસ કરવા માટે અહીંયાં જે કસ્ટમ હોલ બાંધવામાં આવ્યો છે તેને ખરેખર જ શિલ્પકલાનો એક ઉત્કૃષ્ટ નમૂનો સમજવો જોઈએ અને તેના આ સૌંદર્યનું શ્રેય ઇટાલીના મુસોલિનીને આપવું જોઈએ. લંડન જનારી અમારી ગાડી જીનિવાથી ૧૧.૪૦ વાગે ઊપડનાર હતી. એટલે અહીંયાં-તહીંયાં આંટો મારવા માટે આશરે બે કલાકનો અમારી પાસે સમય હતો. અમો કેટલાક લોકોએ ઘોડાગાડી કરીને જીનિવા શહેરમાં આમતેમ ફર્યા. આ શહેર ખૂબ જ જૂનું હોવાથી તેની પાછળ પણ એક મોટી ઐતિહાસિક પરંપરા છે. બરોબર ૧૧.૪૦ વાગે અમારી ટ્રેન જવા માટે રવાના થઈ. વચ્ચે ટ્યુરિનમાં અમે ગાડી બદલી અને ૧૯મીની સવારે પેરિસ પહોંચ્યા. પેરિસમાં પણ ફરી પાછી અમારે ગાડી બદલવી પડી. પેરિસથી અમે સાડાઆઠ વાગે નીકળ્યા અને અગિયાર વાગે કેલેલા આવ્યા. ઇંગ્લીશ ખાડીની બોટમાં અમે પ્રવેશ્યા તો ત્યાં જ અમોને શ્રી જોશી, પેટ્રો વગેરે લોકોની મુલાકાત થઈ. આ લોકો પી. એન્ડ ઓ. કંપનીની બોટમાં મુંબઈથી અમારાથી બે દિવસ પહેલાં નીકળ્યા હતા. ખાડીમાં તોફાન નહોતું, એને જ મોટી બલિહારી સમજવી જોઈએ. જો તેવું હોય તો — એટલે કે ખાડીમાં તોફાન હોય તો ખાડીનો આ પ્રવાસ ભારે ત્રાસદાયક લાગે છે. ડોવ્હર પહોંચતાં અમને કાયમ કરતાં પચાસ મિનિટ વધારે લાગી. લગભગ બે વાગતાં અમે ડૉવ્હરે ઊતર્યા.

સવા બે વાગે અમે ડૉવ્હરથી આગગાડીમાં બેઠા. આમેય એક કલાકનું મોડું થઈ ગયું હતું. તે સમયગાળો લંડન પહોંચતાં સુધીમાં સરભર થઈ ગયો હોત, પરંતુ રસ્તામાં વચ્ચે જ અમારી ટ્રેનનું એન્જિન બગડ્યું. તેની તપાસ કરી રિપેરિંગ કરવામાં બીજો અડધો કલાક બગાડવો પડયો. તેના કારણે લાન ખાતે નિયમિત રીતે સાડાત્રણ વાગે પહોંચતી અમારી ટ્રેન તે દિવસે પોણા પાંચ વાગે પહોંચી. અહીંયાં ચારેતરફ ધૂંધળું વાતાવરણ ફેલાયેલું હતું. ચારેતક અંધકાર પ્રસરેલું હતું. લોકો પોતાના સગાંસ્નેહીઓને મળવા માટે વિક્ટોરિય સ્ટેશન પર આવીને રાહ જોતાં ઊભા હતા.

અમો બધા પ્રતિનિધિઓનું સ્વાગત કરવા માટે સરકારના પ્રતિનિધિ પણ હાજર થયા હતા. સ્ટેશન પર ચારેબાજુથી ભીડ જામી હોવાથી હું પોતે એકલો જે સાધન હાથ લાગ્યું તે લઈને નીકળી પડ્યો અને મારો જ્યાં ઉતારો હતો તે રોયલ હોટેલમાં આવી પહોંચ્યો.

ગોળમેજી પરિષદની પહેલી બેઠક, અમે અહીંયાં આવ્યા તે પહેલાં જ એટલે કે ૧૭ તારીખે યોજાઈ ગઈ. તેમાં હવે પછીના આગળના કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવામાં આવી. પરિષદના કામકાજની ખરી શરૂઆત ૨૧ તારીખ પછીથી જ થઈ છે. અમારી તો એવી અપેક્ષા હતી કે મુસલમાન પ્રતિનિધિઓ, હવે અમે બીજા પ્રતિનિધિઓ સાથે એકમત સાધીને 'હિંદુસ્થાન માટે હિંદી લોકોને જવાબદાર' એવી રાજ્યપદ્ધતિની અમારી સાથે માંગણી કરશે, કારણ કે જાતિ વિશિષ્ટતા જેવી તેમની મોટાભાગની માંગણીઓ તેમના ખોળામાં પડેલી છે. પરંતુ અમારી આ આશા સફળ થશે એવું લાગતું નથી. તેમની કાયમની રીત પ્રમાણે તેમણે મુસલમાન પ્રતિનિધિઓનું પોતાનું આગવું જૂથ બનાવ્યું હોવાથી નામદાર આગાખાન એ તેમના અધ્યક્ષ છે અને મિ.ઝફરુલ્લાખાન એ તેમની રજૂઆત કરનાર પ્રવક્તા છે. આખીયે ગોળમેજી પરિષદમાં ફક્ત આ એક જ સંગઠિત એવું જૂથ છે. હિંદુ એ પોતાની પૂર્વપરંપરા પ્રમાણે વિભક્ત અને પરસ્પરથી અલાયદા છે. હિંદુમાંથી પ્રત્યેક વ્યક્તિ જે કાંઈ બોલશે કે કરશે તે પોતાના નામથી સ્વતઃના એટલે કે પોતાના માટે જ બોલશે એવી સ્થિતિ છે અને આ બધામાં ભારે દુઃખની અને ચિંતાની એ વાત છે કે, હિંદુ મુસલમાનો અહીંયાં કહેવા ખાતર એકાદ મુદ્દા પર પણ એકમત થઈ શકતા નથી. હિંદુઓ સાથે એકમત થવાની મુસલમાનોને  જરાયે આવશ્યકતા લાગતી નથી. 'આપણે કહીએ તે હિંદુએ સ્વીકારવું જોઈએ' એવું મુસલમાનોને લાગે છે.

- આવું કેમ થાય છે? આવું જોઈને લોકોને ભારે અચંબો થાય છે. કેટલાકના મતે હિંદુઓ સાથે મતભેદ રાખવામાં આવે તો મુસલમાનોના હિત સાધી શકાય છે. કારણ કે હિંદુ મુસલમાનોના આ મતભેદને કારણે બ્રિટિશરોને બંનેને લડાવવાનો નિર્ણય આપવાની સાહજિક તક મળી જાય છે અને મુસલમાનોને તો એવું લાગે છે કે, બ્રિટિશરોએ કોઈ પણ વિવાદમાં આપેલો નિર્ણય પોતાના હિતમાં અને અનુકૂળ હોય એવો જ હશે. તેમના આવા અંદાજમાં ઘણુંખરું તથ્ય પણ છે, એવું મને લાગે છે. પરંતુ એ ગમે તે હોય, પણ બ્રિટિશરોને મુસલમાનોના વિવાદમાં મધ્યસ્થી બનીને નિર્ણય આપવાનો અધિકાર અને એવી તક છે, આ વસ્તુસ્થિતિ હિંદુ- મુસલમાનની એકતા માટે વિઘાતક છે. આના કારણે હિંદુ-મુસલમાનોમાં વિશ્વસનીયતા આવવી અશક્ય બન્યું છે એ વાત હવે હિંદુઓ સમજ્યા હોવાથી 'આપણે સુસંગઠિત બનવું જોઈએ' એવું તેમને લાગવા માંડ્યું છે. સર પેટ્રો સિવાય બધા હિંદુ પ્રતિનિધિઓને એકતાની તીવ્ર લાગવા માંડી છે. પેટ્રોએ મારી બાજુમાં બેસે છે. તેમને અંગ્રેજ એ પહેલાં પ્રિય મિત્ર લાગે છે. અંગ્રેજો પછીથી તેમને મુસલમાનો સાથે આત્મીયભાવ લાગે છે. હિંદુસ્થાન અથવા તો હિંદુઓનો તેમના હૃદયમાં ખૂબ જ અલ્પસ્થાન છે. અત્યાર સુધીમાં જે પ્રશ્નોની વાટાઘાટો થઈ તેમાં અસ્પૃશ્યોના મતદાર સંઘોનો અને પ્રતિનિધિત્વનો મુખ્યત્વે વિચાર કરવામાં આવ્યો. મને એ વાત જણાવતાં અત્યંત આનંદ થાય છે કે, આપણા આ પ્રશ્નની બાબતમાં કોઈપણ પ્રકારની ધસાતી અથવા તો પ્રતિકૂળ ટીકા કોઈએ જ કરી નથી અને આપણા આ પ્રશ્નને સંતોષકારક રીતે ઉકેલવામાં આવ્યો. હજુ પણ પરિષદની આગળ બીજો ખૂબ મોટો કાર્યક્રમ અને ભાંજગડોના પ્રશ્ન છે. ૨૦ ડિસેમ્બર સુધી જે પ્રશ્નો આટોપાશે તો આટોપાશે. પરંતુ એકંદરે આ કાર્યક્રમ બાબતમાં અહીંયાં ખૂબ જ થોડા લોકોને ઉત્સાહ અગર તો પોતીકાપણું લાગે છે. સાચું અને લોકોને જવાબદાર હોય એવું સ્વરાજ્ય ક્યારે ખોળામાં આવી પડશે તેની જ બધા લોકોમાં લગન લાગી હોવાનું લાગે છે. પરંતુ આ સ્વરાજયનો સાચો પ્રશ્ન તો આ પરિષદના કાર્યક્રમમાં ક્યાંયે દેખાતો નથી ! આનો અર્થ એવો થયો ગણાય કે રાજયપદ્ધતિ કેવા પ્રકારની હોય એ કાગળ ઉપર નક્કી કરીને અમે પાછા ફરીશું. પરંતુ આ સ્વરાજય ક્યારે અમલમાં આવશે એ માત્ર અમે નક્કી કરી શકીએ તેમ નથી. તે વાત તો શોભાન આઠિયાની જેમ ગુલદસ્તામાં જ પડી રહેવાની છે એવું લાગે છે. પરંતુ આ પ્રશ્નનું નિરાકરણ પણ લાવવાનું કોઈકે નક્કી કર્યું છે એવું કહેવાય છે. આવું જો થાય તો આ પ્રશ્નના કારણે ઊભા થનારા વિવાદમાં પરિષદની નાવ ડૂબવાનો સંભવ છે.

ત્રીજી ગોળમેજી પરિષદનું આ ત્રીજું અઠવાડિયું છે. અગાઉની બે પરિષદોની બાબતમાં જે એક પ્રકારનો ઉત્સાહ અને જે એક પ્રકારની આસ્થા- વિશ્વાસ બેસતો હતો, તે આ તીસરી પરિષદ વેળા પ્રતિનિધિઓને પણ લાગતી નથી મને બ્રિટિશ જનતાને પણ આ ગોળમેજી પરિષદના કામકાજ તરફ પહેલાની જેમ કુતૂહલ અને આત્મીયતા હોઈ એવું લાગતું નથી. અરે આપવામાં આવનારા ફેડરેશનની રૂપરેખા કેવી અને શું હશે અને તેની સાથે સાથે ક્યાં બંધનો મૂકવામાં આવ્યાં હશે એને જાણ્યા-સમજ્યા સિવાય તે ફેડરેશનરૂપી સ્વરાજ્ય નક્કર સ્વરૂપમાં ક્યારે આપણા હાથમાં આવશે એ જાણવા માટે હિંદી પ્રતિનિધિઓ ખૂબ જ ઉતાવળા અને ઉત્સાહી થઈ ગયા છે. પરંતુ આ ફેડરેશન માટે પ્રાપ્ત થશે એનો તો કોઈ અંદાજ જ મળતો નથી. તેના કારણે હાલમાં જે ચર્ચા અને માથાકૂટ અહીં જે ચાલે છે તેમાં વિશેષ નક્કર કાંઈ હોઈ એવું કોઈને લાગતું નથી. આ પરિષદમાં એવા કેટલાયે પ્રતિનિધિઓ છે કે તેઓ પૂરા મનથી પરિષદના કામકાજમાં જરાયે

ભાગ લેતા દેખાતા નથી. તેમની આવી લાપરવાહી પાછળનું એક બીજુંયે કારણ આવેલું છે. કાર્યક્રમની પત્રિકામાં ફેડરેશન કેવા પ્રકારનું હોવું જોઈએ આ બાબતમાં તેની કોઈ સમયમર્યાદાનો તેમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ફેડરેશન કેવું હોવું જોઈએ? એવો પ્રશ્ન જ માત્ર ચર્ચામાં છે. પરંતુ તે ક્યારે આપવામાં આવશે તેનો કોઈ અંદાજ નથી. તે વાત તો માત્ર રામભરોસે રાખવામાં આવી હોય એમ લાગે છે. તેના કારણે ઘણાંબધાંની આ ચાલતી ચર્ચાઓિમાં કોઈ તથ્ય હોઈ એવું લાગતું નથી અને એટલે જ તેઓ તેમાં વિશેષ રૂપથી ભાગ લેતા દેખાતા નથી. ઘણાં બધાને તો એવી બીક પણ લાગે છે કે આ પ્રશ્ન છેવટ સુધી આમ ને આમ લટકતો રહેશે અને હિંદી પ્રતિનિધિઓને ફેડરેશન ક્યારે મળશે એ સમજ્યા વગર જ પાછું ફરવું પડશે. પરંતુ આ પ્રશ્ન જો કોઈ પૂછે તો તેનો જવાબ સંતોષકારક મળશે એવું મને લાગે છે.

- હિંદુ મુસલમાનો અંદરોઅંદર લડવા લાગે એટલે અસ્પૃશ્યોનું વલણ મુસલમાનો તરફ વળવા લાગે છે. તેમને લાગે છે કે આપણે મુસલમાનો સાથે દોસ્તી કરવી જોઈએ એમાં જ આપણું હિત સમાયેલું છે. પરંતુ ખરેખર આ વાત જેવી દેખાય છે એટલી સાચી નથી, એને ધ્યાનમાં રાખીને અસ્પૃશ્યોએ ખૂબ જ સાવધાનીથી વર્તવું જોઈએ. શારદા એક્ટની બાબતમાં મુસલમાનોના વ્યવહારનો મને જે અનુભવ થયો એ કાંઈ સંતોષકારક હતો એમ કહી શકાય તેમ નથી. જૂનો-જર્જરિત થઈ ગયેલો અને પુરાતનવાદી હિંદુ કર્મકાંડીઓ સાથે શારદા એક્ટ જેવા આવશ્યક કાયદાનો વિરોધ કરવા માટે મોટાભાગના મુસલમાનોને તૈયાર થયેલા જોઈને મારા મનને તે જ વેળાએ ખૂબ મોટો આંચકો લાગ્યો હતો. આ ગોળમેજી પરિષદ વેળા પણ મુસલમાનોની સામાજિક મનોવૃત્તિ કટ્ટર સનાતની હિંદુ પ્રમાણે જ કેટલી બધી સંકુચિત અને અધોગામી- નરક તરફ લઈ જનારી હોઈ શકે છે એનો બીજો અનુભવ તાજેતરમાં જ મને અહીંયાં થયો.

વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘના સનાતની બ્રાહ્મણ અધ્યક્ષનો એક ખાસ ટેલિગ્રામ મિ.ગઝનવી નામના પ્રતિનિધિને પરમ દિવસે અહીંયાં આવ્યો. અસ્પૃશ્યોના મંદિરપ્રવેશ ચળવળનો વિરોધ કરવામાં સનાતની હિંદુઓની સાથે સાથે મુસલમાન ભાઈઓએ પણ સહકાર આપવો જોઈએ એવા આશયનો તેમાં સંદેશો હતો. હિંદુસ્થાનને જો 'સ્વરાજ્ય' મળશે તો 'હિંદુના તેમજ મુસલમાનોના બંનેના ધર્મ માટે ઘાતક હશે અને એટલે જ સ્વરાજ્ય કરતા ધર્મનિષ્ઠ હિંદુ પ્રમાણે ધર્મનિષ્ઠ મુસલમાનોએ પણ સાવચેત રહેવું જોઈએ.' એવો જ ધ્વનિ તેમાંથી નીકળતો હતો. સનાતની હિંદુઓની તરફેણ મુસલમાન પ્રતિનિધિઓએ ગોળમેજી પરિષદમાં કરવી એવી જ આ સનાતની બ્રાહ્મણ ટોળાએ મિ.ગઝનવીને કરી હતી. મુસલમાનો પાસે આ રીતે પોતાનું પ્રતિનિધિત્વ સોંપીને, "અમે જાતિના બ્રાહ્મણ, અમારા જમાઈ મુસલમાન" એ કહેવતને આ કટ્ટરવાદી બ્રાહ્મણ ટોળાએ સાર્થક કરી બતાવી એવું કહેવામાં કાંઈ ખોટું નથી. મિ. ગઝનવીએ આ ટેલિગ્રામ અહીંયાંના 'ટાઈમ્સ' અખબારમાં પ્રસિદ્ધ કર્યો. ગઝનવી જેવા બંગાળી કટ્ટર મુસલમાનને કટ્ટર હિંદુ-સનાતની પોતાના ધર્મન રક્ષણ કરવા માટે કહેવું અને તેને તેમણે માન્ય કરવું, સ્વીકારી લેવું જ રક્ષણા ન હિંદુસ્થાનના સુધારકોએ-પ્રગતિશીલોએ અવશ્ય ધ્યાનમાં લેવી જોઈએ આપણો ધર્મ સંકટમાં છે એવું લાગતાં જ, તેમનો જીવ તેને બચાવી લેવા માટે કટ્ટર સનાતની હિંદુ બ્રાહ્મણ-કટ્ટર યવન ઉર્ફે મલેચ્છોની પાસે ટેક લેવા ખોળો પાથરવા કેવો તત્પર થઈ જાય છે, એનું આ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

હિંદુઓનો ધર્મ તો આમેય વિઘ્નસંતોષી છે, જરાક જેટલી નવીન ઘટના બની અથવા તો પરંપરા પ્રમાણે રૂઢિ-આચારમાં થોડોક ફેરફાર થાય છે એવું લાગતા જ હિંદુનો આ ધર્મ અચૂક સંકટમાં મુકાઈ જાય છે. સનાતની હિંદુઓ પ્રમાણે હિંદી મુસલમાનો એ ખરેખર એક અજીબ ચીજ છે. સર્વસામાન્ય સામાજિક સુધારો એ તેમને પ્રતિકૂળ છે, વિરોધી છે, હિંદુસ્થાનમાંના તેમના ભાઈઓ સમાજના ક્રાંતિકારીઓ બન્યા છે. રાષ્ટ્રની અને માનવજીવનની સ્વાભાવિક પ્રગતિમાં બાધા બનનારા બધા જ જૂના રીતિ-રિવાજોની મુસ્તુફા કમાલ પાશા જેવા મુસલમાન દેશભક્તે ધજિયાં ઉડાવી દીધી છે. કમાલ પાશા માટે મને ખૂબ આદર થાય છે અને પોતીકાપણું લાગે છે. પરંતુ હિંદી મુસલમાનોને મૌ.શૌકતઅલી જેવા દેશભક્ત અને રાષ્ટ્રીય મુસલમાનો તો કમાલ પાશા અને અમાનુલ્લાને જરાયે પસંદ કરતા નથી, કારણ કે તેઓ સુધારાવાદી છે અને હિંદી મુસલમાનોની ધાર્મિક દૃષ્ટિને સુધારવી એ પણ મહત્ત્વનું લાગે છે.

મિ.ડી.વ્હેલેરાની સૂચના પ્રમાણે બાદશાહે આયર્લેન્ડના ગવર્નર જનરલની જગ્યાએ જે ગૃહસ્થની નિમણૂક કરી છે, તે ગૃહસ્થ આ પહેલાં એક દુકાનદાર હતા. આવા આ નાના સરખા દુકાનદાર આયર્લેન્ડના ગવર્નર જનરલ પદ પર આરૂઢ થશે એવી તો કોઈનેય શું કલ્પના આવી શકે તેમ છે ? સ્વરાજ્ય માટે લડનારા આયરિશ લોકો વિશે કૈ. ટિળકને ભારે કૌતુક અને આદર હતો એવું કહેવાય છે. આયર્લેન્ડનો આદર્શ નજર સામે રાખીને હિંદુસ્થાનના લોકોને તેઓ કાયમ જ રોકતા હતા. પરંતુ તે જ ટિળકને હિંદુસ્થાનના સ્વરાજયનાં સૂત્રો તેલી, તંબોળી અને તાગડીવાળા વગેરેના હાથમાં જાય એ કલ્પના જોકે અસહ્ય લાગતી હતી. રાજયસત્તાનાં સૂત્રો તો બ્રાહ્મણોના હાથમાં હોવા જોઈએ, તેને ચલાવવા માટે અન્ય કોઈનામાં યે પાત્રતા નથી એવી તેમની વિચારસરણી દેખાય આવતી હોવાથી તેમણે વારંવાર કહેલા વિચારો ઉપરથી જાણી શકાય છે. જયારે આનાથી ઊલટી મનોવૃત્તિ ડી. વ્હેલેરોની છે. તેલી-તંબોળી અને તાગડીવાળો તો ઉપહાસ કરવાના બદલે તાગડીવાળા (ત્રાજવાવાળા)ને તેમણે પોતાના રાજ્યમાં સૌથી મોટા એવા બહુમાનની જગ્યા ઉપર લઈ જઈને બેસાડ્યો. આપણે હિંદી દેશભક્ત અને લોકમાન્ય તેમજ આયરિશ દેશભક્ત અને આગેવાનની મનોવૃત્તિમાં આવો એક મોટો તફાવત છે.

યરવડા જેલમાંથી પ્રસિદ્ધ થતાં ગાંધીજીના નિવેદનો હું વાંચું છું. ડેઇલી હેરેલ્ડ' એ એક મજૂર પક્ષના અખબાર સિવાય ગાંધીજીનું નામ સુધ્ધાં અહીંના અંગ્રેજી અખબારો આજકાલ છાપતા નથી, રત્નાગિરીના પટવર્ધન માટે ગાંધીજીએ ઉપવાસ કર્યા એવું મેં 'ડેઇલી હેરેલ્ડ'માં સમાચાર વાંચ્યા. મારા મતે તો આ બાબતમાં ગાંધીજીનું કરવું એ જોકે બધી રીતે સાચું હોવાથી સરકારનું વલણ સર્વ રીતે

ભૂલભરેલું છે. શ્રી પટવર્ધનની ઈચ્છા પ્રમાણે સરકારે તેમને ભંગીઓનું કામ કરવા દેવું જોઈતું હતું. તેમને મનાઈ કરવાનો સરકારને મૂળેય કોઈ કારણ નહોતું. જાતિભેદ અને તદજન્ય અસ્પૃશ્યતાનો જો નાશ કરવો હોય તો ગંદા-ગંદકીભર્યા ધંધા વંશપરંપરાગત પદ્ધતિથી કરવાની રૂઢિનો નાશ કરવો જ જોઈએ. સરકારે અને તે પણ બ્રિટિશ સરકારે ભંગીઓનું ગંદુ સાફ કરવાનું કામ ભંગી જાતિમાં જન્મેલી વ્યક્તિએ જ કરવું જોઈએ એવો આગ્રહ રાખીને જાતિવાદનું રક્ષણ કરવાની ચિંતા તેમને કેમ થાય છે? અને આવું કરવું એ તેમને શોભે છે? એ જ તો મને સમજાતું નથી. ગુરૂવાયુર મંદિર માટે ગાંધીજી જે આમરણાંત ઉપવાસ કરવાના છે તેમના માટે પણ તેમના આવા કાર્ય માટે જો હું તેમને ટેકો આપી શક્યો હોત તો ખૂબ જ સારું હતું. ગાંધીજીનું આમ કરવું એ ભૂલભરેલું છે એવુંયે મારું કહેવું નથી. પરંતુ તેમનું આવું કરવું એ બિનજરૂરી અને અપ્રામાણિક છે એવું મને લાગે છે. પરંતુ તેમણે નક્કી કરેલા સંકલ્પથી તેમને પાછા વાળવા વ્યર્થ છે. આ નિરુપયોગી કાર્ય માટે તેઓ પોતાના પ્રાણને દાવ પર લગાવશે નહીં એવી આપણે આશા રાખીએ, કારણ કે તેમ કરવું એટલે એક સારા ઉપયોગી જીવનનો નિરુપયોગી વાતોને લઈને પગતળે કચડવા જેવું થશે. ગુરૂવાયુરની બાબતમાં લોકમત ઉપર અને પ્રચલિત કાયદાની ઉપર પોતાના નિશ્ચિત વિચારો પર દારોમદાર રખ્યો હોવાનું સાંભળીને જરાક હાયકારો લાગ્યો. અંતરઆત્માની અંદરની પ્રેરણાથી જ પ્રથમ જાહેર કર્યા પ્રમાણે તેમણે જો એ આધાર લીધો હોત તો પછી તેમને વિચારોનું સ્વરૂપ પરિણામની દ્રષ્ટિએ વધારે નુકસાનકારક અને ચિંતાજનક બન્યું હોત. ૫૯ ડિસેમ્બરના 'માંચેસ્ટર ગાર્ડિયન' અખબારમાં પ્રસિદ્ધ થયેલું વ્યંગચિત્ર ખૂબ જ મજેદાર અને ઉદ્દબોધક છે. આ ચિત્રમાં હિંદુસ્થાનના હાલના વાઈસરોય લોર્ડ વિલિંગ્ડને ઉપવાસ કર્યા હોવાથી દુઃખી થઈને તેને ખાટલા પર પડેલા બતાવવામાં આવ્યા. તેમની નજીકમાં જ મિ. મેકડોનાલ્ડનું એક નિર્જીવ પૂંયું સ્ટૂલ પર મૂકેલું બતાવવામાં આવ્યું છે અને બીજી બાજુએ ખૂબ જ અંતર પર ગાંધીજી ચરખા પર સૂતર કાંતતા હોય તેવો અને તેમની બાજુમાં તેમની બકરી કાન ઊભા કરીને વાગોળતી ઊભેલી બતાવવામાં આવી છે. બ્રિટિશ પાર્લામેન્ટ તરફથી મળનારા રાજકીય સુધારાઓને અસ્પૃશ્ય ગણીને તેની ગાંધીજી ઉપેક્ષા ના કરે – તે સુધારાઓને સ્પૃશ્ય ગણીને તેનો સ્વીકાર કરવાની ગાંધીજી પર ફરજ પાડવા માટે વાઈસરૉય સાહેબ ગાંધીજી વિરુદ્દ્ધ આ ઉપવાસ કરતા હોય તેવો ભાવાર્થ આ વ્યંગ ચિત્રકાર મિ.રોએ રેખાંકિત કર્યો છે. ગાંધીજીનો સહકાર મેળવ્યા સિવાય ભાવિ રાજ્યઘટના-બંધારણ સફળ થશે નહીં અને એટલે જ બ્રિટિશ સરકારને ગાંધીજીની ઈચ્છા મુજબ વર્તીને તેમનો સહકાર મેળવવાની ફરજ પડશે એવું આ ચિત્રમાં દર્શાવવામાં આવ્યું છે. પરંતુ બ્રિટિશ સરકારને શરણે લાવવા જેટલી સુસંગઠિત શક્તિ ગાંધીજીની સાથે આ પછીથી રહી શકશે એવું લાગતું નથી

**૨૦ મો અધ્યાય આવતી કાલે.....**

સાભાર

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૨૦-એપ્રિલ

### અધ્યાય -૨૦ : મજૂરમંત્રી

દલિત વર્ગ એ શૂદ્રોના નીચ સ્થાને સડતો રહે એવો રાજકીય દરજ્જો દલિત વર્ગ સ્વીકારશે નહીં. અસ્પૃશ્યોની ઉપર હિંદુઓના સામાજિક, આર્થિક અને ધાર્મિક વર્ચસ્વમાં અને એ સિવાય રાજકીય વર્ચસ્વની અસર પડનારી હોય તો તેને તેઓ સહન કરશે નહીં.

બહુસંખ્યક એટલે કે બહુમતી લોકો અસ્પૃશ્યોના ઉત્કર્ષ માટે આવશ્યક છે એવા સ્વાતંત્ર્ય, સમતા અને બંધુતાને નકારે છે. ૧૦૦ મામલતદારોની સંખ્યામાં માત્ર એક જ દલિત મામલતદાર છે અને ૩૪ તાલુકા અધિકારીઓમાંથી એક પણ દલિત વર્ગમાંથી નથી. ૩૩ ઉપ-જિલ્લાઅધિકારીઓમાંથી માત્ર એક દલિતવર્ગમાંથી છે એવું પ્રમાણ છે.

મારી ભૂમિકા શું છે, તેને આ દેશમાં યોગ્ય રીતે સમજવામાં આવી નથી એની મને ખબર છે. આ વિષયમાં ભારે ગેરસમજ છે. તેના માટે મારી ભૂમિકા સ્પષ્ટ કરવા માટે મને મળેલી આ તકનો લાભ લેવા દો. અધ્યક્ષ મહારાજ, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, જયારે જ્યારે મારા વ્યક્તિગત હિત અને આખાયે દેશના હિત વચ્ચે સંઘર્ષ ઊભો થયો ત્યારે ત્યારે મેં દેશના હિતને પ્રાધાન્ય આપ્યું છે, મારા પોતાના વ્યક્તિગત હિતને મેં બીજું સ્થાન આપ્યું છે. મારા અંગત સ્વાર્થ માટે થઈને મેં મારી બુદ્ધિબળથી જીવનમાં મારો માર્ગ અપનાવ્યો નથી. જો મેં મારી શક્તિનો અને પરિસ્થિતિનો મારા પોતાના અંગત સ્વાર્થ માટે ઉપયોગ કર્યો હોત તો, હું આજે કોઈ બીજા જ સ્થાને હોત. દેશની માંગણીઓનો જ્યારે જ્યારે પ્રશ્ન ઊભો થયો, ત્યારે ત્યારે હું બીજાથી તસુભર પણ પાછળ નહોતો. આ બાબતમાં ગોળમેજી પરિષદમાંના તે વખતના મારા સાથી કાર્યકરો મારી વાતને ટેકો આપશે એની મને ખાતરી છે. ગોળમેજી પરિષદમાંના બ્રિટિશ મુત્સદ્દીઓ તો મારા પેંતરા જોઈને ચકરાવામાં પડી ગયા હતા. તેમના મત પ્રમાણે ગોળમેજી પરિષદમાં ના વિચારવાના હોય એવા પ્રશ્નો પૂછતાંયે હું એમના માટે એક ભયંકર દુષ્ટ-શરારતી સાબિત થયો હતો. પરંતુ આ દેશની જનતાના મનમાં હું જરા જેટલી શંકા રહેવા દઈશ નહીં. હું આવી જ એક બીજી નિષ્ઠા સાથે બંધાયેલો છું. તેને હું ક્યારેય છોડી શકું તેમ નથી. તે નિષ્ઠા એટક મારો અસ્પૃશ્ય વર્ગ. જેમાં હું જન્મ્યો છું. તેમાંનો જ હું છું. મારા જીવમાં જીવ હશે ત્યાં સુધી હું એને દૂર કરીશ નહીં. એટલા માટે હું આ વિધિમાયને દઢતાપૂર્વક કહું છું કે, જ્યારે અસ્પૃશ્યોનું હિત અને દેશનું હિત આ બંને સંઘર્ષ ઊભો થશે તે વેળા હું મારા એકલા પૂરતો કહું છું કે, અસ્પૃશ્યોના હિતને જ પ્રાધાન્ય આપીશ. જે જુલમ કરનારો બહુસંખ્યક સમાજ છે તે દેશના નામે બોલતો હશે તોયે હું તેને ટેકો આપીશ નહીં. મારી આ ભૂમિકાને દરેકે અને દરેક ઠેકાણે સમજી લેવી. દેશના હિતની પહેલાં મારું હિત, એવો પ્રશ્ન જ્યારે ઊભો થશે તો સૌપ્રથમ હું દેશના હિતને પ્રાધાન્ય આપીશ. તેવી જ રીતે જો મારા સમાજનું હિત પહેલાં કે દેશનું હિત પહેલાં એવો પ્રશ્ન જ્યારે ઊભો થશે ત્યારે હું અસ્પૃશ્ય વર્ગોના હિતની બાજુએ ઊભો રહીશ.

આવતી કાલથી હું મારી નવી ઑફિસની જવાબદારી સંભાળવાનો છું. એટલે જ મેં મારાં પાછલાં વીસ વર્ષની આગેવાનીનો હિસાબ રજૂ કર્યો. મુસલમાન અને અસ્પૃશ્યને અલ્પસંખ્યક-લઘુમતી સમજવામાં આવે છે તેમ છતાં તેમની પરિસ્થિતિમાં ભારે અંતર છે, એની સ્પષ્ટતા તો કરવી જ જોઈએ. અમારી જાતિની સરખામણીએ મુસલમાન જાતિ અત્યંત શ્રીમંત છે. બ્રિટિશરો આવ્યા ત્યાં સુધી તેઓ આ દેશના રાજ્યકર્તા હતા. આ રીતે તેમની પાસે ઉચ્ચ એવો દરજ્જો છે અને અમારા કરતાં તેમની પ્રગતિ અનેકગણી વધારે થયેલી છે. સેંકડો વર્ષોથી અમારું શોષણ થતું આવ્યું છે ને થાય છે. અત્યંત દરિદ્રતાની અમારી આર્થિક સ્થિતિ છે. માત્ર લોકસંખ્યાની દૃષ્ટિએ અમારી તુલના તમે લોકો મુસલમાનો સાથે કરી શકો નહીં. સંપૂર્ણ રીતે આપણા પોતાના જ પ્રયત્નો પર શરૂઆતથી જ ઊભા રહીને આપણે કામ કરવું જોઈએ. આપણે આપણી જાતિનો ઉદ્ધાર કરવાનો છે. મારી આ નવીન નિમણૂકને કારણે મારી આ જવાબદારી મારે બીજાના ખભે સોંપવી પડે છે. અધિકારની બાબતમાં (ઑફિસ) મને જરાયે ગમતી નથી. હું જેવો છું તેવો જ સારો હતો. હવે ડો. આંબેડકરમાં અને માનનીય ડૉ. આંબેડકરમાં કાંઈ ફરક છે એવું તો મને લાગતું નથી. મારી નિમણૂક બાબતમાં ખૂબ જ મહત્ત્વનું મને લાગે છે તે એ કે ગવર્નર જનરલની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં દલિત વર્ગના પ્રતિનિધિ માટે એક જગ્યા રાખવી જોઈએ એવો મારો મત અત્યારે બંધાયો છે. બ્રાહ્મણશાહીને માટે આ એક પ્રાણઘાતક મોટા ફટકા સમાન છે. મારી નિમણૂકનું આ મહત્ત્વ છે. આવી રીતના ફટકા પડવા એ બ્રાહ્મણશાહીને જરાયે પચે તેમ નથી. મને લાગે છે કે, અસ્પૃશ્યોનો આ એક મોટો વિજય છે.

મારા વિશે જેમનો મત સારો નથી એવા ઘણા લોકો છે. વાંચનમાં સમય પસાર કરીને એકાકી જીવન જીવવું એ મારો સ્વભાવ છે. મારો આવો સ્વભાવ હોવાના કારણે ઘણા બધાને એવું લાગે છે કે હું લોકોની સાથે સારી રીતે નહીં મળીને તેમને હળવામળવાનું ટાળું છું એનો જ આ પુરાવો છે. હું તમને ખાતરીપૂર્વક કહેવા માગું છું કે કોઈનુયે કોઈપણ પ્રકારનું અપમાન કરવું એવો મારો મૂળેય સ્વભાવ નથી,

ઈચ્છા નથી. મારી પાસે સમય બહુ ઓછો છે, મારે ઘણુંબધું કામ કરવાનું છે અને વળી પાછું મારી મદદમાંયે કોઈ નથી. ઘણાબધા હિંદુઓ મારી તરફ દુશ્મનની નજરે જુએ છે. હું તેમની ભાવનાને ભારે દુઃખ આપવા જેવું બોલું છું એવી એમની ફરિયાદ છે. પરંતુ મારું હૃદય અત્યંત કોમળ છે, એની મને ખબર છે. બ્રાહ્મણોમાંથી મારા ઘણા બધા મિત્રો છે. આમ છતાંયે કોમળ હૃદયના માણસોયે સુધ્ધાં સત્ય બોલીને જ ચાલવું જોઈએ. આપણા અત્યંત પ્રિય એવા આપ્તજનો સાથે કૂતરા કરતાંયે ખરાબ વ્યવહાર કરવામાં આવે અને તેમની પ્રગતિના બધા જ દરવાજા પણ બંધ કરવામાં આવ્યા છે તેવું દેખાય આવે આમ છતાંયે હું હિંદુઓ સાથે પ્રેમભાવથી વ્યવહાર કરું એવી અપેક્ષાયે તેઓ કેવી રીતે રાખી શકે? હાલની હિંદુ પેઢીએ આ બાબતમાં કાંઈ કર્યું નથી એ હું સમજું છું. એટલે જ મારી ભાવનાને દબાવી રાખીને મારા વિરોધીઓની સાથે હું સન્માનપૂર્વક વ્યવહાર કરવાનો પ્રયત્ન કરું છું. મારા વિરોધીઓ સાથે મારો વ્યવહાર ક્યારેય ખરાબ હોતો નથી. પરંતુ તેમનું અપરાધી મન તેમને જ કોસતું હોય છે, પીડા આપતું હોય છે.

હું વાઈસરોયના કાર્યકારી મંડળનો સભ્ય હોવાના નાતે સરકારી કામકાજ માટે કલકત્તા ગયો હતો. ત્યાંના અપર સેક્યુલર રોડ પર મારા મિત્ર શ્રી જાધવ રહેતા હતા. હું મહેમાન તરીકે તેમને ત્યાં રોકાયો હતો અને કામ પૂરું થયે અને મારા મિત્રની મહેમાનગતિ માણીને હું પાછો રેલવે સલૂનમાં આવી પહોંચ્યો. મારી સલૂન બીજા દિવસે દિલ્હી જવા માટે નીકળવાની હતી. પરંતુ, બીજા દિવસે વહેલી સવારે મારા મિત્ર મિ. જાધવ, તેમનાં પત્ની અને તેમના બાળક ઘરનો બધો સરસામાન સાથે મારા સલૂન પાસે આવીને ઊભેલા જોઈને મને એકદમ ભારે આશ્ચર્ય થયું. કારણ કે આગલી રાત્રે જ મને સારી રીતે મહેમાનગતિ કરાવી હોવા છતાં મને વિદાય આપવા માટે એ જાધવ કુટુંબ આટલી વહેલી સવારે શા માટે આવી ચડ્યા તેની મને કાંઈ ગમ પડી નહીં. ત્યારે જાધવ કહેવા લાગ્યો :

"અમારા ઘરના નોકરોએ બંડ પોકાર્યું છે. તેઓ કહે છે કે, ડો. આંબેડકર એ ભંગી છે, એની અમને ખબર છે. તેઓ તમારા ઘરે ઊતર્યા, ખાધુંપીધું જમ્યા એને કારણે તમે પણ તેમની જ જાતિના ભંગી છો એની અમને પાકી ખાતરી થઈ ગઈ છે. હવે તો અમારી જાત બગડી ગઈ, અમારો ધરમ ડૂબી ગયો." એવું તે કહેવા લાગ્યો. હવે તો તે લોકો અમને એ મહોલ્લામાં પણ રહેવા દેશે કે નહીં એની મને શંકા છે. એટલે મેં ઘર બંધ કરીને ઘરપરિવારને છેક મુંબઈ મોકલી દેવાનું નક્કી કર્યું છે."

આ વાત બે વર્ષ પહેલાં બની હતી. આના ઉપરથી તમારા હિંદુઓના મન અમારી બાબતમાં કેટલા શુદ્ધ છે એની મને કલ્પના આવી ગઈ. તમે અમને મહાર અથવા ભંગી કહેવાને બદલે 'હરિજન' કહેવા લાગ્યા છો એટલું જ કાંઈ પૂરતું નથી.

સમતા સૈનિક દળ મધ્યપ્રદેશમાં રચવામાં આવેલા સ્વયંસેવક દળને જોઈને મને ખૂબ જ આનંદ થાય છે. સૌ પ્રથમ તો આ સ્વયંસેવકોનું વિસ્તૃત દળ ૧૯૨૬ની સાલમાં મુંબઈમાં શરૂ કરવામાં આવ્યું હતું. આપણી સર્વસામાન્ય ચળવળનું સમતા સૈનિક દળ એ એક એવો વિભાગ છે. ખરેખર તો આપણી ચળવળનું એક મજબૂત, ઠોસ સાધન છે. આ સ્વયંસેવક સંગઠનના જન્મનું જો કોઈ મૂળભૂત કારણ હોય તો તે હિંદ સમાજમાં સમતા મેળવવા માટે દલિત વર્ગોની માંગણીઓને પ્રોત્સાહન આપવું એ જ છે. તેના નામ ઉપરથી જ એ સૂચિત થાય છે, એમ આ સંગઠન હિંદુ સમાજમાં દલિત વર્ગોને સમતાનું સ્થાન મેળવી આપવા માટેના ઉદ્દેશથી જ એની સ્થાપના કરવામાં આવી હતી. આજે હિંદુઓથી સંપૂર્ણ રીતે વિભક્ત થઈને હિંદુઓની સાથે સામાજિક સમતા હસ્તગત કરવી એ જ એનું ધ્યેય છે.

આપણી રાજકીય માંગણીઓને વ્યક્ત કરવા માટે સુરક્ષિત એવું સભાનું સ્થળ દલિતવર્ગોને મળી શકતું ન હતું. કોંગ્રેસનું સંગઠન એટલું બધું ઈર્ષાળુ હતું કે તે મુંબઈમાં બીજા કોઈપણ રાજકીય પક્ષોની સભા થવા દેતો ન હતો. એટલે સભા ભરવાની કોઈ હિંમત જ કરતું ન હતું. કોંગ્રેસના સ્વયંસેવકો આવીને આવી સભાને તીતરબીતર કરી દેતા હતા. આવી અસામાજિકતાની દહેશતનો સામનો કરવા માટે અમારા સ્વયંસેવકોનું મૂળ કર્તવ્ય છે એના પર અમે વધારે ભાર દીધો એટલે કે રાજકારણમાં ભાગ લઈને કોંગ્રેસના સ્વયંસેવકો આવા જુલ્મી અને અત્યાચારી કૃત્યોથી આપણી સભાનું રક્ષણ કરવું.

હું ગોળમેજી પરિષદમાં જવાની તૈયારીમાં હતો ત્યારનો આ પ્રસંગ હજુયે મને યાદ છે. મારી ગોળમેજી પરિષદમાં જવા બાબતમાં નિંદા કરવા માટે હું જ્યાં રહેતો હતો તેની નજીકમાં દલિતવર્ગના લોકોના નામ પર કોંગ્રેસે મુંબઈમાં એક સાર્વજનિક સભાનું આયોજન કર્યું હતું. આ સભામાં 'દલિત વર્ગોનો હું સાચો પ્રતિનિધિ નથી' એવું તેઓ જાહેર કરવાના હતા. આ સભાના સંગઠકોને મેં એવું કહ્યું કે, "ખરેખર જ જો દલિત વર્ગોની 8 આ સભા થવાની હોઈ તો તેણે ગમે તે ઠરાવ કર્યો હશે તોયે મને કાંઈ ખરાબ લાગશે નહીં પરંતુ તમારી આ સભા એ ખરેખર દલિત વર્ગોની સભા નથી પરંતુ અગાઉથી જ યોજનાબદ્ધ રીતે નક્કી કર્યા પ્રમાણે તે સભા બંધ રાખવાનો તેમણે ઈનકાર કર્યો. સાંજના સમયે આ સભા યોજવામાં આવી. પરંતુ ખરા સમયે જ આપણા સ્વયંસેવકોની એક ટુકડી આવી પહોંચી અને કોંગ્રેસના સ્વયંસેવકોની રેવડી દાણાદાણ કરીને સભાનો દોર પોતાના હાથમાં લઈ લીધો. ખુરશી, ટેબલ અને કોલબેલ છોડીને કોંગ્રેસના લોકોને જીવ બચાવીને ભાગી જવું પડયું. આ ખુરશી, ટેબલ અને એ બેલને પોતાના વિજયના 'માનચિહન' સમજીને અમારા સ્વયંસેવકો આખરે લઈ ગયા. આપણો સ્વયંસેવક સંઘ મુંબઈમાં બધાથી બળવાન છે. અમારા સ્વયંસેવકોને આહવાન દેવાની હિંમત હજુ સુધી કોઈએ કરી નથી.

મઆવા સ્વયંસેવકોના સંગઠનનો વિરોધ કરનારા કેટલાક લોકો છે. તેઓ પોતાને અહિંસાની ઉપર વિશ્વાસ રાખનારા કહેવડાવે છે અને સંગઠનોન અને શક્તિપ્રદર્શનનો વિરોધ કરે છે. હું મારી જાતે સુધ્ધાં અહિંસાના તાવને માથે ચઢાવનારો માણસ છું. પરંતુ અહિંસા અને નમ્રતા

જવાબદારી (ભાઉરાવ) તમારી ઉપર છે. તેને તમે સફળતાપૂર્વક પાર પાડશો તે બાબતમાં મને તલમાત્રનીયે શંકા નથી.મારી એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં (મજૂરમંત્રીની કારકિર્દીમાં) બીજાની જેમ આપણાયે સમાજને બધી દૃષ્ટિએ મદદ કરવાનું નક્કી કરવામાં આવ્યું

૭. મારી અધ્યક્ષતામાં દિલ્હીમાં જે મજૂર પરિષદ યોજાઈ તે પરિષદમાં રા.દેંદે અને રા.ભોળેને પ્રતિનિધિ તરીકે નિમંત્રણ આપ્યું. આનાથી જ મારા કામની શરૂઆત થઈ છે. આવી ઘટના આ પહેલાં ક્યારેય ઘડાઈ નહોતી. એક અઠવાડિયાના ગાળામાં અનેક સમજોપયોગી ઘણી ચર્ચા કરી. મિ.આઈ.એમ.ટોઈફોડના માટે (ભાઉરાવ) તમારા તરફથી ભલામણ પત્ર મળ્યો. મિ.ટોઈફોડે એ તો મારા પરિચિત નથી. કેટલીક વાતો એવી છે કે હું તે કરી શકું છું અને કેટલીક એવી છે કે હું કરી શકતો નથી. આ બાબતમાં હું કેટલો નિષ્ઠુર હોઈશ એ તો તમે મારા સ્વભાવ ઉપરથી જ ઓળખી શકો છો. મિ.ડોઈફોડનું આવું પ્રકરણ છે કે તેમાં હું કાંઈ કરી શકું તેમ નથી. તેમનું પ્રકરણ બધી રીતે પબ્લિક સર્વિસ કમિશનની કક્ષાનું છે. તેમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય નથી. આવા પ્રકરણમાં હું જરાયે હસ્તક્ષેપ કરતો નથી.

મેં આપણા સમાજના (અસ્પૃશ્યોમાંના) બાળકો માટે જોગવાઈ ઊભી કરી છે. આવી પરિસ્થિતિમાં આપણામાંથી વ્યક્તિગત ઉમેદવાર છોકરાઓનું પ્રકરણ હાથમાં લેવાની જવાબદારી આપણી રહેતી નથી. આવું કરવાથી તેટલી જ યોગ્યતા ધરાવતા બીજા ઉમેદવાર બાળકોને અન્યાય થશે. એટલે આ પ્રકરણમાં હું મૂળેય હસ્તક્ષેપ કરી શકું તેમ નથી. આની તમને જરૂરથી સમજણ આવશે.

આપણામાંના કેટલાક ઉત્સાહી તરુણોની આપણા 'જનતા' સામયિક ચલાવવાની તૈયારી જોઈને આનંદ થાય છે. આપણું સાપ્તાહિક અખબાર ચલાવવાના કામનો મને એટલો બધો અનુભવ થયો છે કે, જેના કારણે ખૂબ જ કાળજીપૂર્વક પગ મૂકવાનું હું શીખ્યો છું. એના માટે નાહકનો અધિક ઉત્સાહ હોવો સારું નથી. અખબાર ચલાવવું એ કાંઈ નાની-સુની વાત નથી. તેમાં પૈસાનો જોકે ખૂબ મોટો પ્રશ્ન હોય છે. બીજી વાત એ છે કે, અખબારનું ધોરણ સાચવીને અખબારને અધિક પ્રતિષ્ઠિત અને વાચકોની દૃષ્ટિએ આકર્ષક બનાવવું એ મહત્ત્વનો પ્રશ્ન છે. પૈસાના પ્રશ્નનો હું વિચાર કરતો નથી, કારણ કે તેની જવાબદારી મારી ઉપર પડતી નથી. પરંતુ બીજા પ્રશ્નની બાબતમાં ખૂબ જ કાળજી રાખવી પડે છે. આપણા સાપ્તાહિકના સંપાદક કોણ બનશે? તેની તે માટેની પાત્રતા યોગ્ય છે કે નહીં? એ મહત્ત્વનો પ્રશ્ન મારી સામે ઊભો છે જ. આની માહિતી મને જ્યાં સુધી મળતી નથી ત્યાં સુધી આ યોજનાની સંમતિ હું આપી શકું તેમ નથી. નામની બાબતમાં મેં કોઈ વિચાર કર્યો નથી. 'કૈવારી' અથવા તેના જેવા અખબારનાં કેટલાંક નામ હશે એ મને માન્ય નથી.

**૨૧ મો અધ્યાય આવતી કાલે......**

**સાભાર**

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ....

૨૯ - એપ્રિલ

## અધ્યાય - ૨૧ - બંધારણ સમિતિમાં પ્રવેશ.

આપણા રાષ્ટ્રનું બંધારણ ઘડવાની જવાબદારી મારા શિરે આ એક અલૌકિક પ્રકારની ઘટના ગણાય. ભારતનું બંધારણ તૈયાર કરવા માટે બંધારણ સમિતિની બેઠક યોજાઇ તે વખતે મારી શી દશા હતી એની તો તમો બધાને ખબર હશે જ. ૧૯૪૬-૪૭ના વર્ષમાં યોજાયેલી ચૂંટણીમાં શે.કા.ફે.નો પરાજય થયો હતો. આ પરાજય માટે શરમાવાનું કોઈ કારણ નથી, કારણ કે ચૂંટણીના સમયે આખું હિંદુસ્થાન એક બાજુ હતું અને આપણો પક્ષ બીજી બાજુ હતો. એક બાજુ પ્રબળ એવું રાજકીય સંગઠન હતું તો બીજી બાજુએ અલ્પસંખ્યક અસ્પૃશ્યો હતા. અસ્પૃશ્યોએ આ સંગઠનનો સામનો કરવાનો હતો અર્થાત્ પરાજય થવો એ જ આપણા ભાવિમાં લખાયેલું હતું. પરંતુ પરાજય થયા પછી રોકાઈ રહેવાથી ચાલશે નહીં. આપણા લોકોએ ક્યાંયથી પણ બંધારણ સમિતિમાં પ્રવેશવું જરૂરી હતું. અસ્પૃશ્ય સમાજ એ હિંદુસ્થાનમાં એક સ્વતંત્ર જમાત-જાતિ છે, એવી બ્રિટિશરોએ અનેક વખત જાહેરાત કરી છે. પરંતુ કેબિનેટ મિશને પોતાની યોજનામાં અસ્પૃશ્ય સમાજનો, થોડો કહેવા પૂરતોયે નામનિર્દેશ કર્યો નહીં. અસ્પૃશ્યોની અવગણના કરી તેમાં સામેલ ના કર્યો તે જ સમયે મેં બધારણ સમિતિમાં જવાનો નિર્ણય કર્યો.

અસ્પૃશ્ય સમાજના કલ્યાણ માટે બંધારણ સમિતિમાં જવું અત્યંત જરૂરી હતું. પરંતુ હું બંધારણ સમિતિમાં ચૂંટાઇને આવું નહીં એટલા માટે કોંગ્રેસે મારા પ્રવેશના બધા દરવાજે મજબૂત તાળાં લગાવી દીધાં. મહારાષ્ટ્રમાં જે કોઈ થોડા માણસો છે તેમાંથી નામાંકિત તરીકે મારી ગણના થશે નહીં એવું કહેનારો માણસ ખરેખર મૂર્ખ જ હોવો જોઇએ. “બંધારણ સમિતિની ચૂંટણી માટે તમે ઊભા રહો” એવો મિ.જયકરને કોંગ્રેસે પત્ર મોકલ્યો. મિ.મુનશીને બોલાવવામાં આવ્યા અને ઘણાબધાને આમંત્રણ-નિમંત્રણ આપવામાં આવ્યાં. આટલા બધા સૌભાગ્યશાળીઓની સાથે બિલકુલ મને પણ કંકુ લગાવી સ્વીકારવાની જરૂર હતી. પરંતુ ગમે તેમ કરીને મને રંડાપો આવે - હું વિધવા થાઉં એટલે કે હું બંધારણ સમિતિમાં ચૂંટાઇને ન જાઉં સ માટે એડીચોટીના પ્રયત્નો કરવામાં આવ્યા. એટલે હું બંગાળમાં આનંદથી ચૂંટાવા માટે આવ્યો. ત્યાં કોઈ મહાર બિલકુલ નહીં હોવાથી હું ત્યાંથી ચૂંટાઈ આવ્યો એ મારા શત્રુઓએ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ. અસ્પૃશ્યોના રાજકીય હક્કો બંધારણ સમિતિ સામે રજૂ કરવાની તક આપણા પ્રતિનિધિઓને મળવી જ જોઈતી હતી. આ અત્યંત વિકટ પ્રસંગ હતો. કોંગ્રેસ અને શે.કા.ફે. વચ્ચે ભારે દુશ્મનાવટ હોવાથી આ પક્ષને કોઈપણ ભોગે બંધારણ સમિતિમાં પ્રવેશવા દેવો નહીં એવો કોંગ્રેસે પાકો નિર્ણય કર્યો હતો. તેમનાથી જે કાંઈ થઈ શકે તે તમામ પ્રયત્નો કરીને કોંગ્રેસે મને બંધારણ સમિતિમાં પ્રવેશવું અશક્ય કર્યું હતું. આખરે બંગાળ પ્રાંતમાંથી એમાં પ્રવેશવાનો માર્ગ મેં શોધી કાઢ્યો અને ત્યાં ગયો. અસ્પૃશ્ય વર્ગોના હક્ક ત્યાં રજૂ કરવામાં આવે, તેમને હિંદુના રાજ્યમાં શું શું સવલતો મળવી જોઇએ એ મેળવી આપવા માટેનો એટલા પૂરતો જ મારો મર્યાદિત ઉદ્દેશ હતો.

રાષ્ટ્રનું બંધારણ હું ઘડું એવી કોઇ મારી મહત્ત્વાકાંક્ષા નહોતી અને વળી જ્યાં મને આ સમિતિના સભ્ય જ બનવું અસંભવ હતું ત્યાં મને કોઇ અધિકાર ભોગવવા મળશે એવી તો કલ્પનાએ કરવી શક્ય નહોતું. “બીજો કોઈપણ માણસ બંધારણ સમિતિમાં ચૂંટાઈ આવે તેનો કોઈ વાંધો નથી, પરંતુ ડૉ. આંબેડકર તો કોઈપણ સંજોગોમાં બંધારણ સમિતિમાં આવવા ન જોઇએ.” એવું નક્કી કરવામાં આવ્યું હતું. બંધારણ સમિતિના દરવાજા તો મારા માટે બંધ હતા જ પરંતુ તેની સાથોસાથ બારીઓ પણ બંધ કરી દેવામાં આવી હતી. અરે, તેની આજુબાજુની તિરાડોય પૂરી દેવામાં આવી હતી.

ક્રમશઃ

આવી કડક વ્યવસ્થા કરી હતી. પરંતુ આપણા સૌભાગ્યના કારણે અને પરમેશ્વરની કૃપાના કારણે મને તેમાં પગ મૂકવાની જગ્યા મળી અને ભાગ્યનો ખેલ તો જુઓ કે જેને બંધારણ સમિતિમાં "કોઈપણ ભોગે પ્રવેશવા નહીં દેવાનો" નિશ્ચય કરવામાં આવ્યો હતો તેના જ માથે આવી મોટી જવાબદારી નાખવામાં આવી. આ વાત તો થઈ જાણે અત્યંત સારા ભવિષ્યની કારણ કે આવા પ્રકારની મહાન કામગીરી કરવાની તક મનુષ્યમાત્રના જીવનમાં ક્યારેક જ પ્રાપ્ત થતી હોય છે. આ વાત મારા માટે ગૌરવપ્રદ તો છે તેમજ આપણા બધા જ માટે પણ આ ઘટના ગૌરવ લેવા જેવી છે.

આ પહેલાં તો મેં આવું કોઈ વિશેષ કામ કર્યું નથી પરંતુ આ કામને લીધે એક વાત માત્ર સમગ્ર હિંદુ જનતાએ સંપર્ણપણે માન્ય કરી છે. સ્વીકારી છે. ગયા ૨૦ વર્ષોથી મારા ઉપર ગમે તે પ્રકારના આક્ષેપો કરવામાં આવતા હતા. હું અને મારો પક્ષ "અરાષ્ટ્રીય છીએ - રાષ્ટ્રના વિરોધી છીએ,વ લા અગ્રેજોનો મળતિયો, સાથીદાર છું, મુસલમાનોનો બગલબચ્ચો છું." આવા પ્રકારના ખોટેખોટા આક્ષેપો મારા ઉપર કરવામાં આવતા હતા. તે લોકોને નવા "આપણે એવા નથી" એની ખાતરી થઈ ગઈ છે, આ એક ખૂબ મહત્ત્વની વાત છે. ૨૦ વર્ષોથી આપણા પક્ષની ઉપર જે કલંક લગાડવામાં આવ્યું હતું તેને હવે ધોઈ નાખવામાં આવ્યું છે. એટલે આ દેશના સ્વાતંત્ર્યનું સંરક્ષણ કરવું એ જ દરેકે પોતાનું પરમ કર્તવ્ય છે એમ માનવું જોઈએ.

આ દેશની સામાજિક, રાજકીય અને ધાર્મિક ઉત્ક્રાંતિ આજે નહીં તો આવતી કાલે થશે એ બાબતમાં મને જરાયે શંકા લાગતી નથી. આજે રાજકીય, સામાજિક અને આર્થિક દૃષ્ટિથી આપણે એકબીજાથી છૂટા પડી ગયેલા છીએ, એ હું જાણું છું. હાલમાં આપણે એકબીજા સાથે લડીએ છીએ. આવી એક લડાકુ છાવણીનો હુંયે એક નેતા છું. આવું જો થશે તો યોગ્ય સમયે અને યોગ્ય પરિસ્થિતિ આવતાં જ આ પ્રચંડ દેશ એક બન્યા સિવાય ક્યારેય રહેશે નહીં. જગતની કોઈપણ શક્તિ તેમની એકતા તાકાતની આડે આવી શકશે નહીં. આ દેશમાં આટલી બધી જાતિઓ અને આટલા બધા પંથો હોવા છતાંયે આપણે બધા લોકો ગમે તેમ કરીને ભેગા થઈને જ રહીશું. આ બાબતમાં મારા મનમાં જરાયે શંકાને સ્થાન નથી. દેશના ભાગલા પાડો એવી મુસ્લિમ લીગની માંગણી હશે તોયે એક દિવસ એવો ઊગશે જ કે અખંડ હિંદુસ્થાનમાં જ બધાનું કલ્યાણ છે એવું મુસલમાનોને પોતાને જાતે થઈને જ લાગશે. દેશના અંતિમ ધ્યેય માટે મને શંકા લાગતી નથી. પરંતુ દેશમાંની વિવિધ જાતિઓના સંમિશ્ર સમુદાયને એક નિશ્ચયમાં અને સહકારથી એકતાના માર્ગ પર કેવી રીતે ચલાવવા માટે લાવવા એ જ ખરો પ્રશ્ન છે. દેશમાંના બધા પક્ષોને અને સમાજોને તેમાં સામેલ થવાની ઉત્સુકતા થવી જોઈએ એટલે તેમને રાજી કરવા માટે તેમની કેટલીક માંગણીઓ બહુસંખ્ય પક્ષો એને માન્ય કરે તો મુત્સદ્દીગીરીનો આ મહાન વિક્રમ થશે. જનતામાં ઉશ્કેરણી થાય તેવી ઘોષણાને આપણે હાલમાં બાજુએ મૂકી દેવી જોઈએ. આપણા વિરોધીઓના પૂર્વગ્રહોને જ આપણે સવલતો આપીએ. પરંતું આખરે તો જે પણ ઠીક લાગે તે કરીને આપણે બધાને એક જ મોરચામાં સામેલ કરી દઈએ. હા, મોરચો એકવાર ચાલુ થયો કે તે નિશ્ચયથી એકતા તરફ જ જશે. આપણી સાથે જેમને આવવાની ઈચ્છા નથી તેમને પણ આગળ લઈ જઈ શકીશું એવી શક્યતા આપણે પેદા કરીએ. મારો પોતાનો મત પૂછવામાં આવે તો જૂથબંધીની યોજના મને પસંદ નથી. ૩૫ ના કાયદાથી નિર્માણ થયેલ કેન્દ્ર કરતાંયે દેશનું મધ્યવર્તી કેન્દ્ર અધિક બળવાન હોવું જોઈએ એવા મતનો હું છું. ગયા દોઢસો વર્ષથી દેશની મધ્યવર્તી સરકાર બળવાન થતી ગઈ છે, તે માટે મને આદર અને આશ્ચર્ય થાય છે. આ મધ્યવર્તી સરકારને દુર્બળ કરવા માટે કોંગ્રેસે શા માટે સંમતિ આપવી જોઈએ ? એની જ મને તો ખબર પડતી નથી. કોંગ્રેસ અને લીગે સમાધાનનો માર્ગ શોધી કાઢવા માટે ફરી પાછા પ્રયત્નો કરવા જોઈએ.

ક્રમશઃ

આ વાત એટલી બધી મહત્ત્વની છે કે માન-અપમાનનો પ્રશ્ન બંને પક્ષોએ એક બાજુએ મૂકવો જોઈએ. જનતાનું ભવિષ્ય નક્કી હોવાથી પક્ષોનું અને નેતાઓનું કેટલું મહત્ત્વ? આ પક્ષની આગળ ત્રણ માર્ગ ખુલ્લા છે. શરણાગતિ, યુદ્ધ અથવા તો સમાધાન. યુદ્ધની ભાષા હાલમાં પુષ્કળ પ્રમાણમાં બોલાવા લાગી છે. પરંતુ લડાઈ કરીને આ દેશમાંના રાજકીય પ્રશ્નો ઉકેલવાની કલ્પના સાંભળીને મારાં તો રૂંવાડાં ઊભાં થઈ જાય છે, કંપારી આવી જાય છે. આ યુદ્ધ આપણે બ્રિટિશરોની વિરુદ્ધ કરવું પડશે એવું ઘણાંબધાને લાગે છે. પરંતુ હું આપ લોકને ખાતરીપૂર્વક કહું છું કે, આ યુદ્ધ થશે તો તે બ્રિટિશરોની વિરુદ્ધ થશે નહીં પરંતુ મુસલમાનોની વિરુદ્ધમાં થશે. કદાચ બ્રિટિશરો અને મુસલમાનો આ બંનેની વિરુદ્ધ પણ લડવું પડશે. મુસલમાનોને જીતીને કે આપણે ઘડેલું બંધારણ તેમના ઉપર લાદવાથી આ પ્રશ્નનો ઉકેલ આવવાનો નથી. કારણ કે તેવું કરવાથી સતત તેમની સાથે લડતા જ રહેવું પડશે. બર્ક કહે છે તે પ્રમાણે "સત્તા આપવી એ સહેલી છે પણ શાણપણ, ચતુરાઈ આપવી એ અઘરી છે."

આપણે આપણા વર્તનથી એવું બતાવી દઈએ કે, દેશમાંના બધા જ સમાજના વર્ગોને આપણે આપણી સાથે લઈને એકતાના માર્ગ પરના મોરચામાં એકજૂટ થઈને ચાલતા કરવાની સત્તા જેમ અમારી પાસે છે એવી જ ચતુરાઈ પણ અમારી પાસે છે.

*૨૨ મો અધ્યાય આવતી કાલે...*


**સાભાર.....**

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક :- શ્રી જ. ગો. સંત

અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@saurani.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ....

૨૨ - એપ્રિલ

## અધ્યાય - ૨૨ - બંધારણની ઉપર છેલ્લુ પ્રવચન.

તા. ૯ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ બંધારણ સભાની પહેલી બેઠક મળી. તે તારીખ સામે જોઇએ તો આજે બંધારણ સભાના કાર્યને ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસ પૂરા થાય છે. આ સમય દરમિયાન બંધારણ સમિતિના કુલ ૧૧ અધિવેશનો થયા અને તે બધા મળીને ૧૬૫ થાય છે. તા.૨૯ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બંધારણ સમિતિની મુસદ્દા સમિતિની પસંદગી કરવામાં આવી અને તુરંત જ બીજા દિવસે એટલે કે તા.૩૦ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ મુસદ્દા સમિતિની પહેલી બેઠક યોજવામાં આવી. ત્યારથી માંડીને મુસદ્દા સમિતિનું કામકાજ ૧૪૧ દિવસ ચાલ્યું. આ મૂળ બંધારણના મુસદ્દામાં ૨૪૩ કલમો અને ૧૩ પરિશિષ્ટો હતા. છેલ્લા સ્વરૂપમાં બંધારણ મુસદ્દામાં કુલ ૩૯૫ કલમો અને ૮ પરિશિષ્ટો આવેલા છે. સાચું કહું તો વધારે સારી વાતોને શોધીને તેની પસંદગી કરવી તે વાતને અભિનંદનને પાત્ર ગણવી જોઇએ અને તે માટે મુસદ્દા સમિતિને ભારે ગૌરવ થાય છે. પોતાનો દોષી-અપરાધી પેટા સુધારો પાછો ખેંચીને તેની જગ્યાએ વધારે સારો પેટા સુધારો સ્વીકારવાનું ધૈર્ય મુસદ્દા સમિતિએ બતાવ્યું ના હોત તો મુસદ્દા સમિતિ તેના કર્તવ્યથી આડે પાટે ફંટાયાનો અને અહંકારનો આરોપ તેના પર આવ્યો હોત.

એકાદ વ્યક્તિના અપવાદને છોડીને આખુંયે સભાગૃહ મુસદ્દા સમિતિના કાર્યને આવકારે છે, કદર કરે છે એ માટે મને ભારે આનંદ થાય છે. આપણા કામનું ગૌરવ આખાયે ભારતનું સભાગૃહ એકદમ મોકળા મને કરે છે એ બદલ મુસદ્દા સમિતિ પણ ગૌરવ અનુભવતી હશે એની મને ખાતરી છે. બંધારણ સભાના સભ્યોએ અને મુસદ્દા સમિતિના મારા સહયોગી મિત્રોએ વ્યક્તિશ: મારા ઉપર જે અભિનંદનની વર્ષા કરી છે, તે માટે હું એટલો બધો ગદગદિત થઈ ગયો છું કે, મારી કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે મારી પાસે પૂરા શબ્દોયે નથી. બંધારણ સભામાં પ્રવેશતી વેળા અસ્પૃશ્ય સમાજના હિતસંબંધોનું રક્ષણ કરવાના હેતુ સિવાય બીજો કોઈ હેતુ મારા મનમાં નહોતો. બંધારણ સભામાં અત્યંત મહત્ત્વનાં કાર્યો કરવા માટે મારી પસંદગી કરવામાં આવશે, એવી મને ભૂલથીયે કલ્પના નહોતી. મુસદ્દા સમિતિમાં લેવામાં આવ્યો ત્યારે મને આશ્ચર્ય થયું હતું અને જયારે મુસદ્દા સમિતિના ચેરમેનપદે મારી પસંદગી કરવામાં આવી ત્યારે તો મારા આશ્ચર્યનો કોઈ પાર જ ના રહ્યો!

મારા કરતાં મોટા, વધારે લાયક અને પ્રવીણ-નિપુણ એવા લોકો મુસદ્દ સમિતિમાં હતા. સર અલ્લાદિ કૃષ્ણવામી અય્યરનો ઉલ્લેખ આ બાબતમાં મારે કરવો જ જોઈએ. આમ છતાંયે બંધારણ સમિતિએ મારા ઉપર આટલો બધો વિશ્વાસ મૂકીને તેના પ્રતિનિધિ તરીકે મારી પસંદગી કરી અને મને દેશસેવા કરવાની તક આપી એ માટે તેમનો અત્યંત આભારી છું. બંધારણ તૈયાર કરવા બાબતમાં મારું જે ગૌરવ કરવામાં આવે છે, પરંતુ તેના માનનો અધિકારી એકલો હું જ નથી. ભારત સરકારના કાયદાના (ઘટનાત્મક) સલાહકાર સર બી.એન.રાવને પણ થોડું શ્રેય આપવું જોઈએ. તે જ પ્રમાણે બંધારણના યશનો કેટલોક ભાગ મુસદ્દા સમિતિના સભ્યોને પણ આપવો જોઈએ આમ છતાંયે, એમના કરતાંયે વિશેષ શ્રેય સરકારના મુખ્ય ડ્રાફ્ટમેન શ્રી એસ.એન.મુખર્જીને આપવો જોઈએ. સારીયે જટીલ, પેચીદી સૂચનાઓને એકદમ આસાન, સરળ પરંતુ કાયદાની ભાષામાં બનાવી આપવાનું તેમનું આ કામ કોઈ કરી શકે એવું તો મને લાગતું નથી. મુખર્જીના હાથ નીચે કામ કરનારા લોકોએ જે કામ કર્યું છે તેનો ઉલ્લેખ મારાથી ટાળી શકાય તેમ નથી, કારણ કે ક્યારેક ક્યારેક તો મધ્યરાત્રિ સુધી તેમને કામ કરવું પડતું હતું એની મને ખુદને ખબર છે.

ક્રમશ:

આમ છતાં એક જ પાર્ટીના આદેશને માથે ચઢાવીને બધા લોકો ભેગા થયા હોત તો બંધારણ સમિતિનું કામકાજ ખરેખર જ નિરસ અને કંટાળાજનક બન્યુ હોત. પરંતુ સદનસીબે બંધારણ સભામાં કેટલાક બંડખોરો પણ હતા. લેમનોયે હું આભાર માનું છું. ભારતીય બંધારણમાં મૂળભૂત તત્ત્વોને સ્પર રીતે રજૂ કરવાની મને જે તક મળી તે આ બંડખોરોના વિરોધના કારણે જ.

અંતે, અધ્યક્ષ મહારાજ, હું આપનોયે આભાર માનું છું. બંધારણ સમિતિના પ્રભાસદોની બાબતમાં આપે દાખવેલું સૌજન્ય અવિસ્મરણીય રહેશે. કાયદેસરપણાની આડમાં બંધારણ તૈયાર કરવાના કામમાં આડખીલી ઊભી કરવા દેવાની આપે પરવાનગી આપી નહીં એ માટે હું આપનો વિશેષ આભારી છું. મખધારણના ગુણ-અવગુણોની બાબતમાં હું પડવા માગતો નથી. બંધારણનો અમલ કરનારા જો ખરાબ વૃત્તિના હશે તો એકાદી કોઈ બાબત કેટલીયે ઉત્કૃષ્ટ હશે તોયે તે ખોટા રૂપિયા જેવી ઠરશે. તે જ પ્રમાણે જો બંધારણનો અમલ કરનારા સારી વૃત્તિના હશે તો કોઈ એકાદ બાબત ગમે તેટલી તકલાદી હશે તોયે તે ઉપકારક જ નીવડશે.

બંધારણની નિંદા, ધિક્કાર વિશેષ કરીને કમ્યુનિસ્ટ અને સોશલિસ્ટ પાર્ટીઓ તરફથી કરવામાં આવે છે. બંધારણની તેઓ નિંદા શા માટે કરે છે? આ બંધારણ ખરેખર ખરાબ છે એટલે તેઓ તેની નિંદા કરે છે? ના, એવું કોઈ કારણ જ નથી તાનાશાહી-સરમુખત્યારશાહીની નીતિ ઉપર આધાર રાખતું હોય એવું બંધારણ કમ્યુનિસ્ટ પાર્ટીને જોઈએ છે. જ્યારે આ બંધારણ એ પાર્લમેન્ટરી લોકશાહીની નીતિ ઉપર આધારિત છે. એટલે તેઓ તેનો વિરોધ કરે છે. સોશલિસ્ટોને બે વાત જોઈએ છે. પહેલી વાત એ કે, જો તેઓ સત્તા પર આવે તો કાંઈ પાઈ-પૈસો આપ્યા સિવાય તેમને રાષ્ટ્રીયકરણનું સ્વાતંત્ર્ય જોઈએ છે. બીજી વાત એવી છે કે, તેમને અનિયંત્રિત વાણી-સ્વાતંત્ર્યનો હક્ક જોઈએ છે.

બંધારણમાં સુધારો કરવા માટે જે વ્યવસ્થા કરવામાં આવી છે, તેના તરફ કોઈનુંયે ધ્યાન નથી. આ છેલ્લું બંધારણ છે, એવી તેના ઉપર મહોર મારવામાં આવી નથી. પરંતુ એનાથી ઊલટું, બંધારણમાં સુધારો કરવા માટે સરળ અનુશાસન વ્યવસ્થા કરવામાં આવી છે. આવી પરિસ્થિતિમાં કોઈ પણ રાષ્ટ્રની બંધારણ સમિતિએ સુધારા કરવા માટેની આટલી સુલભ વ્યવસ્થા કરી હોય એવું બંધારણ તૈયાર કર્યું હોય એવું કોઈ પણ સિદ્ધ કરી બતાવે એવું મારું આહ્વાન છે.

શાંતિના સમયમાં કેન્દ્ર સરકારના અધિકારો ઉપયોગમાં લેવામાં આવશે નહીં. તેનો ઉપયોગ તો માત્ર કટોકટીના સમય પૂરતો જ કરવામાં આવે એવું સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે. બીજી વાત એ છે કે, જે સમયે કટોકટીની પરિસ્થિતિ ઊભી થાય તે સમયે કેન્દ્ર સરકારને વધારે અધિકા આપવાનું ટાળી શકવાનું શું શક્ય છે ખરું ? જે સમયે કટોકટીની પરિસ્થિતિ ઊભી થાય તે સમયે નાગરિકોની નિષ્ઠા ઘટક રાજ્યોના બદલે સંઘરાજ તરફ હોવી જોઈએ એવો બહુમતી સભ્યોનો મત છે, કારણ કે સંયુક્ત ધ્યેય માટે અને રાષ્ટ્રના સંરક્ષણ માટે ફક્ત સંઘરાજ્ય જ કામ કરતું હોય છે અને એટલે જ કટોકટીના પ્રસંગે ઉપયોગમાં લેવા માટે વધારે અધિકાર કેન્દ્ર સરકારને આપવો સમર્થનીય બને છે. આ ઠેકાણે મેં મારું ભાષણ પૂરું કર્યું હોત, પરંતુ રાષ્ટ્રના ભવિષ્ય અંગેના વિચારોથી મારું મન એટલું ભરાઈ આવ્યું છે કે, તે અંગેના માત્ર વિચારો આ પ્રસંગે વ્યક્ત કરવા જરૂરી છે એવું મને લાગે છે. ભારત ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ પ્રજાસત્તાક રાષ્ટ્ર બનશે. આ સ્વાતંત્રનું શું થશે? તે પોતાના સ્વાતંત્ર્યનું રક્ષણ કરશે કે ફરી પાછું એ ગુમાવી દેશે? મારા મનમાં આ પહેલો પ્રશ્ન ઊભો થાય છે. દેશના ભવિષ્યની બાબતમાં મને ખૂબ જ ચિંતાતુર કરનારો આ પ્રશ્ન છે. મારા મનને જેનાથી વધારે ખટકો લાગ્યો છે તે વાત એ છે કે, ભારતે પોતાનું જે સ્વાતંત્ર્ય પહેલાં એકવાર ગુમાવ્યું હતું તે હિંદુસ્થાનના કેટલાક રહેવાસીઓના કપટી કારસ્થાનને કારણે. આ સત્ય હૃદયને અસહ્ય થઈ પડે છે, પીડે છે.

ક્રમશઃ....

બ્રિટિશ લોકો શીખ રાજ્યોને જડમૂળમાંથી નાશ કરવામાં રચ્યાપચ્યા હતા, ત્યારે શીખોનો પ્રમુખ સેનાપતિ ગુલાબચંદ ચૂપચાપ બેઠો હતો. બ્રિટિશોની છાવણીમાંથી રાજપૂત રાજાને છોડાવવા માટે જરા જેટલોયે તેણે પ્રયત્ન કર્યો નહીં. ૧૮૫૭માં ભારતમાંના ઘણાખરા ભાગોમાં બ્રિટિશ સત્તાની વિરુદ્ધ બંડનો અવાજ ઊભો થયો હોવા છતાં શીખ લોકો શાંતિથી ઊભા રહીને તમાશો જોતા લોકોની જેમ દેખાવોને જોઈ રહ્યા હતા.

ભારતના ઇતિહાસમાં જે ઘટના બની ગઈ છે તેની જ પુનરાવૃત્તિ થશે કે શું? આ પ્રશ્નથી મારું મન ગભરાઈ ગયું છે. જાતિભેદ અને વર્ણભેદ એ આપણા જૂનાપુરાણા શત્રુ છે. નવા નવા અને જુદાં જુદાં ધ્યેય આગળ ધરીને જે રાજકીય પક્ષો પેદા થયા છે અને બીજાએ પેદા થવાના છે. તેથી હવે આપણા જૂના શત્રુઓમાં વધારો થવાનો છે. પરંતુ એટલું તો માત્ર ચોક્કસ છે કે જે જુદાં જુદાં પક્ષો પોતાના દેશ કરતાં પોતાની વિચારધારાને વધારે મહત્ત્વ આપશે તો આનાથી આપણું સ્વાતંત્ર્ય કદાચ ફરી પાછું બીજીવાર સંકટમાં આવી પડશે અને કદાચ તેનો કાયમને માટે નાશ થશે. આવું સંકટ આપણી ઉપર આવે નહીં એ માટે આપણે બધાએ જબરજસ્ત તૈયારી રાખવી જોઇએ. આપણા શરીરમાં લોહીનું છેલ્લું ટીપું રહે ત્યાં સુધી આપણે આપણા સ્વાતંત્ર્યનું સંરક્ષણ જીવના જોખમે કરીએ એવો આપણે દૃઢ નિશ્ચય કરવો જોઈએ. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત પ્રજાસત્તાક દેશ જાહેર થશે એનો અર્થ એવો થાય છે કે લોકોનું, લોકોએ અને લોકો માટે ચલાવવામાં ભાવતું રાજય ભારતને તે દિવસથી મળશે. ભારતની લોકશાહી પ્રણાલીથી રચાયેલ બંધારણનું શું થશે? ભારત આ બંધારણને અખંડ રાખી શકશે કે ફરી પાછો નાશ કરશે? જે દેશમાં લોકશાહીનો વિશેષ કરીને ઉપયોગ કરવામાં આવ્યો નથી તે દેશમાં લોકશાહીને એક નવીન વસ્તુ માનવામાં આવે છે. આવા દેશો પૈકી ભારત એ એક દેશ છે. આવા પ્રકારના દેશોમાં લોકશાહી રીતે પોતાનો કારોબાર ચલાવતી હોવાથી પોતાની જગ્યા ઉપર સ્થાપિત થનાર તાનાશાહી-સરમુખત્યારશાહીને આમંત્રવાની શક્યતા છે. ભારતમાં નવી નવી ઊભી થયેલી લોકશાહી પોતાનું બાહ્ય સ્વરૂપ સાબૂત રાખી શકશે. પરંતુ તે વ્યવહારમાં પોતાની જગ્યા બળજબરીથી કબજે કરવા તાનાશાહીને તક આપશે એવી ઘટનાઓ બનવાની શક્યતા છે. લોકશાહીનું અસ્તિત્વ જો આપણે ટકાવી રાખવું હોય તો મારા મતે આપણે પહેલાં જે વાત વિચારવી જોઇએ તે એ છે કે, આપણા સામજાકિ અને આર્થિક ઉદ્દેશને સિદ્ધ કરવા માટે આપણે ફક્ત ઉચિત માર્ગનો જ ઉપયોગ કરવો જોઇએ. એનો અર્થ એવો થાય કે, ક્રાંતિનો તોડફોડ કે વિનાશના માર્ગને આપણે છોડી દેવો જોઇએ.

લોકશાહીના અસ્તિત્વને ટકાવી રાખવા માટે આપણે બીજું જે કામ કરવાનું છે તે એ છે કે લોકશાહીનો ઝંડો સતત ઊંચો રાખવા માટે જેઓ ઉત્સુક છે તેમના માટે જોન સ્ટુઅર્ટએ જે ભયસૂચક સંદેશો આપ્યો છે તેને પાળવો જોઇએ એ છે, ધ્યાનમાં રાખવો જોઇએ એ છે. “આપણામાંની કોઈ એકાદ વ્યક્તિ, પછી ભલે તે ગમે તેટલી પ્રતિષ્ઠિત કેમ ના હોય તોયે તેના ચરણોમાં આપણું વ્યક્તિસ્વાતંત્ર્ય ઠેબે ચડાવવું ના જોઇએ.” જેમણે જિંદગીભર પોતાની માતૃભૂમિની સેવા કરી છે એવી કેટલીક મહાસ વ્યક્તિઓ માટે આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવી એમાં કોઈ ભૂલ નથી. પરંતુ કૃતજ્ઞતા વ્યક્ત કરવા સુધ્ધામાં કેટલીક મર્યાદા રહેલી છે. આ બાબતમાં આયર્લૅન્ડના દેશભક્ત ડેનિયલ ઓહોનેલે માર્મિકપણે કહ્યું છે કે, "સ્વાભિમાનનું અલિદાન આપીને કોઈપણ મનુષ્ય કૃતજ્ઞતા વ્યક્ત કરી શકે નહીં. શીત બલિદાન આપીને કોઈપણ સ્ત્રી કૃતજ્ઞ રહી શકે નહીં અને સ્વાતંત્ર્યનું બલિદાન આપીને કોઈપણ રાષ્ટ્ર કૃતજ્ઞતા વ્યક્ત કરી શકે નહીં.”

આ ભયસૂચક સંદેશાની જરૂર બીજા કોઈપણ દેશો કરતાં ભારત દેશને વધારે જરૂરી છે. એનું કારણ એવું છે કે ભારતના રાજકારણમાં ભક્તિ અથવા તો વ્યક્તિ-માહાત્મ્ય-વ્યક્તિપૂજાની ભાવના જેટલા પ્રમાણમાં ઊંચ અસર કરે છે તેટલી જગતના બીજા કોઈપણ દેશોના રાજકારણમાં અસર કરતી નથી. એકાદી વ્યક્તિએ રાજકારણમાં ભક્તિ અથવા તો વ્યક્તિ- માહાત્મ્ય-વ્યક્તિપૂજા કરવાનું શરૂ કર્યું તો તે રાજકીય માર્ગમાં હુકમશાહીને પ્રસ્થાપિત કરશે.

ક્રમશઃ....

લોકશાહીનું અસ્તિત્વ અખંડ રાખવા માટે જે ત્રીજી વાત આપણે કરવાની છે તે એ છે કે, આપણે રાજકીય લોકશાહીમાંથી સામાજિક લોકશાહીનું નિર્માણ કરવા માટે ઝઝૂમવું જોઈએ, પરિશ્રમ કરવો જોઈએ. રાજકીય લોકશાહીને કારણે સામાજિક લોકશાહીનું અસ્તિત્વ ચિરંજીવી બની શકશે, અન્યથા નહીં બની શકે !!

સામાજિક લોકશાહી એટલે શું?

સામાજિક લોકશાહી એટલે સ્વાતંત્ર્ય, સમતા અને બંધુત્વ – એ પ્રત્યેકના આયખાનું જીવનતત્ત્વ છે, એને માન્ય કરનારી પદ્ધતિ. આ તત્ત્વો ત્રિવેણી સંગમમાં એકતા ઘડી લાવે છે. તેને એકમેકથી જો અલગ કરવામાં આવે તો લોકશાહીના જીવનસત્ત્વને નષ્ટ કરવા જેવું થાય છે. ભારતની સામાજિક પરિસ્થિતિમાં બે તત્ત્વોનો અભાવ જોવા મળે છે. આ વાતને સ્વીકારીને જ આપણે સામાજિક લોકશાહી નિર્માણ કરવાની શરૂઆત કરવી જોઈએ. આ બે વાતો પૈકી એક વાત તે એ છે સમતા. સામાજિક બાબતો તરફ આપણે જોઈએ તો આપણા ભારતની સમાજરચના ચડતી નિસરણી અને ઊતરતી નિસરણીની રચનાને આધારે ઊભી કરવામાં આવી હોવાથી કેટલીક જાતિઓને ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. 1 ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ આ દિવસ પછી રાજકીય બાબતોમાં આપણને સમાનતા મળનાર છે. પરંતુ સામાજિક અને આર્થિક બાબતમાં આપણી અંદર અસમાનતા ઊભી રહેવાની છે. સામાજિક અને આર્થિક બાબતોમાં સમતા પ્રસ્થાપિત કરવા માટે આપણે હજુ કેટલાં વર્ષો સુધી બહાનાંબાજી કરતા રહીશું ? આ બહાનાંબાજી કરવાની આપણી વૃત્તિ જો હજુ ઘણા સમય સુધી ચાલુ જ રાખીશું તો આપણી રાજકીય લોકશાહીના જીવનને મુશ્કેલીમાં મૂકીને જ આ ટાળવાની વૃત્તિને આપણે ટકાવી શકીશું. આ પરસ્પર ભિન્નતા દર્શાવતી પરિસ્થિતિને જેટલી જલદી બની શકે તેટલી આપણે નષ્ટ કરવી જોઈએ. નહીંતર આ પરિસ્થિતિ બાબતે પોતાના મનમાં પીડાતા, દુભાતા દુ:ખી લોકો આ બંધારણ સભાએ જેને ખૂબ જ પરિશ્રમ લઈને જે રાજકીય લોકશાહી નિર્માણ કરી છે તેનો સત્યાનાશ કરીને જોરદાર ઝટકાથી આકાશમાં ઉડાડી દેશે.

આપણે ભ્રાતૃભાવનાના સિદ્ધાંતને આચરણમાં પાળતા નથી, એ આપણામાંની બીજી ઊણપ છે. આખાયે ભારતના ભારતીયોમાં એ પરસ્પર મિત્રભાવ હોય, આ બધીયે ભારતીય જનતા એક આત્મીયતાથી એક જ પ્રજા છે, આવી જે ભાવના મનમાં હોય તેને 'ભ્રાતૃભાવના' આ નામથી ઓળખવામાં આવે છે. સામાજિક જીવનમાં એકતાનું અમૃત સિંચન જો કોઈ વાત કરતી હોય તો તે છે ભ્રાતૃભાવની ભાવના. રાષ્ટ્ર આ પદને પાત્ર બને એવી જો આપણી ખરેખર ઇચ્છા હોય તો આપણએ આ બધી અડચણોને આપણા માર્ગમાંથી દૂર કરવી જોઈએ કારણ કે જયાં રાષ્ટ્ર અસ્તિત્વમાં હોય છે, ત્યાં જ ભ્રાતૃભાવ પેદા થઈ શકે છે. જો ભાતૃભાવ અસ્તિત્વમાં ના હોય તો સમતા અને સ્વતંત્રતાના અસ્તિત્વનો શું અર્થ જ સરવાનો છે ?

આપણા ભારતીય લોકોની સામે જે મોટા પડકારો પડેલા છે તે બાબતની મારી વિચારશ્રેણી આવી છે તે કેટલાંક લોકોને પસંદ પડે તેમ નથી. ભારતમાંના કેટલાક થોડા લોકોએ રાજકીય સત્તાનો પોતાની બોલબાલા કરવા બાપુકી મિલકતની જેમ ઘણો વખત સુધી ભોગવટો કર્યો છે. આ સિવાય બાકીનો બહુજન સમાજ એ સત્તાધારી લોકોના આજ્ઞાંકિત થઈને જેમતેમ કરીને પોતાનું જીવન વ્યતીત કરનારા પદદલિત લોકો હતા. રાજકીય સત્તાને બાપની મિલકત સમજવામાં આવતી હોવાથી બહુજન સમાજને પોતાનો સર્વાંગ વિકાસ કરવાની તક ક્યારેય મળી નહોતી. આના કારણે માનવજીવનનું મહત્ત્વ શું છે. એની જાણ સુધ્ધાં આ બહુજન સમાજમાં ઊભી થઈ નહીં.

પોતાનો વ્યવહાર, પોતાની જાતે જ પોતે ચલાવી શકે એવું તેને લાગે છે અને તેના માટે તેને તેવો અધિકાર જોઈએ છે અને તે મેળવવા મા તે હવે હક્કદાર બન્યો છે. બહુજન સમાજનું સ્વાભિમાન હવે જાગૃત ય છે. તેમના પોતાનામાં પોતાને સિદ્ધ કરી શકવાની જે ભાવના પેદા હું છે, તેનું રૂપાંતર વર્ગકલહ અગર તો વર્ગયુદ્ધમાં થવા દેવું એ યોગ્ય નથી જો તેવું થવા દેવામાં આવશે તો દેશમાં અસંતોષની આગ અમાપ ફેલાશે જે દિવસે આવી સ્થિતિ પેદા થશે તો તે દેશ માટે ઘાતકી પુરવાર થશે. એટલે લોકશાહીથી સત્તાપદ્ધતિ અને તેના આચારવિચાર વાસ્તવમાં અમલમાં- પાળવામાં આવવા જોઈએ.

ક્રમશ:....

સ્વાતંત્ર્ય એ આનંદદાયક વસ્તુ છે એમાં શંકા નથી. પરંતુ આ સ્વાતંત્ર્યએ આપણી ઉપર મોટી જવાબદારીઓ પણ મૂકી છે, એને આપણાથી ભૂલી શકાય તેમ નથી. અત્યારથી જ લઈને આવનારા સમયમાં જો કોઈ ભૂલ થઈ તો તેની જવાબદારી આપણે બીજા ઉપર થોપી શકીશું નહીં, પરંતુ તે ભૂલને આપણે પોતે જ સ્વીકારી લેવી જોઈએ. લોકો માટે ચલાવવામાં આવતું રાજય સ્વીકારવા માટે લોકો તૈયાર છે. લોકોએ ચલાવેલું અને લોકો માટે ચલાવાતું રાજ્ય આ વિચાર-તત્વને મૂર્તસ્વરૂપ આપીને આપણે તેમની મૂર્તિરૂપે બંધારણ મંદિરમાં પ્રસ્થાપિત કરેલ છે. તે બંધારણ મંદિરને આપણને જો પવિત્ર વાતાવરણ સુરક્ષિત રાખવું હોય તો આપણા આગળના માર્ગમાં કઈ અનિષ્ટ વાતોના રોડા, અડચણો પડેલી છે એને દૂર કરવા માટે આપણે હવે વધારે સમય ગુમાવવો યોગ્ય નથી. લોકોએ ચલાવેલા રાજ્ય કરતા, લોકો માટે ચલાવેલું રાજ્ય સારું છે, એવી જનતાની અંદર જાગૃતિ આવવી જોઈએ. આપણા માર્ગમાંની આ અડચણો દૂર કરવા માટે આપણે જરા જેટલીયે ભૂલ કરવા જેવી નથી. દેશ સેવા કરવાનો આ એકમાત્ર માર્ગ છે. આ સિવાય બીજો કોઈ માર્ગ તો મને દેખાતો નથી.

ભારતના બંધારણનો હું શિલ્પકાર છું. મેં જે બંધારણ તૈયાર કર્યું છે તેમાં પાલી ભાષાની ઉપસ્થિતિની યોજના તૈયાર કરીને રાખી મૂકી છે. મા એક વાત. બીજી વાત અને રાષ્ટ્રપતિના રાષ્ટ્રપતિ ભવન પર ગૌતમ યુદ્ધની શીખામણમાંથી પહેલું ચરણ ધમ્મચક્રપ્રવર્તન રાખ્યું હોવાથી તે મેં બુદ્ધદેશના અધ્યક્ષ ડૉ. જી. પી. માવાસેકરની નજર સામે ત્યાંથી લાવ્યો છું. એ જોઈને એમને પણ ભારે આશ્ચર્ય થયું હતું.

ત્રીજી વાત એટલે ભારતીય પાર્લમેન્ટના સ્મૃતિચિહ્ન પર 'અશોકચક્ર' એ ભારત સરકારના પ્રતીક તરીકે બંધારણમાં માન્ય કરવામાં આવ્યું છે. મા બધું કરતી વેળા મારો હિંદુ, મુસલમાન, ક્રિશ્ચિયન અને પાર્લામેન્ટના ઇતર સભાસદોનો વિશેષ વિરોધ થાય નહીં એટલું સ્પષ્ટ ને મુદ્દાસર વિવેચન મેં પાલમિન્ટમાં કર્યું હતું.

*૨૩મો અધ્યાય આવતી કાલે....*

સાભાર........

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ....

૨૩ - એપ્રિલ

## અધ્યાય - ૨૩ - બીમારી અને બીજા લગ્ન.

મારા માટે જો કહેવું હોય તો હું દિલ્હી ખાતે બીમાર અવસ્થામાં જ ગયો અને ફરી પાછો એ જ અવસ્થામાં પાછો ફર્યો. આજે જ ડોક્ટરોએ મારી તબિયતની તપાસ કરી. તેમણે લોહીનો રિપોર્ટ કર્યો. મારી તબિયત નિશ્ચિતપણે વધુ બગડતી લાગી હશે એવી તેને બીક લાગી. કહેવાનો અર્થ મારો એ છે કે, આની ચિંતા કરવા જેવું નથી. તકલીફના સમયમાં હું તમારી પડખે ઊભો જ છું. આપણા સમાજને જ્યાં સુધી મારા અસ્તિત્વની જરૂરિયાત છે, ત્યાં સુધી હું જરૂર જીવીશ એવી મને ખાતરી છે. મારો આ દૃઢ આશાવાદ મને મારી કમજોર, દુર્બળ તબિયતના કારણે ઊભી થયેલી નિરાશામાં આશાનો સંચાર કરે છે, હિંમત બક્ષે છે. તેની સાથે સાથે હું પરમેશ્વરને એવી પ્રાર્થના કરું છું કે જો વધારે નહીં તોયે મને જરૂરિયાત મુજબનું આયુષ્ય આપે.

બીજી વાત મારા સંબંધમાં છે. મારા મિત્ર અને મારા વૈધકીય સલાહકારે મને નિશ્ચિતપણે એવું કહ્યું છે કે, મારા આ ડાયાબિટીસના રોગ-મધુમેહના વિકારમાંથી સાજા થવાની શક્યતા છે. પરંતુ જો આ રોગ ઊથલો મારે તો મોટા ધોખાદાયક છે. ડાયાબિટીસનો રોગ એ ખાવાપીવાની ઉપર અવલંબિત એવો રોગ છે. મારા નિયમિત ભોજનની અને ઇન્સ્યુલિન ઇન્જેક્શન લેવા વગેરે બાબતો સંકળાયેલી છે. એની કાળજી લેનાર, ધ્યાન રાખનાર કોઈ નહીં હોય તો આ રોગ ફરી પાછો ઊથલો નહીં મારે એવું મૂળેય કહી શકાય તેમ નથી. મારા તે મિત્રનું એવું કહેવું છે કે, "જો મારી લગ્ન કરવાની તૈયારી ના હોય તો હું એકાદ સારસંભાળ રાખે એવી નર્સ (પરિચારિકા) અથવા તો ઘરબાર સંભાળે એવી બાઇને શોધવી જોઈએ." આ વાતનો હું ઘણા લાંબા સમયથી વિચાર કરું છું. જો મારી સારસંભાળ માટે એકાદ નર્સ અથવા તો ઘર સંભાળનારી એકાદી બાઇને ઘરે રાખવામાં આવે તો લોકોના મનમાં શંકા-કુશંકા ઊભી થાય. એના કરતાં તો લગ્ન કરી લેવાં એ વધારે યોગ્ય માર્ગ છે. ચિ. યશવંતની માના મૃત્યુ પછી લગ્ન કરવાં જ નથી એવો મારો નિશ્ચય હતો. પરંતુ આજે ઊભી થયેલી પરિસ્થિતિમાં મારા માટે મારો નિશ્ચય તોડવાનો વખત આવ્યો. ડૉક્ટર તો સ્પષ્ટપણે કહે છે કે, "વહેલા મરવું અથવા તો લગ્ન કરી લેવાં." એમાંથી કોઈ પણ એક વાત સ્વીકારવાનું મારા ભાગે આવ્યું છે. આ માટે મારી પસંદગીને અનુરૂપ પત્ની મળવી અશક્ય નથી તોયે મુશ્કેલ તો છે. મારી સૌભાગ્યવતી બનનારી સ્ત્રી સુશિક્ષિત હોવી જોઈએ, તેવી જ રીતે તે ડોક્ટરીનો વ્યવસાય કરનારી હોવી જોઈએ અને તેની સાથે સાથે તે રસોઈ બનાવવામાં સારી એવી હોશિયાર હોવી જોઈએ. આ વાતનો વિચાર કરતાં આપણા સમાજમાં આ ત્રણે ગુણોની સાથે તે મારી ઉંમરને અનુરૂપ એવી એકાદી સ્ત્રી મળવી અશક્ય કોટીની વાત છે. તેવી જ રીતે બીજા સમાજ સાથે મારો કોઈ સંબંધ ના હોવાથી મારી સાથે લગ્ન કરવા માટે આવી કોઈ સ્ત્રી મળવી મુશ્કેલ દેખાય છે. લગ્ન કરવાની વાત જો પાછી ઠેલતો જાઉં તો આ વિષયમાં લોકોમાં દિવસે દિવસે બદનામી-બૂરાઈ થશે અને દુષ્ટ લોકોને મારી બદનામી કરવાની એક તક મળી રહેશે એની મને બીક લાગે છે.

આ વાત કરવામાં હું કોઈ નૈતિક ગુનો કરી રહ્યો છું એવું મને લાગતું નથી. તકરાર કરવામાં મેં કોઈપણ જગ્યા બાકી રાખી નથી, યશવંતની સાથે સુધ્ધાં. તેને મેં આજ સુધી આશરે ત્રીસ હજાર રૂપિયા દીધા હોવા છતાં ઓછામાં ઓછા એંસી હજાર રૂપિયાની કિંમતનું એક ઘર પણ રહેવા માટે આપ્યું છે. મને ખાત્રી છે કે, કોઈપણ બાપને પોતાનાં બાળકો માટે જે કરવું જોઈએ તેના કરતાં મેં મારા બાળક માટે વધારે કર્યું છે.

ક્રમશઃ

મારી તબિયત એકાએક બગડી છે અને દુખાવાએ પણ ફરીથી ઊથલો માર્યો છે. ચાર દિવસથી તો આંખ મળી નથી-ઊંઘ્યો નથી. પગની વેદના પણ અસહ બની ગઈ છે. આખી રાત જાગીને નોકરોની પાસે મારે સેવા કરાવવી પડી. દિલ્હીના બે નામાંકિત ડોક્ટરોએ મને તપાસ્યો. તેમનો એવો મત છે કે જો પગની વેદના ત્વરિત બંધ નહીં થાય તો તે વેદના-દુખાવો કાયમનો જ રહેશે અને એ ક્યારેય મટશે નહીં. મારી તબિયતની કાળજી લેવા માટે કોઈપણ માણસની જરૂર છે, એટલે તો તમારી આ સૂચનાનો કે પહેલાં કરતાં વધારે વિશ્વાસ-આદરથી વિચાર કરું છું. મારું જીવન એટલું બધું એકાકી બની ગયું છે કે તેના કારણે અસ્પૃશ્ય હિંદુ પુરુષ અને સ્પૃશ્ય હિંદુ સ્ત્રીઓ સાથે મારો જરાયે સંબંધ નથી. પરંતુ સદ્ભાગ્યે મારી પસંદગીની એક મહિલા છે. તે સારસ્વત બ્રાહ્મણ જાતિની છે. તા.૧૫ એપ્રિલના રોજ દિલ્હી ખાતે તેની સાથે મારાં લગ્ન થશે.

હું ૧૧મી તારીખે જ દિલ્હી આવ્યો. મને થોડું સારું હતું. આમ છતાંયે હજુયે અશક્તિ ખૂબ જ પ્રમાણમાં લાગે છે. મારી તબિયતમાં સુધારો દેખાતો નથી. હું દિલ્હીમાં ખૂબ જ બીમાર હતો. તા.૩ જીને રવિવારે તો જીવ જતાં જતાં જ રહી ગયો. હાલમાં હું જરા ઠીક છું. હું હાલમાં કામ પણ કરી શકતો નથી અને બહાર પણ જઈ શકતો નથી.

૨૭મો અધ્યાય આવતી કાલે....

સાભાર........
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ....

૨૪ - એપ્રિલ

## અધ્યાય - ૨૪ - કાયદા મંત્રી.

૨૯ ડિસેમ્બર ૧૯૪૬ સુધી કોંગ્રેસ તરફથી કાંઇ જ પૂછવામા આવ્યું ન હતું. હું લંડન જાઉં એ પહેલાં જ મારી અને વલ્લભભાઇ પટેલ વચ્ચેની વાતચીત પડી ભાંગી. મારા હંગામી પ્રધાનમંડળમાં જોડાવાની વાતમાં કાંઇ તથ્ય લાગતું નથી. કોંગ્રેસ તરફથી પણ આવાં કોઇ ચિહ્નો દેખાતાં નથી. જો કોંગ્રેસ જ તેવું કાંઇ વિચારશે તો આપણા પક્ષનો વિચાર જાણ્યા સિવાય અને આપણા સમાજને યોગ્ય એવું સંરક્ષણ મળ્યા સિવાય હું કોઇ જ જાતનું પગલું ભરવાનો નથી.

સચિવાલયમાં મને બોલાવીને, "સ્વતંત્ર ભારતના પ્રધાનમંડળમાં કાયદામંત્રીનું પદ સ્વીકારવા તમે તૈયાર છો ખરા?" એવું નહેરુએ પૂછ્યું હતું અને તેનો મેં હકારમાં જવાબ આપ્યો હતો.

પ્રધાનમંડળમાં જોડાયો, કારણ કે પ્રધાનમંડળમાં જોડાવા માટે મને જે આમંત્રણ આપવામાં આવ્યું હતું તે વિના શરતે હતું. પ્રધાનમંડળમાં જોડાઇને "દલિતોનું હિત કરી શકીશ." આવા વિચારથી હું પ્રધાનમંડળમાં જોડાયો હતો. માત્ર વિરોધ કરવા ખાતર વિરોધ કરવો આવા વિચારોનો મને તિરસ્કાર થાય છે.

હું મધ્યવર્તી સરકારમાં જઇને એમાં જોડાયો છું, કોંગ્રેસ પક્ષમાં નહીં. મારા અંગત સ્વાર્થ માટે થઇને હું કોંગ્રેસી પ્રધાનમંડળમાં જોડાયો નથી. હું પ્રધાન બન્યો એટલે હું કાંઇ મારા માર્ગમાંથી તસુભાર પણ પાછો હટનારો નથી. આ એવી શિલા છે, જે હું તળાવમાં હોઉં કે પછી સમુદ્રમાં હોઉં અને કોઇપણ ઝંઝાવાતી પાણીમાં ડુબાડી શકે તેમ નથી. હું આપણા ધ્યેયની પ્રાપ્તિ માટે કાયમ લડતો રહીશ. આ માટે મારી બાબતમાં કોઇએ ગેરસમજ કરીને કોઇપણ અસ્પૃશ્યોએ કોંગ્રેસમાં જોડાવું નહીં. જો તમે ભૂલેચૂકેય કોંગ્રેસમાં જોડાશો તો ઢેખાળાની જેમ તીતરબીતર થઇ જશો, વિખરાઇ જશો. એટલે તમારું આ સંગઠન અલગ અને અખંડ રાખો.

૧૦ ઑગસ્ટ ૧૯૫૧ના રોજ નેહરુને પત્ર

મારી પ્રકૃતિ-તબિયતની મને અને મારા ડોક્ટરને ચિંતા થાય છે. આમ છતાંયે ડોક્ટરને આધીન થાઉં તે પહેલાં હિંદુ સંહિતા વિધેયક (હિંદુ કોડ બિલ)ને પસાર કરાવી દેવાની મારી અત્યંત ઉત્કંઠા છે, તો આપ આ વિધેયકને અગ્રતાક્રમ આપીને ૧૬ ઓગસ્ટના રોજ તે વિધેયક લોકસભા સામે વિચારવા માટે મૂકો, એટલે સપ્ટેમ્બર સુધી એના ઉપરની ચર્ચા પૂરી થઇ જશે. હું આ વિધેયકને કેટલું મહત્વ આપું છું અને તે વિધેયકને લોકસભામાં મંજૂર કરાવવા માટે, તેના માટે થઇને વધારેમાં વધારે શારીરિક કષ્ટ સહન કરવા માટે હું કેવો તૈયાર છું એની તો વડાપ્રધાનને ખબર છે જ.

ક્રમશઃ

લોકસભામાં ૨૭-૯-૫૧ના રોજ રાજીનામું

મારી જગ્યાએથી હું રાજીનામું આપું એવો વિચાર હું ઘણા દિવસોથી કરું છું. પરંતુ લોકસભાનું છેલ્લું અધિવેશન પૂરું થાય એ પહેલાં હિંદુ સંહિતા વિધેયક આપ વસ્તુતઃ લોકસભામાં રજૂ કરશો એ એક જ આશાના કારણે મારા આ વિચારને અમલમાં મૂક્યો નહીં. જોકે મેં વિધેયકના ભાગ પાડવાનીયે સંમતિ આપી હતી અને તેની મર્યાદા વિવાહ અને છૂટાછેડા સુધી લાવીને મૂકી હતી. આવું કરવા પાછળ મને એવી આશા હતી કે, મારી મહેનત પૈકી એટલુંયે રોગનું નિદાન થશે. પરંતુ વિધેયકના તેય ભાગનો દુઃખદાયક એવો કરુણ અંત કરવામાં આવ્યો. તમારા પ્રધાનમંડળમાં પ્રધાન તરીકે રહેવાના હવે મને કોઈ સારાંવાનાં દેખાતાં નથી.

રાજીનામા અંગે નિવેદન

મને કાયદા ખાતાનું પ્રધાનપદ આપવામાં આવ્યું ત્યારે કહેવામાં આવ્યું હતું કે, "હવે પછીથી તમને આયોજન ખાતું આપીશું" એવું આશ્વાસન પંડિત નહેરુએ આપ્યું હતું, પરંતુ વાસ્તવમાં તો મને પ્રધાનમંડળની એકેય સમિતિમાં લેવામાં આવ્યો નહીં, આ તેમાંનો પહેલો મુદ્દો. સરકાર દલિતોના પ્રશ્નો બાબતમાં ઉદાસીન હતી, આ બીજો મતભેદ, ત્રીજો મતભેદ કાશ્મીર અંગેના ધોરણ બાબતમાં હતો. કાશ્મીરના ભાગલા પાડીને ત્યાંના હિંદુ અને બૌદ્ધ લોકોનો ભાગ ભારત સાથે જોડી દેવામાં આવે, જ્યારે મુસલમાન લોકોનો ભાગ પાકિસ્તાન સાથે જોડવામાં આવે. ચોથો મતભેદ ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણોનો છે. ભારતનું આંતરરાષ્ટ્રીય વલણ ભૂલભરેલું હોવાના કારણે ભારતના મિત્રો કરતાં દુશ્મનો વધારે થયા છે. તે ભુલભરેલાં ધોરણોના કારણે ભારતની ૩૫૦ કરોડની આવક પૈકી ૧૦૮ કરોડની આટલી વિશાળ રકમનો ખર્ચ સૈન્યને નિભાવવામાં થાય છે, કારણ કે કટોકટીના સમયે મદદે આવે એવો એક પણ મિત્ર દેશ ભારતનો ન હતો, અને મતભેદનો પાંચમો મુદ્દો એટલે હિંદુ સંહિતા વિધેયક (હિંદુ કોડ બિલ). નહેરુ જો પ્રામાણિક હતા તો હિંદુ સંહિતા વિધેયક કાળજીપૂર્વક તેને સફળ કરવા માટે તેમણે જેટલી હિંમત અને ધગશ રાખવી જોઈતી હતી એટલી એમણે રાખી નહીં. એકંદરે હું બીમાર માણસ હોવાના કારણે પ્રધાનમંડળમાંથી મારું રાજીનામું આપતો નથી, પરંતુ ભારે નિરાશ થઈને પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું છે, કારણ કે બીમારીના કારણે મારા કર્તવ્યનો ત્યાગ કરનારો વ્યક્તિ હું નથી.

૨૫મો અધ્યાય આવતી કાલે....

સાભાર........

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૨૫ - એપ્રિલ

## અધ્યાય :- ૨૫ - મારા જીવનનું તાત્ત્વિક અધિષ્ઠાન.

મારે માત્ર પાંચ જ મિનિટમાં મારા જીવનનું તત્ત્વજ્ઞાન કહેવું છું. તત્ત્વજ્ઞાન એ શબ્દનો અર્થ આ સંદર્ભમાં હું 'સામાજિક તત્ત્વજ્ઞાન' એવો સમજું છું. દરેક મનુષ્યને કાંઈક તો જીવન વિશે તત્ત્વજ્ઞાન હોવું એ કલ્યાણકારી છે. પોતાના વાણી-વ્યવહારની યોગ્યતાને તોલવા માટે મનુષ્યએ કાંઈપણ કસોટી નક્કી કરવી જરૂરી છે અને જીવન વિશેનું તત્ત્વજ્ઞાન એ જ તો એની કસોટી છે. પ્રત્યેક મનુષ્યને જીવનવિષયક તત્ત્વજ્ઞાનની અતિ આવશ્યક્તા છે એવું હું કહું છું તેનું કારણ એ છે કે, આ તત્ત્વની કસોટીથી જ પોતે પાપ કર્યું છે તેનો તેને બોધ થાય છે અને ત્યારે 'પોતાની ક્યાં ભૂલ થઈ છે' એવું જ્યારે તેને સમજાય છે ત્યારે જ તેને 'પોતાની થયેલી ભૂલને સમજીને હવે પોતાની ઉન્નતિ કરવાની જવાબદારીનું ભાન થશે. સદ્ભાગ્યે મેં મારા જીવનવિષયક તત્ત્વજ્ઞાનને નક્કી કર્યું છે. તેના નાસ્તિકવાદ અને આસ્તિકવાદ એવા બે ભાગોની હું હવે સ્પષ્ટતા કરવાનો છું.

નાસ્તિકવાદ, એ સાંખ્ય તત્ત્વજ્ઞાનમાંના ત્રણ ગુણો પર આધારિત રહેલો અને ભગવદ્ ગીતામાં વિશાળ રીતે વર્ણવાયેલ હિંદુ સામાજિક તત્ત્વજ્ઞાન મને પસંદ નથી, કારણ કે મારા માનવા પ્રમાણે કપિલના તત્ત્વજ્ઞાનનું જ તે એક નિઘૃણ વિકૃત સ્વરૂપ છે અને તેના કારણે જ જાતિ-વ્યવસ્થા અને ક્રમવાર વિષમતા પદ્ધતિ (ચાતુર્વર્ણ પદ્ધતિ)એ હિંદુના જીવનનો મૂળભૂત નિયમ નક્કી થઈ ગયો છે. આસ્તિકવાદ, એ મારા જીવનવિષયક તત્ત્વજ્ઞાન ત્રણ શબ્દોમાંથી અસ્તિત્વમાં આવ્યો છે – સ્વાતંત્ર્ય, સમતા અને સદ્ભાવ, ફ્રેંચ રાજયક્રાંતિમાંથી મેં મારું જીવન તત્ત્વજ્ઞાન ઉછીનું લીધું છે, એવું જરાયે કોઈ સમજશો નહીં. એવું કાંઈ મેં કર્યું નથી એવું હું ખુલ્લા મને - છાતી ઠોકીને કહું છું. મારા તત્ત્વજ્ઞાનનું મૂળ કારણ એ રાજકારણમાં નહીં પરંતુ ધર્મમાં રહેલું છે. મારા ગુરુ ભગવાન બુદ્ધના ઉપદેશમાંથી આ તત્ત્વજ્ઞાનનો મેં સ્વીકાર કર્યો છે.

મારાં જીવનતત્ત્વજ્ઞાનમાં સ્વાતંત્ર્યનું સ્થાન છે, એ મારે ભારે આગ્રહપૂર્વક કહેવું છે. પરંતુ તેની સાથોસાથ જ અનિયંત્રિત સ્વાતંત્ર્યને તેમાં સ્થાન નથી, એ પણ કહેવું ખૂબ જ જરૂરી છે, કારણ કે અનિયંત્રિત સ્વાતંત્ર્ય એ સમતા માટે નુકસાનકારક ઠરે છે. મારા તત્ત્વજ્ઞાનમાં સમતાનું સ્થાન સ્વાતંત્ર્ય કરતાં એનાથી ઉપરનું છે. આમ છતાંયે તેમાં સંપૂર્ણ સમતાને જરાયે નુકસાન થાય તેમ નથી, કારણ કે અનિયંત્રિત સમતા એ સ્વાતંત્ર્યના અસ્તિત્વની આડે આવે છે અને સ્વાતંત્ર્યને મોકળાશ મળવી જોઈએ એ પણ જરૂરી છે.

મારા તત્ત્વજ્ઞાનમાં સ્વાતંત્ર્ય અને સમતાની બળજબરીથી બચાવ થાય તે માટે ફક્ત કાયદા-કાનૂનથી જ એનું સ્થાન નક્કી કરવામાં આવ્યું છે. પરંતુ આ કાયદાના સ્થાનને હું ખૂબ જ ગૌણ માનું છું, કારણ કે સ્વાતંત્ર્ય અને સમતાનો ભંગ થાય ત્યારે કાયદો તેમાં અસરકારક ભાગ ભજવી શકશે એવો મને વિશ્વાસ બેસતો નથી. હું ભાઈચારાને સર્વોચ્ચ સ્થાન આપવા ઇચ્છું છું, કારણ કે સ્વાતંત્ર્ય અને સમતાને જ્યારે નકારવામાં આવે એવા પ્રસંગે ભાઈચારો એ જ સાચેસાચો રક્ષક બની શકે છે. સદ્ભાવ એ ભાઈચારાનું બીજું નામ છે અને ભાઈચારો અથવા સદ્ભાવ એ ધર્મનું બીજું નામ છે. કાયદો અને સદ્ભાવનું મૂલ્યાંકન કરતાં આવો ફરક જણાય છે. એનું કારણ એ છે કે, કાયદો એ ધર્મમાંથી આવતો હોવાથી તેને કોઈપણ તોડી શકે છે.

ક્રમશ: ........

જ્યારે એનાથી ઊલટું, 'ભાઈચારો અથવા ધર્મ એ પવિત્ર હોવાના કારણે તેનો સ્વીકાર કરવો એ પ્રત્યેકની ફરજ બની જાય છે' એવું માનવામાં આવે છે.

મારું તત્ત્વજ્ઞાન એ કોઈ સુખ મેળવવા માટેનો ધ્યેય છે એવું માનશો નહીં. સામાજિક જીવનનાં ત્રિગુણ તત્ત્વોનો નાશ કરીને હિંદુ સમાજમાં ક્રાંતિનું ભજન કરી શકે એવું મારું ક્રાંતિકારી તત્ત્વજ્ઞાન છે. એટલે જ હું આટલો આમક્રમક છું. મારા ઘણા દુશ્મનો છે. પરંતુ મને આ શત્રુઓ ગમે છે, કારણ કે મને તેમની ખબર છે કે, તેઓ મારા બોલવા તરફ કાન દઈને સાંભળતા હોય છે. મારું તત્વજ્ઞાન એ ફક્ત મારા માટે જ નથી,પરંતુ તે બીજાં બધાં માટે પણ છે.જો મારે જુદાં શબ્દોમાં કહેવું હોય તો મારા તત્ત્વજ્ઞાનની પાછળ વિશિષ્ટ ઉદેશ સમાયેલો છે. મારે વૈચારિક પરિવર્તન કરાવવું છે. ત્રિગુણ તત્ત્વને માનનારાઓને તેનો ત્યાગ કરાવીને મારા તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરાવવાનો છે. આ એક ભવ્ય કાર્ય છે અને તેના માટે ઘણો બધો સમય લાગવાનો છો.

આજે ભારતીય વ્યક્તિ બે જુદાં જુદાં ધ્યેયોની સાથે સંકળાયેલી છે. રાજ્ય બંધારણની પ્રસ્તાવનામાં સૂચવવામાં આવેલો ધ્યેયવાદ અને ધર્મમાં અંતભૂત કરેલો સામાજિક ધ્યેયવાદ. જેનામાં સમજણ છે તેમને જણાઈ આવશે કે આ બંને પરસ્પર વિસંગત ધ્યેયવાદ છે. રાજકીય ધ્યેયવાદને કારણે સ્વાતંત્ર્ય, સમતા અને સદ્ભાવ આ જીવનમૂલ્યોને માન્યતા મળી છે. આમ છતાં પ્રચલિત સનાતનવાદને નકારવામાં આવ્યો છે. આવું આ વિસંગત જીવન કેટલા સમય સુધી ચાલશે? ક્યારેક તો એકબીજાના શરણે ગયા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. મને તો પૂરેપૂરો વિશ્વાસ છે અને એટલે જ આજે જે આ બહુસંખ્ય ભારતીયોનો રાજકીય ધ્યેયવાદ છે તે બધાનો સામાજિક ધ્યેયવાદ બનશે એવી મને આશા છે.

(૩ ઓક્ટોબર ૧૯૫૪ના રોજ 'આકાશવાણી' દિલ્હી કેન્દ્ર પરથી કરેલું ભાષણ : આકાશવાણીના સૌજન્યથી)

૨૬મો અધ્યાય આવતી કાલે.....

**સાભાર....**

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક :- શ્રી જ. ગો. સંત

અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૨૬ - એપ્રિલ

## અધ્યાય :- ૨૬ - 'ડૉક્ટરેટ'ની પદવી.

મારે કોલંબિયા યુનિવર્સિટીની L.L.D.ની પદવી (degree) લેવા માટે અમેરિકા જવાનું નિશ્ચિત થયું છે. પરંતુ મને ત્યાં જવાનું બહુ ગમતું નથી. મુંબઈથી આવ્યો ત્યારથી મારી તબિયત ઘણી કથળી ગઈ છે. ડૉક્ટરોના પ્રયત્નોથી પણ કોઈ રસ્તો નીકળ્યો નથી.

મારી તબિયત જેવી હતી તેવી જ છે અર્થાત્ તેનાથી તમારા બધાની ચિંતાનું અને દુ:ખનું કારણ બની ગયું છે. હવે મેં મારી ચિંતા કરવાનું છોડી જ દીધું છે. હવે મારી તબિયત પહેલાંની જેમ સ્વસ્થ-તંદુરસ્ત થશે તેમ લાગતું નથી. ભગવાન બુદ્ધે કહ્યું છે કે, "જેનો જન્મ થાય છે એનું મૃત્યુ નિશ્ચિત જ છે." આપણે તે વાત આપણા મન પર લેવી જોઈએ નહીં.

મારી તબિયતની ચિંતા કરવા કરતાં વધારે વિચાર મારા માથા પરથી આપણા સમાજનાં બધાં કાર્યોની જવાબદારીનો ભાર છે તે લેવાનો છે, અને એ જવાબદારી ઉપાડવા સારુ તમો બધાએ જલદી તૈયાર થવું જોઈએ. મને એવી ખાતરી થઈ જ ગઈ છે કે હવે હું વધુ સમય જીવવાનો નથી.

મારે અમેરિકા જવાના દિવસો હવે ઝડપથી નજીક આવી રહ્યા છે. મારો સ્વભાવ ગરમ હોવાથી અને તેના કારણે સત્તાધારી લોકો સાથે મારે ઘણી વખત સંઘર્ષ થયો હશે, તેમ છતાં હું ભારત વિશે પરદેશમાં કંઈ પણ કડવું બોલીશ એવો ખોટો વિચાર કોઈએ મનમાં લાવવો નહીં. મેં દેશ સાથે ક્યારેય વિદ્રોહ કર્યો નથી. એનાથી ઊલટાનું દેશનું હિત જ મેં કાયમ મારા હૃદયમાં રાખ્યું છે. ગોળમેજી પરિષદ વખતે દેશહિત માટે હું ગાંધીજીથી પણ ૨૦૦ માઈલ આગળ હતો.

હું લોકશાહી જ પસંદ કરું છું. મારે સરકાર સામે જે ટીકા કરવી હોય તે હું અહીંયાં જ કરીશ. પરદેશમાં જઈને સ્વદેશની ખોટી બદનામી કરી નીચ કામ કરનારો હું નથી.


૨૭મો અધ્યાય આવતી કાલે...



સાભાર....

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક :- શ્રી જ. ગો. સંત

અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.... ૨૭ -એપ્રિલ

## અધ્યાય -૨૭ : શૈક્ષણિક કાર્ય

વિદ્યાનું સંપાદન અને તેનો ઉપયોગ

બીજું મહાવિશ્વ યુદ્ધ પૂરું થતાં જ ભારતના અસ્પૃશ્ય સ્નાતકોની પહેલી ટુકડી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પરદેશ જવા માટે નીકળી હતી. મુંબઈમાં તે પ્રસંગે શુભેચ્છા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. ત્યારે તે વખતે વિદ્યા કેવી રીતે પ્રાપ્ત કરવી અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે સંબંધમાં માર્ગદર્શન આપતી વખતે બાબાસાહેબે કહ્યું હતું કે, "વીજળીનો ગોળો (બલ્બ) જેમ સ્વીચ (બટન) દબાવતાંની સાથે જ અંધકારનો નાશ કરીને પોતાના પ્રકાશનું સામ્રાજ્ય નિર્માણ કરે છે, તે જ રીતે શિક્ષણ પ્રાપ્ત કરેલા દરેક વ્યક્તિએ સમાજની અજ્ઞાનતા દૂર કરવા સારુ ઉપયોગી બનવું જોઈએ અને આવા કાર્યને આસાન બનાવવા માટે રેલવેના એન્જિનનું અનુકરણ કરવું જોઈએ. એટલે, રેલવેનું એન્જિન જેમ એક એક ડબ્બાને એકબીજાની સાથે જોડીને રેલવેની ગાડી તૈયાર કરે છે અને તે ગાડી પછી પોતે જ ચાલવા લાગે છે, તેવી જ રીતે સમાજનું ઘડતર કરવા અને તેને આગળ લઈ જવાનું ક્રાંતિકાર્ય ભણેલા માણસે કરવું જોઈએ. જો ભારતના દરેક સમાજમાં ભણેલા લોકો એ માર્ગે જાય તો જ પરંપરાગત ચકરડા સાથે હાથપગ બાંધી મૂકેલી ભારતીય સંસ્કૃતિની સાચી મુક્તિ થશે અને તેમ થાય તો જ ભારત ઉત્કર્ષ પ્રાપ્તિ માટે આગળ વધી શકશે."

ધારા અને ધોરણ

ડૉ. આંબેડકરે પોતાની શિક્ષણ સંસ્થાનું ધ્યેય જાહેર કરતી વેળા સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, "પીપલ્સ એજ્યુકેશન સોસાયટીનું ધ્યેય એ માત્ર શિક્ષણ પ્રસાર કરવાનું જ નથી. પરંતુ બૌદ્ધિક, નૈતિક અને સામાજિક લોકશાહીનો જેના દ્વારા વિકાસ થાય એવી મનોવૃત્તિના ઘડતરનું કાર્ય તેણે શિક્ષણપ્રસારના માધ્યમ દ્વારા કરવાનું છે. આજના ભારતને આજ વાતની જરૂર છે અને ભારત માટે સદિચ્છા રાખનાર બધા લોકોએ આ વાતને ધ્યાનમાં રાખી દેશની અંદર આ રીતે ઘડતર કરવાના કામમાં લાગી જવું જોઈએ."

સિદ્ધાર્થ કૉલેજ ૨૦-૬-૪૬ના રોજ સ્થાપવામાં આવી

"તમારા પ્રિન્સિપાલ સાહેબે હમણાં જ તમને ક્યું કે, "અમારી 'સિદ્ધાર્થ કૉલેજ' હજી બાલ્યાવસ્થામાં છે. તેથી તેણે આપણી પરંપરા હજી પ્રસ્થાપિત કરવાની છે. તેથી આ વ્યાખ્યાન આપવા માટે તમોએ આપેલ તકનો લાભ લઈને હું 'અમારી કૉલેજની પરંપરા' આ વિષય ઉપર જ હવે પ્રવચન કરવાનો છું. પરંતુ પ્રત્યક્ષ મારું પ્રવચન શરૂ થાય તે પહેલાં હું આજકાલના વિદ્યાર્થીઓને બે શબ્દો કહેવા માગું છું. ૧૯૩૭ના વરસથી મારો વિદ્યાર્થીઓ સાથેનો સંપર્ક તૂટેલો છે અને ત્યારતી જ મેં પ્રાધ્યાપકનો વ્યવસાય બાજુએ મૂકીને રાજકારણનો વ્યવસાય સ્વીકાર્યો છે.

"કેટલીયે કૉલેજોમાં મને વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણો આવે છે. પરંતુ તેમનું નિમંત્રણ સ્વીકારવું નહીં એવો મનમાં નિશ્ચય કર્યો છે. સિદ્ધાર્થ કોલેજ અને તેનો એક જ અપવાદ છે. સિદ્ધાર્થ કૉલેજે પોતાની પરંપરા કેવી રીતે પ્રસ્થાપિત કરવી એ હવે હું તમોને કહીશ.

"આપણી કૉલેજનું નામ સિદ્ધાર્થ કૉલેજ છે. આવું નામ કેમ રાખવામાં આવ્યું? મેં જો કોઈ કરોડપતિને કહ્યું હોત તો મને થોડાક લાખ રૂપિયા આસાનીથી મળી શક્યા હોત. પરંતુ તેમ કરવાથી મને તે કૉલેજનું નામ પેલા કરોડપતિના નામે રાખવું પડયું હોત.

"પરંતુ મેં તેવો વિચાર કર્યો નહીં અને આ કોલેજને 'સિદ્ધાર્થ કોલેજ' એ જ નામ રાખવાનું છે એવો નિશ્ચય કર્યો. સિદ્ધાર્થ એ બુદ્ધનું નામ છે એ તો આપ બધા જાણો જ છો. તે જ રીતે આપણી આ સિદ્ધાર્થ કોલેજ હજુ તો નાનું બાળક છે. હજુ તો તેને નવ મહિના પણ થયા નથી. આ કોલેજે તેની પરંપરા સ્થાપિત નથી કરી તેની મને જરાયે નવાઈ નથી લાગતી. કંતુ એટલા ઉપરથી જ આપણી આ નાની સિદ્ધાર્થ કોલેજનું કોઈ ધ્યેય " નથી એવું તમો જરાય ધારતા નહીં. તેના ધ્યેયના કારણે જ આ કોલેજનું "સદ્ધાર્થ કોલેજ' એવું નામ રાખવામાં આવ્યું છે, એ યાદ રાખવું જોઈએ. કના નામે આ કૉલેજ કેમ પ્રસ્થાપિત કરવામાં આવી? બુદ્ધે જ એ ધ્યેય પાણી સામે 'બ્રહ્મજાળ સૂત્ર'માં કહી રાખ્યું છે. એ સૂત્રમાં એવી વાત કહેવામાં આવી છે કે, 'હિન્દુસ્થાનમાં ઔપનિષદિક તત્ત્વજ્ઞાનનો પ્રણ- પ્રસાર થયેલો છે એવી આપણી સમજણ છે. આ તત્ત્વવેત્તાઓને બ્રહ્મા ઉપર વિશ્વાસ છે. એકવાર ઘણાબધા તત્ત્વજ્ઞાની બ્રાહ્મણો ગૌતમને મળવા માટે આવ્યા.

ક્રમશઃ ...૧...

'અમો બ્રહ્મવાદી છીએ' એવું તેમણે ગૌતમને કહેવડાવ્યું છે. ગૌતમના શિષ્યોએ પોતાના ગુરુને કહ્યું : "આપની મુલાકાતની અપેક્ષાથી આ બ્રહ્મવાદી તત્ત્વજ્ઞાનીઓ આપને મળવા માટે આવ્યા છે. તેઓએ એક નવું તત્ત્વજ્ઞાન પ્રસ્થાપિત કર્યું છે અને આ તત્ત્વજ્ઞાનનું મુખ્ય દૈવત એટલે બ્રહ્મ છે, એવું તેઓનું કહેવું છે. ગુરુજ આપને આ વિશે શું કહેવું છે? તે જાણવાની અમો બધાની ઇચ્છા છે."
ગૌતમે આનો જે જવાબ આપ્યો તે ખૂબ જ વિચારવા લાયક છે એવું મને લાગે છે. ગૌતમે એ બ્રહ્મવાદીઓને પ્રશ્ન કર્યો:

"તમોએ બ્રહ્મને જોયો છે શું?"

"નહીં." એવો જવાબ મળ્યો.

"તમોએ બ્રહ્મની સાથે વાત કરી છે?"

" નહીં "

"તમોએ બ્રહ્મ વિશે કંઈક સાંભળ્યું છે પણ છે ખરું?"

"નહીં"

"તમે બ્રહ્મને ચાખી જોયું છે ખરું?" ફરીથી જવાબ આપ્યો : "નહીં."

"તો પછી તમારી પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોએ બ્રહ્મ શું છે તે અનુભવ્યું નથી એમ કહો છો. તો પછી બ્રહ્મ છે, એટલે બ્રહ્માનું અસ્તિત્વ છે એવું તમે શેના આધારે કહો છો?"

આ પ્રશ્નના જવાબમાં બ્રહ્મવાદીઓ કોઈ જ જવાબ આપી શક્યા નહીં !

હવે હું તમોને ગૌતમના હજી એક વ્યાખ્યાન વિશે કહું છું તે બાબતમાં મહાપરિનિબ્બાણ સૂત્રમાં વિવેચન કરેલું જોવા મળી આવે છે. ગૌતમ મરણપથારીએ હતા. તે વખતે ગૌતમ અને તેમના શિષ્યો કુશિનારા એ સ્થળે રહેતા હતા. તે વખતે તેમના મુખ્ય શિષ્યએ ગૌતમને પૂછ્યું : "મહારાજ, આપ આટલા વહેલા નિર્વાણ થઈ શકશો નહીં. હજુ પણ કેટલીક વાતો બાકી રહેલી છે કે જેના વિશે આપે અમોને કોઈ માર્ગદર્શન પણ કર્યું નથી."

બુદ્ધે તેનો જે જવાબ આપ્યો તે ખૂબ જ વિચારણીય છે. તેમણે કહ્યું : હું તમારી વચ્ચે આજ સુધી ચાળીસ વર્ષ રહ્યો છું. એટલે આજે મારી ઉંમર હવે પૂરા એંશી વરસની થઈ છે. હું તમારા વચ્ચે આટલાં વરસો સુધી રહ્યો હોવા છતાં હજુ પણ કેટલાંક ઉચિત જવાબો મારી તરફથી તમોને મળ્યા નથી એવું તમો કહો છો, તેનું મને ભારે આશ્ચર્ય થાય છે ! મારા તરફથી બધા જવાબો ન મળ્યા હોય એ વાત મને અસંભવ લાગે છે. મારા આજ દિન સુધીનાં ચાળીસ વર્ષોના સંભાષણ છતાં કહેવા જેવું હજુ કાંઈ બાકી રહ્યું હોય એવું મને લાગતું નથી. તમારા આ પ્રશ્નના લીધે તમારા મસ્તકમાં કોઈ ગોટાળો થયો છે કે કેમ એવું મને લાગી રહ્યું છે. મેં આજ દિન સુધી તમોને જે કાંઈ શીખવાડ્યું છે તેનો પૂરો બોધ- ઉપદેશ તમોને થયો નથી એવું મને આના ઉપરથી લાગી રહ્યું છે. તમો એક વાત ધ્યાનમાં રાખો અને તે મુજબ વર્તો તેથી તમારો પ્રશ્ન તમે જાતે જ ઉકેલી શકશો. એટલે કોઈ વાત માત્ર તમોને કહું છું એટલે જ તે સત્ય હોવી જોઈએ એવું તમો જરાયે માનશો નહીં ! તે વાત તમારી વિચારશક્તિને, તમારી તર્કશક્તિને સાચી લાગે તો જ તમે તેને સાચી માનો, નહીંતર તમો
તેને ખુશીથી ફેંકી દો એ જ મારી શિખામણ છે."
ગૌતમ બુદ્ધના આમ કહેવાનો મતલબ શું છે ?

તેનો મતલબ એ છે કે, દરેક મનુષ્યને વિચારસ્વાતંત્ર્ય છે, પરંતુ તે સ્વતંત્રતાનો ઉપયોગ તેણે સત્યશોધન કરવામાં કરવો જોઈએ અને ખરેખર સત્ય એટલે છે શું ?

સત્ય એ જ છે કે, જે માણસની પાંચ જ્ઞાનેન્દ્રિયોને અને પાંચ કર્મેન્દ્રિયોને તે સત્ય-સાચું લાગવું જોઈએ, એટલે કે તે સત્ય જોતાં આવડવું, સાંભળતા આવડવું જોઈએ, તેનો સ્વાદ લેતાં આવડવું જોઈએ, તેની વાસ (ગંધ) લેતાં આવડવું જોઈએ અને તેના અસ્તિત્વની સાક્ષી આપતાં આવડવી જોઈએ અને એ સત્ય એટલે જ ઈશ્વર.

ગૌતમે આ ધ્યેયો પોતાના શિષ્યો સામે મૂક્યા હતા અને એ જ ધ્યેયો આપણી સિદ્ધાર્થ કોલેજે અનુસરવાના છે. (૧) સત્યને શોધી કાઢવું અને (૨) જે ધર્મ આપણને માનવતા શીખવાડે તે જ ધર્મનું અનુસરણ કરવું.

આધુનિક વિચારોની પ્રણાલી કઈ દિશામાં વહી રહી છે તેની મને ખબર છે અને હું તમોને એ પણ કહી રાખું છું કે કાર્લ માર્ક્સના તત્ત્વજ્ઞાનથી હું કાંઈ અપરિચિત નથી. તેના ધાર્મિક વિચારોથી પણ હું અપરિચિત નથી. તે કહે છે કે, "ધર્મ એ અફીણ છે." પરંતુ તેનું એ કહેવું મને અમાન્ય છે. મને લાગે છે કે, સત્ય શોધી કાઢવું એટલે સત્યધર્મ. સત્ય અને સત્તા એ બંને પરસ્પર વિરોધી બાબતો છે. શાસ્ત્ર પણ કોઈપણ દૃષ્ટિની પરિપૂર્ણતા માન્ય રાખતું નથી. તેથી સત્ય પણ ક્યારેક ક્યારેક અપૂર્ણ જ હોવાથી તેનું ફરી ફરીથી સંશોધન કરવું જરૂરી છે. તેથી જ દુનિયામાં પૂર્ણપણે પવિત્ર એવું કશું છે જ નહીં.

ક્રમશઃ ....૨...

ધર્મ એટલે સત્ય છે એ વાત આપણે શીખવી જોઈએ. 'न हि सत्यात्परो धर्म:' એ જ આપણો ધ્યેય હોવો જોઈએ. આપણે ક્યારેય બીજાને દુઃખ આપવું નહીં એ જ આપણા ધર્મની સાચી શિખામણ હોવી જોઈએ. સત્ય શોધવાના કામમાં માણસને પૂરી સ્વતંત્રતા મળવી જોઈએ. એ જ આપણી કોલેજનું ધ્યેય છે.

મિલિંદ કૉલેજ

મિલિંદ એ એક ગ્રીક હતો. તેને પોતાની વિદ્વત્તા માટે એવો તો ભારે ઘમંડ હતો કે તે માનતો કે ગ્રીકો જેવા વિદ્વાન લોકો દુનિયામાં બીજે ક્યાંયે જડશે નહીં. તેણે દુનિયાને આ માટે આહ્વાન કર્યું હતું. તેને તો એકવાર એવું લાગ્યું કે મારે પોતે એકાદા બૌદ્ધ ભિક્ષુ સાથે વાદ કરવો જોઈએ. પરંતુ તેની સાથે વાદ કરવા કોઈ જ તૈયાર થતું ન હતું. તેનો આ પડકાર ઝીલવા મહાપ્રયાસે નાગસેન નામના ભિક્ષુને તૈયાર કરવામાં આવ્યા અને તેમણે, મિલિંદની ચેલેન્જને 'આપણે સ્વીકારવી જોઈએ' એમ વિચારી તેને પડકારવાનો નિશ્ચય કર્યો.

નાગસેન બ્રાહ્મણ હતો. સાત વર્ષની ઉંમરે જ તેણે પોતાના મા-બાપનું ઘર છોડી દીધું હતું. એવા આ નાગસેને ભિક્ષુઓનો આગ્રહ માન્ય રાખ્યો. ત્યારબાદ મિલિંદ અને નાગસેન વચ્ચે વાદ-વિવાદ થયો અને તેમાં મિલિંદનો પરાજય થયો. તે વાદ-વિવાદનું એક પુસ્તક પ્રકાશિત થયું છે. તે પુસ્તકનું પાલી ભાષામાં 'મિલિન્દ પન્હે' એવું નામ છે. એ પુસ્તકનું મરાઠી ભાષાંતર 'મિલિંદ પ્રશ્ન' એવું નામ છે. એ પુસ્તકનું શિક્ષકો અને વિદ્યાર્થીઓએ જરૂરથી વાંચન કરવું જોઈએ એવી મારી ઈચ્છા છે. તેમાં શિક્ષકમાં કેવા ગુણ હોવા જોઈએ એ આપેલું છે. તેથી મેં અને મારી સોસાયટીએ એ કૉલેજને 'મિલિંદ મહાવિદ્યાલય' એ નામ આપ્યું અને તે જગ્યાને 'નાગસેન વન' એ નામ આપ્યું છે. મિલિંદ હારી ગયો અને બુદ્ધ થયો તેથી મેં એ નામ રાખ્યું નથી. મેં એ કોલેજનું નામ રાખ્યું છે તે આદર્શભૂત એવું જ છે એવો મારો મત છે.

શિક્ષણસંસ્થાને કોઈ શ્રીમંત વેપારી માત્ર પૈસા દાન આપે છે તે માટે જ તેનું નામ શિક્ષણસંસ્થા સાથે જોડવું એ બહુ જ અનુચિત છે. બૌદ્ધ ધર્મ સાથે સંલગ્ન એવું 'મિલિંદ' એ નામ મહાવિદ્યાલયનું રાખવાનું બીજું કારણ એ છે કે, વિદ્યા એ અન્નની જેમ જ બધા મનુષ્યના માટે ખૂબ જ જરૂરી છે. દરેકને તેનો લાભ મળવો જોઈએ, એવો ઉદાર વિચાર સૌપ્રથમ વાર જો કોઈએ પ્રબોધ્યો હોય તો તે ભગવાન બુદ્ધે જ. તેથી જે અસંખ્ય લોકોને શતકો સુધી અજ્ઞાનતામાં દબાવી રાખવામાં આવ્યા હતા, તેમને સુશિક્ષિત કરવાનો પ્રારંભ કરવામાં બુદ્ધનું અથવા તેના શિષ્યનું નામ યાદ રાખવું જોઈએ એ તો સ્વાભાવિક જ છે.

મુંબઈની સિદ્ધાર્થ કોલેજમાં ૨૯૦૦ અને આ કૉલેજમાં ૬૦૦ વિદ્યાર્થીઓ છે. મેં આ કોલેજનો ઘણો ભાર સહન કર્યો છે.

શ્રી શંકરરાવ દેવે આ કૉલેજને મિલિંદ એ નામ આપવામાં આવ્યું એ વિશે અમારા ધમ્મપદનો શ્લોક તમોને સંભળાવ્યો છે. તે આવો છે. 'अक्रोधेन जयते क्रोधं।' મનુષ્યે ક્રોધને અક્રોધ દ્વારા જીવતો જોઈએ એવું તેમણે કહ્યું છે, કારણ કે હું બહુ જ ક્રોધી છું એ સૌ કોઈ સારી રીતે જાણે જ છે. શ્રી દેવ કહે છે કે, "માણસે ક્રોધ ગળી જવો જોઈએ." તેના પરથી લાગે છે કે દેવનું વાંચન અધૂરું છે. તેમણે સારી રીતે વાંચન કરેલું દેખાતું નથી. ભગવાન બુદ્ધે 'રાગ'ની ઉપર વ્યાખ્યાન આપેલું છે. તે જો દેવે વાંચ્યું હોત તો તેમણે આવા ઉદ્ગાર કાઢયા ના હોત. માલસ ક્રોધી હોય તો તેની ટીકા ન કરવી જોઈએ, કારણ કે રાગ-ક્રોધ એ બે પ્રકારના હોય છે. (૧) દ્વેષમૂલક અને (૨) પ્રેમમૂલક. જે કસાઈ હોય એ કુહાડી-ફરસી લઈને જાય છે તેનો ગુસ્સો એ દ્વેષમૂલક હોય છે. મા પોતાના પુત્રને એક થપાટ મારે તો તેને કોઈ શું કહેશે? તેનો ગુસ્સો પ્રેમમૂલક હોય છે. પુત્રએ સદાચારી બનવું જોઈએ તેથી મા તેના પુત્રને મારતી હોય છે. મારો ક્રોધ પણ પ્રેમમૂલક જ હોય છે. તમારે સમતાથી વર્તવું જોઈએ એટલે હું આવતી કાલની ચિંતા કરવાનો નથી. મેં જે કાંઈ બધું મેળવ્યું છે તે બધું ઝઘડો કરીને જ મેળવ્યું છે. પહેલાં તો માત્ર બ્રાહ્મણ જાતને જ વિદ્યા મેળવવાનો અધિકાર હતો. અમો વિદ્યા મેળવી શક્યા નહીં. અમને વિદ્યા શીખવાની-ભણવાની ઈચ્છા હતી, પરંતુ તે અમોને બ્રાહ્મણોએ લેવા દીધી નહીં. પરંતુ ભગવાને આ નિયમને તોડ્યો.

એકવાર ભગવંતને લોહિક નામના બ્રાહ્મણે પ્રશ્ન પૂછ્યો: "તું બધાને વિદ્યા કેમ શીખવે છે?" આના જવાબમાં ભગવંતે તેને કહ્યું, "જે રીતે મનુષ્ય પ્રાણીને અન્નની જરૂર છે, તે જ રીતે બધાને વિદ્યાની પણ જરૂર છે." આ વિચારસરણી પ્રથમવાર બુદ્ધે જ આ પૃથ્વી પર શરૂ કરી છે. વિદ્યા એ એક વિષ છે, તે એક પ્રકારની તલવાર છે. તે બે ધારી હોય છે. તેનાથી દુષ્ટોનો સંહાર કરી શકાય એન દુષ્ટો સામે પોતાનું રક્ષણ પણ કરી શકાય છે. એટલે જ કહ્યું છે કે,

स्वदेशे पूज्यते राजा ।
विद्वान् सर्वत्र पूज्यते ।।

તમે બધા અહીં વિદ્યા શીખવા માટે આવ્યા છો. પણ મારા મતે 'માત્ર વિદ્યા જ પવિત્ર' હોય શકે નહીં. વિદ્યાની સાથે સાથે જ ભગવાન બુદ્ધે કહેલી પ્રજ્ઞા એટલે કે શાણપણ, શીલ એટલે સદાચરણથી સંપન્ન એવું આચરણ, કરૂણા એટલે સર્વ માનવ જાતિ સાથે પ્રેમભાવ અને મિત્રતા એટલે બધા પ્રાણીમાત્ર સાથેની આત્મીયતા, એ ચાર પારમિતા હોવી જોઈએ તો જ વિદ્યાનો કાંઈક ઉપયોગ થયો ગણાય. વિદ્યા, પ્રજ્ઞા, કરુણા, શીલ અને મિત્રતા આ પાંચ તત્ત્વો અનુસાર મિલિંદ મહાવિદ્યાલયના દરેક વિદ્યાર્થીએ પોતાનું ચારિત્ર્યઘડતર કરવું જોઈએ અને આ માર્ગે જો માત્ર એકલાએ જ જવું પડે તો પણ આત્મબળ અને નિષ્ઠા રાખીને એ માર્ગે જવું જોઈએ. *ત્ર પારકી બુદ્ધિને છોડીને પોતાના આત્મવિશ્વાસ અને પોતાની વિવેકબુદ્ધિમી જે માર્ગ આપણને યોગ્ય લાગે તે જ માર્ગે આગળ વધવું જોઈએ.

ક્રમશઃ ...૩....

### વિદ્યાનું મહત્ત્વ

ડૉ. બાબાસાહેબ આંબેડકરે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી તરફથી ઔરંગાબાદ ખાતે ૧૯૫૦ની સાલમાં મિલિંદ વિદ્યાલયની સ્થાપના કરી. કોલેજના શિલાન્યાસ સમારંભ માટે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ ૧ સપ્ટેમ્બર, ૧૯૫૧ના રોજ ઔરંગાબાદ આવ્યા હતા. તે પ્રસંગે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિનું પોતાની સંસ્થા વતી તેમજ પોતાના વતી તેમનું સન્માન કર્યા બાદ ડૉ. આંબેડકરે પોતાના ભાષણમાં શિક્ષણનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, “હિંદુ સમાજના નીચલા વર્ગમાંથી હું આવ્યો છું, તેથી જીવનમાં શિક્ષણનું મહત્ત્વ કેટલું છે તેની મને પૂરેપૂરી ખબર છે. નીચલા વર્ગના લોકોને સુધારવા માટે ચોક્કસ રીતે શું કરવું જોઈએ? તે બાબતે વિચારવામાં આવતું હોય ત્યારે મુખ્યત્વે આ વર્ગના આર્થિક પ્રશ્નોનો જ વિશેષ ઉલ્લેખ થતો હોય છે અથવા તો ‘નીચલા વર્ગના લોકોના આર્થિક પ્રશ્નો હલ કરવામાં જ તેમની સારી પ્રગતિ છે, એવું માનવામાં આવે છે. પરંતુ માત્ર એવું જ જો માનવામાં આવે તો તે એક મોટી ભૂલ જ કહેવાય. ભારતના નીચલા વર્ગોના ઉત્કર્ષનો કે પછી તેમની મુક્તિના માર્ગે લાવવા એટલે આ દેશની પ્રાચીન સમાજ વ્યવસ્થા મુજબ પ્રથમ તેમની ખાવા-પીવાની અને કપડાં- લત્તાની મફત સગવડ કરી દઈને તેમને ઉચ્ચ વર્ણના લોકોની સેવા કરવા માટે - ગુલામી કરવા માટે તૈયાર કરવા એવું નથી ?! પરંતુ માણસ-માણસ વચ્ચેની ઊંચ-નીચની અને શ્રેષ્ઠ-કનિષ્ઠના ભેદભાવની જે હીનભાવના છે તે જ તેમની પ્રગતિને ઝૂંટવીને બીજાના ગુલામ બનાવી રાખતી હોય છે. ને ઝેરીલી પરંપરામાંથી તેમને મુક્ત કરવા એટલે જ તેમનો સાચો ઉદ્ધાર કર્યો ગણાય. આ માટે નીચલા સ્તરના લોકોના મનમાં વિવેકબુદ્ધિને જગાડીને વ્યક્તિગત અને રાષ્ટ્રીય જીવનના મહત્ત્વની જાણ તેમને થાય અને આજ સુધીની જે સમાજવ્યવસ્થામાં તેઓ જીવતા હતા તે સમાજવ્યવસ્થાએ તેમની સાથે કેવી છેતરપિંડી કરી છે, તે તેમને સમજાવવું જોઈએ. આવું કાર્ય આ દેશમાં માત્ર ઉચ્ચશિક્ષણ સિવાય ક્યારેય સંભવી શકે તેમ નથી. તેથી જ મારા મત મુજબ ભારતના બધા જ પ્રકારના સામાજિક પ્રશ્નોનો હલ એ માત્ર શિક્ષણનો પ્રચાર-પ્રસાર એ જ એકમેવ અને સર્વશ્રેષ્ઠ માર્ગ છે.

૨૮ મો અધ્યાય આવતી કાલે......

**સાભાર**

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૨૮ - એપ્રિલ

## અધ્યાય :- ૨૮ - ગામડાંઓ તરફ ધ્યાન રાખવું

૨૫ વર્ષ પહેલાં રાજકારણમાં પ્રવેશ કરતી વેળા મારા જીવનના ત્રણ ઉદ્દેશો હતા. પ્રથમ ઉદ્દેશ હતો, અસ્પૃશ્યોના ઘરેઘરમાં જ્ઞાનગંગાનો પ્રવાહ પહોંચાડવો. આ મારો ઉદ્દેશ ઘણાંખરા અંશે સફળ થયો છે, અને શિક્ષણ ક્ષેત્રમાં અસ્પૃશ્યો આગળ પડતા ના હોય છતાં થોડાક જ સમયમાં તેઓ જરૂરી પ્રગતિ કરી શકશે એવો મને આત્મવિશ્વાસ છે. સરકારી નોકરીઓમાં અસ્પૃશ્ય સમાજના લોકોને વ્યાપક પ્રતિનિધિત્વ મેળવી આપવું એ મારા કાર્યનો બીજો ઉદ્દેશ હતો. મારા પ્રયત્નોને મળેલી કામયાબી આજે તમોને દેખાય જ છે. પરંતુ ગામડામાં રહેનારા મારા અસંખ્ય દલિતોની પરિસ્થિતિ સુધારવી એ મારો ત્રીજો ઉદ્દેશ જેટલો જોઈએ તેટલો સફળ થઈ શક્યો નથી, તેથી મેં મારું બાકી રહેતું આયુષ્ય અને મારી તમામ શક્તિ ગામડાની અસ્પૃશ્ય જનતાની દરેક બાબતે સુધારણા કરવા પાછળ જ વાપરવાનો નિશ્ચય કર્યો છે.

ગામડાંના અસ્પૃશ્યો જ્યાં સુધી ગામડાં છોડીને શહેરમાં રહેવા આવશે નહીં ત્યાં સુધી તેમની જીવનસ્થિતિ સુધરવાની નથી. અમારા ગામડાંમાં રહેનારા અસ્પૃશ્યોનો બાપ-દાદાના ગામમાં રહેવાનો મોહ છૂટતો નથી. તેમને લાગે છે કે, ત્યાં જ પોતાની રોજીરોટી લખાયેલી છે. પરંતુ રોજીરોટી કરતાં સ્વાભિમાન વધુ મહત્ત્વનું છે. જે ગામમાં તેમની સાથે કૂતરાની જેમ 'હડ...હડ' કરી માનભંગ કરવામાં આવતું હોય, જે ઠેકાણે ડગલે ને પગલે માનભંગ થાય છે, ક્યાં તેમને અપમાનિત થઈ ત્યાંનાં બધાં જ કામો તેઓએ જાતે—પોતે જ કરવાં જોઈએ. સ્વાભિમાન વગરનું જીવન જીવવું પડે છે તે ગામડું શું કામનું ?

ગામડાંના આ અસ્પૃશ્યોએ ત્યાંથી બહાર નીકળીને જ્યાં પણ બિનઉપયોગી જમીન હોય તેને કબજામાં લઈને નવું ગામ વસાવીને સ્વાભિમાન સાથે- માણસાઈ સાથેનું જીવન જીવવું જોઈએ અને ત્યાં જ નવો સમાજ ઊભો કોવો જોઈએ, જેથી આવા ગામમાંથી તેમને કોઈ અસ્પૃશ્ય તરીકે અપમાનિત કરશે નહીં.

૨૯મો અધ્યાય આવતી કાલે...

સાભાર...

પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક :- શ્રી જ. ગો. સંત

અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ..... ૨૯ - એપ્રિલ

## અધ્યાય :- ૨૯ - હું બુદ્ધ તરફ કેમ વળ્યો ?

મારા પિતા અત્યંત ધાર્મિક વૃત્તિના હતા અને તેમણે મને કઠોર ધાર્મિક શિસ્તમાં જ નાનપણથી મોટો કર્યો હતો. મારા નાનપણમાં મારા પિતાના ધાર્મિક જીવનમાં મને કેટલીક વિસંવાદિતાઓ જોવા મળી. તેઓ કબીરપંથી હતા. તેના કારણે તેમને મૂર્તિપૂજા ઉપર વિશ્વાસ નહોતો.

તેમણે તેમના પંથનાં પુસ્તકો વાંચી કાઢ્યાં હતાં. તેની સાથે સાથે જ રોજ રાત્રે ઊંઘવા જતા પહેલાં રામાયણ-મહાભારતમાંના કેટલાંક ઉદાહરણો- અવતરણો અમારા ઘરે આવનારા લોકોને, તે જ રીતે મારી બહેનને તે વાંચી સંભળાવવા માટે તેઓ મને અને મારા મોટાભાઈને કહેતા. આવો પ્રકાર ઘણાં જ વર્ષોથી ચાલતો આવતો હતો.

હું ચોથા ધોરણની પરીક્ષામાં પાસ થયો એટલે મારી જાતિના લોકોને આ ઘટનાને જાહેર સભા ભરીને ગૌરવ કરવા જેવી લાગી. પરંતુ મારા પિતાએ આ વાતને માન્ય કરી નહીં ને એ માટે પરવાનગી આપી નહીં. આના કારણે મારા મનમાં 'હું કાંઈક છું' એવો ભાવ, એવી મગરૂરી મારામાં આવી જશે એવી તેમની ધારણા હતી. આમ, પણ એક પરીક્ષામાં પાસ થવા સિવાય એનાથી વિશેષ મેં શું કર્યું હતું? મારા પિતાજીએ એનો ઈનકાર કર્યો. આખરે આ નારાજ થયેલા લોકો દાદા કેળુસકર પાસે ગયા. દાદા કેળુસકરે મારા પિતાને મળીને તેમનું મન મનાવ્યું, રાજી કર્યા. આખરે તેઓ આ રીતે સભા ભરવા માટે રાજી થયા. દાદા કેળુસકર તે સભાના પ્રમુખપદે હતા. તે સમયે તેમણે મને પોતે લખેલા બુદ્ધના જીવન ઉપરનું પુસ્તક ભેટ તરીકે આપ્યું. મેં તે પુસ્તક ભારે ઉત્સુકતાથી વાંચ્યું અને તેમાંના કેટલાક પ્રસંગોથી અક્ષરશઃ પ્રભાવિત થઇ ગયો. 'મારા પિતાએ મને આ પહેલાં બૌદ્ધ સાહિત્યનો પરિચય કેમ ના કરાવ્યો? એવા કેટલાક પ્રશ્નો મારા મનમાં ઊઠ્યા અને મનમાં પીડા થઈ એટલે મેં ખૂબ જ સહજ રીતે તેમને પૂછ્યું : "જે ગ્રંથમાં માત્ર બ્રાહ્મણ અને ક્ષત્રિયોનું ગૌરવ, શાન બતાવવામાં આવ્યાં છે અને શૂદ્ર અને અસ્પૃશ્યોની નિંદા, બૂરાઈ ને બદનામી કરવામાં આવી છે તેવા 'મહાભારત' અને 'રામાયણ' જેવા ગ્રંથો વાંચવા તમો મને પ્રેમ કહો છો ?" મારા પિતાને મારો આ પ્રશ્ન રૂચ્યો નહીં. ગમ્યો નહીં અને તેમણે મને, "આવા મૂર્ખા જેવા પ્રશ્નો મને પૂછ નહીં." એવું કરીય તેમણે મને ચૂપ કરી દીધો.

મારા પિતા પોતાની ધાક જમાવનારાઓની વૃત્તિવાળા હતા. આમ છતાંયે હું ધીરજ રાખીને શાંતિથી તેમને પૂછી રહ્યો હતો. કેટલાક દિવસો પસાર થયા પછી ફરી પાછું મેં તેમને આ બાબતમાં પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું : 'આપણે અસ્પૃશ્ય જાતિના છીએ અને તેના કારણે તારામાં હીનતાની-લઘુતાની હીન ભાવના પેદા થવાની શક્યતા છે. પરંતુ 'મહાભારત' અને 'રામાયણ'ને વાંચવાથી આ હીનભાવના મનમાંથી કાઢી નાખવામાં મદદરૂપ થશે. દ્રોણ અને કર્ણ એ અત્યંત નાના માણસો પણ કેટલા ઊંચા સ્થાન સુધી પહોંચ્યા છે એ સમજવા જેવું, જોવા જેવું છે. વાલ્મીકિ એ કોળી હોવા છતાંયે તેઓ રામાયણના રચયિતા બન્યા. તેના કારણે તારામાંથી હીનતાની હીનભાવના દૂર થાય અને તને ખબર પડે કે પોતાના સ્વબળ અને મજબૂત મનોબળથી આગળ વધી શકાય છે, એ તને સમજાય એટલે હું તને 'રામાયણ'-'મહાભારત' વાંચવાનું કહેતો હતો." મને મારા પિતાજીની દલીલમાં તથ્ય જણાયું.

ક્રમશઃ .....

મારા પિતાએ જે વિવેકબુદ્ધિથી જવાબ આપ્યો તેમાં ખૂબ જ તથ્ય સમાયેલું હતું. પરંતુ તે પુસ્તકના સારાંશથી મારા મનને સંતોષ થયો નહીં. 'મહાભારત'માંની એક પણ વ્યક્તિનું ચરિત્ર મારા મનને આકર્ષી શક્યું નહીં, એ મેં મારા પિતાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું: "મને ભીષ્મ, દ્રોણ કે કૃષ્ણ કોઇ જ આકર્ષી શક્યા નથી. ભીષ્મ અને દ્રોણ મને ઢોંગી લાગે છે, તો કૃષ્ણને છળકપટ, ધોખાબાજી કરવામાં સંકોચ થતો નથી. તેનું તો સારુંયે જીવન આ જ કામથી રોકાયેલું છે. તેવી જ રીતે 'રામાયણ' મને ગમ્યું નથી. તેનો શૂપર્ણખા સાથેનો વ્યવહાર જુઓ, વાલી-સુગ્રીવના પ્રકરણમાં તેનો વ્યવહાર જુઓ અને સીતા સાથે તેણે કરેલો ક્રૂર વ્યવહાર જુઓ.

મારા પિતાએ, મને શાંતિથી ચૂપ રહીને મારું કહેવાનું સાંભળી લીધું. તે બાબતમાં તેઓ એક શબ્દ પણ બોલ્યા નહીં. મારા મનમાં વિદ્રોહ પેદા થયો છે એ તેમના મનમાં આવી ગયું. આ બધાના કારણે હું બુદ્ધ તરફ વળ્યો. તેમના તરફ હું નિર્વિકાર મનથી ઝૂક્યો નથી, પરંતુ નિશ્ચિંત મનથી બુદ્ધે મને મોહી લીધો છે. ઈતર વ્યક્તિઓના ચરિત્ર-ચિત્રણમાં સમાનતાનો ભારે ભેદ હોવાના કારણે તે ઉંમરમાંયે બુદ્ધ મને ગમ્યા.

બુદ્ધ અને તેમના ધમ્મ આ વિષયમાં મારી ઉત્સુકતાયે આવી રીતે મારા નાનપણથી મારામાં નિર્માણ થયેલી છે. આ પુસ્તક લખવાની પ્રેરણા મને જુદાં જ કારણોને લીધે મળી. કલકત્તાના મહાબોધી સોસાયટીના મુખપત્રના સંપાદકે ૧૯૫૧ની સાલમાં તેમના વૈશાખી વિશેષાંક માટે ખાસ લેખ લખવા માટે કહ્યું હતું. તે લેખમાં મેં એવી દલીલ કરી હતી કે, વિજ્ઞાનથી જાગૃત થયેલો સમાજ જેને સ્વીકારશે એવો બુદ્ધ ધમ્મ એ જ એકમાત્ર ધર્મ છે. તેના વિના આ સમાજ નષ્ટ થશે. મેં તેમાં એવું વિવેચન કર્યું હતું કે આજના આ આધુનિક જગતમાં બુદ્ધ ધમ્મ એ એવો એક જ ધર્મ છે જે માનવજાતનું રક્ષણ કરી શકશે.

બૌદ્ધ ધમ્મની પ્રગતિ ખૂબ જ ધીમી થઇ ગઇ છે. એનું કારણ એ છે કે, તેનું સાહિત્ય એટલું બધું છે કે તેને કોઇ વાંચી શકશે નહીં અને ખ્રિસ્તીઓના પ્રમાણે તેમનું પોતાનું 'બાઇબલ' જેવો કોઇ ગ્રંથ નથી. મેં તે લેખ લખતાં જ મને આવા પ્રકારનો ગ્રંથ લખવાની બાબતમાં અનેકોએ પત્ર લખીને અનુરોધ કર્યો. તેમના આ પત્રો મુજબ મેં 'બુદ્ધ અને તેમનો ધમ્મ' આ ગ્રંથ લખવાનું મનમાં નક્કી કર્યું.

આ ગ્રંથ તેમની ઇચ્છાપૂર્તિ માટે કેટલો સફળ નીવડ્યો છે એ તો વાચકોએ નક્કી કરવાનું છે. આ ગ્રંથમાં મેં કાંઇ નવીન કહ્યું છે એવો મારો કોઇ દાવો નથી. મેં તો ફક્ત બૌદ્ધવિચારોનું સંપાદન કર્યું છે. તેની રજૂઆત વાચકોને ગમશે એવો મને વિશ્વાસ છે. તે સારુંયે સાહિત્ય એકદમ સાદી અને સરળ ભાષામાં બધા જ લોકો ખૂબ જ સહજ રીતે સમજી શકે એવી ભાષામાં આલેખ્યું છે.

બૌદ્ધ ધમ્મનું સમ્યક્ જ્ઞાન મળી રહે તે માટે જે ત્રણ પુસ્તકો છે તે પૈકીનું આ એક પુસ્તક છે. બીજા બે પુસ્તકો છે : (૧) બુદ્ધ અને કાર્લ માર્ક્સ (૨) પ્રાચીન ભારતમાંની ક્રાંતિ અને પ્રતિક્રાંતિ.

આ ગ્રંથો પણ હું જુદા જ લખીને પ્રસિદ્ધ કરવાનું વિચારું છું.

30મો અધ્યાય આવતી કાલે.....

**સાભાર....**
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estd. Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૩૦ -એપ્રિલ

### અધ્યાય -૩૦ : બુદ્ધમ્ શરણં ગચ્છામિ

હું દસ-બાર વર્ષનો હતો ત્યારે મારા પિતા કબીરપંથી સાધુ હતા એ વાત મને ત્યારથી યાદ છે. મારા પિતાના ઘરને ધર્માસન કહી શકાય તેમજ વિદ્યાસન પણ કહી શકાય. મારા પિતા વિદ્યાના ભક્ત હતા તે જ રીતે ધર્મના પણ ચાહક હતા. મારા નાનપણમાં રામાયણ, મહાભારત વાંચવાથી મારા મન ઉપર ઘણી મોટી અસર થઈ હતી. મારા પિતા કહેતા કે, “આપણે ગરીબ છીએ એટલે બીવાની કોઈ જરૂર નથી. તું વિદ્વાન કેમ ન બની શકે?” એકવાર હું કોઈક પરીક્ષામાં પાસ થયો હતો તે વખતે અમે રહેતા હતા એ ચાલીના લોકોએ મારા પિતાની અનિચ્છા હોવા છતાં દાદા કેળુસકરની મદદથી મારો સત્કાર-સન્માન કરવાનું નક્કી કર્યું. મારા પિતાજીએ કહ્યું, “સત્કાર નથી કરવો, છોકરાઓનો આવો સત્કાર કરવાથી તેને લાગશે કે પોતે મોટો નેતા બની ગયો છે એવું લાગે છે.” તે વખતે તો છેવટે સત્કાર થઈ જ ગયો અને દાદા કેળુસકરે મને બુદ્ધના ચરિત્રનું એક સુંદર પુસ્તક ભેટ તરીકે આપ્યું. તે પુસ્તક વાંચવાથી મારામાં કોઈક જુદો જ પ્રકાશ પથરાયો. મારૂતી, સીતા, રામ વનવાસમાં ગયા. એક ધોબીના કહેવાથી સીતાનો ત્યાગ, કૃષ્ણની સોળ હજાર પત્નીઓ, એ વાતો મને ગમે તેમ પણ ભયંકર જ લાગી. આ બધીયે વાતો મારા મનને ગમી જ નથી. પરંતુ બુદ્ધચરિત્રના અભ્યાસથી મને હજુ વધુ અભ્યાસ કરવા જેવું લાગ્યું. આજે પણ તે ધર્મનું આકર્ષણ મારા મન પર કાયમનું છે અને મને તો પૂરી ખાતરી જ છે કે આ જગતનું કલ્યાણ માત્ર બૌદ્ધ ધમ્મ જ કરી શકશે.

મારા પિતા કહેતા કે આપણે ગરીબ છીએ પરંતુ આપણી મહત્ત્વાકાંક્ષા બહુ જ તીવ્ર હોવી જોઈએ. મહાભારતના દ્રોણાચાર્ય ગરીબ હતા. દ્રોણના છોકરાને તેમની માતા પાણીમાં બાજરીનો લોટ ઓગાળીને તે દૂધ છે એમ કહીને તેને પીવડાવતી હતી. કર્ણ પણ ગરીબીમાંથી જ ઉપર આવ્યો. મહાન પુરુષો હંમેશા જ ગરીબીમાંથી જન્મે છે. હાથમાં આવેલું ગૌતમ બુદ્ધનું ચરિત્ર વાંચીને મારું મન ખળભળી ઊઠ્યું.

ઉચ્ચ શિક્ષણ માટે હું અમેરિકા ગયો. ત્યાં પણ મેં બુદ્ધ ધમ્મનો ઘણો અભ્યાસ કર્યો. બુદ્ધ ધમ્મ શું છે તે જાણી લેવા માટે જ બુદ્ધ ચરિત્રથી મનમાં ઊઠેલા ખળભળાટને શાંત કરવા માટે મેં ત્યાં ઘણું વાંચન કર્યું. ઘણો વિચાર કર્યો. ત્યારે મને હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચેનો ફરક શું છે એ હું જાણી શક્યો. બૌદ્ધ ધર્મ માટેનું મારું ગાંડપણ ઘણું જ જૂનું છે.

**બુદ્ધ ધર્મ એટલે શું?**

ગૌતમ બુદ્ધને પાંચ શિષ્યો સર્વપ્રથમ મળ્યા. તેમને પંચવર્ગીય ભિક્ષુ કહેવામાં આવે છે. એકંદરે ૪૦ શિષ્યો થયા પછીથી બુદ્ધને લાગ્યું કે, મારે પોતે શિષ્યોને આજ્ઞા આપવી જોઈએ ને ધર્મના પ્રચાર માટે દૂર દૂર મોકલવા જોઈએ. તે વખતે બૌદ્ધ ધર્મની વ્યાખ્યા ગૌતમ બુદ્ધે શિષ્યોને બતાવી તે આવી છે, "बहुजन हिताय, बहुजन सुखाय, लोकानुकंपाय, हिताय सुखाय, देवमनुस्सानम्, आदिकल्याणम्, अंतिमकल्याणम् ।"

બુદ્ધ ધર્મ એ બહુજન લોકોના હિત માટે, સુખ માટે, તેમના પર પ્રેમ કરવા માટે છે. આ ધર્મ માત્ર માણસો જ સ્વીકારે તેનાથી નહીં ચાલે, પરંતુ દેવોએ પણ તેનો સ્વીકાર કરવો જોઈએ. જે રીતે શેરડી તેના મૂળમાં પણ મીઠી હોય છે, વચ્ચેના ભાગમાં પણ મીઠી હોય છે, છેવટના છેડાના ભાગમાં પણ મીઠી હોય છે. તે જ રીતે બુદ્ધ ધર્મ શરૂઆતમાં પણ કલ્યાણકારક છે, મધ્ય ભાગમાં પણ કલ્યાણકારક છે અને છેવટે પણ કલ્યાણકારક જ છે. આ ધર્મનો આદિ, મધ્ય, અંત બધું જ મીઠું, હિતકારી અને કલ્યાણકારી છે. ધર્મ એ દરેક મનુષ્ય માત્રના જીવન માટે અત્યંત આવશ્યક અને પોષક છે. બીજા ધર્મોની માફક આત્મા શું છે? તે ક્યાં બેઠો છે? એની મને ખબર નથી. એ અંગૂઠા જેવડો છે કે તે

ક્રમશઃ..૧...

કાળજાની નજીક બેઠો છે, કોને ખબર ? દેવ મને હજુ સુધી દેખાયો નથી. હિંદુ ધર્મમાં દેવ, આત્માને જગ્યા છે પણ મનુષ્યને જીવવા માટે ક્યાં જગ્યા છે ?

બુદ્ધ ધર્મનું અધિષ્ઠાન

બુદ્ધ ધર્મમાં કોઈ ભેદભાવ માત્ર નથી. સર્વત્ર સમ સમાનતા દેખાશે. બુદ્ધ ધર્મમાં દેવ, આત્મા વગેરેનો વિચાર કરવામાં આવ્યો નથી, પરંતુ જાણે માણસ સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ વાતનો વિચાર કર્યો હોવાનું કળાય છે. એ ધર્મમાં નીતિના સંબંધો કહેલા છે. એ સદ્ધર્મ છે. બાકીના કર્મો ખોટા છે. બ્રાહ્મણ અને પૂજારીઓએ હિંદુ ધર્મ બનાવ્યો છે. બુદ્ધ ધર્મમાં મોક્ષ મેળવી આપવા માટે ક્રિશ્ચિયન લોકોની જેમ પાદરી નથી અને આત્માને સદ્ગતિ આપનાર, પૂજાવિધિ અને યજ્ઞવિધિ-યજ્ઞયાગ કરનાર બ્રાહ્મણ તો મૂળેય નથી.

જે ધર્મ માણસનું કલ્યાણ કરવા માટે મદદરૂપ થાય તે જ સાચો ધર્મ. બુદ્ધ ધર્મનું અધિષ્ઠાન એ જીવનમાં કલ્યાણ સાધવા માટે અત્યંત આવશ્યક છે, તેથી જ આ ધર્મની મહત્તા છે.

ધર્મનો શાસક કોણ ?

ભગવાન બુદ્ધના નિર્વાણ થયાને ૨૫૦૦ વર્ષ થઈ ગયા. છતાં હજી પણ એ ધર્મ જોરશોરથી ફેલાતો જ રહ્યો છે. આનો કોઈ શાસક નથી કે સર્વાધિકારી નથી. ભગવાન બુદ્ધના અંતકાળે તેમના શિષ્યએ પૂછ્યું : "ભગવંત, તમારા મરી ગયા પછીથી તમારા આ ધર્મનું શું થશે ? આના માટે કોઈ શાસક રાખો."

ત્યારે ભગવંતે જવાબ આપ્યો:

"મારી ગેરહાજરીમાં ધર્મ એ જ તમારો શાસક-વડો છે. તેનું જો પાલન ના કરતા હોવ તો તેનો શો ઉપયોગ? વિશુદ્ધ મનથી સ્વીકારેલો ધર્મ એ જ તમારો શાસક છે."

ધર્માંતર ક્યારે ?

આપણે આજે કે આવતી કાલે ધર્માંતર તો કરવું જ પડશે. પરંતુ તે માટે વધુ ઊંડાણથી વિચાર કરવાની જરૂર નથી લાગતી શું ? ભાઈ, અત્યારે જ તો મેં ક્યાં ધર્માંતરની નાવ તૈયાર કરી છે? આ માટે નાવ દ્વારા જ આપણી બધી જ સાત કરોડની જનતા એમાં બેસીને સામે કિનારે જવાની છે. પરંતુ તે નાવનું સુકાન પૂરી રીતે મારા હાથમાં છે. તેથી એ માણસોથી ખીચોખીચ ભરેલી નાવ ક્યાંક વાવાઝોડામાં ફસાઈ ના જાય, તૂટી ના જાય કે ક્યાંય સંકટમાં ફસાઈ ના જાય કે ખડક પર અફળાઈને ના તૂટી જાય આ બાબતમાં અગાઉથી સાવધાની રાખવી જરૂરી નથી શું ? આટલા બધા સંકટો પાર કરીને જો આપણે સુરક્ષિત સામે પાર પહોંચી જઈએ તો ત્યાં આપણે પાગલની જેમ આમતેમ દોડવાનો વારો ના આવે. એ બધી વાતોનો હું શાંતિથી વિચાર કરી રહ્યો છું અને જયાં સુધી મને આમાંથી નિશ્ચિત માર્ગ મળતો નથી ત્યાં સુધી હું એ વાતોને વધુ પડતી જોરથી ચાલના આપનાર નથી.

ઓહો, આજે આપણે શીખ ધર્મ તરફ ખેંચાઈ રહ્યા છીએ તે જોઈને ક્રિશ્ચિયન સમાજ અને મુસલમાન સમાજ મારી પાછળ પડયો છે. માત્ર આટલું જ નહીં પણ તેઓ આ ક્ષણે તેમનો ધર્મ સ્વીકારવા માટે સારા એવા સાત કરોડ રૂપિયા પણ આપવા માટે તૈયાર થયા છે. પરંતુ માત્ર સાત કરોડ રૂપિયા મળશે એટલા જ માટે તેમનો ધર્મ સ્વીકારીને મારે મારા બંધુઓને ખાડામાં ધકેલવા નથી.

જે ધર્મ મારી સદ્વિવેક બુદ્ધિને સ્વીકાર્ય હશે, મારા મનને પૂરી ખાતરી- સંતોષ થશે ત્યારે જ મેં તૈયાર કરેલ ધર્માંતરની નાવમાં મારા સાત કરોડ બાંધવોને બેસાડીને તેમને એકદમ સુરક્ષિતપણે સામેના કિનારે લઈ જઈશ અને તેમનું જીવન સ્થિર કરી આપીશ.

જ્યારે મારા ગરીબ, દીન, હીન અસ્પૃશ્યોનો દરજ્જો એટલો બધો ઊંચો લઈ જવો છે કે તેમનામાંથી દરેક જણ પતિયાળા અને હૈદરાબાદ જેવા સંસ્થાન-રાજયના રાજકર્તા થઈ શકશે.

ક્રમશ:..૨...

ધર્મ ગ્રંથરાજ

હવે આપણે બૌદ્ધ ધર્મનો પ્રસાર કેવી રીતે કરી શકીશું તે બાબતે વિચાર કરીશું. ધર્મનો પ્રસાર કરવા માટે ત્રણ વાતોની જરૂરિયાત છે.

(૧) ખ્રિસ્તી ધર્મના બાઇબલ જેવો જગત માટે બૌદ્ધ ધર્મનો ધર્મગ્રંથ તૈયાર કરવો એ પ્રથમ જરૂરિયાત છે.

(૨) ભિક્ષુ સંઘના બંધારણમાં, ધ્યેયમાં અને ધ્યેય સાધનાના માર્ગમાં જરૂરી હોય તે ફેરફાર કરવા એ બીજી વાત છે.

(૩) અખિલ જાગતિક બુદ્ધ સેવા સંઘ-વિશ્વવ્યાપી બુદ્ધ સેવા સંઘ નિર્માણ કરવો એ ત્રીજી જરૂરિયાત છે.

બૌદ્ધ ધર્મનો ધર્મગ્રંથ તૈયાર કરવો એ પ્રથમ બહુ જ જરૂરી એવી બાબત છે એ તો મેં ઉપર જણાવેલું જ છે. જનતા સહજ રીતે પોતાની પાસે રાખી શકે એવું બાઇબલ, કુરાન, ગીતા વગેરે જેવું. બીજા ધર્મોના ગ્રંથ સહજ રીતે ઉપલબ્ધ હોવાથી તે ધર્મોના લોકોને સારી એવી સગવડ થઈ ગઈ છે. બૌદ્ધ ધમ્મનો એવો ગ્રંથ ના હોવાથી બૌદ્ધ ધર્મીઓ માટે બહુ જ મુશ્કેલીઓ થાય છે. હિંદી ધમ્મપદથી એ મુશ્કેલી દૂર થઈ નથી. દરેક ધર્મ શ્રદ્ધાના આધારે ઊભો થતો હોય છે. વિશિષ્ટ ધર્મ મત અને નીરસ માથાકૂટ કરવાથી સાચી શ્રદ્ધા સચવાતી નથી. હિંદી ધમ્મપદોની રચના એવી કોઈપણ વાતોના આધારે તૈયાર થઈ નથી. એ ગ્રંથમાં માત્ર નીરસ ધાર્મિક માથાકૂટ કરીને શ્રદ્ધા નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો દેખાય છે. નવા બૌદ્ધ ધર્મના બાઇબલની રચના કરતી વેળા તેમાં બુદ્ધ ચરિત્ર, ચીની ધમ્મપદ, બુદ્ધનો સંવાદ, જન્મ, મૃત્યુ, લગ્ન વગેરે પ્રસંગે કરવાના કેટલાક વિધિ અને સંસ્કાર વગેરેની સરસ ગૂંથણી કરવી જોઈએ. એવો ગ્રંથ તૈયાર કરવામાં તેની ભાષા તરફ પણ ધ્યાન આપવું પડશે. ગ્રંથની ભાષા જીવંત અને નાળિયેરના પાણી જેવી મધુર હોવી જોઈએ. આ ગ્રંથના વાંચનથી માણસની ઊંઘ ઊડી જઈને તેની વિચારશક્તિ જાગૃત થવી જોઈએ. આ ગ્રંથની લેખનશૈલી પણ અનુગ્રહરૂપી, સરળ, ઉત્તેજક અને વાચક એકાગ્ર બની જાય એવા દરજ્જાની હોવી જોઈએ.

છેલ્લાં પાંચ વર્ષથી હું બૌદ્ધ ધર્મ અંગે એક પુસ્તક લખવામાં ઓતપ્રોત હતો. એ પુસ્તકનું પ્રકાશન મારી ધર્મદીક્ષા પહેલાં વૈશાખ મહિનામાં થાય તે માટે હું મુંબઈ આવી ગયો. પરંતુ હું એક વિલક્ષણ બીમારીને કારણે એ પુસ્તક લખીને પૂરું કરી શક્યો નહીં. એ પુસ્તકનાં ૭૦૦ પાનાં છે અને તે અંગ્રેજી ભાષામાં હોવાથી આપણામાંથી ઘણાંને તે સમજવામાં મુશ્કેલી થશે. તેથી હું વહેલી તકે તેનું મરાઠી ભાષાંતર કરાવનાર છું. માત્ર આ જ કામને કારણે હું રંગૂન જઈ શક્યો નહીં.

હું મારું ધર્માંતર ઓક્ટોબરમાં મુંબઈ ખાતે કરનાર છું. તે પહેલાં આ ધર્મ વિશે મારું એક પુસ્તક હું પ્રકાશિત કરવાનો છું. ભગવંતના બુદ્ધ ધર્મમાં જે ત્રુટી છે તે બાબતનો બહોળો વિચાર હું એ પુસ્તકમાં રજૂ કરનાર છું. બૌદ્ધ ધર્મના ઉપાસકોને દીક્ષા આપવામાં આવતી ન હતી. સંઘ દીક્ષા ઉપર તેનું વિપરિત પરિણામ થાય છે. ઉપાસકના મનની પૂરી તૈયારી થયેલી નથી હોતી. પરંતુ મારા ધર્મમાં ઉપાસકોને પણ ધમ્મદીક્ષા આપવામાં આવશે. તે પહેલાં ધમ્મદીક્ષા ઉપર હું એક પુસ્તક લખવાનો છું. તે પુસ્તક દરેકે ખરીદવું પડશે અને તે પુસ્તકમાંના અમુક પ્રશ્નોના જવાબો દરેકને આપવા પડશે તો જ તેને બૌદ્ધ ધર્મમાં પ્રવેશ મળી શકશે. બૌદ્ધ ધર્મમાં પ્રવેશ કરવા માટે દરેકે શુભ વસ્ત્ર પરિધાન કરવાનાં રહેશે.

દીક્ષાસ્થળ બદલાયું.

બૌદ્ધ ધર્મની દીક્ષા લેવાનું સ્થળ નાગપુર નક્કી કરવાથી મુંબઈના લોકોને ખૂબ જ ખોટું લાગશે એની મને પૂરી જાણ છે. તે જ રીતે આનાથી ઊલટું મુંબઈ બહારના આપણા જ લોકો આપણા ઉપર કેવી ટીકા કરશે એનો પણ વિચાર કરવો પડશે. અર્થાત્ કે બધા જ લોકો આપણા જ છે એવી ભાવના આપણામાં હોવી જોઈએ.

આપણે બહારના લોકોની ઇચ્છાને માન આપવું જરૂરી છે, એવો સમય આવ્યો છે. અર્થાત્ એ કે આપણે એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે, પ્રથમ બૌદ્ધ દીક્ષા સમારંભ નાગપુર ખાતે યોજાશે અને તેવો જ બીજો સમારંભ મુંબઈવાળાઓ માટે અને તેવો જ સમારંભ બીજા ઠેકાણે પણ થશે.

ક્રમશઃ...૩...

તેથી મુંબઈવાળાઓને કે બીજાઓને ખોટું લાગવાનું કોઈ કારણ રહેશે નહીં.

ધમ્મ દીક્ષાર્થી લોકોનો વધુ મોટો સમારંભ જ્યાં યોજાશે તેવા ઠેકઠેકાણે ધમ્મદીક્ષા સ્વીકારવાના સમારંભ યોજાશે અને એવા બધા જ સમારંભોમાં હું પોતે હાજર રહીશ.

મારા બૌદ્ધ ધર્મ સ્વીકારવાની નિશ્ચિત તારીખ 'પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા' એ સમાચાર સંસ્થા મારફત સર્વ જનતાની જાણ માટે જાહેર કરીને ઘોષિત કરવાનો છું. અર્થાત્ એ જાહેર ઘોષણા 'પ્રબુદ્ધ ભારત'માં તો તે પ્રસિદ્ધ થશે જ.

મારો પુનર્જન્મ થયો છે

ગઈ કાલે અને આજે સવારે જે બૌદ્ધ દીક્ષા લેવાનો અને દેવાનો વિધિ સમારંભ આ ઠેકાણે થવાનું નક્કી થયું, તેનું સ્થાન વિચારવંત લોકોને કદાચ મુશ્કેલ લાગતું હશે. આપણે એ કાર્ય કેમ આપણા ઉપર લીધું? તેની જરૂર શું હતી ? અને તેનાથી શું પ્રાપ્ત થવાનું છે? એ વાતની તપાસ કરવી જરૂરી છે. તે વાતને સમજાવી લેવાથી જ આપણા કામનો પાયો વધુ મજબૂત બનશે.

ઘણાં લોકો મને પૂછે છે કે, આ કાર્ય માટે તમે નાગપુર શહેરને જ કેમ નક્કી કર્યું?

આ ઠેકાણું નક્કી કરવાનું કારણ કાંઈક જુદું જ છે. ભારતમાં બૌદ્ધ કર્મનો પ્રસાર જો કોઈએ કર્યો હોય તો તે નાગ લોકોએ જ બૌદ્ધ ધમ્મનો પ્રચાર કર્યો છે. નાગ લોકો એ આર્યોના ભયંકર શત્રુ હતા. આર્ય લોકોએ નાગ લોકોને બાળી નાખ્યાના દાખલા પુરાણોમાં મળી રહે છે. અગસ્ત્ય મુનિએ તેમાંથી માત્ર એક નાગ માણસને બચાવ્યો. તેના જ આપણે વંશજો કીએ. નાગ લોકોની મુખ્ય વસતી નાગપુર ખાતે અને તેની આસપાસ હતી એવું દેખાય છે. તેથી જ આ શહેરને 'નાગપુર' એટલે કે 'નાગાઓનું ગામ' એવું કહેવાય છે. નાગ લોકોની વસતી વચ્ચેથી જે નદી વહેતી હતી તે 'નાગ નદી' કહેવાય. આ સ્થળ નક્કી કરવાનું મુખ્ય કારણ જ આ છે.

ધર્મની જરૂરિયાત ગરીબોને છે. પીડિત લોકોને ધર્મ જોઈતો હોય છે. ગરીબ માણસ આશાના આધારે જીવતો હોય છે. જીવનનું મૂળ આશામાં છે. આશા જ નષ્ટ થશે તો શું થશે? ધર્મ આશાવાદી બનાવે છે, અને પીડિતોને સંદેશ આપે છે : "જરાયે ગભરાશો નહીં, તમારું જીવન આશાદાયી થશે." તેના કારણે ગરીબ, પીડિત માણસ ધર્મ સાથે જોડાયેલો રહે છે.

મનુષ્ય માત્રના ઉત્કર્ષ માટે ધર્મ એ ખૂબ જ જરૂરી છે. મને ખબર છે કે કાર્લ માર્ક્સના ગ્રંથને કારણે એક વાદ ઊભો થયો છે. તેમના કહેવા મુજબ ધર્મ એટલે કશું જ નહીં. તેમને ધર્મનું મહત્ત્વ લાગતું નથી. તેમને સવારે બ્રેકફાસ્ટ મળી જાય, તેમાં પાંઉ, મલાઈ, માખણ, મરઘીની ટાંગ વગેરે હોય, શાંત ઊંઘ મળી જાય, સિનેમા જોવા મળે એટલે બધું જ પતી ગયું, એવું તેમનું તત્ત્વજ્ઞાન. હું તેવા મતનો નથી. મારા પિતા ગરીબ હતા, તેના કારણે મને આ પ્રકારનું સુખ મળ્યું નથી. મારા જેટલું કષ્ટમય જીવન જિંદગીમાં કોઈએ ભોગવ્યું નહીં હોય. તે કારણે માણસનું જીવન સુખ સમાધાનના અભાવમાં કેવી રીતે કષ્ટમય બને છે તે હું જાણું છું.આર્થિક પ્રગતિ થવી જ જોઈએ.

હું આ બાબતમાં એક મહત્ત્વનો ફરક કરું છું. પાડો, બળદ અને માણસ વચ્ચે ફરક છે. પાડા અને બળદને રોજેરોજ સારું ઘાસ ખાવા માટે જોઈએ છે. માણસને પણ ખાવા માટે અન્ન જોઈએ છે. પરંતુ એ બંનેમાં ફરક એ હોય છે કે, માણસને શરીરની સાથે 'મન' પણ હોય છે એટલે શરીર અને મન એ બંનેનો વિકાસ થવો જોઈએ, મન સુસંસ્કૃત બનાવવું જોઈએ. જે દેશના લોકો અન્ન વગર માણસનો સુસંસ્કૃત મન સાથે સંબંધ નથી એમ કહે છે તે દેશ સાથે અગર લોકો સાથે સંબંધ રાખવાની મને કોઈ જ જરૂર નથી. જનતા સાથે સંબંધ રાખવા માટે જેમ માણસનું શરીર નીરોગી હોવું જોઈએ, તેમજ મન પણ સુસંસ્કૃત હોવું જોઈએ. તે સિવાય માનવજાતનો ઉદય થયો છે એવું કહી શકાય નહીં.

બૌદ્ધ ધર્મનો મૂળ પાયો શું છે? ભગવાન બુદ્ધે કહ્યું છે કે, "જગતમાં બધે જ દુ:ખ છે. ૯૦ ટકા માણસો દુ:ખથી પરેશાન છે. દુ:ખથી પીડિત એ ગરીબ માણસોને એમાંથી મુક્ત કરવા એ બૌદ્ધ ધર્મનું મુખ્ય કાર્ય છે." અમે અમારા માર્ગે જઈશું, તમે તમારા માર્ગે જાવ. અમોને સારો માર્ગ મળ્યો છે. એ આશાનો અને અભ્યુદયનો માર્ગ છે. એ માર્ગ કાંઈ નવો નથી. એ માર્ગ પણ કાંઈ બહારથી લાવવામાં

ક્રમશ:..૪...

આવ્યો નથી. એ માર્ગ ભારતમાંનો જ છે. ભગવાન બુદ્ધે પ્રબોધેલાં તત્ત્વો અજરામર છે. પરંતુ બુદ્ધે તેવો દાવો ક્યારેય કર્યો નથી. આવી ઉદારતા તો બીજા કોઈપણ ધર્મમાં નથી.

ધર્મના નાશનાં ત્રણ કારણો નાગસેને બતાવ્યાં છે. પ્રથમ કારણ એ છે કે, કોઈ એક ધર્મ કાચો હોય છે. તે ધર્મના મૂળ તત્ત્વમાં ગર્ભિતાર્થ નથી હોતો, તે ધર્મ તત્પૂરતો રહે છે.

બીજું કારણ એ છે કે, ધર્મનો પ્રચાર કરનારા લોકો જો વિદ્વાન ના હોય તો તે ધર્મ નાશ પામે છે. જ્ઞાની માણસોએ ધર્મનું જ્ઞાન આપવું જોઈએ. વિરોધીઓ સાથે વાદ-વિવાદ કરવા માટે ધર્મના પ્રચારક જો સિદ્ધ, વિદ્વાન ના હોય તો ધર્મમાં હતાશા (ગ્લાનિ) પ્રસરે છે. ત્રીજું કારણ એ છે કે ધર્મના તત્ત્વો વિદ્વાનો પૂરતા જ હોય છે. એટલે પછી તો સામાન્ય અને સાધારણ લોકો માટે માત્ર મંદિરો જ રહે છે.

આપણે બૌદ્ધ ધર્મી બનીશું તો પણ રાજકીય હક્ક મેળવીને જ રહીશું તેની મને પૂરેપૂરી ખાતરી છે. મારા મૃત્યુ પછી શું થશે તે કાંઈ કહેવાય નહીં. આ ચળવળ માટે બહુ જ મોટું કામ કરવું પડશે. આપણે બૌદ્ધ ધમ્મ સ્વીકાર્યો તથી આપણું શું થશે? અડચણો આવશે તો તેને કેવી રીતે ટાળી શકાય ? તે માટે શું યુક્તિવાદ અને પ્રયાસો કરવા જોઈએ તેના માટે મેં પૂરો વિચાર કર્યો છે. મારી પોતડીમાં બધું જ ભરેલું છે. જે ભરેલું છે તે કયા પ્રકારે ભરેલું તેની મને પૂરી રીતે ખબર છે. જે હક્કો મેળવ્યા છે તે મેં જ મારા લોકો માટે મેળવ્યા છે. જેણે આ હક્કો મેળવ્યા તે જ મને તે હક્કો મેળવી આપશે. આ હક્કો અને સવલતો મેળવી આપનાર હું જ છું. તેથી હાલ પૂરતા તો તમારે મારા ઉપર વિશ્વાસ રાખીને ચાલવું પડશે. વિરોધીઓના પ્રચારમાં કોઈ જ તથ્ય નથી, એ હું પુરવાર કરી બતાવીશ.

બુદ્ધ જયંતી

આજે આપણે બધા બુદ્ધ જયંતી નિમિત્તે એકત્ર થયા છીએ. અનેક જગ્યાઓએ બુદ્ધ જયંતી ઊજવાઈ રહી હોય તોયે આ જગ્યાએ જે બુદ્ધ જયંતી ઊજવાઈ રહી છે તે જયંતીનું વિશેષ મહત્ત્વ છે. બુદ્ધ જયંતીના દિવસની ઉજવણી કરવી જોઈએ તે માટે હું સન ૧૯૪૨ના વરસથી જ સરકાર પાસે માંગણી કરતો હતો. વચ્ચેના સમયગાળામાં જ્યારે હું મંત્રીમંડળમાં સામેલ હતો ત્યારે પણ હું બુદ્ધ જયંતીની રજા મળવી જોઈએ તે માટે કોશિશ કરતો હતો. પરંતુ મારા મનોરથો પૂરા થઈ શક્યા નહીં. તે વખતના ગૃહમંત્રી શ્રી મેક્સવેલની પણ બુદ્ધ જયંતીની રજા હોવી જોઈએ એવી ઇચ્છા હતી. પરંતુ યુદ્ધના કાળને કારણે તે સફળ થઈ શકી નહોતી. બુદ્ધના જન્મદિનની રજા જાહેર કરીશું તો આપણને યુદ્ધ માટે જે મદદ મુસ્લિમો પાસેથી મળી રહી છે તે મળશે નહીં એવી ચિંતામાં તેઓ હતા. ત્યારબાદ મને ફરીથી કોંગ્રેસ મંત્રીમંડળમાં લેવામાં આવ્યો. મંત્રીમંડળમાં જોડાયા પછી પણ મારી જે માંગણી હતી તે શ્રી પંડિત જવાહરલાલ નહેરુએ માન્ય રાખવી જોઈએ તે માટે હું તેમની પાછળ પડ્યો હતો. મારી એ માંગણી માટે મહાબોધી સોસાયટીના અધ્યક્ષ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ પણ મદદ કરી. તેત્રીસ કરોડ હિંદુ દેવોના જન્મદિવસે રજા મળે છે તો બુદ્ધ જયંતી માટે રજા કેમ નહીં ? એક તો એ બધી રજાઓમાંથી એકાદ રજા ઓછી કરીને તે અમોને આપો અથવા તો એક રજાનો વધારો કરો, એવી માંગણી મેં શ્રી નહેરુ પાસે કરી. પંડિત નહેરુને બુદ્ધ માટે ઘણો આદર હતો. સદ્ભાગ્યે નહેરું સરકારે બુદ્ધ જયંતીની રજા ચાલુ વરસથી જાહેર કરી. પરંતુ આપણી મુંબઈ સરકારે તે રદ કરી. આપણી સરકાર બહુ જ સુસંસ્કૃત છે. આવી આ સરકારે રજા ન આપવાને કારણે ૫ વાગે યોજાનારી આ સભા હવે ૭.૩૦ વાગે થઈ રહી છે.

૩૦ મો અધ્યાય આવતી કાલે......

સાભાર

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

SAURASHTRA UNIVERSITY

Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૦૧ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૩૧ - તેમણે મને ઘડ્યો.

હું આ સ્થિતિએ પહોંચ્યો તેનું કારણ મારામાં જ કાંઇક મૂળતઃ જ હતું એવું કોઇએ માનવું, સમજવું ના જોઇએ. પ્રયત્નો અને મહેનતને લઈને જ હું ઉપર આવ્યો છું.

મારા પ્રથમ ગુરુ બુદ્ધ

મેં મારા જીવનમાં ત્રણ ગુરુ કર્યા છે. મારા જીવનમાં તેમણે ક્રાંતિ સર્જી છે. મારી પ્રગતિ થવામાં તેઓએ મોટો ભાગ ભજવ્યો છે. આમાંથી મારા પ્રથમ સર્વશ્રેષ્ઠ ગુરુ એટલે ગૌતમ બુદ્ધ.

દાદા કેળુસકર નામના મારા પિતાશ્રીના વિદ્વાન મિત્ર હતા. તેમણે બુદ્ધનું ચરિત્ર લખ્યું હતું. એક પ્રસંગે તેમણે મને તે પુસ્તક ભેટ આપ્યું હતું. તે પુસ્તક વાંચ્યા પછીથી મને જરા જુદો જ અનુભવ થયો. તે ધર્મમાં ઉચ્ચ- નીચતાને કોઈ સ્થાન નહોતું. રામાયણ, મહાભારત, જ્ઞાનેશ્વરી આ ગ્રંથોમાંનો મારો વિશ્વાસ ઊઠી ગયો. હું બૌદ્ધ ધર્મનો ઉપાસક બની ગયો. દુનિયામાં બૌદ્ધ ધમ્મ જેવો બીજો કોઈ ધર્મ જ નથી અને ભારતને જો જીવવું હોય તો તે ધર્મનો ભારતે સ્વીકાર કરવો જોઈએ એવું મને આજે પણ લાગે છે.

મારા બીજા ગુરુ કબીર

મારા બીજા ગુરુ છે કબીરસાહેબ. તેમની પાસે ભેદભાવ નહોતો. ગાંધીજીને હું 'માત્ર ગાંધી' ના કહેતા, મારે તેમને 'માત્ર મહાત્મા ગાંધી' કહેવા જોઈએ એવો મને આગ્રહ કરતા પત્રો આવ્યા છે અને હજુ પણ આવે જ છે. પરંતુ આ બાબતમાં મેં કોઈનું પણ કહેવું સ્વીકાર્યું નથી. હું તેમની આગળ કબીરની જ એક ઉક્તિ-અભિવ્યક્તિ મૂકીશ :

मानस होना कठीण है |

तो साधु कैसा होता ||

મારા ત્રીજા ગુરુ છે મહાત્મા ફૂલે

મારા ત્રીજા ગુરુ છે મહાત્મા જ્યોતિબા ફૂલે. તેમનું મને માર્ગદર્શન મળ્યું. મારા આ ત્રણે ગુરુઓની શિખામણથી મારા જીવનનું ઘડતર થયું છે.

મારા ત્રણ ઉપાસ્ય દેવતા

મારા ત્રણ ગુરુઓની જેમ જ મારા ત્રણ ઉપાસ્ય દેવતાઓ પણ છે. મારા પ્રથમ ઉપાસ્ય દેવ છે વિદ્યા. વિદ્યા વગર કાંઈ જ થઈ શકે નહીં. આ દેશમાં બહુ જ મોટી સંખ્યામાં સમાજ વિદ્યાવિહીન-અશિક્ષિત છે. બુદ્ધને બ્રાહ્મણો શૂદ્ર માનતા હતા. પરંતુ બૌદ્ધ ધર્મમાં જાતપાત નથી. અને વિદ્યા શીખવા માટે કોઈને પણ મનાઈ નથી. અન્નની જેમ જ માણસને જ્ઞાનની પણ જરૂર છે. બ્રાહ્મણોએ બીજાઓને વિદ્યા શીખવવાની ના પાડી હતી. વિદ્યા શીખનારાઓની જીભ કાપી નાખવામાં આવતી. આના પરિણામે આજે પણ આ દેશમાં ૯૦ ટકા લોકો અશિક્ષિત છે. હિંદુ અને બૌદ્ધ ધર્મ વચ્ચે આ ફરક છે.

સાચો પ્રેમી જે ઉત્કંઠાથી પોતાની પ્રેમિકાને પ્રેમ કરતો હોય છે તેવી જ ઉત્કંઠા મને પુસ્તકપ્રેમ પર છે. તમારા શત્રુને પણ માન્ય રાખવું પડે એવું જ્ઞાન તમારે પ્રાપ્ત કરવું જોઈએ. તમે મારા દિલ્હીના નિવાસસ્થાને આવશો તો ત્યાં તમને મારા વીસ હજાર શ્રેષ્ઠ ગુણવત્તાવાળા પસંદગીનાં પુસ્તકોનો સંગ્રહ દેખાશે. હું વિનયપૂર્વક પૂછું છું કે આવી સંપત્તિ બીજા પાસે છે તો મને બતાવો ?

ક્રમશઃ .....

મારા બીજા ઉપાસ્ય દેવ છે ‘વિનયશીલતા'. પરંતુ એ પણ સાચું છે કે, હું કાયમ વિનયશીલ રહું છું એવુંયે નથી. માત્ર વિનય એટલે નમ્રતા, લાચારી નહીં. હું નમ્રતાને નકામી સમજું છું. માણસે સ્વાભિમાન સાથે જીવવું જોઇએ એવું મને લાગે છે. સમાજકાર્યનો ધ્યેય મેં મારી આંખ સામે રાખ્યો છે. પરંતુ જીવનમાં મેં પેટ ભરવા માટે કોઇના ઉપર અવલંબિત કહેવાની કલ્પના ક્યારેય સહન કરી નથી. સમાજ કાર્ય માટે થઇને હું સરકારી નોકરીમાં જોડાયો નહીં. પરેલ (પરળ)માં ૧૦×૧૦ની ખોલીમાં કેટલાંયે વરસો કાઢયાં છે. કણકીની ભાખરી અને કણકીનો ભાત ખાઇને દિવસો પસાર કર્યા છે. પરંતુ મેં ક્યારેય કોઇની પાસેથી મારા પોતાના માટે થેલી લીધી નથી. આ દેશમાં આવેલા બધા જ વાઇસરૉય અને ગવર્નરો એ મારો મિત્રતાનો સંબંધ હતો. પરંતુ મેં મારા માટે થઇને તેમની પાસે કોઇપણ જાતની માંગ કરી નથી. બીજાને મદદરૂપ થાય એવાં કામો મેં તેમની પાસેથી કરાવ્યાં છે. મેં ક્યારેય કોઇનું પણ નુકસાન કર્યું હોય કે કોઇની સાથે અપકૃત્ય કર્યું હોય એવો એક પણ દાખલો તમને જોવા મળશે નહીં. મેં ધાર્યું હોત તો સુપ્રીમ કોર્ટનો ન્યાયાધીશ બની શક્યો હોત. પરંતુ તેમાં જોડાવાથી 'સમાજકાર્યની દૃષ્ટિએ શું ઉપયોગી થઇ શકે એમ છે ? એવો મેં વિચાર કર્યો. હું મારી બુદ્ધિ પ્રમાણે ચાલ્યો. પરમેશ્વરને શું લાગશે એનો મેં ક્યારેય વિચાર કર્યો નહીં.

પરમેશ્વરને નહીં માનનારો હું માણસ છું. એટલે શીલસંવર્ધન- ચારિત્ર્યઘડતરને પણ હું મારો ત્રીજો ઉપાસ્ય દેવ ગણું છું.

32મો અધ્યાય આવતી કાલે.....

**સાભાર....**
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ..... ૦૨ - મે

## અધ્યાય :- ૩૨ - મારો ધ્યેય.

હું વર્ગીકૃત એટલે કે અનુસૂચિત જાતિ (નીચલા સ્તરના) લોકોમાં જન્મ્યો. લોકોના જીવનમાં પ્રગતિ લાવવા માટે મેં મારી પોતાની જિંદગી તે કાર્યમાં વાપરી નાખવાની પ્રતિજ્ઞા મેં નાનપણમાં જ લીધી છે. એ પ્રતિજ્ઞા દૂર કરવા - આડે રસ્તે દોરનારા ઘણાં પ્રલોભનો મારી જિંદગીમાં આવ્યા અને ગયા.

મેં માત્ર મારું પોતાનું જ ભલું કરવાનું નાનપણમાં જ વિચાર્યું હોત તો મને જે જોઇએ તેવા પ્રતિષ્ઠિત પદે હું વિરાજમાન થઈ શક્યો હોત અને હું કોંગ્રેસમાં જોડાઇ ગયો હોત તો તેમાંનું અત્યંત શ્રેષ્ઠ પદ મને પ્રાપ્ત થયું હોત.

પરંતુ, અનુસૂચિત જાતિના લોકોની ઉન્નતિ માટે મેં મારું સારુંયે આયુષ્ય આપી દેવાનું નક્કી કર્યું હોવાથી અને તે ધ્યેયને મેં મારી નજર સામે રાખીને . મે જ વિચારને નિષ્ઠાપૂર્વક પકડી રાખીને જીવતો આવ્યો છું તે તત્ત્વ - તે વિચાર નિષ્ઠા એ છે કે, જે કાર્યને સફળ કરવાનો જે કોઈને ભરપૂર ઉત્સાહ લાગતો હોય તે કાર્યને ગમે તે ભોગે પાર પાડવું એ જ એના મનમાં એક ભારે ધૂન સવાર થયેલી હોય, પરંતુ તેણે તે કાર્યને પાર પાડવા માટે સંકુચિત વિચારસરણી અને એવા વ્યવહારનો ઉપયોગ કરશે તો તે મારે પીડાદાયક થશે.

નીચલા સ્તરના લોકોના હિત—અહિતનો પ્રશ્ન સરકારે ઘણા દિવસોથી ત્રિશંકુની જેમ અધ્ધરતાલ રાખ્યો છે, વણઉકેલ્યો રાખ્યો છે. તે જોઈને મારા તેને કેટલું બધું દુઃખ-પીડા થતી હશે તેની તમોને સ્પષ્ટ કલ્પના આવશે.

33મો અધ્યાય આવતી કાલે...

સાભાર.....
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૦૩ - મે

## અધ્યાય :- ૩૩ - અસ્પૃશ્યોને સંદેશ.

મારા પંચાવનમાં જન્મદિવસ નિમિત્તે તમો વિશેષાંક પ્રગટ કરી રહ્યા છો, તે માટે તમોને સંદેશ જોઇએ છે. આપણા હિન્દુસ્થાન દેશમાં રાજકીય આગેવાનોને અવતારી પુરુષની જેમ માન-સન્માન આપવામાં આવે છે. આ એક કમનસીબ બાબત છે. હિંદુસ્થાનની બહાર માત્ર મહાપુરુષોનો જ જન્મદિવસ ઊજવાય છે, પરંતુ હિંદુસ્થાનમાં અવતારી પુરુષ અને રાજકીય પુરુષ એ બંનેનો જન્મદિવસ ઊજવવામાં આવે છે. આવું હોય એ ભારે દુઃખદ વાત છે. મને વ્યક્તિગત રીતે મારો જન્મદિવસ ઊજવાય એ મને જરાય ગમતું નથી. હું લોકશાહીનો કટ્ટર પુરસ્કર્તા છું. મને વિભૂતિપૂજા કેમ ગમશે? વિભૂતિપૂજા એ લોકશાહીનો વિપર્યાસ છે-વિકૃત રૂપ છે. આગેવાન જો લાયક હોય તો તેના માટે પ્રશંસા, પ્રેમ, આદર જેવી ભાવના રાખવામાં ભલે આવે. પરંતુ તેટલાથી જ તે આગવોનને અને તેના સમર્થકોને સંતોષ થવો જોઇએ. પરંતુ આગેવાનની ભગવાનની જેમ પૂજા કરવી એ વાત મને જરાયે પસંદ નથી. તેનાથી તે આગેવાનની જેમ જ તેના ભક્તોનું પણ અધઃપતન થતું હોય છે. પરંતુ એ વાત અહીં કહેવાથી શું લાભ? રાજકીય આગેવાનને અવતારી પુરુષના સ્થાને એકવાર બેસાડી દો એટલે તેણે પોતાનો બાહ્યાડંબર કે ઢોંગી દેખાવ સારી રીતે પાર પાડવો જ જોઇએ અને પોતાના સમર્થકોને સંદેશ તો આપવો જ જોઇએ.

"અસ્પૃશ્યોને હું શું સંદેશ આપું ? સંદેશ આપવા કરતાં હું તેમને ગ્રીક પુરાણમાંની એક કથા જ સંભળાવું છું. 'ડીમેટર' એ ગ્રીક દેવતાની ઉપર હોમરે લખેલ સ્તોત્રમાં એ વાત આવેલી છે.

"એ ડિમેટર દેવી પોતાની પુત્રીની શોધમાં ચાલતા ચાલતા કેલીઓસના રાજ્યમાં પહોંચી ગઇ. તેણે દાસીનો વેશ ધારણ કર્યો હતો, તેથી તેને કોઇએ ઓળખી નહીં. રાણી મેટોનૈરાએ પોતાના ડેમાફૂન નામના નાના બાળકને સંભાળવા માટે તેની નિમણૂક કરી. રોજ રાત્રે રજવાડાના બધા લોકો ઊંઘી જાય પછી દરવાજા બંધ કરીને ડિમેટર દેવી તે બાળકને ઝૂલામાંથી બહાર કાઢીને તેના શરીર પરનાં કપડાં ઉતારીને તે બાળકને બળતા અંગારા ઉપર મૂકી દેતી. સાંભળનારને તો આ કદાચ ક્રૂર લાગે. પરંતુ તે એ નાના બાળકને 'દેવ' (God) બનાવવાની મહાન લાગણીથી અને પ્રેમથી તે આવું કરતી હતી. ધીમે ધીમે બળતા અંગારાની ગરમી સહન કરવાની શક્તિ-સામર્થ્ય તે બાળકમાં પેદા થઇ. તેની ઉંમર વધવા લાગી. તેનામાં કોઇક તેજસ્વી, દિવ્ય અને દૈવી અંશ વિકસિત થવા લાગ્યો. પરંતુ એક રાત્રે તે બાળકની માતા એકાએક તે દાસીના રૂમમાં આવી પહોંચી અને પોતાના બાળકને 'નારાયણ' બનાવવાના દેવતાએ ચલાવેલા તે પ્રયોગ જોતાં જ તેણે તે દેવતાને ધક્કો મારીને કાઢી મૂક્યા અને તે અંગારા ઉપરથી પોતાના બાળકને એકદમ ઉપાડી લીધું. અર્થાત્ તેને તેનું બાળક મળી ગયું. પરંતુ એક દૈવી પુત્રને - એક ભગવાનને મેળવવાથી તે ચૂકી ગઇ. આ વાર્તા શું બતાવે છે? એ જ કે અંગારા ઉપરથી પસાર થવા સિવાય પૌરુષ કે દેવત્વ પ્રાપ્ત થતું નથી. અગ્નિમાંથી પસાર થવા સિવાય માણસની શુદ્ધિ થતી નથી અને તેની શક્તિ-બળ વધતું નથી. તેથી જ પદદલિત સમાજે કષ્ટ અને ત્યાગના અગ્નિ દિવ્યમાંથી પસાર થયા વગર પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે નહીં. પોતાનો ભવિષ્યકાળ ઉજ્જવળ બનાવવા માટે તેમણે વર્તમાનકાળના સુખ અને જરૂરિયાતોનો પણ ત્યાગ કરવો જોઇએ. બાઇબલમાં કહ્યું જ છે કે, 'જીવનની દોડમાં સામેલ થવાનું આમંત્રણ બધાને જ મળતું હોય છે. પરંતુ બહુ થોડા લોકો જ તેમાંથી પસાર થઇ શકે છે.

ક્રમશઃ .....

આવું કેમ બને છે ? તેનું કારણ એજ છે કે, ભવિષ્યની જરૂરિયાત માટે વર્તમાનના વિલાસનો ત્યાગ કરવા માટે જેટલી જોઇએ તેવી હિંમત અથવા દૃઢનિશ્ચય પદદલિત માણસ પાસે દેતો નથી. તેથી જ જિંદગીની દોડમાં તેને પ્રતિષ્ઠા મળતી નથી.

"આ ગ્રીક કથાથી બીજો કયો મહાન સંદેશ હોઈ શકે? મારા મતે તે અસ્પૃશ્યોને આ સર્વોત્તમ સંદેશ છે. તેમની લડાઈની અને તેમની હાલતની અને જાણ છે. સ્વતંત્રતા મેળવવા માટે મારા કરતાં પણ વધુ ત્રાસ તેમણે ભોગવ્યો છે. એવું હોવા છતાંયે હું તેમને એ જ સંદેશ આપું છું કે, લડો, એનાથીયે વધુ શક્તિથી લડો. ત્યાગ કરો, હજી વધુ ત્યાગ કરો. ત્યાગની અને હાલતની ચિંતા કર્યા વિના સતત લડવાનું ચાલુ રાખો તો જ તમને મુક્તિ મળશે. જાગૃત થઈને અન્યાયનો પ્રતિકાર કરવાની અસ્પૃશ્યોની સામુદાયિક ઇચ્છાશક્તિમાં વધારો થવો જોઈએ. આપણું કામ પવિત્ર છે તેના ઉપર તેમનો દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે તેમણે સંગઠિતપણે નિર્ધાર કરવો જોઈએ. અસ્પૃશ્યોનું કામ એટલું બધું મહાન છે. અને તેમનો ધ્યેય એટલો ઉત્તમ છે કે, તેણે એકસાથે મળીને એવી પ્રાર્થના કરવી કે જે સમાજમાં મારો જન્મ થયો છે તે સમાજનો ઉદ્ધાર કરવો એ અમારું કર્તવ્ય છે. આવી જેને જાણ-સમજ છે તે ધન્ય છે. ગુલામગીરી પર હલ્લો કરવા માટે જેઓ પોતાના તન-મન-ધન અને પોતાની યુવાની કુરબાન કરે છે તેઓ ધન્યવાદને પાત્ર છે અને જેઓ અસ્પૃશ્યોને માણસાઈના હક્કો જ્યાં સુધી ના મળે ત્યાં સુધી જેઓ મૃત્યુની, ખરાબી/બેઆબરૂની, સુખની, દુ:ખ-સંકટના આંધીતુફાન, માન-અપમાનની પરવા કર્યા વિના સતત સંઘર્ષ કરતા રહે છે તે જ સફળતા પ્રાપ્ત કરે છે."

34મો અધ્યાય આવતી કાલે.....

**સાભાર....**
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૦૪ - મે

## અધ્યાય :- ૩૪ - વડોદરા સંસ્થાન.

બી.એ. પાસ થયા પછી મારા પિતાને લાગ્યું કે, 'હવે હું અહીંયાં જ રહું અને કોઈપણ સંજોગોમાં વડોદરા જાઉં નહીં.' વડોદરા ગયા પછી મારું જે અપમાન, અવહેલના થવાનું હતું તેની કલ્પના મારા પિતાને અગાઉથી જ હતી એવું મને લાગે છે. વડોદરાની નોકરી હું સ્વીકારું નહીં એ માટે તેમણે અનેક પ્રકારથી મારું મન વાળવા માટે એટલે કે મને વડોદરા જતો રોકવા માટે પ્રયત્નો કર્યા. પરંતુ મેં મારી જીદ છોડી નહીં. આખરે તો જે થવાનું હતું તે થયું. મારા વડોદરા ગયા પછી અગિયાર દિવસમાં જ તેમણે દેહ છોડી દીધો. તેઓ એકાએક બીમાર પડ્યાનો તાર મને વડોદરા ખાતે આવ્યો. તેની સાથે જ હું વડોદરાથી મુંબઈ આવવા માટે નીકળી પડ્યો. રસ્તામાં સુરત સ્ટેશન આવતા પિતાજી માટે સુરતની ઘારી લઈ લઉં એટલે તેમના મનને સારું લાગશે એવી મારા મનની કલ્પના હતી. પરંતુ બરફી લેવાની દોડધામમાં મારી ગાડી ક્યારનીયે ઊપડી ગઈ એટલે બીજી ગાડી સુરતથી મુંબઈ તરફ જવા નીકળે ત્યાં સુધી ચુપચાપ ગાડીની વાટ જોવા સિવાય મારો કોઈ છૂટકો જ નહોતો. તેના કારણે હું બીજા દિવસે બપોરના ખૂબ જ મોડો મુંબઈ ખાતે પહોચ્યો. ઘરે જઈને જોઉં છું તો પિતાજીની તબિયત અત્યંત બગડેલી હતી અને બધાયે લોકો તેમની ધથારીની આજુબાજુ વીંટળાઈને ચિંતાતુર અવસ્થામાં બેઠેલા હતા. આ દૃશ્ય કોઈને મારા કાળજામાં ભારે અરેરાટી થઈ, ધ્રાસ્કો પડ્યો. પિતાએ પ્રેમથી મારા શરીર પર હાથ ફેરવ્યો અને મને એકવાર પૂરી રીતે આંખો ભરીને જોતાં જોતાં જ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. માત્ર મને મળવા માટે જ — મને જોવા માટે જ તેમનો પ્રાણ એકદમ ધુંટાતો હતો. ટ્રેનમાંથી સુરત સ્ટેશને ઊતરવાને કારણે તેમને વહેલા મળી શકાયું નહીં એના કારણે મને અતિશય પશ્ચાતાપ થયો.

સયાજીરાવ ગાયકવાડની મુલાકાત

મહારાજે કહ્યું : 'તું મને આવતી કાલે મળજે."

બીજા દિવસે મળ્યા પછી મહારાજે કહ્યું : "તારે કયા વિષયનો અભ્યાસ કરવાની ઈચ્છા છે?"

ભીમરાવ : "સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને વિશેષ રીતે પબ્લિક ફાઈનાન્સ."

મહારાજ : "આ વિષયોનો અભ્યાસ કરીને પછી આગળ તું શું કરવાનો છે ?"

ભીમરાવ : "આ વિષયોનો અભ્યાસ કરવાથી મને મારા આ અવનત દશામાં જીવતા મારા સમાજની દશા કઈ રીતે સુધારવી તેનો માર્ગ જણાશે અને તે માર્ગે હું સમાજસુધારાનું કાર્ય કરીશ."

મહારાજ : (હસીને) "પરંતુ તું તો અમારી નોકરી કરવાનો છે ને? તો પછી તને અભ્યાસ કરવો, નોકરી કરવી અને સમાજસેવા કરવી આ બધું કેવી રીતે થઈ શકશે?"

ભીમરાવ : "મહારાજ જો મને આવી તક આપશે તો હું આ બધું જ કામ વ્યવસ્થિત રીતે કરી બતાવીશ."

મહારાજ : "હું તેનો જ વિચાર કરું છું. તને હું અમેરિકા મોકલવાનું વિચારી રહ્યો છું. તું જઈશને ત્યાં?"

ભીમરાવ : "હા, મહારાજ."

મહારાજ : "તો પછી તું જા. તું શિક્ષણાધિકારી પાસે પરદેશમાં અભ્યાસ કરવા શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજી કરી દે અને તેની મને તું જાણ કર."

ક્રમશઃ....

વડોદરા સરકારની સ્કોલરશિપ મળવાથી મેં વિલાયતમાં જઈને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. ત્યાંથી પાછા ફર્યા પછી સ્કોલરશિપની શરત મુજબ મને વડોદરા સંસ્થાનમાં નોકરી કરવાની ફરજ પડી. પરંતુ વડોદરામાં રહેવા માટે મને એક પણ ઘર મળ્યું નહીં. હિંદુ કે મુસલમાન કોઇ જ મને રહેવા માટે જગ્યા આપતું ન હતું. છેવટે મેં કંટાળીને એક પારસી ધર્મશાળામાં પારસી બનીને રહેવાનું નક્કી કર્યું. વિલાયતથી આવ્યા પછી હું દેખાવમાં રૂઆબદાર અને ગોરો દેખાતો હતો. છેવટે મેં એદલજી સોરાબજી એવું પારસી નામ ધારણ કરીને પારસી ધર્મશાળામાં રહ્યો. રોજના બે રૂપિયા આપીને ધર્મશાળામાં રહેવાની તેના રખેવાળ સાથે નક્કી કર્યું.

આ પહેલાં જ વડોદરામાં એક હવા ફેલાઈ હતી કે મહારાજ સરકાર વડોદરામાં એક ભણેલા મહાર (અસ્પૃશ્ય) છોકરાને લાવ્યા છે. આ હવા લોકો સુધી પહોંચી ગઈ હતી. મારું પારસી બનીને ધર્મશાળામાં ગુપ્તપણે રહેવું વગેરે વાત લોકોને શંકા કરવા માટે કારણભૂત બની ને મારી ગોપનીયતાનો વિસ્ફોટ થયો. ધર્મશાળામાં રહેનારો હું જ તે મહાર છું એની ત્યાંના પારસી લોકોને ખબર પડી. બીજા દિવસે હું જમી પરવારીને ઑફિસમાં જવા માટે નીકળ્યો હતો ત્યાં પંદર-વીસ પારસી લોકો હાથમાં લાકડીઓ લઈને મને ઠાર મારવા માટે ધસી આવ્યા.

તેમણે પહેલાં તો કહ્યું, “તું કોણ છે?” એવું પૂછતાં જ મેં ફક્ત ‘હિંદુ છું' એવો જ ઉત્તર આપ્યો. પરંતુ તેમને મારા જવાબથી સંતોષ ના થયો. તેઓ મારી-તારી કરતાં મોટા ઝઘડા ઉપર ઊતરી આવ્યા અને મને તાત્કાલિક આ જગ્યા ખાલી કરી દેવા જણાવ્યું. આ વખતે મને મારા ચારિત્ર્યબળ ને મનની ધીરજનો વિલક્ષણ ટેકો મળ્યો. મેં તેમની પાસે નિર્ભયપણે આ માટે આઠ કલાકની મુદ્દત માંગી અને તેમણે મારી તે માંગ સ્વીકારી. મેં આખોયે દિવસ રહેવાની જગ્યા મેળવવા માટે સખત પ્રયત્ન કર્યો. પરંતુ મને ક્યાંય રહેવાનું ઠેકાણું મળ્યું નહીં. કેટલાક મિત્રો પાસે ગયો. તેમણે જુદાં જુદાં કારણો બતાવીને મને રસ્તે રઝળતો કર્યો, એટલે કે ના પાડી દીધી. હું આખરે એટલો બધો કંટાળી ગયો હતો કે હવે આગળ શું કરવું એની જ કાંઈ સમજણ પડતી ન હતી. હું એક ઠેકાણે નીચે બેસી ગયો. મારું મન ભારે વ્યાકુળ, પરેશાન થઈ ગયું હતું અને આંખોમાંથી આ દુઃખના અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો હતો. (તે સમયે ડૉ. આંબેડકરની આંખમાંથી અજાણતાં જ અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. અસ્પૃશ્યતાનો ભડાગ્નિ તેમના અંતઃકરણને દઝાડી રહ્યો હોય એમ જણાતું હતું.) છેવટે તમામ પ્રયત્નો નાઇલાજ થતાં મારે વડોદરાની નોકરી છોડીને રાત્રિની ગાડીમાં મુંબઈ આવવું પડ્યું.

વડોદરા સરકારના અધિકારી

મારી પરિસ્થિતિ અંગે કોઈ પૂછપરછ કર્યા વિના જ એ અધિકારી મને ત્રાસ આપવા, હેરાન કરવાના હેતુથી આ પત્ર મોકલે છે. મારી આર્થિક પરિસ્થિતિ સુધરશે તો હું આપી દઈશ તેમના પૈસા. ‘અત્યારે ને અત્યારે જ બધુંયે દેવું પરત કરો, નહીંતર જેલમાં પૂરીશું એવું એ લોકો મને સ્પષ્ટ કેમ કહેતા નથી ? મારી પાસે પૈસા જ નથી તો પછી હું તેમનું કરજ ચૂકવું કઈ રીતે? હું જેલમાં જવા માટે તૈયાર છું. અરે, આ ૨૫૦ પૌંડ વજનનો અને ૪૬ ઇંચ છાતીનો ભીમ છે. તે જેલમાં જવાથી જરાયે ડરતો નથી.. હા, હું જેલમાં જઈશ. પરંતુ એક શરત પર. તમારા પૈસા વસૂલ થાય ત્યાં સુધી તેમણે મને જેલમાં રાખવો, પરંતુ મને જોઈતાં હોય એવાં પુસ્તકો વાંચવા માટે મને આપવામાં આવે અને મારે જે પુસ્તકો લખવાનાં છે તે લખી નાખવા માટે મને ખૂબ મદદ કરવામાં આવે. આ વડોદરાના લોકોએ મને ખૂબ હેરાન કર્યો છે. હું તેમને એક પૈસોયે આપવાનો નથી. હું મહારાજાના નામથી મુંબઈ યુનિવર્સિટીમાં એક ઉપ-લાઈબ્રેરી શરૂ કરીશ.

**ક્રમશઃ....**

સયાજીરાવનું નિધન એટલે મારી વ્યક્તિગત હાનિ.

શ્રી સયાજીરાવ મહારાજનું નિધન થવાથી મને વ્યક્તિગત રીતે કદી પૂરી ના શકાય એટલું બધું નુકસાન થયું છે. તેમનો ઉપકાર હું કદીયે ભૂલીશ નહીં. મને તેમણે જે શિક્ષણ આપ્યું, ભણાવ્યો તેના કારણે જ મારામાં આજની યોગ્યતા પ્રાપ્ત થઈ છે. અસ્પૃશ્ય સમાજની જાતિઓ પર તેમનો ખૂબ જ મોટો ઉપકાર થયો છે. અસ્પૃશ્ય જાતિઓ માટે તેમના જેટલું કોઇએ આટલું કામ કર્યું નથી. તેઓ તો મોટા સમાજસુધારક હતા. વડોદરા સંસ્થાનમાં સામાજિક સુધારા વિષયમાં જે કાયદાઓ ઘડવામાં આવ્યા હતા તે યુરોપ અથવા અમેરિકાના કોઈપણ સુધરેલા રાષ્ટ્રના આ વિષયના કાયદાઓ કરતાં બે ડગલાં આગળ હતા. તેમણે બધીએ સામાજિક બદીઓ-રિવાજો, પ્રથાઓનો અભ્યાસ કરીને તેમાંથી ખરાબી-ખામી કાઢી નાખવાની આગેવાની લીધી. પોતાની પ્રજાના કલ્યાણ માટે આટલા બધા સતત પ્રયત્નો બીજા કોઈપણ સંસ્થાનિકોએ કર્યા નથી. તેઓ રાષ્ટ્રીય વૃત્તિના હોવાથી દેશભક્ત હતા. આ સદ્‌ગુણ સંસ્થાનિકોમાં ક્વચિત જ દેખા દે છે. કેટલીક બાબતોમાં તેઓ બ્રિટિશરોને માટે ઉદાહરણરૂપ બન્યા અને તેમની હકૂમત નીચે ક્યારેય ઊતર્યા નહીં. તેમનામાં વૈમનસ્ય પેદા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ એક દુઃખદ ઘટના છે. તેઓ મહારાષ્ટ્રીય ન હોવા છતાં પોતાની ગુજરાતી પ્રજાજનોની વિરુદ્ધ પક્ષપાત તેમણે ક્યારેય કર્યો નથી. આ વાત તેમને ઓળખનારા લોકો સ્વીકારશે જ. મારી માહિતી પ્રમાણે તો આવો અશુદ્ધ અને અયોગ્ય વિચાર તેમના મનમાં આવવો જ શક્ય નથી.

સયાજીરાવ મહારાજના મૃત્યુથી હિન્દુસ્થાનમાંની એક ખૂબ જ મોટી હસ્તી કાળનો કોળિયો બની છે અને વડોદરા સંસ્થાને તો ખૂબ મોટા રાજ્યકર્તાને ગુમાવ્યો છે. મહારાષ્ટ્રમાંની એક વિભૂતિનો અંત આવ્યો છે. સામાજિક સુધારકોના એક આગેવાનનો અસ્ત થયો છે. અસ્પૃશ્યોના એકમેવ તારણહાર હવે નથી રહ્યા. સંસ્થાનિકો-રજવાડાંઓએ એક દૃષ્ટા ગુમાવ્યો છે.

**35મો અધ્યાય આવતી કાલે....**

**સાભાર....**

**પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર**
**સંપાદક :- શ્રી જ. ગો. સંત**
**અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ**

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૦૫ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૩૫ - જેના સ્વાર્થત્યાગની ભાવનાના કારણે આજે હું આ સ્થાને પહોંચ્યો...!

પ્રિય રામુ,
નમસ્તે.

પત્ર મળ્યો. ગંગાધર બીમાર હોવાના સમાચાર જાણી ભારે દુઃખ થયું. જેવા નસીબના ખેલ. તેની ચિંતા કરવાથી કોઈ ફાયદો નથી. તારો અભ્યાસ (ભણવાનું) ચાલુ છે એ ભારે આનંદની વાત છે. પૈસાની બાબતમાં ગોઠવણ કરું છું. હું અનાજ માટે પરવશ થયો છું. તેના કારણે તને મોકલવા માટે મારી પાસે કાંઈ નથી. આમ છતાંયે તારી વ્યવસ્થા કરું છું. જો પૈસા મોકલતાં મોડું થાય અને તારી પાસેના પૈસા વપરાઈ જાય તો તારા દાગીના વેચીને વ્યવસ્થા કરજે. હું આવીશ ત્યારે તારા માટે બીજા દાગીના બનાવી દઈશ.

યશવંત અને મુકુંદનું ભણવાનું કેવું ચાલે છે? એ તેં જણાવ્યું નથી. મારી તબિયત સારી છે. કોઈ ચિંતાનું કારણ નથી. ભણવાનું કાંઈ પૂરું થયું નથી. જૂન મહિનામાં આવવાનું થાય એવું કાંઈ હાલ તો લાગતું નથી. એ પછીથી જણાવીશ. સખુ અને મંજુલાની બાબતમાં કાંઈ જણાવ્યું નથી. તને પૈસા મળ્યા પછીથી મંજુલા અને લક્ષ્મીની મા માટે એક એક કપડા (દરેક માટે) લેજે. શંકરના શું હાલચાલ છે? ગજરા કેમ છે

★★★

રમાબાઈ પતિરાજાને કહે છે, "સાડા ચારસોની નોકરી છે એ જ આપણા માટે પૂરતી છે. આગળ અભ્યાસ કરવાની જીદ છોડી દો. હવે પરિવારમાં ધ્યાન આપીને માત્ર સંસારને સંભાળો.

ડૉક્ટરે કહ્યું, "જો તું મારા અભ્યાસમાં આ રીતે પથરા નાખવા લાગી તો હું બીજી પત્ની કરીશ. તારા જેવી અભણ સ્ત્રીને શું કિંમત હોય ?." રમાબાઈ તેના પ્રત્યુત્તરમાં કહે છે, "જાવ, તમતમારે તમારાથી થાય તેટલી પત્નીઓ કરી લો. પરંતુ યાદ રાખજો કે મારા ઘરમાં હું એકેયને પગ મૂકવા દઈશ નહીં." આ પછીથી બંને ખડખડાટ હસી પડે છે.

★★★

રમા, આ આપણા સમાજના બાળકો મા-બાપને છોડીને બોર્ડિંગમાં રહે છે. તેમને ત્યાં મીઠાઈ, પકવાન ખાવા મળે છે પણ તેમને માંસ-મચ્છી ખાવા મળતી નથી. ત્યારે આપણે શ્રાદ્ધનું જમણ માંસ-મચ્છીનું કરીએ. હું જે આવું જમવાનું બનાવવાની ના હોય તો તું મને પહેલાથી કહી દે. હું છોકરાઓને હોટેલમાં જઈને જમાડી દઈશ. રમાબાઈની ઇચ્છા પૂરણપોળી બનાવવાની હતી, પણ આખરે પતિની હઠ પૂરી કરી અને ૫૦-૬૦ છોકરાઓને માંસ-મચ્છીનું જમવાનું કરીને જમાડ્યા.

★★★

**'Lax of England'** એ નામના પાંચ ભાગનો ગ્રંથ ૫૦૦/- રૂપિયામાં સાહેબે વેચાતો લીધો. સાહેબ વાંચી રહ્યા હતા. પાનાં આંખ સામે હતાં. જમવા માટે ૫ થી ૭ વાર રમાબાઈએ બૂમ પાડીને બોલાવ્યા. એટલે બાબાસાહેબે કહ્યું: "શું છે તારી આ રોજની કચકચ ? આવા પાંચ ગ્રંથ હું ૫૦૦ રૂપિયામાં લઈ આવ્યો છું, સમજી. આ પાનું પૂરું કરી લેવા દે મને, પછી હું જમું છું."

રમાબાઈએ કહ્યું, "પતિએ પત્ની તરફ, બાળકો તરફ, કુટુંબ-ઘરબાર તરફ પણ ધ્યાન દેવું જોઈએ એવું તે પાનાં પર લખ્યું છે શું? એટલું જ મને કહો અને પછી જમવા બેસો."

સાહેબે સ્મિત ફરકાવ્યું અને જમવાની શરૂઆત કરી. તેમણે કહ્યું, "હું પરિવાર-કુટુંબ તરફ ધ્યાન આપતો નથી, એવો રોજેરોજ મારા નામનો કકળાટ કરે છે. રોજ મારા માથે માછલાં ધુએ છે. એનું શું કહું હું?" રમાબાઈએ કહ્યું, "ઓહો...ઘરમાં શાકભાજી, તેલ, મીઠાની જરૂર પડે છે તે તરફ પતિએ જરા ધ્યાન આપવું જોઈએ. નાના બાળકોને પ્રેમથી- વહાલથી પોતાની ગોદમાં લેવા જોઈએ, પત્ની સાથે બે-ચાર મીઠા શબ્દો બોલવા જોઈએ.

ક્રમશઃ...૧...

બસ, તમે તો જ્યારે આવો કે જાવ ત્યારે તમારા પુસ્તકો અને તમે. પુસ્તકો માટે ૫૦૦ રૂપિયાની રકમ એકદમ ખર્ચ કરવાની શું જરૂર હતી? તમે થોડા દિવસોમાં બાળકના બાપ બનવાના છો તેનુંયે થોડું ધ્યાન તો રાખવું જોઈતું હતું?" બીજા દિવસે ભાજીની પાંચ-સાત ઝૂડી, બૂમલાના ૧૦૦-૧૨૫ નંગ લઈને સાહેબ આવ્યા, ત્યારે લક્ષ્મીબાઈએ કહ્યું, "અરે દિયરજી, આ ભાજીની ઝૂડીઓ તો કાલે-પરમ દિવસે સુકાઈ જશે અને આટલી બધી ભાજી આજે આપણે ખાઈ પણ શકીશું નહીં."

★★★

ઑફિસમાં સાહેબે ઉપરની વાત કરી અને કહ્યું, "હું તો એવો છું, બોલો. પત્ની અને ભાભી છે એટલે મારું ઘર ચાલી રહ્યું છે. લક્ષ્મીબાઈ ૨૦ વર્ષના હતાં ત્યારે વિધવા થયાં. પોતાના દીકરા મુકુંદને લઈને તેઓ અહીં કુટુંબમાં રહ્યાં. તે રમાબાઈને, વડીલ જેઠાણી હોવાથી તેનું ખૂબ માન- સન્માન જાળવતી હતી. રમાબાઈની તબિયત કાયમ નાજુક રહેતી, ત્યારે લક્ષ્મીબાઈની ઉપર સારાયે ઘરનો બોજો પડતો. રમાબાઈ તેની સાથે ખૂબ જ આદર, નમ્રતા અને પ્રેમથી વ્યવહાર રાખતી. એ બંને ક્યારેય ઝઘડ્યાં નથી એ તેમની વિશિષ્ટતા છે. પત્ની સાથે, બાળકો સાથે કેવી રીતે રહેવું, વ્યવહાર કરવો એ કાંઈ મને સમજાતું નથી, મને તો મારાં પુસ્તકો સાથે સારો લગાવ છે.

★★★

એક કેસમાં સફળતા મળી એટલે તેની ફી મળી. તેને સાહેબ ધોતીના છેડે બાંધીને ઘરે લઈ ગયા અને રમાબાઈને આપીને કહ્યું, "આ પૈસા લે, હું કુટુંબનું ધ્યાન રાખતો નથી, પત્ની તરફ જોતો નથી, એવી તું કાયમ રાડારાડ કરીને મારા માથે માછલાં ધુએ છે. આ પૈસા કેટલા છે એ તું મને ગણીને કહે." વીસ રૂપિયાની એક ઢગલી, એ પ્રમાણે ઢગલીઓ કરીને રમાબાઈએ કહ્યું, "આ પૈસાની અગિયાર ઢગલીઓ છે." સાહેબે ઊંચા અવાજે કહ્યું, "પરંતુ એકંદરે તે કેટલા રૂપિયા છે?" રમાબાઈએ હસીને કહ્યું, "કેટલા રૂપિયા છે તેની તો તમને ખબર જ છે. તમે તો હજારો રૂપિયા ગણો છે, તેવી રીતે ગણતાં મને નથી આવડતું. હું શું કાંઈ ભણેલી-ગણેલી સ્ત્રી થોડી છું તે મને ખબર પડે/" એ પછીથી બંનેય હસવા લાગ્યાં. પછી સાહેબે કહ્યું: 'તું આવી અભન્ન રહી છે એટલે સારું છે, નહીંતર તો તેં મને વધારે હેરાન કર્યો હોત."

★★★

રાયગઢના કિલ્લા પર સાહેબને મરાઠાઓએ માર્યા છે અને તેઓ દવાખાનામાં છે એવા ખોટા સમાચાર કોઈક પાસેથી રમાબાઈને જાણવા મળ્યા એટલે તેમણે રડારોળ કરી મૂકી. બીજી સ્ત્રીઓએ તેમને સમજાવ્યાં. સાહેબ આવી ગયા છે એવું જાણતા જ તેઓ તેમને મળવા ઉત્સુક હતાં. ત્યારે બધા લોકોએ કહ્યું, "સાહેબ, પહેલાં ઘરે જાવ. થોડીવાર રોકાઈને પછી પાછા આવો. બાઈને સારું લાગશે." સાહેબે ગુસ્સામાં કહ્યું, "અરે, આ સ્ત્રીઓ આવી જ હોય છે. તેમની બધીયે ઇચ્છા, આકાંક્ષા તરફ જોતાં આપણે બેસી રહીશું તો આપણાથી કોઈ જ કામ થઈ શકશે નહીં. મારે કેસ માટે રાત્રિની ગાડીમાં કોલ્હાપુર જવાનું છે. એટલે અત્યારે તો મારે કેસની તૈયારી કરવી જોઈએ. તમે બધા જાવ હવે."

કોલ્હાપુરથી પાછા ફર્યા પછી તેમણે રમાબાઈ સાથે વાત કરી. ઑફિસમાં આવ્યા એટલે સહસ્રબુદ્ધેએ સાહેબને કહ્યું, "પરંતુ સાહેબ, તમે પત્નીની બાબતમાં ખૂબ જ બેપરવાહ છો એ સારું નથી." એમના કહેવા પર સાહેબ એકદમ ગંભીર થઈ ગયા અને કહ્યું, "બધા જ લોકોનો મારા ઉપર આ જ આરોપ છે. પણ હું મારી પત્ની, બાળકો અને લાઇબ્રેરીની ઉપર હૃદયપૂર્વક પ્રેમ કરું છું. મારો તે પ્રેમ વ્યક્ત કરવા માટેનો માર્ગ તમારા જેવો નથી, એટલે હું તમો બધાને નિર્દયી લાગું છું એ એકદમ ખોટું છે. મારી પત્નીની સ્વાર્થત્યાગની ભાવનાને કારણે જ હું આજની આ સ્થિતિએ પહોંચી શક્યો "

★★★

"હું પરદેશ હતો ત્યારે રાત-દિવસ એક કરીને જેણે દુનિયાદારીની "જવાબદારી પ્રેમથી ઉપાડી લીધી અને તેને આજે પણ એ જવાબદારી ઉપાડવી પડે છે અને જ્યારે હું સ્વદેશમાં પાછો ફર્યા પછી પણ મારી ખરાબ પરિસ્થિતિને લઈને છાણનો ભારો પોતાના માથે ઉંચકીને લાવવામાં જેણે કદી આગળ- પાછળનો વિચાર કર્યો નથી, એવી મમતાળું, સુશીલ અને પૂજ્ય પત્નીનો સહવાસ દિવસના ૨૪ કલાકમાંથી અર્ધો કલાક પણ હું પસાર કરી શકતો નથી."

ક્રમશ:.. ૨....

સાહેબને સભામાં લઈ જવા માટે આવતા લોકો સામે રમાબાઈને ગુસ્સો આવતો. એક દિવસ તો એવું બન્યું કે, બાબાસાહેબ એક પરિષદ માટે બહારગામ જવાની તૈયારી કરતા હતા, રમાબાઈએ સુધ્ધાં પોતાના સામાનનું પોટલું બાંધ્યું. સાહેબને તેમણે ગુસ્સામાં કહ્યું, "ઘરે બેસીને તમારા જીવની ચિંતા કરતી બેસી રહું એના કરતાં તો તમે જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં તમારી સાથે આવવાનું મેં નક્કી કર્યું છે." રમાબાઈનો ગુસ્સો હદબહાર વધી ગયો હતો. બંને વચ્ચે ખૂબ મોટો ઝઘડો થયો. આખરે સાહેબે રમાબાઈનો ડર દૂર કર્યો.

★★★

જ્યારે રમાબાઈએ પંઢરપુર જવાની હઠ પકડી ત્યારે તેમને સમજાવવા સાહેબે કહ્યું, "રામુ, જ્યાં ભક્તોને વિઠોબાનાં દર્શન કરવા મળતાં નથી તે પંઢરપુર શું કામનું? તું ચિંતા કરીશ નહીં. ત્યાગપૂર્ણ જીવન વિતાવીને સદાચારી રહીને આપણે દલિતોની નિઃસ્વાર્થ સેવા કરીએ અને ત્યાં જ બીજું પંઢરપુર ઊભું કરીએ."

સાહેબ બૅરિસ્ટર બનીને આવ્યા, તે સમયે રમાબાઈની તબિયત અતિશય ખરાબ હતી. ડી.એન. પગારે રમાબાઈને મળ્યા, ત્યારે તેમણે કહ્યું હતું, "પગારે દાદા, આ તમારા સાહેબ કરે છે શું? અરે, મારી આવી સ્થિતિ થઈ છે તોયે મારી સાધારણ પૂછપરછ પણ કરતા નથી. અરે, દાદર ઊતરતી વખતે પણ મારા તરફ નજર ફેરવવાનીયે તેમની પાસે ફુરસદ નથી અને તબિયત પણ હવે તો મારી વધુ હાથબહાર જવા લાગી છે."

આ તેમણે સાંભળી લીધું અને તેજ પગલે તેઓ બાબાસાહેબના અભ્યાસખંડમાં ગયા અને કહ્યું, "સાહેબ, આ તમે શું કરી રહ્યા છે એની કાંઈ ખબર છે? આઈ સાહેબની તબિયત એટલી બધી બગડી ગઈ હોવા છતાં તમે તેમની સાથે સામાન્ય વાતચીત પણ કરતા નથી કે પછી સહજ રીતે દાદર ઊતરતી વેળાયે પણ જરાક ડોકી ફેરવીને તેમના તરફ નજર સુધ્ધાં નાખતા નથી. હવે અમારે તમને આના માટે કહેવું પણ શું?" આના પર બાબા માત્ર મૂછમાં હસ્યા અને કહ્યું, "શું થયું છે રે...શું ? આ નાસિકના મહારને ગુસ્સે કરવા? અરે, આવીને જરા બેસો તો ખરા / જરાક શાંત તો થાવ. કહું છું બધું તમને! પગારે તમે કહો છો તે મને સમજાતું નથી એવું તમને લાગે છે ખરું? પરંતુ હું રહ્યો એકલો. ત્યારે હું કરું તોયે શું કરું? બૅરિસ્ટરી કરું કે સમાજસેવા કે માત્ર મારા ઘર પૂરતું જ હું જોઉં? અરે, આ બધું કરવા માટે પણ મારી પાસે સમય જ છે ક્યાં તેના તરફ જોવા માટે? પછી વાતચીતની વાત તો દૂરની રહી. હું વકીલાત કરીને જે કાંઈ થોડાઘણા પૈસા મેળવું છું તે બધા જ તેને આપું છું અને તેમાંથી મારે ખર્ચ કરવા માટે જરૂરી હોય તે માગી લઉં છું. ત્યારે પૈસા તેની પાસે હોવા છતાં ડૉક્ટર પાસે તે કેમ જતી નથી? દવાદારૂ કેમ બરાબર લેતી નથી? પોતાની તબિયત કઈ રીતે સુધરે તેના તરફ ધ્યાન દેવાના બદલે સાહેબ જમ્યા કે નહીં ? એના તરફ એનું ધ્યાન વધારે હોય છે. હવે તમે જ કહો. મારે તેને શું કહેવું અને મારે શું કરવું જોઈએ તેના માટે?" આ શબ્દો પૂરા થાય તે પહેલાં જ સાહેબની આંખમાં આંસુ આવી ગયાં. પરંતુ હું બીજાં લગ્ન કરીશ નહીં /

સાહેબને ઑફિસમાં ઉદાસ બેઠેલા જોઈને ઉદાસીનતાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું, "શું પગારે, આ છોકરાઓને ગમે તેવી તોયે ખખડી ગયેલી મા હતી તે પણ જો મરી જશે તો!"

"એટલે અત્યારે કોણ મરી ગયું છે?" એવું પૂછતાં સાહેબે કહ્યું, "અરે, મુકુંદની મા અને હવે ઘરમાં ઘરડું માણસ હોય એવું કોઈ રહ્યું નથી."

"તો પછી તમારી બહેનો તો છે ને? તેમાંથી કોઈ એકને લઈ આવો તો ચાલશે ને ?"

સાહેબે કહ્યું, "અરે, તેઓ પણ ક્યાં હજુ સુધી જીવ્યા છે ? બધાં બિચારાં સ્વર્ગવાસી થયાં છે." "તો પછી બંને છોકરાઓનાં લગ્ન કરી નાખો."

સાહેબે કહ્યું, "આ વાત બરાબર છે, પરંતુ તેમને સંભાળવા માટે સાસુ પણ ક્યાં છે ? અને સાસુ ઘરમાં ના હોવાથી તેઓ પણ ઘરમાં કાયમ ઝઘડતી રહેશે." "તે માટે તો હવે આપ જ લગ્ન કરો તે જ સૌથી સારું રહેશે. ઘરને પણ સંભાળી શકશે અને તમારી દેખભાળ પણ કરી શકશે."

આ વાત ઉપર સાહેબ માત્ર હસ્યા, મલક્યા, "શું કહો છો પગારે તમે ? મારા સ્વભાવની તમને સારી રીતે ખબર છે. અરે, હવે નવી આવનારી સ્ત્રી એ સુશિક્ષિત અને સુધારક હશે. કાંખમાં-બગલમાં પુસ્તકો લેશે. ધડાધડ દાદર ચઢીને આવશે અને કહેશે, "ચાલો, ડૉક્ટર ફરવા માટે, ચાલો સિનેમા જોવા માટે કે ચાલો પાર્ટીમાં /"

બઆ બધું મારા સ્વભાવને રૂચે એવું છે શું ? અર્થાત્ હું તેની સાથે નહીં જાઉં તો તે મારી સાથે ઝઘડો કરશે, નારાજ થશે, હાથ-પગ પછાડશે અને કહેશે: "આવો કેવો છે મારો પતિદેવ ? જ્યારે જોઈએ ત્યારે પુસ્તકોમાં મોં ઘાલીને બેઠો હોય છે." તો પછી હવે તમે જ કહો, શા માટે હું કરું બીજાં લગ્ન? ભલે, ઘર-પરિવારનું જે થવાનું હોય તે થાય, પરંતુ હું બીજાં લગ્ન નહીં કરું."

36 મો અધ્યાય આવતી કાલે.....

સાભાર......
પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક:- શ્રી જ. ગો. સંત
અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ

૦૬ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૩૬ - મારા પરમસ્નેહી.

સિદ્ધાર્થ કૉલેજને પોતાના ગ્રંથોનો સંગ્રહ આપતી વખતે બાબાસાહેબે કહ્યું : "મારા જીવનનાં સ્નેહી-સંબંધીઓને હું તમોને આપું છું. સમાજે બહિષ્કૃત કરેલા મારા જેવાને આ મહાન ગ્રંથોએ જ મને પોતાની નજીક રાખ્યો હતો. જગત આખામાં તેમના જેવો પરમસ્નેહી મારો કોઈ જ નથી. એટલે જ એક પણ પુસ્તક બીજાને આપવું એ મને જીવ આપવા જેવું થાય છે."

"મને સમાજે ઠુકરાવ્યો, દૂર હડસેલ્યો. જગતથી હું દૂર થઈ ગયો. બધાએ મને દૂર ધકેલ્યો. પરંતુ આ ગ્રંથોએ મને આશરો આપ્યો, એટલે જો એકાદ પુસ્તક પણ મારે જો બીજાને આપવાનું થાય તો મારા જીવ પર આવી જવાય છે. મારા ગ્રંથાલયની ખરીદી કરવી એટલે મારો જીવ માગવા જેવું છે." "હું એકવાર વાંચવા કે લખવા બેસું એટલે મારી બધીયે શક્તિઓ એકત્રિત થઈ જાય છે. હું આખી રાત વાંચતો કે લખતો બેસી રહું તોયે મને થોડો સરખોય થાક લાગતો નથી. સતત વાંચવાને કારણે મારી સ્મરણશક્તિ એટલી બધી તીક્ષ્ણ અને પ્રખર થઈ ગઈ છે કે અમુક ગ્રંથોમાંનાં મહત્ત્વનાં લખાણો અથવા તો અમુક ગ્રંથોનાં અમુક પાનાં ઉપર આટલામી લાઇનમાં આ વાક્ય અથવા તો આ શબ્દ મહત્ત્વનો છે એવું હું કહી શકું છું." "વિદ્યા એ મારા ઉપાસ્ય દેવતા છે. હું તેની ચોવીસે કલાક પૂજા કરું છું"

"પુસ્તકોના સહવાસમાં શાંતિમય જિંદગી પસાર કરવા જેવો બીજો કોઈ આનંદ નથી. પુસ્તકો મને શીખવે છે, મને નવો માર્ગ બતાવે છે, એટલે કે તે મને આનંદનો લાભ મેળવી આપે છે."

"સ્નેહ-સંબંધ બાંધવાની કલાની આવડત મારામાં જરાયે નથી. મારો ચહેરો પણ અતિશય કડક અને ઉગ્ર દેખાય છે. તેના કારણે મારી પાસે આવતા લોકો કચવાય છે, ડરે છે એવું લોકો કહે છે અને આવું હોવું એ પણ કાંઈ અશક્ય નથી. પરંતુ માણસો કરતા પુસ્તકોનો સહવાસ મને વધારે ગમે છે એ વાત એકદમ સાચી છે."

★★★

"પ્રોફેસર આનેસાકી અને મિ.એડમંડસ, આ બંને પંડિતોએ 'બુદ્ધની શિખામણ અને ખ્રિસ્તની શિખામણ' આ વિષયમાં એક તુલનાત્મક એવી મહત્ત્વપૂર્ણ ગ્રંથની રચના કરી છે. એના ઉપરથી જોઈ શકાય છે કે ખ્રિસ્તની શિખામણ એટલે બુદ્ધની જ શિખામણ હોય એવું લાગે. એ તેમણે એક બાજુએ બુદ્ધનો સિદ્ધાંત અને બીજી બાજુએ બાઇબલમાંથી ખ્રિસ્તનો સિદ્ધાંત આપીને તેમનું સામ્યપણું પૂરેપૂરું સાબિત કરી દીધું છે. આ ગ્રંથનું મરાઠી ભાષાંતર કરીને જનતાના હાથમાં આપું એવી ખેવના મારા મનમાં આજે કેટલાંક વર્ષોથી છે. હું આ ગ્રંથ બિલકુલ મારા જીવની જેમ સંભાળીને રાખું છું અને એકદમ તે કોઈનેય આપતો નથી. પરંતુ કેટલાંક લોકોએ અતિભારે આગ્રહ કરવાથી મેં એક ભાગ એક મિત્રને વાંચવા માટે આપ્યો. પરંતુ તેણે તે ખોઈ નાખ્યો. એ ગ્રંથ મારો ખૂબ જ પ્રિય અને અલભ્ય છે. આવો ગ્રંથ આ રીતે મારા હાથમાંથી જતાં રહેતાં અતિશય દુઃખ થયું. માટે ફરી પાછા આ ગ્રંથના બંને ભાગ વેચાતા લેવા પડ્યા. સદ્ભાગ્યે એક ગ્રંથવિક્રેતા પાસેથી તે મને અનાયાસ મળી ગયા. હું જલદીથી જ એ ગ્રંથોનું મરાઠીમાં ભાષાંતર કરવાનું શરૂ કરવાનો છું.

ક્રમશઃ...૧...

વડોદરાની કચેરીના અધિકારીએ પૂછ્યું ત્યારે બાબાસાહેબે કહ્યું : "મને જે કામ સોંપવામાં આવે છે તેને હું એક પણ પળ વ્યર્થ ગુમાવ્યા વિના પૂરું કરી દઉં છું અને પછી જ્યારે કોઈ કામ ના હોય ત્યારે બીજાની જેમ ટોળ-ટપ્પા મારવા ના બેસતાં પુસ્તક વાંચું છું. આ સિવાય અહીંના લોકો મને અસ્પૃશ્ય સમજીને મારાથી દૂર જ રહે છે અને તેથી મને તેમની સાથે ભળી જઈને ટોળટપ્પા મારતા બેસી રહેવું ગમતું નથી અને ગપ્પાં મારતાં પણ આવડતું નથી." ભીમરાવ કચેરીનું કામ પૂરું કરીને લાઈબ્રેરીમાં જવા ઊપડ્યા, ત્યારે એક અધિકારીએ કહ્યું, "લો સાહેબ તો ચાલ્યા લાઈબ્રેરીનું નામ લઈને ભટકવા માટે ." ત્યારે ભીમરાવે કહ્યું, "આ જુઓ, તમે ચાલો મારી સાથે લાઈબ્રેરીમાં એટલે હું ત્યાં લાઇબ્રેરીમાં કેટલાં પુસ્તકો વાંચું છું અને તેમાંથી કેટલી નોંધો કાઢું છું એ બતાવીશ તમોને."

બીજા દિવસે નોંધો લખેલી જાડી જાડી ૧૨ નોટબુકો તે અધિકારીને બતાવી અને કહ્યું, "તમે વડોદરામાં ૧૨ વર્ષથી રહો છો. કહો જોઈએ તમે આજ સુધી કેટલાં પુસ્તકો વાંચ્યા છે?"

આ વાત પર એ અધિકારી ભારે શરર્મિંદા થયા.

રત્તુ ગદ્ગદિત થઈ ગયા

૧૯૫૬ની સાલમાં માર્ચ મહિનામાં એક શનિવારના દિવસે તેમણે "આવતી કાલે સવારે વહેલો આવજે" એવું બાબાએ રત્તુને કહ્યું. તેઓ તે મહાન ગ્રંથની ભૂમિકા અને પ્રસ્તાવના લખી રહ્યા હતા. રત્તુ રવિવારે આવ્યા. બાબાસાહેબ એ જ ખુરશી પર બેસીને લખી રહ્યા હતા. પાંચ મિનિટ થઈ ગઈ. આમ છતાંયે તેમનું ધ્યાન તેના તરફ ગયું નહીં. એટલે રત્તુ એ જાણીજોઈને તેમના ટેબલ ઉપરના બે પુસ્તકોને આઘાંપાછાં કર્યાં એટલે બાબાસાહેબે મોં ઊંચું કરીને જોયું અને કહ્યું, "તું હજુ સુધી ઘેર ગયો નથી શું?" એવું રત્તુ ને પૂછ્યું. ત્યારે રત્તુ એ કહ્યું, "હું મધરાત્રે ઘરે જઈને સવારે ફરી પાછો આપની સેવા કરવા માટે આવ્યો છું." એ સાંભળીને બાબાસાહેબે આશ્ચર્યચકિત થઈને કહ્યું, "અરે, મને તો લાગ્યું કે તું ઘરે ગયો જ નથી. અહીંયાં જ મારી પાસે ઊભો છે. દિવસ ઊગ્યો એની તો મને ખબર જ નથી. હું તો લખતો જ બેસી રહ્યો હતો. હું તો અહીંયાંથી જરાયે હલ્યો જ નથી."' આ સાંભળીને રત્તુ ગદ્ગદિત થઈ ગયો.

બુદ્ધની મૂર્તિ આગળ સવારની પ્રાર્થના કરી અને ફરી પાછું લખવાનું કામ શરૂ કર્યું. ૧૫ માર્ચ ૧૯૫૬ના રોજ બાબાસાહેબે પોતાના ગ્રંથની પ્રસ્તાવના પોતાના હાથે લખીને પૂરી કરી અને રત્તુ ને ટાઇપ કરવા માટે વાંચીને બતાવી.

પરમ સ્નેહી

રાત આખી બાબાસાહેબનું અધ્યયન ચાલતું, મનન અને ચિંતન થતું. એકવાર રાતના સમયે અધ્યયનમાંથી ઊઠ્યા એટલે બાજુના ખંડમાં લાઇટનો ઝગમગાટ જોઈને તેઓ ત્યાં આવ્યા. હું ટાઇપ કરી રહ્યો હતો. મારી પાછળ આવીને તેઓ ક્યારે ઊભા રહી ગયા તેની મને ખબર જ ના પડી. તેમણે મારા ખભા પર હાથ મૂકતા જ હું ચમક્યો. પાછું ફરીને જોયું તો બાબાસાહેબની ભવ્ય મૂર્તિ ઊભી હતી. હું તો ગભરાઈ ગયો. તેમણે પ્રેમથી મારી પીઠ થાબડી અને પૂછ્યું, "તેં જમી લીધું?" મેં નકારમાં ડોક ધુણાવી. તેમણે કહ્યું, "ખૂબ સરસ, આપણે બંને ઉપવાસી છીએ. ચાલ, હું ચા બનાવું." એમ તેમણે કહ્યું. વહેલી સવારના ત્રણ વાગ્યાનો સમય હતો. બાબાસાહેબે જાતે સ્ટવ સળગાવ્યો અને ચા બનાવી. પરંતુ દૂધનું વાસણ ક્યાં મૂક્યું છે એની ખબર ના હોવાથી દૂધ મળ્યું નહીં. એટલે તેમણે મને પૂછ્યું, "અરે ભાઈ, તને દૂધ વગરની ચા પીવાની આદત છે કે નહીં?"

મેં જવાબમાં કહ્યું, "અનેક વખત હું દૂધ વગરની ચા પીઉં છું." તેના જવાબમાં તેમણે હાથ ઊંચો કરીને કહ્યું, "સારું, સરસ. પરંતુ યાદ રાખ, આપણા જીવનમાં દૂધનો પુરવઠો માત્રામાં રાખવો જોઈએ. તે ક્યાંય પણ અને ક્યારેય પણ મેળવી લેવો જોઈએ." બાબાસાહેબના આ તાત્ત્વિક શબ્દો હતા. આ પછી તેમણે એક મોટો પાઉં (મોટી રોટી) કાઢી અને તેના બે સરખા ટુકડા કર્યા અને પછી તેમાંથી એક ભાગ મને આપ્યો.

હું "ના...ના" કરતાં જ તેમણે કહ્યું, "અરે ભાઈ, આ સમાનતા માટે જ તો આપણે આપણો હક્ક ભોગવવો જોઈએ."

*37 મો અધ્યાય આવતી કાલે.....*


સાભાર......

પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક:- શ્રી જ. ગો. સંત

અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ

**૦૭ - મે**

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૩૭ - બાળકો તરફનો પ્રેમ

દાદાસાહેબ ગાયકવાડને પત્રમાં બાબાસાહેબ લખે છે કે (૮-૧૧- ૧૯૩૫) ચિ. યશવંતની તબિયતમાં કોઈ સુધારો થતો નથી એટલે હું ખૂબ જ ચિંતામાં છું.

બીજા પત્રમાં બાબાસાહેબ લખે છે– ચિ. યશવંતને હવે થોડું સારું છે. હું તેને મુંબઈ બહાર મોકલવાનો છું.

રાજરત્નના મૃત્યુ પામ્યાથી સાહેબને જે દુ:ખ થયું તે દત્તોપંત પવારને (૧૬-૮-૧૯૨૬) ના પત્રમાં લખે છે:

પુત્રનું નિધન થવાથી અમો બંનેને જે આઘાત લાગ્યો છે એમાંથી અમો જલદીથી બહાર આવીશું એમ કહેવું એ શુદ્ધ ઢોંગીપણું છે. અત્યાર સુધી ત્રણ દીકરા અને એક દીકરી એમ ચાર લાડકાં બાળકોને અમારે હાથે વળાવવાનો વારો આવ્યો, એની યાદ માત્રથી મન ભારે દુ:ખથી ભરાઈ જાય છે. તેમના ભવિષ્ય વિશે અમે જે કલ્પના બાંધી હતી તે તો ભાંગીને ભુક્કો થઈ ગઈ એ જુદું. અમારા જીવન પર આ દુ:ખનો ઢગલો ખડકાતો જાય છે. દીકરાના મૃત્યુની સાથે જ જીવન જીવવાનો જોમ-જુસ્સો હતો, તેની તલબ હતી એનો નાશ થવાથી અમારું જીવન વેરાન થઈ ગયું છે. બાઇબલમાં કહ્યું છે ને કે, "તમે આ ધરતીનું મીઠું છો. જો મીઠાનો સ્વાદ જ જતો રહે, તો તેનામાં ખારાશપણું શેમાંથી લાવી શકાય?"

શૂન્ય બની ગયેલા મારા જીવનમાં આ વચનોની સત્યતા સમજાય છે. મારો છેલ્લો દીકરો તો અસામાન્ય હતો. તેના જેવો છોકરો તો મેં કદાચ જ જોયો હશે. તેના ગયા પછી મારું જીવન તનાવથી ભરેલા બગીચા જેવું બની ગયું છે. અતિશય દુ:ખના કારણે વધુ કાંઈ લખી શકતો નથી. દુ:ખથી ભાંગી પડેલા તારા મિત્રના તને નમસ્કાર."

દાદાસાહેબ ગાયકવાડના પત્રમાં (૩૦-૬-૧૯૪૯) સાહેબ લખે છે- હું બંધારણ સમિતિના કામમાં અતિશય વ્યસ્ત છું. પરંતુ એક મહત્ત્વની વાત મારે આપને લખવાની હતી, પરંતુ તે લખી શક્યો નહીં. ચિ. યશવંતનાં લગ્ન કરવાની ઇચ્છા છે. તેના માટે હું છોકરીની શોધમાં છું. એકાદી સારી છોકરી તમારા ધ્યાનમાં છે શું? છોકરી આ પ્રમાણેની હોવી જોઈએ : (૧) તે દેખાવમાં સારી હોવી જોઈએ. (૨) તેનું સારું વ્યક્તિત્વ હોવું જોઈએ. દેખાવમાં તે સુંદર હોવી જોઈએ. (૩) તે ચારિત્ર્યશીલ હોવી જોઈએ. (૪) તે એકદમ ઉંમરની ના હોવી જોઈએ. તે પદવીવાળી/ભણેલીગણેલી ના હોય તો ચાલશે પરંતુ સારી, સુશિક્ષિત-સુશીલ ને સંસ્કારી હોવી જોઈએ. આ પત્રને ખૂબ જ અગત્યનો સમજીને યોગ્ય કરશો. નાગપુરમાં આવી કોઈ કન્યા તમારા ધ્યાનમાં છે ખરી? એ મને તુરંત જણાવશો.

ગાયકવાડને બીજો પત્ર (૫-૬-૧૯૫૯)

મારો પરમ દિવસે લખેલો પત્ર તમને મળ્યો જ હશે. ચિ.યશવંતના લગ્ન બાબતમાં લખ્યો હતો. તમો અહીંયાં આવી જશો તો ઠીક રહેશે, એટલે કે આપણે બેય એના ઉપર પોતે જ વિચાર કરીએ. બંધારણ સમિતિ કોઈક રજા નિમિત્તે મોકૂફ રહેશે. હું ખૂબ જ થાકી ગયો હોવાથી આરામ કરવા માટે સિમલા કે મસૂરી જવાનો છું. આપણી પછી મુલાકાત થઈ ના શકે એટલે તમે તુરંત આવી જશો.

શ્રી કવાડે અહીંયાં આવ્યા હતા ત્યારે તેમણે મને કહ્યું હતું કે, નાગપુરમાં ત્રણ ઉંમરલાયક છોકરીઓ છે. તેમાંથી કોઈ એકની ચિ.યશવંત પસંદગી કરી શકે. આ માટે શ્રી કવાડે અને ચિ. યશવંતને મળશો. હું મુંબઈમાં જાન્યુઆરીના પહેલા અઠવાડિયે આવીશ.

મેં આ બાબતમાં હાલમાં કોઈને જ લખ્યું નથી. એક મહિનો થઈ ગયો. મિ.કમલકાંત (ચિત્રે) એમને જ પત્ર લખ્યો છે. તેનું કારણ છે કે, હું મુંબઈથી અહીંયાં પરત આવ્યો એ પછીથી મારી તબિયત ફરી બગડી છે. ફરીથી પાછી મારા પગમાં વેદના શરૂ થઈ હોવાથી તે અતિશય પીડાદાયક છે. Giddiness આપવાની શરૂઆત થઈ છે. તેના કારણે વાંચવા અને લખવાનું બંધ થયું છે. હવે મને થોડું સારું લાગે છે, એટલું હું તમને આ પત્ર લખી રહ્યો છું.

ક્રમશ:...૧...

ચિ.યશવંતના લગ્નની બાબતમાં તમારા પત્રની વિગતો જાણી. તે તેની ઇચ્છા પ્રમાણે લગ્ન કરવા માટે સ્વતંત્ર છે. તેણે નાગપુરની છોકરીની ના પાડી ? તે દેખાવે કેવી છે તેની મને ખબર નથી, પરંતુ તે સારી સુશિક્ષિત હતી. યશવંત ભણેલી છોકરી સાથે લગ્ન કરવા માગતો નથી એવું લાગે છે, એટલે જ તે અભણ છોકરીને પસંદ કરી રહ્યો છે. તેના આ વિચારો સાથે હું સહમત નથી. મેં શ્રી રાજભોજની છોકરીને જોઈ નથી. તેમની જાત જુદી છે, એટલે હું એની સાથેના લગ્નને નકારતો નથી, કારણ કે આવી વાતોમાં મને વિશ્વાસ નથી.

ચિ.યશવંતરાવના લગ્નમાં ડૉ.સવિતાબાઈ આંબેડકર હાજર હતાં, સાહેબ નહીં.
ભાઉરાવ ગાયકવાડના પત્રમાં સાહેબ લખે છે–

"પહેલી પત્નીના નિધન પછીથી મેં ફરીથી લગ્ન નહીં કરવાનો નિર્ધાર કર્યો હતો. પરંતુ હવે મેં બીજાં લગ્ન કરવાનો નિર્ણય કર્યો છે, જે કોઈ સારી ઘરરખ્ખુ સ્ત્રી હોય, વૈદકશાસ્ત્રમાં પારંગત હોય એવી પત્નીની મારે આવશ્યકતા છે. દલિત સમાજમાં આવી સ્ત્રી મળવી અશક્ય હોવાથી મેં એક સારસ્વત સ્ત્રીની પસંદગી કરી છે. આપણા એક સાથી કાર્યકર મારા દીકરા યશવંત અને મારી થનારી પત્ની ડૉ. કબીરના મનમાં એકબીજાના વિષયમાં ગેરસમજો ઊભી કરે છે એ મને જણાવતાં અત્યંત દુ:ખ થાય છે."

કમલકાંત ચિત્રેના પત્રમાં લખે છે

"લગ્નને જો હું આગળ ધકેલીશ તો આ વિષયમાં લોકોને વધારે ભ્રમ ઊભો થશે અને દુષ્ટ લોકોને મારી બદનામી કરવા માટેનો એક મોકો મળી જશે એની મને ચિંતા છે, એટલા માટે જ એપ્રિલની ૧૫મી તારીખે લગ્નગ્રંથિથી જોડાવાનું નક્કી કર્યું છે."

"આ વાત કરવામાં હું કોઈ નૈતિક ગુનો કરું છું એવું મને લાગતું નથી. તકરાર કરવા માટે મેં કોઈનાયે માટે જગ્યા રાખી નથી, યશવંત માટે સુધ્ધાં નહીં. તેને મેં આજ સુધી આશરે ત્રીસ હજાર રૂપિયા આપ્યા છે અને ઓછામાં ઓછા એંશી હજાર રૂપિયાની કિંમતનું એક ઘર પણ આપ્યું છે. મને ખાતરી છે કે કોઈ પણ બાપ પોતાના બાળકો માટે થઈને જે કાંઈ થઈ શકે તે કરે, તેના કરતા અધિક મેં મારા દીકરા માટે કર્યું છે."

દીકરાના ભવિષ્યનો પ્રશ્ન સાહેબને ખૂબ જ ભયભીત કરતો હતો. પોતાના દીકરાને કોઈ એકાદ ધંધામાં જોડવો જોઈએ એવો વિચાર ડૉ. આંબેડકરના મનમાં છેલ્લાં ચાર વર્ષથી ગૂંચવાતો હતો. એટલે તેમણે નવલ ભાથેના એ પારસી સ્નેહીને પત્ર લખીને પોતાના દીકરાને અને ભત્રીજાને ધંધો કરવાનું શીખવવામાં આવે એમ જણાવ્યું. "જો આવું થઈ શકશે તો હું શાંતિથી મરી શકીશ. બાપ પોતાના દીકરાના હિત માટે જે ખંતથી તેને ધંધો કરતાં શીખવાડે છે તેવી રીતે તમે મારા દીકરાને પૂરા ખંતથી એને નાનોમોટો સતત ચાલી શકે એવો ધંધો કરતાં શીખવાડો." તે પ્રમાણે નવલ ભાથેનાએ તેમના દીકરા અને ભત્રીજાને એક ધંધો કાઢી આપ્યો. પરંતુ તે ધંધામાં નિષ્ફળતા મળતા આંબેડકરના પિતૃહૃદયમાં નિરાશાનાં ઘનઘોર વાદળ છવાઈ ગયાં.

**38 મો અધ્યાય આવતી કાલે.....**

સાભાર.....
પુસ્તક.- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક.- શ્રી જ. ગો. સંત
અનુવાદ.- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૦૮ - મે

## અધ્યાય :- ૩૮ - અંતિમ સંદેશ.

પંતપ્રધાન નહેરુ સાથે મતભેદ હોય એવા વિચારશીલ વિદ્વાનોનું કહેવું લોકો મૂળેય સાંભળવા માટે તૈયાર નથી.

સાહેબે મુસ્કુરાઈને કહ્યું:

"જે દેશમાં આટલા બધા પૂર્વગ્રહોયુક્ત મનના લોકો હોય, તે દેશમાં જન્મ લેવો એ જ મોટું પાપ છે. મારે ચારેબાજુથી ગાળો-શ્રાપ ખાવાં પડે છે. આમ છતાંયે મેં કરેલું કાર્ય ખૂબ જ મોટું છે. મારું કાર્ય હું મારા મૃત્યુ સુધી ચાલુ જ રાખીશ." એમ કહીને તેઓ રડવા લાગ્યા.

એક દિવસ નાનકચંદ રત્તુને કહ્યું :

"મારા લોકોને કહે કે જે કાંઈ મેં કર્યું છે તે મેં અસંખ્ય યાતનાઓ ભોગવીને અને જિંદગીભર દુઃખ વેઠીને તેમજ મારા વિરોધીઓ સાથે લડીને મેળવ્યું છે. મહાપ્રયાસોથી આ કાફલો જ્યાં દેખાય છે ત્યાં લાવીને મૂક્યો છે. માર્ગમાં કેટલીયે અડચણો અને સંકટો આવે આમ છતાંય તે કાફલો હવે પાછો ફરવો ના જોઈએ. જો મારાં સહયોગીઓ-સાથીઓને તે કાફલાને આગળ લઈ જતાં ના આવડે, તો તે જ્યાં છે ત્યાં જ તેને રહેવા દે. પરંતુ ગમે તે થાય તોયે તેને કદાપિ પાછળ લઈ જવા દેશો નહીં. આ જ મારા લોકોને મારો સંદેશ છે."

39મો અધ્યાય આવતી કાલે...

સાભાર.....
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૦૯ - મે

## અધ્યાય :- ૩૯ - અંતિમ રાજકીય ભાષણ.

નાગપુરની શ્યામ હોટેલમાં તેમણે પોતાના પક્ષના લોકોની સભા બોલાવી હતી. તે વેળાએ તેમણે કહ્યું :

"મને તેની ખબર છે કે તમને ધર્મ કરતાં રાજકારણમાં અધિક ઉત્સાહ લાગે છે. પરંતુ મને તો રાજકારણ કરતાં ધર્મમાં વિશેષ રસ પડે છે. શેડયુલ્ડ કાસ્ટ ફેડરેશને દલિત વર્ગોમાં સ્વાભિમાન અને આત્મપ્રતિષ્ઠા નિર્માણ કરી છે. પરંતુ દલિતવર્ગોએ આપણા પોતાનામાં અને ઇતર સમાજમાં એક મોટી દીવાલ ઊભી કરી છે. પરિસ્થિતિ એવા વળાંકે આવીને ઊભી છે કે અસ્પૃશ્ય વર્ગમાંના ઉમેદવારોને ઇતર લોકો મત આપતા નથી અને તેઓ પોતે સુધ્ધાં બીજા પક્ષમાંના ઉમેદવારોને મત આપતા નથી. ત્યારે તેમણે જે લોકોને દલિતોની તકલીફો, મુશ્કેલીઓની બાબતમાં સહાનુભૂતિ છે, તેમની મદદથી એક રાજકીય પક્ષ સ્થાપવો જોઈએ અને બીજા પક્ષમાંના નેતાઓની સાથે કામ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. હવે પરિસ્થિતિનો ક્યાસ કાઢવાનો સમય આવી ગયો છે.

40મો અધ્યાય આવતી કાલે...

**સાભાર.....**
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૧૦ - મે

## અધ્યાય :- ૪૦ - બાબાસાહેબની મહાનતા.

'માનપત્ર સમારંભ'ના કામ માટે યોજવામાં આવેલી બેઠકમાં આ કામ માટે તૈયાર કરવામાં આવેલી હસ્તલિખિત પત્રિકા બાબાસાહેબને બતાવવામાં આવી. તે પત્રિકામાં 'સાહેબ ડી.એસ.સી.ની પદવી મેળવીને વિલાયતથી આવશે' એવા મતલબનું એક વાક્ય હતું. તે બાબતમાં સાહેબે વિરોધ વ્યક્ત કર્યો અને આવેશમાં આવી જઈને લોકોને કહ્યું: "આ પદવી હજુ મને મળી નથી. આ પદવી અંગેનો નિર્ણય મને ૨-૩ મહિનામાં જાણવા મળશે. તમે લોકો સાચી વસ્તુસ્થિતિની સંપૂર્ણ માહિતી ના આપતાં તમે આ કાર્ય હાથમાં લીધું એ સારું કર્યું નથી. આ બાબતમાં તો તમારે મને મળીને સૌપ્રથમ મારી આ અંગે સંમતિ લેવાની જરૂર હતી. મારી સંમતિ સિવાય તમે સભા ભરો અને હેન્ડબીલ-પત્રિકા છાપશો તેના કારણે લોકોને લાગશે કે, 'આવું કરવા માટે મેં જ તમને કહ્યું છે અને હજુ તો પદવી મળે એ પહેલાં જ ગૃહસ્થ માનપત્ર મેળવવા માટે ભારે ઉતાવળા થયા છે.' જ્યારે ઉપલા વર્ણના (સવર્ણ) લોકો પણ કહેશે કે, "જુઓ જુઓ, મહાર વિલાયતમાં ભણીને આવ્યો અને પોતાના લોકો પાસેથી આરતી ઉતરાવવા લાગ્યો છે." હું ભણ્યો એ કાંઈ મેં ધાડ મારી નથી. ખરેખર તો સમાજ પાસેથી માનપત્ર મેળવવા જેવું મારા હાથે સમાજનું એવું તે શું કાર્ય થયું છે? જ્યારે હું સમાજ માટે કોઈક મોટું કામ કરું ત્યારે તમે મને માનપત્ર આપજો. તેને હું આનંદથી સ્વીકારીશ. અત્યારે તો હું આ માનપત્ર સ્વીકારવાનો નથી."

શ્રી ખૈરમોડે બાબાસાહેબનું જીવનચરિત્ર લખવાના છે અને તેના માટે માહિતી ભેગી કરી રહ્યા છે. એ સમાચારની જાણકારી બાબાસાહેબને મળી હતી. તેઓ તેમના જીવન અંગેની માહિતી આપવાનું બહાના કાઢી ટાળી રહ્યા હતા. તેમણે કહ્યું: "અરે, મેં પદવી મેળવી કે થોડાંક પુસ્તકો લખ્યાં એ સિવાય મેં કોઈ વિશેષ કાર્યું છે શું? તો પછી તું મારું ચરિત્ર અત્યારે જ શા માટે લખો છો ? મારા હાથે સમાજનું કોઈક મહાન કામ થયું હોય તો પછી મારું ચરિત્ર લખવાની રજા છે. હું એંશી વર્ષ સુધી જીવવાનો છું અને એટલા સમયગાળામાં સમાજનું હિત થાય એવાં પુષ્કળ કામો કરવાનો છું. હું એક મોટી શિક્ષણસંસ્થાની સ્થાપના કરવાનો છું. ત્રીસ-ચાળીસ ગ્રંથો લખવાનો છું. ધર્મનું આંદોલન કરવાનો છું. આ બધી વાતો મારા હાથે થાય તો જ મારા ચરિત્રનું કોઈ મહત્ત્વ રહેશે."

★★★

પ્રાંત-શહેર દંડાધિકારી (સિટી મૅજિસ્ટ્રેટ) ચિમનલાલ સેતલવાડના અધ્યક્ષસ્થાને ડૉ. આંબેડકરનો સન્માન સમારંભ યોજાવાનું નક્કી થયું અને લોકો તેના માટે તેમની સંમતિ મેળવવા માટે ગયા હતા. તેમને ડૉ. આંબેડકરે કહ્યું : "મને માનપત્ર નથી જોઈતું. હું તમારા ઉપર ઉપકાર કરવા માટે નથી ભણ્યો. મને પરમેશ્વરની કૃપાથી તક મળી એટલે હું ભણી શક્યો. મારી જેમ જો બીજાને પણ આવી તક પ્રાપ્ત થઈ હોત તો તે પણ મારી જેમ ઉચ્ચ પરીક્ષામાં ઉત્તીર્ણ થયો હોત. એટલે તમે લોકોએ મારા સન્માનપત્ર માટે જે પૈસા ભેગા કર્યા હોય તે પૈસા આપણા અસ્પૃશ્ય જાતિના લાયક વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપવા માટેના ઉપયોગમાં લો." લંડન જતી વેળા, બોટ પર ચઢતી વેળા ગગનભેદી જયજયકાર કરવામાં આવ્યો.

ક્રમશઃ....

આ બાબતમાં બાબાસાહેબે કહ્યું, "આ જયજયકારોનાં પ્રદર્શનો મને બેચેન બનાવી દે છે. આ જયજયકારોથી વ્યક્ત કરવામાં આવતી વિભૂતિપૂજાની ભાવના મારી જનતાંત્રિક પ્રવૃત્તિને વ્યથિત, દુઃખી અને વ્યાકુળ કરી દે છે. આ જયજયકારના દેખાવો મારા મનને ભારે દુઃખી કરે છે. આપણા લોકોએ મારી પાસે રાખેલી અપેક્ષાઓ અને તેના વિષયમાં મારા કર્તવ્યની મને યાદ કરાવી આપે છે.

"એકાદ વાર તો એવું થાય છે કે, જગતમાં એકલા હોવું જોઇએ, જેથી શાંત અને સ્વતંત્ર જીવન જીવી શકાય. આવી રીતના શાંત, અલિપ્ત અને નકામી દોડાદોડ-પંચાત વિનાના જીવનની દિલચસ્પી મારા જેટલી ખૂબ જ ઓછા લોકોમાં હશે. આવી રીતના એકાંત, સુખરૂપ આયુષ્યક્રમવાળાં જીવનધોરણ પર મારા કરતાં વધારે હક્ક બીજા કોઇનો હોઇ શકે ખરો ? દુઃખના અંતે સુખ અથવા તો કષ્ટના અંતે વિશ્રાંતિ મળે છે, એ સિદ્ધાંત અચૂક અને બધાના માટે સરખો લાગુ પડતો હોય તો, મને જોઇએ છે એવી નીરવ શાંતિ, સ્વતંત્રતા અને એકાંત એવો જીવનક્રમ મને તો આ પહેલાં મળી જવું જોઇતું હતું. પરંતુ તે સિદ્ધાંત મને લાગુ પડનાર નથી, એ હું હવે તો સમજી ચૂક્યો છું. ઘોંઘાટવાળું જીવન મારી ગળથૂથીમાંથી જ લખાયેલું હોવાથી તે આના પછીથી છેવટના અંત સુધી એ પ્રાપ્ત થશે નહીં."

41 મો અધ્યાય આવતી કાલે.....

**સાભાર....**
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૧૧ - મે

## અધ્યાય :- ૪૧ - આવું જ હોય પ્રેમાળપણું.

બાબાસાહેબના પ્રેમાળપણાની પુષ્કળ વાતો કહી શકાય એમ છે. એમાંનો એક પ્રસંગ આવો છે.

પાંચ વાગ્યા હશે. અમારી પરળ (પરેલ)ની શાળાના દરવાજામાંથી "અરે દોંદે, અરે ઓ દોંદે" એવા કોઈક અવાજ કરી રહ્યું હતું.

"ડોક્ટર આ સમયે અહીંયાં ક્યાંથી?" એનું મને આશ્ચર્ય થતું હતું. "અરે દોંદે, હું ચા પીવા માટે આવ્યો છું." એવું બોલતાં બોલતાં તેઓ દાદરો-સીડી ચડ્યા. આવીને બેઠા પછી મેં સહજ રીતે આવવાનું કારણ પૂછ્યું. તેમણે કહ્યું: "એવું બન્યું કે અમારી હિંદુ કોલોનીમાં સફાઈકામ કરનારી બહેન રાત્રે બે વાગતાં મને ઉઠાડવા આવી. તેના પતિને સવારથી તે સંધ્યાકાળ સુધી જુલાબ ને ઊલટી થતી હતી. સાંજે ૭ વાગે તે તેના પતિને હોસ્પિટલમાં લઈ ગઈ. ૭ વાગ્યાથી રાત્રિના ૨ વાગ્યા સુધી તેનું કોઈ સાંભળતું જ ન હતું. તે બહાર પડી રહ્યો હતો. હું ડૉ. જીવરાજને કહું એટલા માટે તે મને ઉઠાડવા આવી હતી. હું મોટરગાડી કાઢી તે બાઈની સાથે હોસ્પિટલમાં ગયો. તે માણસની વ્યવસ્થા કરી અને હવે ત્યાંથી જતાં જતાં તમારા તરફ ડોકિયું કરતો જાઉં એવો વિચાર મનમાં આવ્યો એટલે મેં તમને હાક મારી હતી."

એક સાંજના સમયે બાબાસાહેબ ફરવા માટે નીકળ્યા. ખૂબ જ ઠંડી પડતી હતી. રસ્તામાં તેમને એક બિલકુલ ઘરડો ગૃહસ્થી મળ્યો. તેના શરીર પર ફાટયાં-તૂટ્યાં કપડાં પહેરેલાં હતાં. આમ તો તે અર્ધનગ્ન જેવો જ હતો. એક પુલનો ટેકો લઈને તે ઠંડીમાં થથરતો ઊભો હતો. તે હાથેપગે ઠંડીથી કંપતો ઊભો હતો. તેના હાથપગ હલબલી રહ્યા હતા. તેની આવી સ્થિતિ જોઈને બાબાસાહેબ ચાલતાં ચાલતાં એકાએક ઊભા રહી ગયા. તેમણે પોતાના શરીર પરનો ગરમ કોટ કાઢ્યો અને તેમણે પોતાના હાથે તે કોટ તે ઘરડા ડોસાને પહેરાવી દીધો. પછી તેમને ભેટી પડીને (આલિંગન આપીને) તેઓ મનોમન બોલ્યા: "આ જગતમાં આવા કેટલા બધા લોકો ઠંડીમાં ઠીકરું થઈને મરતા હશે. કેટલાય લોકો ભૂખના માર્યા તરફડીને મરે છે, તારાથી જે શક્ય હોય એ કરતો રહે."

એક દિવસ બન્યું એવું કે, એમનો કૂતરો કાંઈ ખાતો ન હતો, પીતો ન હતો. બાબાસાહેબ ખૂબ જ દુ:ખી થયા. થાય તેટલા શક્ય ઉપાયો કર્યા. હૃદયથી કંટાળીને કરુણ શબ્દોમાં તેમણે કહ્યું: "એવું તે તને શું થયું છે ? તારો આ સત્યાગ્રહ શા માટે છે ? આ ઉપવાસ શેના માટે કરે છે? હવે તો કહે મારા બાપ!" આમ કહેતાં કહેતાં બાબાસાહેબની આંખોમાં પાણી ભરાઈ ગયાં. પોતાનો પ્રેમાળ, વિશ્વાસુ કૂતરો કાંઈ જ ખાતોપીતો ન હોવાથી તેઓ બે દિવસ ઉપવાસી રહ્યા અને તીસરા દિવસે સવારે ત્યારે જમ્યા જયારે તે કૂતરાએ દૂધની સાથે પાંઉ ખાધો. ત્યારે બાબાસાહેબ ભારે આનંદમાં આવી ગયા.

પ્રાણીમાત્ર ઉપરની તેમની આવી હતી ઉદાત્ત દયા, નિષ્ઠા !

42મો અધ્યાય આવતી કાલે.....

સાભાર....
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in



# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૪૨ - વેદ, વિવાહ અને સંશોધન.

વેદોનો અર્થ આધુનિક પદ્ધતિથી કેવી રીતે કરવો ?

વેદ એ હિંદુઓનો ધાર્મિક ગ્રંથ છે એવું હિંદી (ભારતીય) અને કેટલાંક યુરોપિયન પંડિતોની અત્યાર સુધીની કલ્પના હતી. મારા મત પ્રમાણે વેદોનો અર્થ સામાજિક ભૂમિકા ઉપરથી કરવો વધારે યોગ્ય છે અને આ સામાજિક દૃષ્ટિકોણનો ઉપયોગ કર્યા સિવાય આપણા વેદોમાંની મોટાભાગની ગૂઢ વાતોનું સ્પષ્ટીકરણ કરી શકાશે નહીં. તે જ પ્રમાણે બ્રાહ્મણ અથવા ઉપાધ્યાય વર્ગ (The Priest class) ફક્ત ત્રણ જ વેદ એ સાચા વેદ છે, એવું માનતા આવ્યા છે. એટલે કે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ જ તેમના મતે સાચા વેદ છે. અથર્વવેદ એ તો વેદ જ નથી એવો તેમનો મત હતો, એટલે તેમણે અથર્વવેદને ક્યારેય મહત્ત્વ આપ્યું નથી, કારણ કે અથર્વવેદ માત્ર જારણ (જાદુમંત્ર- તંત્ર) મારણ (શત્રુઓનો નાશ કરવા માટે કરવામાં આવતા તાંત્રિક પ્રયોગ કરવા) અને માંત્રિક વિદ્યાએ (મંત્રની વિદ્યા) એ વિષયમાં જ એમાં વિચારવામાં આવ્યું છે એવો તેમનો મત હતો.

આપણા જીવનનો સમાજવાદની દૃષ્ટિએ આપણે વિચાર કરવાની આજે તાતી જરૂર પડી છે. હિંદુ વિવાહ પદ્ધતિ બાબતમાં તમે મને પૂછ્યું એટલે કહું છું. આ વિવાહ પદ્ધતિમાં સપ્તપદી છે. તેમાં (લાજા હોમ) હોમ-હવન કરવામાં આવે છે. આ બંને વાતોનો સાચો અર્થ શું છે? સપ્તપદી પૂરી થયા સિવાય વરવધૂનાં લગ્ન કાયદાની દ્રષ્ટિએ પૂર્ણ થતાં નથી એવું આપણે માનતા આવ્યા છીએ. આવું શા માટે? હવે આમાં સમાજવાદનો પ્રશ્ન કેવી રીતે આવે છે? એવું તમે પૂછશો. આ હોમહવન અને સપ્તપદીમાં ખૂબ જ મોટો ઈતિહાસ છુપાઈને પડેલો છે અને તે ઈતિહાસને ઉખેળીને જોઈએ તો આપણે સમાજવાદ તરફ જોવું સ્વાભાવિક જ થાય છે.

પ્રાચીનકાળમાં જગતમાં અને મુખ્યત્વે તો હિન્દુસ્થાનમાંયે સુધ્ધાં 'જાગીરદારી પદ્ધતિ' (જમીનદારી પદ્ધતિ) ખૂબ જ પ્રાચીનકાળથી ચાલતી આવતી હતી. આ જાગીરદારી પદ્ધતિનું પૂરી રીતે સંશોધન કરવામાં આવે તો તેના માટે એક ખૂબ મોટો ગ્રંથ લખી શકાય તેમ છે.

લાજાહોમ વિધિ એટલે કે એકાદ વધૂને તેના નક્કી કરેલા વર સાથે લગ્ન કરવા માટે જમીનદારી પદ્ધતિ પ્રમાણે માલિક પાસેથી તેની પરવાનગી મેળવવી પડે છે. આ પરવાનગી મેળવવા માટે ઘણીબધી વાતો કરવાનો અમારામાં આ પહેલાં તો રિવાજ હતો. તે પૈકીની પહેલી શરત એટલે વધૂનો પહેલો ઉપભોગ કરવાનો 'માલિક'ને હક્ક રહેતો. આ હક્ક હજુ પણ કેટલાક વિશિષ્ટ હિંદુ સમાજમાં પ્રસ્થાપિત હોવાનું આપણને ખબર છે. આ અંગે તમારામાંના કોઈ પણ "Origin of fundalism, its Scope and Aspects in England" આ વિષય ઉપર સંશોધન કરે એવું મારું સૂચન છે. આ વિષયનું જેટલું સામાજિક મહત્ત્વ છે, તેટલું જ એનું ઐતિહાસિક પણ મહત્ત્વ છે. આમાં ઇંગ્લેન્ડમાંની જાગીરદારી પદ્ધતિનો થોડો પરિચય થાય છે.

જાગીરદારી પદ્ધતિ પ્રમાણે જ જમીનદારો (Feudal Lord) પોતાની માલિકી ધરાવતા હોય છે. એટલે આ જમીન પર તેમનો જ સર્વાધિકાર હોય છે. એટલે તેમના હાથ નીચેના ગુલામોને તે જમીનમાં ખેતી કરવી પડતી, તેની કાળજી લેવી પડતી પરંતુ તેના કામના મહેનતાણાના બદલામાં કાંઈ જ આપવામાં આવતું ન હતું.

આ જમીનદારોની બીજી પણ કેટલીક જમીનોની ખેતી કરવી-ખેડવી ને સાચવણી કરવા ઉપરાંત વાવણીએ કરવી પડતી. પરંતુ આ કામો કરવા માટે તેના પાકના ઉત્પાદનનો કેટલોક ભાગ મોંબદલાના રૂપમાં ગુલામોને આપવામાં આવતો.

ક્રમશ:...૧...

પરંતુ આ ગુલામો પૈકીના કોઈ એકાદા ગુલામનાં લગ્ન થાય તો તેને પત્નીનો પહેલી રાતનો ઉપભોગ (સંભોગ) કરવાનો અધિકાર જમીનદારનો પહેલો રહેતો. તેનું પ્રાયમસ નાટે (Primus Nate) એવું નામ છે. આ વિધિ તો કેટલાયે શતકોથી પ્રચલિત હતી. તે વિધિ આગળ જતાં બંધ કરવામાં આવી અને તેના બદલામાં માલિકને કર દેવાની પદ્ધતિ શરૂ કરવામાં આવી.

આ જ પ્રકારની પદ્ધતિ હિન્દુસ્થાનમાં પ્રચલિત હોવી જોઈએ એવું મારું અનુમાન છે. પરંતુ આના ઉપર સંપૂર્ણ સંશોધન કરીને આપણે સારો- ખોટો વાતોનો નિર્ણય કરી શકીએ.

હવે આપણે આ લાજાહોમ (હોમ-હવન) વિવાહ સંસ્કારમાં વર-કન્યા દ્વારા કરવામાં આવતા એક હોમ જેમાં અનાજનો હવનમાં ઉપયોગ કરવામાં આવે છે તેના સફેદ રંગ ઉપરથી પણ ચાંદીના નાણાં-રૂપિયા સાથે તેનો સંબંધ જોડવો આપણને અશક્ય લાગશે નહીં અને આ નાણાં સંભોગરાત્રિના હક્કના બદલામાં આપવાની પ્રથા પહેલા પડેલી હોવી જોઈએ અને એટલે જ લાજાહોમ થયા સિવાય એટલે કે લગ્નનો કર સંપૂર્ણ રીતે આપી દીધા સિવાય લગ્નવિધિ પૂર્ણ થયાનું માનવામાં આવતું નથી. આ તો યોગ્ય જ હતું એમ કહેવું પડે. હવે આ ઠેકાણે જાગીરદારોનો માલિક અથવા તો એના ખાસ માણસે પોતાની સંભોગ રાત્રિનો હક્ક છોડીને રૂપિયાનો કર લેવાની શરૂઆત કરી હશે. તે જ પ્રમાણે વધારે આગળ જતાં આ કરારના બદલામાં અગ્નિને લાજાહોમ અર્પણ કરવામાં આવે એટલે લગ્નવિધિ પૂર્ણ થઈ ગયાની સાક્ષી આપવા માટે થઈને આવી પ્રથા પડી હોવી જોઈએ. લગ્નવિધિમાં આ જે મેં સામાજિક મહત્ત્વનો વિભાગ તમને કહ્યો છે તેમાં કોઈપણ વ્યક્તિએ તેનું ઉત્તમ સંશોધન કરીને તેનો સાંગોપાંગ વિચાર જગત
સામે રજૂ કરવો જોઈએ એવી મારી તમો લોકોને સૂચના છે.

ટિળકના 'આર્કિટક હોમ ઈન ધી વેદાજ'

આ વિષયમાં ડૉક્ટર બોલવા લાગ્યા ખરેખર ટિળકનું સંશોધન ખૂબ જ મહત્ત્વનું છે. તેમના આ સંશોધનને આના કરતા પણ વધુ મહત્ત્વ પ્રાપ્ત થયું હોત, જો ટિળકે હિંદુસ્થાનના આર્યન લોકો એ માત્ર એક જ વાર ના આવતા અનેક યુગોમાં આવ્યા હતા એ જો સિદ્ધ કર્યું હોત. હવે આ આર્યન લોકો જુદાં જુદાં બે યુગોમાં હિંદુસ્થાનમાં આવ્યા હતા, એ આપણે કેવી રીતે શોધી શકીએ? આવો પ્રશ્ન કોઈપણ પૂછી શકે. આ બંને જુદાં જુદાં યુગોમાં થયેલા આર્યન (આર્ય) લોકો એકબીજાથી બિલકુલ જુદાં જ છે એવું મારા જાણવામાં આવ્યું છે. ટિળકે આ આર્યોનું મૂળસ્થાન એ આર્કિટક મહાસાગરમાં ક્યાંક હતું એવું માન્યું છે, તે આર્યોને પ્રલયની કથા માન્ય હતી. (The story of the deluge) આ જ કથા યહૂદીઓના ટાલમૂડમાં અને ખ્રિસ્તીઓના બાઇબલમાં વર્ણન કરવામાં આવી છે. પરંતુ આર્યોનો હજુ એક વર્ગ એવો હોવાનો જોવામાં આવ્યો છે તેમને આ પ્રલયની કથા માન્ય નહોતી અથવા તેમને તેની ખબર નહોતી, કારણ કે તેમના પુરાણોમાં પણ આ વિષયનો કોઈ પણ જાતનો ઉલ્લેખ ક્યાંયે જોવા મળતો નથી.

મનુને પણ આ પ્રલયની કથા મંજૂર છે, એટલે મારી દ્રષ્ટિએ આ મનુ જે આર્યોના પુરાણ ગ્રંથોમાં પ્રલયની કથા જોવા મળે છે તે આર્યો પૈકીનો જ એક હોવો જોઈએ એ નક્કી થાય છે. અર્થાત્ આ પ્રલય થયો તે આર્કિટેક વિભાગમાં થયો હોવો જોઈએ અને આ આર્યોનું મૂળસ્થાન એટલે આર્કિટેક વિભાગ હોવો જોઈએ, એ કોઈનેય સમજમાં આવે એવું છે પરંતુ જે આર્ય લોકોને આ પ્રલયની કથાની ખબર નથી તેમનું મૂળસ્થાન કયું હોવું જોઈએ એ જ એક પ્રશ્ન થાય છે. તેનુંયે સંશોધન થવું જોઈએ.

આગળ જતાં આપણને એવુંયે જોવા-જાણવા મળશે કે આ બે આર્યોના જૂથોમાં અંદરોઅંદર લડાઈઓ પણ થઈ હતી. તેમાંના કેટલાંક આર્યોએ આદિવાસીઓ સાથે મિત્રતા કેળવી હતી અને તેમની મદદથી આર્યોની બીજી ટોળીઓનો સંપૂર્ણપણે પરાજય કર્યો હતો અથવા તો વળી ક્યારેક ક્યારેક તેમનાથી તેની હાર પણ થઈ હતી. આ વિષયમાં સંશોધન કરવા માટે ધ્યેયનિષ્ઠા ધરાવતા નિષ્ઠાવાન પ્રાધ્યાપક આપણા દેશમાં તૈયાર થવા જોઈએ.

*43 મો અધ્યાય આવતી કાલે.....*

*સાભાર......*

*પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર*

*સંપાદક:- શ્રી જ. ગો. સંત*

*અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ*

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૧૩ –મે

## અધ્યાય -૪૩ : જુદા જુદા ધર્મો

જંગતના મોટા મોટા ધર્મોના વિષયમાં જ્યારે ખૂબ ગંભીરતાથી સાંગોપાંગ વિચાર કરીએ છીએ ત્યારે આપણા વિચારોને ચાલના મળ્યા સિવાય રહેતી નથી.

ખ્રિસ્તી ધર્મના જિસસ ક્રાઈસ કહે છે કે, "મને તમે ઈશ્વરનો પુત્ર સમજો અર્થાત્ કે હું તમને ઈશ્વર પાસે લઈ જઈશ અને આ જો માનવા માટે તમે તૈયાર ના હોવ તો તમે ઈશ્વર પાસે જઈ શકશો નહીં." કેટલાક ખ્રિસ્તી લોકોનું કહેવું છે કે, "જુદોવા એ જો તમારો ઈશ્વર છે તો તેણે લગ્ન કર્યાનું ક્યાંયે કહેવામાં આવ્યું નથી—એનું પ્રમાણ નથી અને જો એ સાચું જ હોય તો પછી 'જિસસ ક્રાઈસ્ટ એ ઈશ્વરનો પુત્ર છે' એવું અમે માની પણ કેવી રીતે શકીએ?"

વાસ્તવિક રીતે જોતા યહૂદી લોકોનો 'જૂનો કરાર' એ જ મુખ્ય ગ્રંથ છે. તેમાં લખેલી વાત જ યહૂદી લોકોને માન્ય છે. પરંતુ 'નવો કરાર' પ્રમાણે મેસાયાને અગાઉ કહીને રાખવામાં આવ્યું હતું કે ઈસુ ખ્રિસ્તે જન્મ લીધો હતો એવું માનવામાં આવે છે. અર્થાત્ કે તે કરાર યહૂદીઓને માન્ય નથી. પરંતુ ખ્રિસ્તી ધર્મ ગમે તેવો હોય તોયે અને તેમની શિખામણ ગમે તે પ્રકારની હોય કે પછી તેમનો સિદ્ધાંત આપણી તાર્કિક બુદ્ધિને પૂર્ણ રીતે ગળે ઉતારવા, માનવા જેવો ના લાગતો હોય તોયે તે ધર્મનો ખ્રિસ્તી સમાજ ઉપર કેટલો બધો અદ્ભુત પ્રભાવ છે એની આપણે અવશ્ય નોંધ લેવી જોઈએ. ખ્રિસ્તી ધર્મનો પાયો ખ્રિસ્તી સમાજના નૈતિક આચરણ પર કેટલી અદ્ભુત રીતે એકરૂપ થઈ ગયો છે તે જુઓ. હું તમને કિંગ આઠમા એડવર્ડની વાત કહું એટલે તમને મારી વાત ગળે ઊતરશે. તે રાજાને પોતાનું સિંહાસન છોડવું પડયું એનું ખરું કારણ શું હશે તેની કલ્પના સુધ્ધાં છે તમને?

આઠમા એડવર્ડે એક તલાક લીધેલી યુવતી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું, ત્યારે તેની વિરુદ્ધ ચર્ચા થવા લાગી. ડો. લાંગ, કેંટબરીના આર્ય બિશપે પણ સાફ સાફ શબ્દોમાં કહી દીધું કે, "હું આ લગ્નમાંની કોઈપણ વિધિમાં ભાગ નહીં લઉં અને એ પછીથી યોજનારા વિશાળ ભોજન સમારંભમાંયે મૂળેય ભાગ નહીં લઉં."

શરૂશરૂમાં તો ઈંગ્લેન્ડના તે સમયના મુખ્યપ્રધાન સ્ટેનલે બૉલ્ડવિને આ બાબતમાં ખાસ કાંઈ ધ્યાન આપ્યું નહીં, કારણ કે તેમને કેંટબરીના આર્ય બિશપે આપેલી ધમકી ખાસ કાંઈ મહત્ત્વની લાગી નહીં હોય. પરંતુ પછીથી આ આર્ચ બિશપે પોતાના હાથ નીચેના એક બિશપ પાસે ચર્ચમાં ધાર્મિક પ્રવચન આપતી વેળા ખુલ્લંખુલ્લા આ ભાવિમાં યોજનારા લગ્નની વિરુદ્ધ જોરશોરથી પ્રચાર ચલાવ્યો. ત્યારે માત્ર સારાંયે બ્રિટિશ પત્રકારોને આ અનિષ્ટ બાબત અંગે આંખ આડા કાન કરવા મુશ્કેલ બન્યું અને વર્તમાનપત્રો ખુલ્લંખુલ્લા આગ ઓકવા લાગ્યાં. તેની સાથે જ મુખ્ય પ્રધાને રાજાને મળીને તેમનું રાજીનામું આપવાની સલાહ આપવા સિવાય બીજો કોઈ માર્ગ જ બચ્યો ન હતો. મુખ્ય પ્રધાને કહ્યું, "તમે નક્કી કરેલી સ્ત્રી સાથે તમારે લગ્ન કરવાં છે ને? પરંતુ સારીયે ક્રિશ્ચિયન બ્રિટિશ પ્રજા તેની વિરુદ્ધમાં છે એની તો તમને બરાબર ખબર છે. તમારે ક્રિશ્ચિયન ધર્મનાં નૈતિક મૂલ્યો- નિયમોની વિરુદ્ધ વર્તવું હોય તો રાજત્યાગ કરવો પડશે – રાજીનામું આપવું પડશે. ખ્રિસ્તી ધર્મનો સમાજની ઉપર અને સમાજના નૈતિક બંધનો ઉપર કેટલો મોટો પ્રબળ પ્રભાવ છે એ શું આપણા જોવામાં આવતું નથી શું? આનાથી ઊલટું હિંદુ ધર્મની આપણા સમાજના નૈતિક બંધનો પર કેટલો બધો પ્રભાવ, અસર છે તેનાં તમે જ ગંભીરતાથી વિચારીને જુઓ. આપણા રાજા રજવાડાંઓ ગમે તે રીતે વર્તે છે. તેમની વિરુદ્ધ હિંદુ ધર્મ શું કરી શકે છે? ઊલટાનું તમારા શંકરાચાર્ય જ આ બંધનો તોડવામાં મદદરૂપ થાય છે. આને શું કહેવાય? એ મને કાંઈ સમજાતું નથી.

હવે આપણે મુસલમાનના ધર્મ વિષયમાં વિચાર કરીએ. મહંમદ પૈગંબર સાહેબની શિખામણ એવી છે કે "હું જ ઈશ્વરનો એકમાત્ર મોકલેલો હોવાથી હું જ પહેલો અને છેલ્લો છું, એ તમારે સૌએ પ્રથમ મંજૂર કરવું જોઈએ. તો જ હું ઈશ્વર પાસે તમારી તરફદારી કરી શકીશ." અર્થાત્ આવું માનવા માટે જેઓ તૈયાર નથી તે બધાને કાફિર ગણવામાં આવે છે.

બૌદ્ધ ધર્મ એ જ ખરો માનવધર્મ જે પ્રમાણે બુદ્ધે પોતાના નિર્વાણ સમયે પોતાના શિષ્યોને છેલ્લો સંદેશો આપ્યો તે પ્રમાણે પયગંબરે પણ પોતાના શિષ્યોને આપ્યો છે એની તમને ખબર છે જ. આ જગત પર કેટલાક સમયના જ હવે મહેમાન રહેવાના છે એવા મૃત્યુ નજીક છે એવા મહંમદ પૈગંબરને કેટલાક શિષ્યો પૂછવા લાગ્યા : "આપે કોઈ કોઈ વાતનો આજ સુધી નિર્ણય આપ્યો નથી. અમારે એકાદ વાત પૂછવી હોય તો અમારે શું કરવું? અમારે કેવી રીતે આચરણ કરવું જોઈએ?"

આ બાબતમાં મહંમદ પેગંબરે જે જવાબ આપ્યો તેનો આપણે વિચાર કરીએ. એટલે કે મહંમદના ધર્મમાં વિચાર સ્વાતંત્ર્યને ક્યાંય સુધી છૂટ- અનુજ્ઞા છે તે આપણને સમજાઈ જશે. તેમણે કહ્યું: “કાફિર જે વર્તન કરશે, તેનાથી ઊલટું જ તું વર્તન કરતો જા એટલે થઈ ગયું.” આ સાંભળીને શિષ્યને સંતોષ થયો કે નહીં એની આપણને ખબર નથી. પરંતુ મને માત્ર આ ઉત્તર સંતોષકારક લાગતો નથી.

હવે આપણે હિંદુ ધર્મની શિખામણોનો ગંભીરતાથી વિચાર કરીએ. "यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानम् धर्मस्य तदात्मानं ṛમ્યમ્' એટલે ધર્મની ગ્લાનિ થઈ, ધર્મ સાવ ડૂબી ગયો. અધર્મનું સામ્રાજ્ય ફેલાયું એટલે એટલી ગંભીર પરિસ્થિતિ નિર્માણ થયા પછી ભગવાન વિષ્ણુનો અવતાર ધારણ કરીને આવશે અને ફરી પાછા ધર્મની સ્થાપના કરશે. આ વાતની ઉપર વિશ્વાસ રાખીને આપણે હાથ જોડીને સ્વસ્થ ચિત્તે બેસી શકીશું શું ? अडींयां, ''नर करणी करे तो नर नारायण हो जाय।" नेतुं उडेवानं અને તે જ સમયે નરની કરણીનું જરાયે ધ્યાન નહીં રાખવાનું, બધું જ નારાયણ કરશે એવું કહેવું એનો અર્થ શું થાય? આવી વિસંગત વિચારસરણીના કારણે આપણે ક્યારેય કર્તવ્યપરાયણ બની શકીએ નહીં. ઈશ્વરના અવતાર સિવાય પોતાને કાંઈ કરતાં કાંઈ જ કરવું જરૂરી નથી એવું તમને લાગે છે, એટલે જ તમે કિંકર્તવ્યમૂઢ બન્યા છો બીજું શું?

આનાથી ઊલટું બુદ્ધની શિખામણનો વિચાર બુદ્ધનો આ સાચો માનવધર્મ છે. બુદ્ધે પોતાને ઈશ્વરનો અવતાર છે, હું તેમનો દૂત છું કે પછી હું તેમનો એકમાત્ર પુત્ર છું એવું ક્યારેય અને ક્યાંય પણ કહ્યું નથી. એટલે જ બૌદ્ધ ધર્મ એ માનવધર્મ છે અને માનવોના સંપૂર્ણ વિકાસ માટે તેનું નિર્માણ કરવામાં આવ્યું છે, એવું મને લાગે છે અને તે અમારા જેવા આધુનિક અને આજ સુધી અદ્યતન રહેલા પ્રત્યેક મનુષ્યને જરાક વાતમાં સમજાઈ જાય એવો છે. બુદ્ધની શિખામણ જોકે સાદી અને સ્પષ્ટ શબ્દોમાં માંડવામાં આવી છે. આ ધર્મની અંદર મનુષ્યને સંપૂર્ણ વૈચારિક સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે અને માનવતાને અને સદ્-વિવેકબુદ્ધિને સમજાય, તેના ગળે ઊતરી જાય તેવી વાતોને જ સ્વીકારવામાં આવી છે. પાર્લમેન્ટમાં કામ કેવી રીતે ચલાવવું એ વિષયમાં જેમ કેટલાક ખાસ નિયમો હોય છે તેવા જ પ્રકારના નિયમો બુદ્ધ સંઘમાં છે એ જોઈને આપણને આશ્ચર્ય થાય છે. બુદ્ધ સંઘની અંદર બેલેટ (મતદાન)ની પદ્ધતિ હતી. એકાદ માણસને બુદ્ધ સંઘમાં આવવું હોય તો તેને પ્રથમ એકાદા બુદ્ધ ભિખુના શિષ્ય બનવું પડે. ભિખ્ખુ આ ઉમેદવારની દરેક ચાલચલગતનું બિલકુલ બારીકાઈથી, ચોકસાઈથી ધ્યાન રાખીને તેની લાયકાત બાબતમાં ત્રણ વર્ષે પોતાની ખાતરી કરીને તેનો અભિપ્રાય આપશે. આમ તેમને ખાતરી થઈ એટલે તેમની ભલામણ ઉપર એ ઉમેદવારનું નામ સંઘમાં નોંધવામાં આવે છે. આ પછીથી તેની ઉમેદવારી બાબતમાં ગુપ્ત રીતે મત નોંધણી કરવામાં આવે છે. આ મતદાનની ગણતરી સાલના પાના પર (વર્ષના પાના પર) લખીને કરવામાં આવતી હતી. આ સાલવારના સારાયે પત્રોને એક પેટીમાં ગુપ્ત રીતે મૂકી રાખવામાં આવતા. આ પછી બધા મતોની ગણતરી કરવામાં આવતી અને એક પણ મત તેની વિરુદ્ધ ના હોય એટલે તેને સંઘમાં સામેલ કરવાની પરવાનગી આપવામાં આવતી.

તે જ પ્રમાણે સંઘમાં એકાદ પ્રશ્નની વિચારણા કરવાની હોય તો તેને હાલની આપણી આધુનિક પદ્ધતિ પ્રમાણે પ્રથમ “નોટિસ ઓફ મોશન” એટલે કે ઠરાવનો મુસદ્દો સંઘના કાર્યવાહક આગળ રજૂ કરવો પડે છે. આવી રીતે આ મુસદ્દો આગળ લાવવામાં આવે એટલે પ્રથમ તેની વિરુદ્ધ કોઈ હોય તો તેને બોલવાની પરવાનગી આપવામાં આવે છે. જો કોઈ વિરુદ્ધ ના હોય તો તે ઠરાવને મંજૂર કરવામાં આવતો હતો. આના ઉપરથી તે સંઘમાંનાં કામો કેટલી કડક શિસ્તથી ચલાવવામાં આવતાં હતાં એની આપણે સંપૂર્ણ કલ્પના કરી શકીએ છીએ.

આવા અત્યંત ઉદાર ધર્મનો નાશ કેવી રીતે થયો એ વાત ફરી ક્યારેક હું તમોને કહીશ.

૪૪ મો અધ્યાય આવતી કાલે....

સાભાર

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

## ડૉ. આંબેડકર ઉવાચ.... ૧૪ –મે

## અધ્યાય -૪૪ : પ્રોફેસરનું સંશોધન

'પુરાતત્ત્વ સંશોધન અને પ્રાચીન ઈતિહાસ' આ વિષયના વિદ્વાન પ્રોફેસર રેવ્હરેંડ ફાધર હેરાસનું સિદ્ધાર્થ કૉલેજમાં 'મોહેંજોદડોમાંના લેખ વાંચન' આ વિષય ઉપર પ્રેરણાદાયી પ્રવચન થયું. તે દિવસે ડૉ. આંબેડકરે 'પ્રોફેસરોનું સંશોધનકાર્ય' આ વિષય ઉપર વિવેચન કરવાની શરૂઆત કરી.

તેમણે કહ્યું : 'ફાધર હેરાસે ખૂબ જ પરિશ્રમ કરીને મોહેંજોદડો ખાતે ઉત્ખનન દરમિયાન મળેલા નાણાંની ઉપર અને ઉત્ખનન દરમિયાન મળેલી ઈંટો ઉપરનાં લખાણો કેવી રીતે વાંચવા-ઉકેલવા એ અંગે અપૂર્વ શોધ કરી છે. આ માટે સૌ કોઈને આનંદ, અભિમાન થાય અને આશ્ચર્ય પણ અનુભવ્યા સિવાય રહી શકે નહીં. જે રીતે ફાધર હેરાસે એક ધ્યેયનિષ્ઠાથી આ અત્યંત મહત્ત્વના વિષયને લઈને પોતાની જાતને તેના માટે સમર્પિત કરી એ કામમાં ઓગાળી નાખી અને અત્યંત વિશાળ એવું સંશોધન કાર્ય કર્યું તેવું જ કામ આપણા દેશના હિંદી પ્રોફેસરોએ કેમ કર્યું નહીં? એવો પ્રશ્ન મારી સામે આવીને ઊભો રહે છે. શું આપણા પ્રોફેસરોમાં તેમના જેવી આવડત નથી ? કે પછી તેમની પાસે તેના માટેની પૂરતી સાધન-સામગ્રી નથી ? આ બાબતમાં કઈ બાબત કારણભૂત છે તે અંગે આપણે વિચારવું જોઈએ.

"મને લાગે છે કે, થોડા રૂપિયા મેળવી લેવા અને પોતાની જિંદગી સુખરૂપ પસાર કરવી આ સિવાય આપણા પ્રોફેસરોના જીવનમાં વિશેષ કોઈ જ મહત્ત્વાકાંક્ષા નથી. આવી મહત્ત્વાકાંક્ષાના અભાવે તેમના હાથે કોઈ જ મહત્ત્વનું ઠોસ કામ થતું નથી. તેઓ ક્યારેક ક્યારેક પાઠયપુસ્તકોની ઉપર નોંધ લખે છે. આવી નોંધો લખવા સિવાય બીજું કોઈ મહત્ત્વનું કાર્ય પણ છે એની એમને ખબર છે કે નહીં એ કોણ જાણે."

એટલામાં એક પ્રોફેસરે કહ્યું: "અમે બધા પ્રોફેસરો હાલની યુનિવર્સિટીમાં આપવામાં આવતા શિક્ષણમાંથી જ પેદા થયા છીએ. આ માટે અમે પ્રોફેસરોને દોષ ના આપતા, તેનો દોષ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી શિક્ષણ પદ્ધતિનો કાઢવો જોઈએ."

ત્યારે ડોક્ટરે કહ્યું : "આપણી યુનિવર્સિટીની શિક્ષણપદ્ધતિને કારણે ઉત્તમમાં ઉત્તમ પ્રોફેસર પેદા થવા કઠિન બન્યું છે, એ વાત મને કબૂલ છે. અમારામાંના ઘણાબધા પ્રોફેસરો શેક્સપિયરનાં નાટકો કે પછી કાવ્યો કૉલેજમાં ભણાવતા હોય છે. આ વિષય ભણાવવાથી આપણી તરુણ પેઢીને કે પછી હિંદુસ્થાનને શું ફાયદો થાય છે? કાંઈ જ ફાયદો થતો નથી એવું મને લાગે છે. હું પણ ક્યારેક ક્યારેક જ્યારે ઊંઘ ના આવતી હોય ત્યારે શેક્સપિયર કે કાવ્યો વગેરે વાંચું છું, નથી વાંચતો એવું નથી. પરંતુ તે તો માત્ર સમય પસાર કરવા માટે. તે વિષય પર મને વિચાર કરવાનું ગમે નહીં.

"કૉલેજમાં હાલના સમયમાં બિલકુલ સાધારણ કક્ષાનું શિક્ષણ આપવામાં આવે છે. જો ખરેખર બી.એ.ની પરીક્ષા સુધી ગામડાગામની સ્કૂલના શિક્ષકની પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે એ કબૂલ મંજૂર છે, પરંતુ તેમાંયે આપણે સુધારો કરી શકીએ નહીં એવું નથી. હવે મુંબઈ શહેરમાં જ આર્ટ્સ અને સાયન્સ એ વિષયો શિખવાડનારી છ શ્રેષ્ઠ કૉલેજો છે. પ્રત્યેક કૉલેજ એ હાલની પદ્ધતિ અનુસાર યુનિવર્સિટી સાથે જોડાયેલી હોય, તેથી તેનું અસ્તિત્વ એ એકાદા સ્વતંત્ર વિદ્યાર્થી પ્રમાણે વિભક્ત જ છે, ખરું ને? ત્યારે શું થાય છે તે જુઓ. આ બધીએ છએ છ કોલેજોમાં જુદા જુદા પ્રોફેસરો પાસે એકનો એક વિષય ફરી ફરીવાર શિખવવામાં આવે છે. આના કારણે કામની નિરર્થક પુનરાવૃત્તિ થાય છે. પરંતુ વિચારો કે આ પદ્ધતિની જેમ જ આપણે પણ એવું કરીએ કે, એલ્ફિન્સ્ટન કૉલેજમાં ફક્ત ઈતિહાસ અને અર્થશાસ્ત્ર એ વિષયો જ ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવે અને જે પ્રોફેસરોએ આ વિષયો ભણાવવા હોય તેમને એલ્ફિન્સ્ટન કૉલેજમાં તે વિષય ભણાવવા માટે આપણે મોકલીએ તો એક જ વિષયના સાત- આઠ પ્રોફેસરો સાથે મળી શકશે અને પછી તેમના કામનું આપણે સાહજિક જ વિભાજન કરવું પડશે. એક પ્રોફેસર પ્રાચીન હિન્દુસ્થાનની ઉપર વ્યાખ્યાન આપશે. બીજો પ્રોફેસર 'બુદ્ધનો કાળ અને ખ્રિસ્તી યુગનો આરંભ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. ત્રીજો પ્રોફેસર મુસલમાની યુગની ઉપર વ્યાખ્યાન આપશે.

તો ચોથો પ્રોફેસર મરાઠાનો યુગ, પાંચમો પ્રોફેસર અંગ્રેજોનો યુગ એના ઉપર વ્યાખ્યાન આપશે. તેના કારણે વિષયોની અતિ ઉત્તમ વહેંચણી થશે અને એકેએક પ્રોફેસરોને પોતપોતાના વિષય અંગેનું ઊંડાણથી અધ્યયન કરવાનો પૂરતો સમય મળી રહેશે અને તેના કારણે તેમને પોતાના વિષયમાં સંશોધન કરવા માટેની તૈયારી માટે ભરપૂર ફુરસદ મળી રહેશે. બીજા બધા સુધારા અથવા તો મુંબઈ વિશ્વ વિદ્યાલયમાં નક્કી થઈને આવે તેની રાહ જોતા બેઠા રહેવું તેના કરતા આપણે પહેલાંથી જ આવો સુધારો તાત્કાલિક તૈયાર કરીને અમલમાં મૂકીએ. દરેક કૉલેજને એક-બે વિષય માટે જ પોતાને બોજો ઊંચકવો પડશે. તેના કારણે તે વિષય અંગે સંપૂર્ણ ગ્રંથ સંગ્રહ તે કોલેજમાં થઈ શકશે અને આવશ્યકતા હશે તો વસ્તુસંગ્રહાલય પણ એક જ ઠેકાણે રાખવાની વ્યવસ્થા કરવામાં આવશે. બધી કોલેજોના પ્રોફેસરોએ તેમના નક્કી થયા પ્રમાણે પગાર ના આપતાં વિશ્વ વિદ્યાલયે જ બધા માટે પગાર ધોરણ સરખાં રાખવાં એટલે કે હાલના પ્રમાણે સરકારી કૉલેજમાં પગારનું એક ધોરણ-પ્રમાણ અને ખાનગી કોલેજોમાં બીજું ધોરણ એવું કરી શકાશે નહીં. પગારની ફરિયાદો નાબૂદ થયા પછી અને કામોની ઉત્તમ વહેંચણી થયા પછી ભણાવવાની કાર્યપદ્‌ધતિ અને સંશોધન કાર્ય ઝડપથી ચાલુ થઈ જશે.

"મારો તો એવો મત છે કે, પ્રોફેસરોએ અધ્યયનના અને અધ્યાપનના કામમાં પોતાની જાતને એટલી બધી રોપી દેવી જોઈએ કે, તેને પોતાના ઘર તરફ જોવાની ઇચ્છા જ ન થાય. આ કામ સંપૂર્ણપણે તેમની પત્નીની ઉપર સોંપવું જોઈએ. પ્રોફેસર લોકો નકામા કામો જ પોતાની જાત પર ઓઢી લઈને પોતાની જવાબદારીનું કાર્યક્ષેત્ર નકામું વધારતા જાય, તે વાત મને માન્ય નથી. અધ્યાપન, અધ્યયન એમાં સંશોધન પણ આવી જ જાય છે. આ ત્રણ વાતો સિવાય પ્રોફેસરોએ બીજું કોઈ જ કામ કરવું ન જોઈએ.

૪૫ મો અધ્યાય આવતી કાલે....

**સાભાર**

પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપાદક : શ્રી જ. ગો. સંત

અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

૧૫ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૪૫ - ગ્રંથોનું ગાંડપણ

બાબાસાહેબ ભીમરાવ રામજી આંબેડકરને આપણે દલિતોના સૂર્ય, દલિતોની અસ્મિતા, દલિતોદ્ધારક તરીકે ઓળખીએ છીએ. તેવી જ રીતે કાયદાના પંડિત, ભારતીય બંધારણના ઘડવૈયા, માનવતાના પૂજારી, સમતાના પુરસ્કર્તા, ભારતરત્ન તરીકે પણ તેમની ખૂબ જ પ્રતિષ્ઠા છે, કીર્તિ છે. પરંતુ આના કરતાં પણ બાબાસાહેબ આંબેડકર, આ એક એવા માણસ હતા કે જેમને ગ્રંથોનું મહાગાંડપણ હતું. તેમને જુદાં જુદાં ગ્રંથોનું ગાંડપણ હતું. તેમને ગ્રંથોની ઉપર ખૂબ જ પ્રેમ હતો. તેમણે અનેક ગ્રંથોમાંથી જ્ઞાન આત્મસાત્ કર્યું હતું. 'ગ્રંથ એ જ ગુરુ છે' એવી તેમની ધારણા હતી. મુંબઈ ખાતે દાદર વિભાગમાં 'રાજગૃહ' નામનું બાબાસાહેબનું ઘર છે. આ ઘર એટલે અનેકવિધ ગ્રંથોનો જાણે એક મોટો ભંડાર જ છે ! ગ્રંથ સંપત્તિ મેળવવા માટે બાબાસાહેબને અતિશય કષ્ટ સહન કરવું પડયું. તેના માટે જરૂર પડે તો તેઓ ઉપવાસ કરી નાખતા-એટલે કે ભૂખ્યા રહેવું પડતું. પરંતુ ગ્રંથો માટે તો તેમનું મન તડપતું હતું, તરસતું હતું.

પરદેશ હતા ત્યારે

બાબાસાહેબ ભણવા માટે જ્યારે પરદેશ ગયા હતા ત્યારની વાત છે. તે સમયે પુસ્તકો ખરીદવા માટે તેમની પાસે પૈસા ન હતા. પુસ્તકો સિવાય અભ્યાસ કેવી રીતે થઈ શકે? એટલે તેમણે વિચારીને એક માર્ગનો આશરો લીધો. તેઓ દરરોજ નિયમિત રીતે ગ્રંથાલયમાં જતા. ત્યાંથી પુસ્તકો મેળવીને વાંચતા. અભ્યાસ કરતા. જેટલા સમય સુધી ગ્રંથાલય ખુલ્લું રહેતું ત્યાં સુધી તેઓ ત્યાં જ બેસીને વાંચ્યા કરતા. વાંચતાં વાંચતાં તેમને ભૂખ પણ લાગતી. એટલે તેઓ પોતાની પાસે પાઉં રાખતા. ભૂખ લાગે એટલે ચૂપચાપ કોઈને ખબર ના પડે કે ના દેખાય એ રીતે ગ્રંથપાલની નજર ચૂકવીને પાંઉનો ટુકડો ખાઈ લેતા. એક દિવસ ગોરો ગ્રંથપાલ બાબાસાહેબને પાંઉ ખાતાં જોઈ ગયો. ગ્રંથપાલને થોડુંક આશ્ચર્ય પણ થયું. આ પછીથી ગ્રંથપાલે તેમને તેની પાસે બોલાવ્યા. ગ્રંથપાલે તેમને કહ્યું : "મિસ્ટર, આ ગ્રંથાલય છે. આ સામેનું બોર્ડ જુઓ." સામેની ભીંત ઉપર સૂચના બતાવતું બોર્ડ હતું : "અહીંયાં કશું ખાવું નહીં, ગંદકી કરવી નહીં, સ્વચ્છતા જાળવવી."

બાબાસાહેબે ભીંત ઉપરનું બોર્ડ જોયું, વાંચ્યું અને નીચું મોં કરી ગયા. "આ અહીંનો નિયમ છે જેનું તમે ઉલ્લંઘન કર્યું છે, નિયમ તોડ્યો છે. ગુનો કર્યો છે. તમને શિક્ષા કરવી પડશે, સમજ્યા તમે?" ગ્રંથપાલે મોટા અવાજે કહ્યું.

ક્રમશઃ...૧...

"મને માફ કરો, આ પછીથી હું આવી ભૂલ નહીં કરું અને સૂચનાનું પૂરેપૂરું પાલન કરીશ. ભૂખ્યો રહીને હું અહીંયાં વાંચતો બેસી રહીશ, પછી તો ચાલશે ને?" આંબેડકરે કહ્યું. "ગુનો કરનારાઓને માફ કરી શકાય નહીં." ગ્રંથપાલે કહ્યું. "ભલે, શિક્ષા કરો, પરંતુ મારી એક વિનંતી છે." આંબેડકરે કહ્યું. "કેવી વિનંતી છે?" ગ્રંથપાલે પૂછ્યું. "મારા માટે આ ગ્રંથાલય બંધ કરશો નહીં. ગ્રંથ સિવાય હું જીવી શકીશ નહીં એટલે વ્યવહારિક કોઈપણ શિક્ષા કરો. હું તે ભોગવવા તૈયાર છું." આંબેડકરે કહ્યું. ગ્રંથો ઉપરનો આ અજોડ પ્રેમ જોઈને ગોરો ગ્રંથપાલ મનમાં જ ખુશ થયો. ગ્રંથનું ગાંડપણ જોઈને ગ્રંથપાલ સુન્ન જ થઈ ગયો.

તેણે કહ્યું :

"મિસ્ટર આંબેડકર, તમે આવતી કાલથી મારી સાથે જમવાનું રાખજો. આ મારી તમને શિક્ષા છે. હું તમારું જમવાનું લેતો આવીશ." ગોરા ગ્રંથપાલે સંભળાવેલી શિક્ષા સાંભળીને આંબેડકરની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેઓ ભાવાવેશમાં આગળ વધ્યા અને તે ગ્રંથપાલનો હાથ પોતાના હાથમાં લઈને આંબેડકરે કૃતજ્ઞતા વ્યક્ત કરી. આવું ગ્રંથોનું ગાંડપણ ધરાવનાર બાબાસાહેબ આંબેડકર નામની વ્યક્તિ આપણો આદર્શ હોવા જ જોઈએ. ખરું કે નહીં?

*46 મો અધ્યાય આવતી કાલે.....*

*સાભાર.....*
*પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર*
*સંપાદક:- શ્રી જ. ગો. સંત*
*અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ*

Liberty Equality Fraternity

SAURASHTRA UNIVERSITY

Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૧૬ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૪૬ - મહારાષ્ટ્રનું એકીકરણ

એક દિવસે મહારાષ્ટ્રના એકીકરણના સંબંધમાં ડો. આંબેડકર સાથે વિચાર-વિનિમય કરવા માટે 'પ્રભાત' દૈનિકના શ્રી નવરે અને 'તરુણ ભારત'ના શ્રી માડખોલકર આવ્યા.

“શેનું તમે લઈને બેઠા છો મહારાષ્ટ્રનું એકીકરણ ? આવા એકીકરણની અત્યારે આપણને શું જરૂર છે ?" આવો અનઅપેક્ષિત સવાલ ડૉ. આંબેડકરે તેમને કરતાં શ્રી માડખોલકર અને શ્રી નવરે તો ટાઢાબોળ થઈ ગયા. આ પછીથી આ બંનેએ એમના કહેવાનો અર્થ સમજાવ્યો. આ પછીથી ડો. બાબાસાહેબે કહ્યું : “તમે મહારાષ્ટ્રીયનોએ પહેલાંની જેમ પોતાની સીમા- હદનો વિસ્તાર વધારવા માટે નીકળી પડવાનું છે શું? બોલો! હું તૈયાર છું તમારી સાથે આવવા માટે. પરંતુ હવે પછી આનાથી આગળ તમારે- અમારે અથવા બીજા કોઈએ પણ હવે આ રીતે હદ વિસ્તારી શકશે નહીં એ ધ્યાનમાં રાખજો. મહારાષ્ટ્રના અભિમાનની ભૂમિકા ઉપર વિચારવાની તમારી આદતને હવે તમારે બદલવી પડશે – છોડી જ દેવી પડશે. “હું મહારાષ્ટ્રીયન છું.” આવી કોઈ જ ભાવના હવે મનમાં જાગૃત ન કરતા, “હું હિંદી છું, હું એશિયાનો છું, હું એક સુસંસ્કૃત નાગરિક છું” એવી ઉદાત્ત ભાવના જાગૃત કરવી પડશે.મરાઠી ભાષા સારી છે, એને હું સારી રીતે જાણું છું. સારી રીતે લખી જાણું છું. પરંતુ હવે મને માત્ર મરાઠી શીખીને કેવી રીતે ચાલશે ? મારે તો સારાયે હિંદુસ્થાનનું એકીકરણ કરવાનું છે. તેના માટે થઈને મારે બધીયે જનતા સારી રીતે સમજે એવી હિંદી ભાષા શીખવી જોઈએ. મારી મરાઠી, મારી ગુજરાતી, મારી બંગાળી, મારી કાનડી આવી કોઈ જ ભાષાભક્તિ કરીને ચાલશે નહીં. સારાયે હિન્દુસ્થાનવાસીઓની ભાષા એક જ ભાષા થવી જોઈએ. તેના માટે થઈને આપણે શરૂઆતથી જ હિંદી એ એક આવશ્યક ભાષા છે એમ સમજીને શીખવી જોઈએ. આજે તો મોટાભાગની જનતા, નહીં નહીં તોયે અશિક્ષિત-અભણ છે. આમાંથી ભાગ્યે જ સેંકડે દસ લોકોને જ હાલમાં લખતાં-વાંચતાં આવડે છે. તેનો ઉપયોગ પ્રથમથી જ બધીયે જનતાને હિંદી ભાષા શિખવવાના માટેના કામમાં લાગી જઈએ. એટલે કે, રાષ્ટ્રના એક મોટા પ્રશ્નનો ઉકેલ આવી જશે.

"ઠીક છે, તો એક થાઓ ! તમે હિંદુસ્થાન એક રાષ્ટ્ર છે એવું કહો છો ને? અથવા તો તે એક રાષ્ટ્ર બને એવું તો અંતરઆત્માથી ઈચ્છો છો ખરુંને? તો પછી મને પૂછવા દો તમને કે એક રાષ્ટ્ર બનાવવા માટે તમે અત્યાર સુધી શું શું પ્રયત્નો કર્યા છે ? હિંદુસ્થાનમાં એક લિપિ હોવી જોઈએ. એ બાબતમાં કોઈ પ્રયત્નો અત્યાર સુધી શું તમે કર્યા છે ખરા ? અરે, બીજી બધી વાત તો જવા દો. માત્ર એક લિપિ ચાલુ કરવામાં આવે એવું તમારા મનમાં આવતું નથી તો પછી તમે આ દેશમાં એક રાષ્ટ્રીયતા કેવી રીતે પ્રસ્થાપિત કરી શકશો? મને બંગાળી સારી રીતે સમજાય છે, તે જ પ્રમાણે ગુજરાતી પણ સારી રીતે સમજાય છે. હવે જો મરાઠી, હિંદી, ગુજરાતી અને બંગાળી અથવા તો આ રાષ્ટ્રમાંની મુખ્ય ભાષા દેવનાગરીમાં અથવા આપણી બાળબોધ ભાષામાં લખાવા લાગે તો આપણને સહજ રીતે બંગાળી વાંચતાં આવડશે. ગુજરાતી વાંચતાં આવડશે અને પછી તો વાડમયના વિષયમાં પોતાની એક જાતની આત્મીયતા ઊભી થશે. હિંદી નવ કરોડ લોકો વાંચવા લાગશે તો બંગાળી પાંચ કરોડ લોકો, મરાઠી ઓછામાં ઓછા ત્રણ કરોડ લોકો, ગુજરાતી બે કરોડ લોકો એટલે કે ચાળીસ કરોડ હિંદી બાંધવો પૈકી વીસ કરોડ લોકો એકમેકની ભાષા અનાયાસ સમજવા લાગશે અને તેના કારણે એક રાષ્ટ્રીયત્વની કેટલી બધી પ્રગતિ થશે, ખરું કે નહીં ? પરંતુ આવા પ્રકારના ખૂબ મોટા, ખૂબ જ વ્યાપક પ્રશ્ન હાથમાં ના લેતાં તમે મને કહો છો, 'મહારાષ્ટ્રનું એકીકરણ કરીએ' તો હું તેને કેવી રીતે કબૂલ રાખી શકું? હવે આપણે આપણું કોઈપણ પ્રકારનું સંકુચિતપણું રાખીને ચાલશે નહીં. ખરેખર, તો એનાથી નકામી ભળતી જ જીદ ઊભી થશે, નિર્માણ થશે તે રાષ્ટ્ર માટે વિઘાતક હશે. ક્રમશઃ...૧...

"તમને અમેરિકાના ઈતિહાસની તો ખબર છે ને? એક જ ભાષાનો અમેરિકો કરેલો સુંદર પ્રયોગ આપણે ધ્યાનમાં રાખવો જોઈએ. "શરૂ શરૂમાં અમેરિકન વસાહતોમાં જર્મન, ઇટાલિયન, પોર્ટુગિઝ, સ્પેનિશ, ઇંગ્લિશ અને ફ્રેંચ ભાષા બોલનારા અનેક લોકો ભેગા થયા. તેમીની પ્રત્યેક વ્યક્તિને પોતાની ભાષાનું, પોતાની સંસ્કૃતિનું અત્યંત અભિમાન હતું. એની તો તમને ખબર જ છે. તે બધાય ક્રિશ્ચિયન હોવા છતાં તેમાંયે નાના નાના પંથો હતા અને તેઓ એકમેકની સાપ-નોળિયા જેવી દુશ્મની હતી. એ પણ તમે જાણો જ છો. પોતાની માતૃભાષા છોડવા માટે તેઓ ક્યારેય તૈયાર ન હતા. પોતાની માતૃભાષા છોડીને રાષ્ટ્રએ નક્કી કરેલી એક ભાષા એટલે કે, અંગ્રેજી ભાષા શીખવી એ તેમના માટે મરવા જેવું લાગતું હતું. પરંતુ તેમની ભાવિ પેઢીએ તે પ્રશ્ન અત્યંત સુલભ રીતે ઉકેલી નાખ્યો. એટલે કે આ બધાયે અલગ અલગ ભાષા બોલનારાઓના એકેએક બાળકો શાળામાં જઈને અંગ્રેજી શીખવા લાગ્યા, તેના કારણે ઘરે જ્યારે તેઓ પોતાના મા-બાપ સાથે અને ભાઈ-બહેનની સાથે તે પોતાની માતૃભાષામાં બોલતા હતા. જ્યારે બધા જ જાહેર સ્થળોએ તેમને અંગ્રેજી ભાષાનો જ માધ્યમ તરીકે વાપરવાની આવશ્યકતા ઊભી થઈ. તેના કારણે એક પેઢીમાં બધાને અંગ્રેજીની જાણકારી થવાથી-ભાષા એક થવાના કારણે સ્વાભાવિક રીતે જ એકબીજાની વચ્ચે સહકાર અને બંધુભાવ વધારે દૃઢ બન્યો.

"આજે સંયુક્ત સંસ્થાનમાં-અમેરિકામાં જે શક્ય બન્યું તે આપણા હિંદુસ્થાનમાં ભાવિમાં સંયુક્ત સંસ્થાનમાં શક્ય કરીને બનાવી ના શકાય ? હું તો આ બાબતમાં ખૂબ જ આશાવાદી છું. એક ભાષા, એક જીવન, એક ધર્મ એ એક રાષ્ટ્રીયતાનો આધારસ્થંભ છે. એટલે મને મહારાષ્ટ્રના એકીકરણના કરતાં હિંદી એકીકરણની બાબતમાં અધિક આસ્થા લાગે છે. મરાઠીનો અભ્યાસ ના કરતા તમે જો હિંદી તરફ વધારે ધ્યાન આપશો તો તમારી મરાઠી ભાષા મરશે નહીં, પરંતુ તે અધિક જોરદાર બનશે અને મહારાષ્ટ્રીયન જ્યાં જશે ત્યાં તેનો માર્ગ મોકળો થવાની શક્યતા છે.

"હિંદીની સાથે સાથે તમારે સારાયે જગત સાથે સંબંધ બાંધવા માટે અંગ્રેજીનોયે અભ્યાસ કરવો પડશે. હિંદુસ્થાનમાંથી અંગ્રેજો તો આવતી કાલે જતાં રહેશે તોયે તમો તેમની ભાષાને છોડી શકશો નહીં. અત્યાર સુધી અંગ્રેજી ભાષાના જોર પર એક રાષ્ટ્રીયત્વ પ્રાપ્ત કરી લીધું છે એ વાત આપણે ભૂલવી ના જોઈએ. મારા જેવા રાષ્ટ્રીય વિચારધારાના માણસને આ મહારાષ્ટ્ર એકીકરણની સંકુચિત ચળવળમાં ખેંચવાનો જરા જેટલોયે પ્રયત્ન કરશો નહીં."

*47 મો અધ્યાય આવતી કાલે.....*

*સાભાર.....*
*પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર*
*સંપાદક:- શ્રી જ. ગો. સંત*
*અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ*

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૧૭ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૪૭ - દારૂબંધી

દારૂબંધી કરવી એ અન્યાય છે એવો મારો મત છે. આપણા દેશમાં ઇતર અનેક સુધારાઓ કરવાના છે. દારૂબંધીની ચળવળની તાકીદની તો કોઈ આવશ્યકતા નથી. એમાંયે જો આપણું રાષ્ટ્ર દારૂડિયું હોત તો એક બીજી વાત છે. પરંતુ તેવી કોઈ પરિસ્થિતિ નથી એ આપણે આંકડાઓ ઉપરથી સિદ્ધ કરી શકીએ એમ છીએ. નહીં નહીં તોયે સેંકડે ચાર લોકો દારૂ પીતા હોય છે. ભઠ્ઠીનો દેશી દારૂ કેટલો હશે આ એક પાછો પ્રશ્ન જ છે. કોઈ એકાદાએ બીજાની ઉપર જબરદસ્તીથી પોતાનો મત પશ્ચિમના રાષ્ટ્રો પ્રમાણે શા માટે લાદવો જોઈએ એ મને સમજાતું નથી. આપણો દેશ દારૂડિયો નથી. યુરોપમાં માણસો સરેરાશ રોજ કેટલાક ગેલન દારૂ પીતા હશે, તો હિંદી માણસ એ ફક્ત છ ઔંસ જ દારૂ પીતો હશે એ આપણને પ્રાપ્ત આંકડા ઉપરથી જાણવા મળે છે.

હવે આ જ જુઓને. મને પુસ્તકો વાંચવાથી કેફ ચડે છે. એકાદા દારૂડિયાની જેમ મને પુસ્તકોની તલબ લાગે છે. હવે મને આવો કેફ ચઢે નહીં એટલા માટે મારા પર બળજબરી કરવાનો કોઈનેય અધિકાર નથી. કોઈને પુસ્તકો વાંચવાની તલબ હોય છે, તો વળી કોઈને દારૂ પીવાની તલબ આવતી હશે. દારૂ પીવાથી કોઈને આનંદ થતો હશે તો તેનો તે આનંદ ઝૂંટવી લેવાનો અધિકાર કોઈનેય મળી જતો નથી. ત્યારે આ દારૂબંધીની નીતિ એ પણ ન્યાયી નથી એવો મારો મત છે. તમને એવું લાગે તો તમે દારૂ પીવો નહીં, અમને તેનો કોઈ વાંધો—હરકત નથી. પરંતુ તે બીજાને પણ પીવા માટેની બંધી ફરમાવો, આવી બળજબરી કરવાનો અધિકાર તમને આપ્યો કોણે? તમે તમારા મિત્રોની આવી નકામી-ગેરવ્યવસ્થા કેમ કરો છો?

હવે જ્યારે આ વિષય નીકળ્યો જ છે ત્યારે મારા દારૂબંધી અંગેના કેટલાક વિધાયક વિચારો છે તે હું તમોને કહું છું. હિંદી લોકો દારૂડિયા નથી એ તો મેં તમને હમણાં જ કહ્યું. પરંતુ જેઓ દારૂ પીનારા છે, તેના માટે મારી આ પ્રમાણેની યોજના છે. તે સાંભળીને મારી આ યોજના યોગ્ય છે કે આપણી મુંબઈ સરકારની દારૂબંધીની યોજના યોગ્ય છે, એનો તેમણે વિચાર કરવો જોઈએ એવી મારી સૂચના છે.

મારી યોજના આવી છે.

બધો જ દારૂ બનાવવાનો અને તેને વેચવાનો અધિકાર સરકારના હાથમાં હોવો જોઈએ. હાલમાં ચાલી રહ્યું છે તે – પહેલાં મંદિરનો કળશ ચઢાવો, પછીથી તેનો પાયો ખોદીશું એવી ઊલટી રીત છે. તે કેવી છે તે જુઓ. સરકાર પોતે જ દારૂ બનાવે અને તેનાથી સરકારને ખૂબ જ રૂપિયા મળશે, એ તો જગજાહેર વાત છે. પરંતુ સરકાર આ તૈયાર કરેલો દારૂ જાહેર લિલામથી ઠેકેદારોને વેચે છે. આ વાત સંપૂર્ણ રીતે અયોગ્ય છે, એવો મારો મત છે. ઠેકેદાર જાહેર લિલામથી ગમે તેટલા પૈસા દેવા તૈયાર હોય છે. એનું કારણ એ છે કે, તેને સરકારી દારૂમાં ગમે તેટલી ભેળસેળ કરીને લોકોની પાસેથી તેને પૈસા કઢાવતાં આવડે છે. આ ભેળસેળવાળો દારૂ નહીં વેચવા માટે સરકારી કાયદાઓ બિલકુલ અધૂરા છે, એનો અનુભવ કોને નથી? ત્યારે આ ઠેકેદાર અને ઠેકેદારીનું લિલામ બિલકુલ બંધ કર્યા સિવાય ખરાબ દારૂ લોકોના માથે મારવામાં આવે છે, તેનું નિર્મૂલ થશે નહીં. એટલે હું એવું સૂચવું છું કે સરકારે જ આ દારૂની દુકાનો એકવાર બંધ કરીને તેના બદલામાં ઉત્તમ ક્લબ અથવા તો મંડળો શરૂ કરવાં જોઈએ. આ ક્લબમાં ત્રણ વસ્તુ હોવી જોઈએ. પહેલી વાત એ કે, દારૂ વેચવાની દુકાન, બીજા ભાગમાં મિલ્કબાર એટલે કે દૂધ વેચવાની દુકાન અને ત્રીજો વિભાગ ગ્રંથાલય કે વાંચનાલય હોવો જોઈએ. એટલે કે આ ક્લબમાં કોઈને ચોરી-છૂપીથી અથવા તો મોઢું સંતાડીને આવવાની ફરજ પડશે નહીં.

ક્રમશ:...૧...

ક્લબનું વાતાવરણ અતિશય સ્વચ્છ, સુંદર અને રમ્ય હોવું જોઈએ. દરેક દારૂ પીનારા માટે સરકારે એક કાર્ડ આપવું જોઈએ. તે કાર્ડની આઠ આના કિંમત રાખવી. આ કાર્ડથી દરેક માણસને ડૉક્ટરે નક્કી કરેલ પ્રમાણ પ્રમાણે જ દારૂ આપવામાં આવે. સમજી લો કે દરેકને એક જ પેગ દારૂ આપવાનું નક્કી કરેલું છે. તો તે કાર્ડ ઉપર પ્રત્યેકને રોજ એક જ પેગ દારૂ મળશે, વધારે મળશે નહીં. તે જ પ્રમાણે દારૂ ક્યારેય ઉધાર આપવો નહીં, એવો તેમાં નિયમ હોવો જોઈએ. જે દિવસે દારૂ લીધો નહીં હોય, એટલે તે દિવસનું પ્રમાણ રદ થઈ જાય એમ સમજવું. બે-ચાર દિવસો સુધી પીવાનું બંધ રાખીને એકદમ એક દિવસે બાકીનો જથ્થો એકસાથે-પુષ્કળ પ્રમાણમાં દારૂ કોઈનેય પીવા-આપવો નહીં. આવી રીતે દારૂ પીનારાની ઉપર નિયંત્રણ લાદવામાં આવે.

દારૂબંધીના કાયદાને કારણે ગુનેગારોને અપ્રત્યક્ષ રીતે પ્રોત્સાહન મળી રહેશે અને ચોરી-છૂપીથી દારૂ બનાવવા તરફ લોકોની પ્રવૃત્તિ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વમાં આવવાનો સંભવ છે. સિવાય કે સરકારી કાયદા- કાનૂન તોડવાની પ્રથાને તો કોંગ્રેસે જ લોકોમાં ફેલાવી હોવાથી તે કાયદાભંગનો ફાયદો જનતા લેશે તો તેને આપણે દોષ આપી શકીશું નહીં. પરંતુ આજકાલના કાયદા એ ભાવનાને વશ થઈને જ મોટાભાગે પસાર કરવામાં આવતા હોવાના કારણે યોગ્ય-અયોગ્યતાનો તો કોઈ પ્રશ્ન જ નથી રહેતો.

*48 મો અધ્યાય આવતી કાલે.....*

*સાભાર......*
*પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર*
*સંપાદક:- શ્રી જ. ગો. સંત*
*અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ*

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

૧૮ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૪૮ - મહારાષ્ટ્રના સંતોનું કાર્ય

એક વર્ણનું બીજા વર્ણ ઉપર વર્ચસ્વ ટકી રહે એ જ ચાતુર્વર્ણ વ્યવસ્થાનો મર્મ છે. ચાતુર્વર્ણના વિરોધમાં અનેક વિદ્રોહો થયા. તેમાં મહારાષ્ટ્રના ભાગવતધર્મી સંતોનો વિદ્રોહ મુખ્ય છે. પરંતુ તે વિદ્રોહની લડત બિલકુલ જુદા જ પ્રકારની હતી. બીજા માણસોની જેમ જ માણસ રહેલો બ્રાહ્મણ શ્રેષ્ઠ કે ઈશ્વર શ્રેષ્ઠ?' એવા મુદ્દા પર આ લડાઈ હતી.

'બ્રાહ્મણ શ્રેષ્ઠ કે શૂદ્ર માણસ શ્રેષ્ઠ ?' આ પ્રશ્નને ઉકેલવાની કડાકૂટમાં સાધુ-સંતો પડ્યા નહીં. આ વિદ્રોહમાં સાધુ-સંતોનો વિજય થયો અને 'ભક્તોના શ્રેષ્ઠત્વ'ને જ બ્રાહ્મણોએ માન્ય કરવું પડ્યું. આમ છતાંયે આ વિદ્રોહનો ચાતુર્વર્ણ વ્યવસ્થાને નાબૂદ કરવાની દૃષ્ટિએ "કાંઈ જ ઉપયોગી થયો નહીં. ભક્તિની ગુલામીથી માણસાઈની કિંમત થાય છે એવું નથી. માણસાઈની કિંમત તો સ્વયંસિદ્ધ છે. આવો મુદ્દો સ્થાપિત કરવા માટે સંતો ઝઘડ્યા નહીં. તેના કારણે ચાતુર્વર્ણના અત્યાચાર કાયમને માટે ચાલુ રહ્યા.

સંતોના વિદ્રોહનું એક મોટું દુષ્પરિણામ આવ્યું : "તમે ચોખામેળા જેવા ભક્ત બનો, પછી અમે તમને સ્વીકારીશું." એવું કહીને દલિત વર્ગોની અવહેલના કરવાનો એક નવો નુસખો, નવી તરકીબ આના કારણે બ્રાહ્મણોના હાથમાં આવી ગઈ. દલિત વર્ગોના છાશવારે બોલબોલ કરનારાઓનાં મોઢા આ ઉપાયથી બંધ થઈ જાય એવો બ્રાહ્મણોનો અનુભવ છે. ધાર્મિક લોકો સાધુ-સંતોના ચમત્કારની દંતકથાઓ શક્ય એટલી અતિશયોક્તિથી વર્ણવીને લોકો પાસે માંડે છે. પરંતુ સાધુ-સંતોએ પ્રતિપાદિત કરેલી ન્યાયબુદ્ધિની, પરોપકારિતાની અને સમતાવાદની તેમજ ઉદાર વિચારોની તેઓ જાણી-જોઈને અવહેલના કરે છે, કારણ કે જાતિના મિથ્યાભિમાનથી તેઓ જકડાયેલા છે. રામદાસી પંથના લોકો તો પહેલાંથી જ જાતિના દુરાભિમાનથી જકડાયેલા અને ક્રોધી સ્વભાવના હોવાનું જગજાહેર છે. તે પંથના સંસ્થાપક જ વર્ણવ્યવસ્થાના અભિમાનથી જકડાયેલા હતા. તેના કારણે તેમણે વારકરી સંપ્રદાય સાથે સ્પર્ધા કરનારો જુદો જ સંપ્રદાય ઊભો કર્યો.

મારી તરુણાવસ્થામાં મને મહારાષ્ટ્રના સંતોના વાઙમય પર અનહદ પ્રેમ હતો, રુચિ હતી. માણસની નૈતિક ધારણા દૃઢ કરાવવા માટે તે વાઙમય કેટલા મોટા પ્રમાણમાં ઉપયોગી થઈ શકે એમ છે એ હું કહી શકું એમ છું.

49 મો અધ્યાય આવતી કાલે...

સાભાર....
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in



# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૪૯ - ગીતા અને વેદ.

મદ્રાસ ખાતે મેં ગીતા બાબતમાં જે કહ્યું તે બાબતમાં પૂનાના બ્રાહ્મણોએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. મારે તેમને જવાબ આપવો જોઈએ એ મને ઉચિત લાગે છે. મારા કહેવાનો અર્થ સમજી લેવા માટે એકાદ જાહેર સભા પૂનામાં જો યોજવામાં આવી હોત તો હું મારી બાજુ રજૂ કરી શક્યો હોત, સમજાવી શક્યો હોત. પરંતુ આવી કોઈ તક મને ન મળવાથી હું આજના આ સમારંભ પ્રસંગમાં જ મારી વાત રજૂ કરું છું.

હું ગીતા વાંચ્યા વિના જ ગીતાની ટીકા કરું છું એવું કહેવામાં આવ્યું છે. પરંતુ આ વાત સરેઆમ ખોટી છે. છેલ્લાં પંદર વર્ષો સુધી ગીતાનો અભ્યાસ કર્યા પછી જ મેં મારો મત વ્યક્ત કરવાની શરૂઆત કરી. ગીતામાં વિશેષ એવું કાંઈ નથી, તેમાં મુખ્યત્વે ત્રણ વાતો કહેવામાં આવી છે. મરવું, મારવું, હિંસા કરવી એ પાપ છે? વર્ણાશ્રમધર્મને શ્રેષ્ઠ ગણવામાં આવે અને ભક્તિ કરવાથી મોક્ષનાં દ્વાર ખૂલી જશે. આ ત્રણ વાતો હતી. ગીતાનો અભ્યાસ કરતાં, બિલકુલ ગીતા પુસ્તકનો આધાર લઈને ગીતાનો અર્થ સમજાશે નહીં, એટલે તત્કાલીન સમયના ઇતર વાઙમય-સાહિત્યનો પણ અભ્યાસ કરીને ગીતાનો અર્થ શોધી કાઢવો જોઈએ.

ગીતાની પહેલાં વર્ણાશ્રમનો પાયો શું હતો તે જૈમિનીએ પોતાના પૂર્વમીમાંસા ગ્રંથમાં લખ્યું છે. સાંખ્ય તત્ત્વજ્ઞાન પર શ્રીકૃષ્ણે ચાતુર્વર્યનો ઢાંચો તૈયાર કર્યો. સાંખ્યકારે એટલે કે સાંખ્યના રચયિતાએ ત્રણ ગુણોને માન્યતા આપી છે અને ગીતાકાર એટલે કે ગીતા રચનારા ચાર ગુણ- ચાર વર્ણોની જોડી કરી છે. અત્યાર સુધી એક પણ વિદ્વાનોએ સાંખ્યકારનો અને ગીતા રચનારાના આ તફાવતનો મેળ બેસાડયો નથી. શ્રી કૃષ્ણએ ભગવત ગીતામાં ચાતુર્વર્ણનો આધાર આપ્યો છે, એટલે જ આજે ચાતુર્વર્ણ ટકી રહ્યો છે.

ભગવદ્ ગીતાનો ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરતાં મને આ પુસ્તકમાં ચાર થીગડાં મારવામાં આવ્યાં હોવાનું જણાઈ આવેલ છે. મારું માનવું એવું છે કે, પ્રથમ તો આ એક કૃષ્ણવર્ણના જ, તેમના જાતભાઈઓ એટલે ભરવાડથી અર્જુન હતવીર્ય થયો હોવાથી કૃષ્ણે તેને યુદ્ધ કરવા પ્રેરિત કર્યો એટલે કૃષ્ણનાં ગુણગાન ગાવા માટે - લાડ લડાવવા માટે રચવામાં આવેલ વીરગાથા-યશગાથા હતું. તેમાં ધર્મ અગર તો તત્ત્વજ્ઞાન નહોતું. તે સમયે તેમાં ફક્ત ૬૦ શ્લોક જ હતા. આ પછીથી એ લોકો કૃષ્ણને ઈશ્વર માનવા લાગ્યા. તે સમયે તેમણે ગાયેલી સ્તુતિ એટલે કે એ ભક્તિમાર્ગ બની ગયો અને આવી રીતે કૃષ્ણને ભગવાન બનાવી દેવામાં આવ્યો. આ પછીથી આગળ જતાં ગીતાનું આવું જ રૂપાંતર થઈને તે આજના સ્વરૂપમાં અસ્તિત્વમાં આવી. આ બાબતમાં હું કોઈને જ દોષ આપતો નથી.

વેદ એ ઈશ્વરનિર્મિત છે, અપૌરુષેય છે, તેની આજ્ઞા માનવી જોઈએ એવું કહેવામાં આવે છે. પરંતુ તેનો ઈતિહાસમાં ક્યાંયે પુરાવો જડતો નથી. બ્રાહ્મણો સિવાય વેદને અત્યાર સુધી કોઈએ મહત્ત્વ આપ્યું જ નથી. કોઈપણ, બ્રાહ્મણો સિવાયનાઓએ વેદને મહત્ત્વ આપ્યું નથી અને તેને પોતાના ધર્મગ્રંથ તરીકે ક્યારેય સ્વીકાર્યો નથી. વેદને પ્રમાણ માનવાની એ બ્રાહ્મણોની પાછળથી આવેલી પદ્ધતિ-થીયરી છે. એનો પુરાવો આશ્વલાયન ગુહ્યસૂત્રમાં ભરપૂર માત્રામાં મળી રહે છે. તે સમયે બ્રાહ્મણો પણ વેદને પ્રમાણ માનતા ન હતા, એનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. **ક્રમશ: ....૧..**

સામાજિક મૂલ્યો નિર્માણ કરતા પહેલાં જનતા પંચાયતનો નિર્ણય સ્વીકારવામાં આવતો હતો. તે સમયે વેદનું ચોથું અથવા તો પાંચમું સ્થાન હતું. શબરસ્વામીએ જનમેજયનાં સૂત્રો લઈને તેના ઉપર ભાષ્યવિવરણ કર્યું છે. તેમાં પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષ બતાવવામાં આવ્યા છે. પૂર્વ પક્ષમાં વેદોના સંબંધમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાથી - વેદવિરોધીઓની તરફેણ કરવામાં આવી છે. શબરસ્વામી એ બ્રાહ્મણોના વૈદને માનતા ન હતા એવું કહ્યું હોવાથી વેદોનું નિર્માણ એટલે કે મૂર્ખાઓનું કે ગાંડાઓનું આ કાર્ય હશે એવો દાવો કરવામાં આવ્યો છે. બુદ્ધે વેદોને ક્યારેય પ્રમાણભૂત માન્યા નથી. વેદ આધારિત ધર્મને બૌદ્ધ ધર્મએ ભારે આંચકો આપીને તેને હાનિ પહોંચાડી. આ બૌદ્ધધર્મ એ શૂદ્રોનો ધર્મ હતો અને તે વેદના પ્રમાણને ક્યારેય માનતો નહોતો.

આ દેશનો ઇતિહાસ જો ધ્યાનમાં લઈએ તો ઓછામાં ઓછા બે હજાર વર્ષોથી બ્રાહ્મણ ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચે વિવાદ ચાલુ હતો, એ ધ્યાનમાં આવે છે. આ વિવાદમાં જે વાઙમય (સાહિત્ય) રચવામાં આવ્યું તે ધાર્મિક સ્વરૂપનું નહીં, પરંતુ રાજકીય સ્વરૂપનું છે. દેશની સત્તાના કેન્દ્રમાં આપણી હકૂમત ચાલવી જોઈએ એટલા માટે ગીતા ગ્રંથનું નિર્માણ કરવામાં આવ્યું. વેદના કેટલાક શ્લોકોનો અનુવાદ ગીતામાં કરવામાં આવ્યો છે. પરંતુ વેદમાંયે એવું તો કયું જ્ઞાન ભરીને રાખવામાં આવ્યું છે? ખરેખર જોઈએ તો વેદ માત્ર બે જ છે, એક ઋગ્વેદ અને બીજો અથર્વવેદ. મેં તો વેદ કેટલીયેવાર વાંચ્યા છે. તેમાં સમાજની અથવા તો માનવની ઉન્નતિ માટે અને નીતિમત્તાને પોષક હોય એવું કાંઈ કહેવામાં આવ્યું નથી. સ્ત્રી જો પ્રેમ કરતી ના હોય તો શું કરવું જોઈએ, બીજાની સ્ત્રીને કેવી રીતે વશ કરવી, ધન-સંપત્તિની ચોરી કેવી રીતે કરવી એ અથર્વવેદમાં કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત શત્રુઓનો નાશ કરવા માટે કરવામાં આવતો તાંત્રિક- માંત્રિક મેલી વિદ્યાનો પણ ઉલ્લેખ છે. વાસ્તવિકતા તો એ છે કે, વેદ જેવા ગ્રંથમાં આવા વિષયની શી જરૂર હતી ? આમાંના પુરુષસૂક્તમાં બ્રાહ્મણોથી લઈને શૂદ્રો સુધી કોણે કેવી રીતે વર્તવું એ આપવામાં આવ્યું છે. બુદ્ધનો આ બાબતમાં વિરોધ હતો અને તે જ દૃષ્ટિએ તેમણે ચાતુર્વર્ણ્ય બાબતમાં ટીકા કરી છે. મારવું એ ક્ષત્રિયનું કર્તવ્ય છે એવું કહેવામાં આવ્યું છે. એકે બીજાને મારવો એ જરૂરી પણ હશે. પરંતુ તે કર્તવ્ય બની શકે નહીં. ગીતાના બીજા અધ્યાયમાં ૧૮ અને ૩૯ ક્રમાંકના શ્લોકમાં વેદાન્તનો આધાર આપીને આત્મા અવિનાશી છે, દેહને ઘડપણ-બુઢાપો આવવાથી અથવા તો અન્ય કોઈ કારણોને લઈને તેનો નાશ થવાનો જ છે એવું વિવરણ કરવામાં આવેલું જોવા મળશે. પરંતુ વિચાર કરો કે એકાદ ખૂનના કેસમાં વકીલ જો જજને એવું કહે કે, "સાહેબ, આત્મા તો અવિનાશી છે, તો પછી ખૂન કરવાના બદલામાં આરોપીને સજા શા માટે કરો છો?" તો પછી વિચારો કે એ વકીલનું આવું કહેવું એ કેવું લાગશે ?"

બૌદ્ધ ધર્મના તત્ત્વજ્ઞાનની સામે આવા પુરાવા ટકી રહેવા શક્ય નથી. બુદ્ધ તત્ત્વ એ સામાજિક, માનસિક અને રાજકીય ક્રાંતિ કરીને શૂદ્રોને ઊંચાં પદો મેળવી આપ્યાં છે. તે સમયે અનેક શૂદ્ર રાજાઓ થઈ ગયાના દાખલા છે. પોતાના હાથમાંથી સત્તા જતી રહી હોવાના કારણે બ્રાહ્મણોએ ફરીથી ચાતુર્વર્ય પદ્ધતિનો પાયો સમાવીને ભગવત ગીતા દ્વારા તે કામ કર્યું અને દેશમાંથી-પોતાના હાથમાંથી સરકી ગયેલી સત્તાને ફરી પાછી પોતાના હાથમાં લાવ્યા. પરંતુ જ્યાં સુધી તમે આ ગ્રંથને પ્રમાણભૂત માનશો ત્યાં સુધી જગતમાં તમારો ઉદ્ધાર નહીં થાય. આ પુસ્તકમાં શૂદ્રોની નિંદા અને અવહેલના કરવામાં આવી છે. તેમની ઉપર જુદી જુદી જાતના આરોપો મૂકવામાં આવ્યા છે. તેમનામાં ભય, ડરની ભાવનાથી લાચારી ઊભી થશે. તેઓ કાયમના માટે દલિત બની રહે એવી યોજના કરવામાં આવી છે. જો તમે અમારા ઉપર એ પુસ્તકને ધર્મગ્રંથ તરીકે પ્રમાણભૂત માનવા માટે બળજબરી કરતા હો તો અમે તેને ક્યારેય સ્વીકારવાના નથી. આ મારું એક જીવનકાર્ય છે. મારે પોતે આ બધું બરાબર સમજી લઈને મારે મારા બધા લોકોને આ બધું બરાબર સમજાવવાનું છે. સમાજના નીચેના વર્ગના લોકોને નિ:સંતાન રાખવાનો અને તેમને કાયમને માટે પોતાના પગતળે દબાયેલા રાખવાનો અને તેમને બરબાદ કરવા માટે પદ્ધતિસરનો પ્રયત્ન કરનારો એવો એકાદો વિશિષ્ટ વર્ગ જગત આખામાં તપાસ કરો તો તે ક્યાંય જોવા નહીં મળે, સિવાય કે ભારતમાં.

*50 મો અધ્યાય આવતી કાલે.....*

સાભાર......
પુસ્તક.- મારી આત્મકથા.: ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક.- શ્રી જ. ગો. સંત
અનુવાદ.- મુળજીભાઈ વી. ખુમાણ

૨૦ - મે

# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૫૦ - બુદ્ધ કે માર્ક્સ.

બુદ્ધિઝમ એ જીવનનો માર્ગ છે. તે જ પ્રમાણે કમ્યુનિઝમ પણ જીવનનો જ માર્ગ છે. ત્યારે આ બે માર્ગમાંથી કયો જીવનમાર્ગ વધારે સારો છે એ સમજી લેવું જોઈએ. કમ્યુનિઝમ જે જીવનમાર્ગ બતાવે છે તેના કરતાં બુદ્ધિઝમે બતાવેલ જીવનમાર્ગ સરસ છે. આ પછી બુદ્ધિઝમ અને કમ્યુનિઝમની વચ્ચે મહત્ત્વપૂર્ણ વિશેષતા રહેલી છે એ ટૂંકમાં કહું છું.

આ વિશેષતાઓ ઉપરથી બુદ્ધિઝમ અને કમ્યુનિઝમના ધ્યેયોમાં ક્યાં સામ્ય રહેલું છે અને ક્યાં ભિન્નતા છે એની કલ્પના તમને આવી જશે. આખરે તો બુદ્ધિઝમનો માર્ગ ચિરંતન છે, એની ખાતરી થઈ જશે કારણ કે જે માર્ગ ચિરંતન નહીં હોય તે માર્ગ તમને જંગલ તરફ લઈ જનારો હશે. તે માર્ગ તમને અરાજકતા તરફ લઈ જનારો હશે, તે માર્ગે જવાનો કોઈ જ અર્થ સમાયેલો નથી. માત્ર તમને કહેલો માર્ગ આરામથી, ધીમે ધીમે લઈ જનારો થોડો દૂરનો માર્ગ હશે. આમ છતાંય તે ખાતરીપૂર્વકનો હશે અને છેવટે તમને તે સુરક્ષિત અને ચોક્કસ જગ્યાએ લઈ જનારો હશે. તેથી મારા મતે તો બીજા માર્ગે જવાનું માનવીનું કર્તવ્ય બની રહે છે. હવે મુખ્ય વિષય તરફ વળું.

કમ્યુનિઝમનો સિદ્ધાંત એટલે એ વળી શું છે? 'જગતમાં શોષણ છે' આ તત્ત્વ ઉપર જ કમ્યુનિઝમની મૂળ શરૂઆત થાય છે. શ્રીમંતો પાસે જે ધન-સંપત્તિ છે તેના જોરની ઉપર શ્રીમંત લોકો 'ગરીબોનું શોષણ કરે છે, તેને ગુલામ બનાવે છે અને ગુલામગીરીના કારણે તે દુઃખમાં અને દરિદ્રતામાં લાંબા સમય સુધી પીડાતો રહે છે'. કાર્લ માર્ક્સનો આ મૂળ મુદ્દો છે. માર્ક્સ વાપરેલા શબ્દ 'શોષણ' એવો છે. આનાથી છુટકારો મેળવવા માટે માર્ક્સ શું ઉપાય સૂચવ્યો છે?

માર્ક્સ સૂચવેલો માર્ગ આવો છે – એક વર્ગની ગરીબી અઅને દુઃખને પ-રોકવા માટે ખાનગી માલમત્તા-સંપત્તિ ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ. માર્ક્સનું કહેવું એવું છે કે, કોઈએ પણ ખાનગી માલ-મિલકત ભેગી કરવી નહીં કારણ કે માર્ક્સનું ટેકનિકલ ભાષામાં કહેવાનું એવું છે કે, ખાનગી માલમત્તાનો માલિક એ જ કામદારોની શ્રમશક્તિથી ઉત્પાદિત વધારે ધનનો પોતે જ લઈ લે છે અથવા તો તે ઝૂંટવી લે છે અને કામદારોને વધારે ધન મળતું નથી. આ અંગે માર્ક્સ એવો પ્રશ્ન ઊભા કરે છે કે કામદારોના શ્રમથી ઊભું થયેલું વધારાનું ધન માલિકોએ શા માટે લેવું જોઈએ? શા માટે તેઓ વધારાનું ધન મેળવે? એ બાબતમાં માર્ક્સનો જવાબ એવો છે કે આ વધારાના ધનનો માલિક રાજ્ય હોવાથી રાજયને જ તે આપવું જોઈએ. આ જ વિચારધારાની ઉપર માર્ક્સ કામદારો અને ખેડૂતોની માલિકશાહીનો સિદ્ધાંત રજૂ કર્યો છે. એટલે રાજ્ય ચલાવવું હોય તો શોષણનો ભોગ બનેલા લોકોએ જ ચલાવવું જોઈએ, શોષણ કરનારાઓનું એમાં કામ નથી એવું માર્ક્સનું કહેવું છે. હવે આપણે બુદ્ધિઝમની ચકાસણી કરીએ અને માર્ક્સ જે મુદ્દા ઉપસ્થિત કર્યા છે તે બાબતમાં ભગવાન બુદ્ધે શું કહ્યું છે તે જોઈએ. મેં હમણાં જ કહ્યું છે કે, માર્ક્સ ગરીબોના શોષણથી જ શરૂઆત કરી છે. આ બાબતમાં ખુદ બુદ્ધ જ શું કહે છે? બુદ્ધે કેવી રીતે શરૂઆત કરી? બુદ્ધે પોતાના ધર્મને કયા મૂળભૂત પાયા ઉપર ઊભો કર્યો છે?

ક્રમશઃ ....૧..

૨૫૦૦ વર્ષ પૂર્વે બુદ્ધે ગરીબોના દુઃખની ઉપર જ પોતાના ધર્મનો સિદ્ધાંત ઊભો કર્યો. જગતમાં દુઃખ છે એવું ભગવાને કહ્યું. બુદ્ધે 'શોષણ' એવો શબ્દપ્રયોગ કર્યો નથી એ સાચું છે. ભગવાને માત્ર પોતાના ધર્મનો પાયો એ દુઃખનું નિવારણ જ રાખ્યું છે. દુઃખ એ શબ્દનો અર્થ અનેક પ્રકારે કરવામાં આવે છે, એ પણ સાચું છે. પુનર્જન્મ અથવા તો પુનર્જન્મના ફેરા એટલે દુઃખ એવું કેટલાંક લોકો અર્ત તારવે છે. જોકે આ અર્થ સાથે હું સહમત નથી. બૌદ્ધ ધર્મના ગ્રંથમાં આવી અનેક જગ્યાઓ છે તેમાં 'દુઃખનો અર્થ ગરીબી' એવું સ્પષ્ટ છે. ત્યારે બુદ્ધિઝમ અને કમ્યુનિઝમનો પાયો જોઈએ તો તે બંનેની વચ્ચે કોઈ જ પ્રકારનો ફરક નથી એ સ્પષ્ટ છે. એટલે કે મૂળભૂત પાયાની જરૂરિયાતને મેળવવા માટે બૌદ્ધજનોએ માર્ક્સની પાસે જવાની કોઈ જ જરૂરિયાત નથી. એનો પાયો તો ભગવાને પહેલાં જ સેંકડો વર્ષો પહેલાં સંપૂર્ણ રીતે મજબૂતાઈથી બૌદ્ધ ધર્મમાં રોપ્યો છે. ભગવાન બુદ્ધે જીવનની વસ્તુસ્થિતિની ઉપર જ આંગળી મૂકી છે, તે વસ્તુસ્થિતિ એટલે લોકો દુઃખમાં જીવે છે તે જ છે. એટલે કે કમ્યુનિઝમમાં જે તત્ત્વો છે, તેના કરતા તો ભરપૂર તત્ત્વો બુદ્ધિઝમમાં છે. વિશેષ તો એ છે કે ભગવાને આ જે કહ્યું છે તે માર્ક્સના જન્મ પૂર્વે ૨૫૦૦ વર્ષો પહેલાં કહ્યું હતું.

ખાનગી માલમિલકત અંગે બુદ્ધનું તત્ત્વજ્ઞાન અને માર્ક્સનું તત્ત્વજ્ઞાન આ બંને તત્ત્વજ્ઞાનોમાં ખૂબ જ નજીકનો ઋણાનુબંધ છે. માર્ક્સ ખાનગી માલમિલકત બાબતમાં કહ્યું, "ખાનગી માલમિલકત એ ઉત્પાદનનું સાધન હોવાના કારણે શોષણ જો અટકાવવું હશે તો આ ખાનગી માલમિલકત એ રાજ્યની માલિકીની કરવામાં આવે એટલે ખાનગી માલમિલકતના આધારે માલિકવર્ગ મજૂરોનું શોષણ કરી શકશે નહીં."

હવે બુદ્ધના સંઘમાં આ બાબતમાં શું કહેવામાં આવ્યું છે તે આપણે જોઈએ, ભિક્ષુઓ માટે અને સંઘ માટે ભગવાન બુદ્ધે કયા નિયમો બનાવ્યા છે તે આપણે જોઈએ. ભગવાન બુદ્ધે એવું કહીને રાખ્યું છે કે, "કોઈપણ ભિક્ષુએ ખાનગી માલમિલકત ભેગી કરવી નહીં. એટલું જ નહીં, પરંતુ ખાનગી માલમિલકત બાબતમાં સંઘના નિયમો જેટલા કડક છે તેટલા કડક નિયમો તો રશિયામાં પણ નથી. ભિક્ષુઓ ખાનગી મિલકત રાખી શકતા નથી. તેમાં ફક્ત સાત વસ્તુઓમાં જ છૂટછાટ આપવામાં આવી છે. તે વસ્તુઓ એટલે હજામત કરવા માટેનાં સાધનો, પાણી માટેનો લોટો, ભિક્ષા માટે ભિક્ષા પાત્ર, શરીર પરના ત્રણ વસ્ત્રો અને સીવવા માટે સોયદોરો, કમ્યુનિઝમનું મહત્ત્વ ખાનગી માલમિલકત નષ્ટ કરવાનો છે. પરંતુ બુદ્ધે વિનયપિટિકામાં રહેલા નિયમો કરતા કડક નિયમો ક્યાંયે જોવા મળતા નથી.

કમ્યુનિઝમનો ધ્યેય સિદ્ધ કરવા માટે, કમ્યુનિઝમની સ્થાપના કરવા માટે એટલે કે ગરીબીના નિવારણ માટે ખાનગી માલમિલકતો નષ્ટ કરવા માટે વિરોધીઓની હત્યા કરવી, તેને ઠાર મારવા આવા આવા સાધનો કાર્લ માર્ક્સ અથવા તો કમ્યુનિષ્ટો વાપરવા ઇચ્છે છે અને અહીંયાં જ તો બુદ્ધિઝમ અને કમ્યુનિઝમમાં મૂળભૂત ફરક છે.

ભગવાન બુદ્ધનો માર્ગ લોકોને હિંસાથી દૂર રાખવાનો, બુદ્ધિપૂર્વક સમજાવવાનો, નૈતિકતાના આચરણની શિખામણ દેનારો અને મમતો માર્ગ છે. બુદ્ધિઝમ અને કમ્યુનિઝમમાં આવો પાયાનો મૂળભૂત ફરક છે. કમ્યુનિષ્ટ પદ્ધતિ એ પાશવી શક્તિ પર આધારિત છે. કમ્યુનિસ્ટ પદ્ધતિને રશિયાના લોકોએ રાજીખુશીથી સ્વીકારી નથી. તેમણે તે બીક, ડરના કારણે સ્વીકારી છે. આ દૃષ્ટિએ જોઈએ તો બુદ્ધિઝમ એ શુદ્ધ લોકશાહીવાદી છે. ભગવાન બુદ્ધ એ લોકશાહીના મહાન પુરસ્કર્તા હતા. અભ્યાસવૃત્તિથી બુદ્ધિઝમ અને કમ્યુનિઝમનો લાંબો સમય સુધી અભ્યાસ કરીને હું આ ચોક્કસ નિષ્કર્ષ પર આવ્યો છું કે મનુષ્યમાત્રના દુઃખના નિવારણ માટે બુદ્ધે જે ઉપદેશ આપ્યો છે અને જે પદ્ધતિ બતાવી છે એ અતિશય સુરક્ષિત અને મજબૂત છે.

*51 મો અધ્યાય આવતી કાલે.....*

સાભાર......
પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક:- શ્રી જ. ગો. સંત
અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ..... ૨૨ - મે

## અધ્યાય :- ૫૧ - હું સાહિત્યકાર છું એવું તમને લાગે છે ?

(૨ મે ૧૯૫૪ના રોજ ૪ વાગે, વિદર્ભ સાહિત્ય સંઘ, નાગપુર ખાતે યોજાયેલ મેળાવડામાં)

સાહિત્યકારો અને પંડિતો,

આપની આ સુવિખ્યાત સાહિત્યસંસ્થાને આજે મળવાનો મોકો મળ્યો તે બે સાહિત્યકારોની વિનંતીના કારણે. આ સાહિત્યકારોમાં એક તમારા અને એક અમારા હતા. ગજાનનરાવ માડખોલકર એ તમારા અને નારાયણરાવ શેડે એ અમારા. આ ભેદ જાણવા જેવો છે. જોકે જીવનમાં તો તમે તેને નિર્માણ કર્યો છે અમે નહીં. આવો ભેદ નાબૂદ કરવા માટે અમારી લડાઈ છે, તમારી નથી. બ્રાહ્મણ અને મહાર મળ્યા. આ મેળ મને શુભકારક લાગ્યો, એટલે આ સાહિત્યસંસ્થાને મુલાકાત આપવાનું મેં સ્વીકાર્યું. કોઈપણ વાતને હું સહજ રીતે સ્વીકારતો નથી. ખૂબ સારી રીતે તેની છાનબીન કરીને ખાતરી કરી લઉં છું. રૂપિયા ખોટા છે કે સાચા એ તેને પ્રત્યક્ષ જોઈને જાણી શકીએ છીએ, નહીંતર ફસામણી થાય છે. આવી ઘણીબધી ફસામણી અમારી સાથે થતી આવી છે. પરંતુ હવે તે આમ કરી શકશે નહીં. હવે અમે ખૂબ જ નિપુણ બની ગયા છીએ. એટલે જ જીવનમાં કોઈ ભેદભાવ, અંતર રાખવામાં ના આવે અને કાયમ હોશિયાર અને જાગરૂક રહીને કલ્યાણ પ્રાપ્ત થાય એવું વાઙમય અથવા સાહિત્ય નિર્માણ થવું જોઈએ. સાહિત્યનો પ્રકાર ગમે તે હોય તેના શબ્દોમાં અમૃતનું સિંચન કરવું જોઈએ, ત્યારે જ તેને વામય કહી શકાય. સમાજ ઉદ્ધારક સાહિત્ય સર્જાવું જોઈએ. अमृतातेहि पैजा जिंके એવું જ્ઞાનેશ્વરે કાંઈ એમનેમ તો નહીં જ કહ્યું હોય. दहम અને शतम આનો અર્થ કમસેકમ સાહિત્યકારોએ સ્પષ્ટ રીતે બરાબર સમજી લેવો જોઈએ. 'દહમ—'નું 'દમન' કે 'દહન' થઈ ના જાય અને 'શતમ'નું 'શરણ' કે 'મરણ' થઈ ના જાય એ જોજો. પરંતુ અહંમ્ તો તૈયાર થઈને જ આવે છે. સાહિત્યકારોમાં તો અહમ્ ખૂબ જ ભયંકર છે. તેમનામાં સહિષ્ણુતા, ઋજુતા અને વિશેષ કરીને ઉદારતા, ઔદાર્ય ओवा भणता નથી. "वाचस्पति-विश्व-कर्माण मूतये। मनोजुवं वाजे अधा हुवेम् ॥" સાહિત્ય સાધનાની ગતિને અને ઉદાત્ત હૃદયના મિલનથી જીવન વિકસિત અને ઉન્નત બનવું જોઈએ તો જ તે વાચસ્પતિ, તો જ તે સાહિત્યકાર ગણાય. આજનો સાહિત્યકાર પરાણે દસ ડગલાં આગળ ચાલવાનો પ્રયત્ન કરે છે અને પાછો ડરના માર્યો સો ડગલાં પાછો ફરે છે. આમ છતાંયે તેનો અહમ્ તો એવો ને એવો જ કાયમ રહે છે. તે ક્યારેક ક્યારેક બાગમાંથી સુંદર મજાનું ફૂલ તોડે છે, ક્યારેક ક્યારેક ચોરીછૂપીથીયે તોડે છે. પરંતુ તેને દેવના ચરણોમાં અર્પણ કરતો નથી. પોતાની જાતમહેનતથી-લોહીનું પાણી કરી સુંદર બાગનું નિર્માણ કરનારો તે માળી બનતો નથી. પરંતુ હું 'માળી' છું એવું ગૌરવ લે છે, શાન દેખાડે છે. મેં જ્ઞાનેશ્વરની 'જ્ઞાનેશ્વરી', તુકોબાની 'ગાથા', લોકમાન્ય ટિળકનું 'ગીતારહસ્ય', હરિભાઉની 'પણ લક્ષાત કોણ છેતો' (નવલકથા) સાવરકરનું 'કાળાપાણી', વામન મલ્હાર જોશીનું 'સુશીલાના દેવ', સાને ગુરુજીની 'શ્યામચી આઈ' એટલું જ નહીં ફડકેની 'દૌલત', ખાંડેકરની 'હૃદયાચી હાક', માડખોલકરની 'ભંગલેલે દેવળ', કેશવ સુતની 'તુતારી', યશવંતની 'આઈ' અને ગડકરીનું 'ફટક નશીબ'ને સમજી શકું છું. પરંતુ આજના કેટલાંક કથા, કાવ્ય કે નાટકને માત્ર સમજી શકતો નતી. તેમાં જ્ઞાનબોધનો સમાવેશ તો થતો જ નથી, પરંતુ ઉદાત્ત લાલિત્ય પણ નથી, નથી કોઈ ઉચ્ચકક્ષાનો આનંદ ! આજે સમાજજીવન અને રાષ્ટ્રજીવનની પ્રગતિ થાય એવું સાહિત્ય સર્જાતું નથી. આપણા સ્વતંત્ર દેશને આજે એકાત્મતાની અને બંધુભાવ ખૂબ જ મોટા પ્રમાણમાં જરૂર છે. એકાત્મતા અને બંધુત્વ એ આપણા રાષ્ટ્રનો નિચોડ નક્કી થયો છે. તેના સિવાય પ્રબળ સંઘશક્તિ નિર્માણ થઈ શકશે નહીં, એટલે જ સાહિત્યની કળા દ્વારા માનવતાવાદી સાહિત્ય લખાવું, સર્જાવું અતિઆવશ્યક છે. તેના માટે થઈને સાહિત્યના ક્ષેત્રમાં રાષ્ટ્રને ઉપયોગી ક્રાંતિની લહેર ત્વરિત ગતિએ ઊભી થવી જોઈએ. પિ:ર્વે ન્તુ f::" આમ બોલવા માટે ઠીક છે, સારું છે. પરંતુ તેને સિદ્ધ કરવા માટે જેટલો જોઈએ તેટલો ઉત્સાહ અને પ્રેમ દેખાતો નથી.

ક્રમશ: ....૧..

આજકાલ તો સાહિત્યને કાળા રંગનો ઢોળ ચઢાવેલો જોવા મળે છે. આવા સાહિત્યનો ફાલ સારા એવા મોટા પ્રમાણમાં છે, પરંતુ તે સત્ત્વહીન, પ્રાણહીન છે. આજે તો આપણને સત્ત્વશીલ જ્ઞાનની ભૂખ છે, જરૂર છે. તેનું આપણે સર્જન કરવું જોઈએ, તે ભૂખને આપણે સંતોષવી જોઈએ. અનુભૂતિપૂર્ણ સશક્ત સાહિત્યમાંથી મીઠાશ અમને ચાખવા-માણવા મળવી જોઈએ. કવિ કીટ્સ સે છે : Heard melodies are sweet, but those unheard are sweeter." આપ્રમાણે અનુભવ થવો જોઈએ.

હવે, હે બ્રહ્માંડના ભગવાન. જે વાણીના જાણકારને સંતુષ્ટ કરે છે. તોષોનિ માજ દૈવે. ઓ પસાયદાન." હવે, જ્ઞાનના ભગવાનમાં, અદેને કહ્યું, "પુડુતિ, પુડુતિ, ફુદુતિ. આ પુસ્તક એક ગુણવાન ખજાનો છે. સર્વ સુખી સર્વ જીવો. સમગ્ર બનશે ॥ સંસ્કૃતિ તરફ ભારે દુર્લક્ષ કરીએ છીએ. થોડા અંતર્મુખ થઈને વિચાર કરશો તો આપણાં જીવનમૂલ્યો અને સાંસ્કતિક મૂલ્યો કેટલાં બધાં નિસ્તેજ થઈ રહ્યાં છે તેનું બિહામણું ચિત્ર નજર સામે આવશે. એનું કારણ ગમે તે હોય, પરંતુ આપણે બધા અધઃપતનના, અવનતિના માર્ગે જઈ રહ્યા છીએ એવું જ જણાય આવશે. ત્યારે તાકીદે સાવધ થઈને જીવન અને સંસ્કૃતિ વિષયક મૂલ્યોને સાહિત્યકારોએ વિકસાવવા અને તેને સંવારવા જોઈએ, તેને સતેજ કરવા જોઈએ. આગળ વધારવા જોઈએ. તમારી નવલિકા- નવલકથાની સીતા હવે લક્ષ્મણરેખા ઓળંગતી જાય છે. દુર્યોધનના દરબારમાં દ્રૌપદીનાં વસ્ત્રહરણ થાય છે અને દુષ્યંત શકુંતલાને ઓળખતો નથી, તે વનવાસી બની જાય છે એટલે જ મારે સાહિત્યકારોને પ્રેમ અને આગ્રહની સાથે અનુરોધપૂર્વક કહેવું છે કે ઉદાત્ત જીવનમૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યોને આપણા સાહિત્ય દ્વારા અભિવ્યક્ત કરો. આપણું લક્ષ્ય સંકુચિત-મર્યાદિત રાખો નહીં. તેને વિશાળ બનાવો. આપણા વિચારોને ચાર દીવાલો પૂરતા મર્યાદિત ના રાખો. તેને વિસ્તરવા દો. આપણી કલમને આપણા પોતાના પ્રશ્નો પૂરતી જ બંધિયાર બનાવી ના દો. તેના તેજથી ગામડા ગામનો ઘનઘોર અંધકાર દૂર કરવા માટે પરિવર્તિત કરો. આપણા આ દેશમાં ઉપેક્ષિતોનું, દલિતોનું, દુઃખિયાઓનું, દુબળાઓનું ખૂબ વિશાળ જગત આવેલું છે એને ભૂલશો નહીં. તેમના દુ:ખ, તેમની વ્યથા બરાબર સમજી લો અને તમારા સાહિત્ય દ્વારા તેમનું જીવન ઉન્નત કરવાના કામમાં લાગી જાવ. તેમાં જ સાચી માનવતા સમાયેલી છે.

*52 મો અધ્યાય આવતી કાલે.....*

સાભાર......
પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક:- શ્રી જ. ગો. સંત
અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ

# ડૉ. આંબેડકર ઉવાચ.....



## અધ્યાય :- ૫૨ - દુશ્મનાવટ ખાદી સાથે નથી...પરંતુ

બાબાના એક કાર્યકર્તાએ બાબાને કહ્યું:
"બાબા, આ સફેદ ખાદી પહેરેલી વ્યક્તિને ઓળખો છો ને ?" ત્યાં જ બાબાએ તેને કહ્યું :

"અરે, તું એને શું ઓળખનારો ? અનેક વર્ષોથી તેની ઓળખાણ છે, તેની અને તે પહેરે છે એ સફેદ ખાદીની. આપણા પૂર્વજોએ માત્ર ખાદી વાપરી જ નથી એ તો એ ધંધાનું નિર્માણ કરનારા-સ્થાપક હતા. કાપડ કોણ તૈયાર કરતું હતું? તમારા અને અમારા પૂર્વજો તે મહત્ત્વના ધંધાની ઉપર તેઓ પોતાના પરિવારનો નિર્વાહ ચલાવતા હતા અને બીજાને આબરૂનુંયે રક્ષણ કરતા હતા. તેઓ તો આપણી સંસ્કૃતિના અસલ પ્રતીક હતા. એ સન્માનકજનક વેપારનો ધંધો આપણે છોડી દીધો અને ડરપોક બનીને બીજાને વશવર્તીને જીવતાં શીખ્યા. મારો વિરોધ ક્યારેય ખાદી માટે નહોતો અને અત્યારે પણ નથી. એથી ઊલટું એનાથી તો મને ગૌરવ થાય છે. વિરોધ તો છે તેની આડ લઈને આપણા ઉપર તીર છોડનારા ખાદી ટોપી પહેરનારી તત્ત્વનું સમર્થન કરનારી વ્યક્તિની મનોવૃત્તિનો. એકંદરે આપણે આપણા સાવ મૂળ ધંધાનું સંશોધન કરીને જીવનમાં આવનારા દિવસોમાં ઉપયોગી થાય એવા ગ્રંથનું નિર્માણ કરવું જોઈએ." બાબાસાહેબની ખુરશીની આગળ એક બોક્ષ હતું. તેના ઉપર દ્રાક્ષ અને સંતરા ભરેલી બે પ્લેટો પડી હતી. બાબાસાહેબે એક-બે દ્રાક્ષ મોંમાં નાખી. તે ખાટી લાગી હશે એમ માનીને બીજા એક કાર્યકર્તાએ કહ્યું:

"બાબા, આ સંતરા લોને, ખૂબ જ મીઠાં છે. નાગપુરનાં સંતરાં."

બાબાસાહેબે તેના જવાબમાં કહ્યું:

"એવી ખ્યાતિ તો સાંભળી છે. એનો અનુભવ પણ છે. પરંતુ ક્યારેક ક્યારેક સંતરા જોવામાં મોટાં અને ગમી જાય તેવાં હોય છે. પીળા-લાલ રંગની લાલચટક એની છાલ પણ ખૂબ જ આકર્ષક લાગે છે. પરંતુ ખબર નથી પડતી કે ક્યારેક એમાં ફસામણી પણ થઈ જાય છે." તેમના આવા કહેવા પર "તેના કરતા નાસિકની દ્રાક્ષ જ ઉત્તમ, મીઠી, મધુર અને ચટાકેદાર અને તબિયતને અનુકૂળ આવે એવી છે." પહેલાં કાર્યકર્તાએ બાબાસાહેબને ખુશ કરવા માટે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

"વાહ વાહ, દ્રાક્ષનું મધ બન્યું નહીં એટલે ચલાવી લીધું, કારણ કે મોટાભાગે આવો અનુભવ થતો જ નથી." બાબાસાહેબ આંબેડકરના આ બધા વિનોદી જવાબોમાં જીવનના કેટલાં બધાં મોટાં તત્ત્વો સમાયેલાં છે અને તેનું કાવ્યાત્મક પ્રમેયમાં પણ કેટલી બધી ભોજનસામગ્રી સમાયેલી છે એ પ્રત્યક્ષ જોવા મળ્યું.

53 મો અધ્યાય આવતી કાલે...

સાભાર...
પુસ્તક :- મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક :- શ્રી જ. ગો. સંત
અનુવાદ :- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

SAURASHTRA UNIVERSITY

Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૨૪ - મે

## અધ્યાય :- ૫૩ - દલિતોનું રાજકારણ દાદુમિયા

દાદાસાહેબ અંબે બાબાનો અભિપ્રાય

"તમે કાયમ મારો જયજયકાર કરો છો. મારા કાર્યના વખાણ કરો છો, મને તમે તમારો સમજો છો. પરંતુ ખરેખર તો મેં વાસ્તવમાં એવું કોઈ કામ કર્યું નથી. હું મારી નોકરી સંભાળીને પછી મારા ફાઝલ સમયમાં મારાથી જેટલું થઈ શકે તેટલું સાર્વજનિક કામ કરું છું અને આ સાર્વજનિક કાર્ય એટલે તમને ફક્ત વિચારો આપું છું. આવા વિચારો તો કોઈપણ કહે, શાસ્ત્રને સમજવું અઘરું કામ નથી, પરંતુ એના વિચારોને પોતાના આચરણમાં ઉતારવા, શાસ્ત્રને જીવનના વ્યવહાર સાથે જોડવું એ પ્રત્યક્ષ કાર્ય હોવાથી તે કરવું એ ખરેખર ભારે કઠિન હોય છે, વિકટ હોય છે. એ માટે કેટકેટલાં સંકટોનો સામનો કરવો પડે છે. ધાર્મિક, વાચિક, માનસિક અત્યાચારો સહન કરવા પડે છે. અપમાન તો એટલું બધું થાય છે કે, તેની શબ્દોમાં અથવા તો સંખ્યામાં ગણતરી કરવી અઘરી છે. કાળારામ મંદિર સત્યાગ્રહના સમયે આ મારા ભાઉરાવ ગાયકવાડ પ્રત્યેક કસોટીમાંથી સોએ સો ટકા સોનાની જેમ પાર ઊતર્યા, સફળ થયા છે. આ સોનુ એ અતિશય શુદ્ધ છે, ત્યારે તમારો સાચો નેતા એ જ છે અને એ જ મારો જમણો હાથ છે." એકવાર બાબાએ કહ્યું : "ભાઉરાવની જેમ ગામડાગામમાં ભૂખ્યાં-તરસ્યા ભટકવાની તમારી શક્તિ છે શું? આખી જિંદગી તેમણે તેમનું આખુંયે જીવન વેરાન કરી દીધું છે. તમે તો શહેરમાં વકીલાત કરો છો. માન- મરતબો, પ્રતિષ્ઠા મેળવો છો અને આગેવાન બનીને ભારે માનપાન મેળવો છો. ભાઉરાવ સાથે કોઈ હરીફાઈ કરશો નહીં. ટાઢતડકો જોયા વિના, ક્યારેક પહાડો પરથી કે ક્યારેક નાળીઓ પાર કરીને, ક્યારેક પગે ચાલીને પગપાળા, તો ક્યારેક સાઇકલની ઉપર, ક્યારેક ઘોડાગાડીમાં તો વળી ક્યારેક મોટરમાં તેમણે આખું મહારાષ્ટ્ર પગતળે કાઢ્યું છે. દરેક જિલ્લામાં, દરેક ગામમાં, દરેક ઝૂંપડામાં એ ફર્યા છે. એ વિસ્તારમાં ભાઉરાવને ઓળખતું ના હોય એવી એકાદ વ્યક્તિ પણ આપણને મળવી મુશ્કેલ છે. મને ખબર નથી ભાઉરાવ જેવો માણસ મળવો કઠિન છે, અશક્ય છે. અરે, કેટલાંક ટેકાણે ડૉ. આંબેડકર કોણ છે?' એની કદાચ તેમને ખબર નહીં હોય પરંતુ ભાઉરાવને તો બધાયે દીન-દુબળા, ગરીબો સારી રીતે ઓળખે છે." તમે મારા અને ગાંધી વચ્ચેના ઝઘડાનો તમારા પત્રમાં કરેલો ઉલ્લેખ અસ્થાને છે. મારા અને ગાંધીજીના તેમને સમૂચા ગામ દેવા સુધીના મતભેદ કે તેની તો તમને પહેલેથી જ સંપૂર્ણ જાણકારી છે. આવું કાંઈ આ પહેલીવાર નથી બનતું. તમને તે સ્વીકાર્ય હોય કે નહીં, પરંતુ તેમના ઉપર ગુસ્સો કરવા માટેનાં પૂરતાં કારણો મારી પાસે છે. અસ્પૃશ્ય વર્ગોના પ્રશ્નોની ઉપર મારા જે પુસ્તકો છે તેમાં તે લેખિત વિવેચન કર્યું છે. તેમાં મેં ગાંધીનો વિરોધ શા માટે કર્યો તેની બાબતની સંપૂર્ણ હકીકત લખી છે. તેમાં આલેખેલી વસ્તુસ્થિતિ એન તેમના ઉપર મેં કરેલા આક્ષેપો ભૂલ ભરેલા છે કે અસ્થાને છે એ જો ગાંધી સિદ્ધ કરીને બતાવે તો હું મેં કરેલા આક્ષેપો પાછા ખેંચવા માટે હંમેશા તૈયાર છું.

ક્રમશઃ...

તમને એવું લાગે છે કે હું એકલો જ માત્ર ગાંધીને ખરાબ કહું છું. પરંતુ મારી માહિતી પ્રમાણે એવા તો સેંકડો લોકો છે અને તેમાંયે ગાંધીજીની બિલકુલ નજીકના ટોળામાંના કેટલાક લોકો પણ તેમાં સામેલ છે. એટલું જ નહીં તોયે હિંદુસ્થાનની કાલની સરકારમાંના કાર્યકારી મંડળના કેટલાંક લોકોયે એમાં આવી જાય છે. તેમનામાં અને મારામાં માત્ર એટલો જ ફરક છે કે તેઓ ગાંધીજીને ખાનગીમાં ગાળો ભાંડે છે અને જાહેરમાં તો માત્ર તેમની સ્તુતિનાં ફૂલો ઉછાળીને તેમનાં ઓવારણાં લે છે. મારી દુર્દશા એવી છે કે મોં સામે દેખાડાની ભક્તિ કરવાની ને દેખાડવાના અને ચાવવાના દાંત જુદા જુદા રાખવા જેવી કલા જ મારી પાસે નથી.

મેં ગાંધીની ઉપર કરેલો હુમલો તમે તમારા મનમાં બરાબર સંઘરી રાખ્યો હોય એવું લાગે છે. આ બાબતમાં મારું તો એક જ કારણ છે. મને કાયમથી જ એવું લાગતું આવ્યું છે કે, દેશ એ કાયમને માટે જ શ્રેષ્ઠ છે. જયારે તમે લોકો ગાંધીજીને દેશ કરતા શ્રેષ્ઠ માનો છો. મારી વિચારશ્રેણી તો એકદમ જુદી જ છે. વ્યક્તિ કરતાં દેશ જ કાયમના માટે શ્રેષ્ઠ હોય છે. તમારા મતે કોંગ્રેસવાળા અને રાષ્ટ્રીય દૃષ્ટિકોણવાળી વ્યક્તિ એ એક જ છે. મને તો આમાં એટલું જ લાગે છે કે કોઈ એકાદ વ્યક્તિ કોંગ્રેસી ના હોવા છતાંયે તે ઉચ્ચ પ્રકારના રાષ્ટ્રપ્રેમથી પ્રેરિત થયેલી વ્યક્તિ નખશિખ રાષ્ટ્રવાદી વ્યક્તિ હોઈ શકે.

*54 મો અધ્યાય આવતી કાલે.....*

સાભાર......
પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક:- શ્રી જ. ગો. સંત
અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.....



## અધ્યાય :- ૫૪- સદાચાર જ મારું સર્વસ્વ.

હું એક સદાચારી અને ઉચ્ચ કોટિની નીતિમત્તાવાળો પુરુષ છું. આ જ પ્રતિષ્ઠાનું બળ એ મારા સમગ્ર સાર્વજનિક જીવનને ટકાવી રાખે છે. મારા શત્રુઓ મારાથી જે ગભરાય છે તેનું કારણ એ મારું વિશુદ્ધ ચારિત્ર્ય છે! જે તેમના અંતઃકરણમાં મારા વિશે એક પ્રકારનો ડર પેદા કરે છે. આવી આ મંગલકારી પ્રતિષ્ઠાને કલંકિત કરવા માટે હું ક્યારેય તૈયાર થઈશ નહીં. જો કદાચિત મારી પ્રતિષ્ઠા નષ્ટ થઈ જાય તો માત્ર મારા સંપૂર્ણ જીવનનો સાર જ નષ્ટ થશે નહીં, તો મારા લોકો જેમના માટે મેં મારા સર્વસ્વનો ત્યાગ કર્યો છે અને ભૂલથી હોય કે ખરેખર હોય, તેઓ મને પોતાનો પરમેશ્વર માને છે, તેમનો મારા ઉપરનો વિશ્વાસ ઊડી જશે.

- સાહિત્યપ્રેમ

મને સાહિત્યનો વિશેષ કરીને જીવનચરિત્ર સાહિત્યનો ભારે શોખ છે. પ્રત્યેક સ્ત્રી-પુરુષનું જીવન બિલકુલ સંક્ષિપ્ત એવું હોય છે અને તેમને પોતાના જીવનક્રમ જે માર્ગેથી પાર પાડવાનું થાય છે તે ખરેખર ખૂબ જ સંકીર્ણ હોય છે અને એટલે જ પ્રત્યેકનો અનુભવ મર્યાદિત હોય છે. આવો આ મર્યાદિત અનુભવ સંકીર્ણતા અને સંકુચિતપણાનો જન્મ આપે છે, વિભિન્ન પ્રકારનું જીવન વ્યતીત કર્યું હોય એવા અનેક પુરુષોનો કોઈક જ માણસને જીવનમાં ભેટો થાય છે અને તેમના અનુભવો દેખીતી રીતે બીજી વ્યક્તિના અનુભવોથી જુદા જ હોઈ શકે છે. જ્યાં સુધી કોઈ તેમના અનુભવોથી પરિચિત થતો નથી ત્યાં સુધી તે પોતાના જીવનના ધ્યેયનો વિકાસ કરી શકતો નથી. ટોલ્સ્ટોય મારા પ્રેરણાસ્રોત નથી અથવા તો કોઈ લેખક પણ મારો પ્રેરણાસ્રોત નથી. મારી વૈચારિકતા ભારે ગંભીર છે. હું કોઈપણ લેખકનું વિધાન જે લેવા યોગ્ય હોય એ લઉં છું, પછીથી હું તેને આત્મસાત્ કરું છું અને હું મારું વ્યક્તિત્વ નિર્માણ કરું છું. માત્ર કોઈ વ્યક્તિ ભલેને તે પછી ગમે તેટલી મહાન હોય, પરંતુ હું તેનું અનુકરણ કરતો નથી. આ મારું મૌલિક તત્ત્વ છે.

- સ્ત્રીઓનો ઉદ્ધાર

હું સ્ત્રીઓની ઉન્નતિ અને તેની મુક્તિ માટે લડનારો મહાન લડવૈયો છું. સ્ત્રીઓના દરજ્જાને ઊંચે લઈ જવા માટે અને તેને પ્રાપ્ત કરવા માટે મેં લડત પણ આપી છે તેનું મને ખૂબ જ ગૌરવ થાય છે.

- અનાસક્ત પુરુષ

હું ખૂબ જ કઠોર માણસ છું. આમ જોવા જાવ તો હું ખૂબ જ શાંત પાણી જેવો અને ગાય જેવો નમ્ર છું. પરંતુ જે સમયે હું આવેશમાં આવી જાઉં છું ત્યારે મારે માટે મારી જાતને સંભાળવી ખૂબ જ મુશ્કેલ હોય છે. હું મૌન પાલન કરનારો માણસ છું. મોટાભાગે મારા ઉપર એવો આરોપ મૂકવામાં આવે છે કે, હું બીજી સ્ત્રીઓ સાથે વાત પણ કરતો નથી. પરંતુ પુરુષો સાથે પણ ખૂબ વાતો કરતો નથી. જો કોઈ મારી ખૂબ જ પરિચિત વ્યક્તિ હોય તો હું તેની સાથે એકરૂપ થઈ જાઉં એવો પુરુષ છું. ક્યારેક ક્યારેક તો હું સતત બોલતો રહું છું. ક્યારેક ક્યારેક તો હું ખૂબ ગંભીર હોઉં છું ને એક પણ શબ્દ મોંઢેથી બોલતો નથી. તો વળી ક્યારેક ક્યારેક હું ખૂબ જ ગંભીર હોઉં છું. જીવનની પ્રણયક્રીડા-સુખોપભોગ મને લોભાવતાં નથી. મારા સાથીદારોને મારો દૃઢ સદાચાર, કઠોરતા અને વૈરાગ્ય સહન કરવો પડે છે. પુસ્તકો મારા સ્નેહી—સંબંધી છે. તે મારી પત્ની અને બાલબચ્ચા કરતાં પણ વધારે મને પ્રિય છે.

55 મો અધ્યાય આવતીકાલે...

સાભાર...
પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક : શ્રી જ. ગો. સંત
અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2576501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in



# ડૉ. આંબેડકર ઉવાચ.....

## અધ્યાય :- ૫૫- મા, હું આવ્યો છું.

સતારા ખાતે એક મેદાનમાં એક ઠેકાણે ઊભા રહીને તેમણે કહ્યું:
મા, હું આવ્યો છું." એ કહીને બાબા રડવા લાગ્યા.
"દત્તોબા પવારને કહ્યું: "દત્તોબા, અહીંયાં મારી માનાં અસ્થિ છે.
તેણે અમારા ભાઈભેરુઓ માટે ખૂબ જ દુર્દશા ભોગવી.
પેલી બાજુના ખંડિયેર ઘરમાં અમે કેટલાક દિવસો રહ્યા હતા.
"કેટલાક દિવસો સુધી મારી મા અને મારા ભાઈઓ આ સડક પર પથ્થર
ફોડીને પેટગુજારા માટે મજૂરી કરતાં હતાં.
હું આ જંગલોમાં બાળપણમાં ખૂબ રમ્યો છું. મારી મા અને પિતા—
એમની ઇચ્છા-આકાંક્ષા મુજબ હું ભણ્યો એ આજના દિવસો જોવા
માટે વધુ જીવ્યા નહીં, હું ખરેખર ખૂબ કમનસીબ છું."

56 મો અધ્યાય આવતીકાલે...

સાભાર...
પુસ્તક : મારી આત્મકથા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક : શ્રી જ. ગો. સંત
અનુવાદ : મુળજીભાઈ વી. ખુમાણ

Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot**

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. આંબેડકર ઉવાચ.....

૨૭ - મે

## અધ્યાય :- ૫૬ - માતા રમાઈનાં સંસ્મરણો.

અખિલ ભારતીય પદદલિતોના ઉદ્ધારક પરમપૂજ્ય ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના રમાઈ એ તેમના પત્ની. ભારતીય દીન-દલિતોના અભ્યુદય માટે, ઉન્નતિ માટે બાબાસાહેબે અપાર કષ્ટ વેઠ્યું. અનેક અપમાન, અવમાન, અવહેલના સહન કરી. અનેકવાર તેમના ઉપર પ્રાણઘાતક સંકટો પણ આવ્યાં, એની તો આપણે સૌ કોઈને ખબર છે જ! આમ છતાંયે તેમના પ્રથમ પત્ની રમાબાઈ (ઉર્ફે રામુ અને ભાગીરથી) એમણે જ બાબાસાહેબ આંબેડકર માટે અનેક કષ્ટો સહન કર્યાં, અનેક યાતના ભોગવી, ઉપવાસ- વ્રતો કર્યાં.

ડૉ. બાબાસાહેબ આંબેડકર એ વિલાયતથી 'રાઉન્ડ ટેબલ' કોન્ફરન્સમાંથી ૧૯૩૨ની સાલમાં સારાયે જગતને આશ્ચર્યચકિત કરીને અસ્પૃશ્યોના માણસાઈના હક્કો માટે ભારે સંઘર્ષ કરીને અને તેમાં સફળતા મેળવીને મુંબઈ પાછા ફરી રહ્યા હતા, અર્થાત્ તેમના સ્વાગત માટે તેમને ચાહનારા, ઈષ્ટમિત્રો, સગાંસંબંધીઓ અને હજારો અનુયાયીઓ ભારે ઉત્સાહથી હાજર હતા. આ પ્રચંડ જનસમુદાયમાં માતા રમાબાઈ જો ના આવ્યાં હોત તો આશ્ચર્ય જ સર્જાયું હોત! કારણ કે રમાઈની બાબાસાહેબ બાબતની ભાવના જ એ જાજવલ્યમાન હતી.

ઉદાહરણરૂપ એક ગીતની કડી જ જુઓ : ભરથાર મારા દેવ જેવા, હું એમની જાણે રાણી, સાત જનમના પુણ્યથી મળ્યા છે મને સખી. ભરથાર મારા જીવનસાથી, હું તેમની ફૂલરાણી. મંદિરમાં જાણે અમે બંને, વિઠ્ઠલ અને રખુમાઈ. બાબાસાહેબ બોટમાંથી ધક્કા-બંદર પર ઊતરતાં જનસાગરનો "આંબેડકરનો વિજય થાઓ ! આંબેડકર કૌન હૈ? દલિતોં કા રાજા હૈ! આંબેડકર ઝિંદાબાદ" વગેરે જયઘોષોથી પરિસર ગુંજી ઊઠ્યું. બાબાસાહેબના ગળામાં એક પછી એક હાર પહેરાવવામાં આવી રહ્યા હતા અને આ મનોહર દૃશ્ય જોઈને માતા રમાઈનું હૃદય ઊછળકૂદ કરી રહ્યું હતું, આનંદથી પુલકિત થઈ ગયું હતું અને આંખમાંથી આનંદનાં અપાર અશ્રુ વહી રહ્યાં હતાં અને આ દૃશ્ય બાબાસાહેબના જે અનેક સવર્ણ સ્નેહીઓ તેમની પાછળ હતા તેમાંથી એકે ('જનતા' પત્રના સંપાદક સહસ્રબુદ્ધે) તેની અચૂક નોંધ લીધી, કારણ કે સૌ કોઈથી છેલ્લે માતા રમાબાઈએ બાબાસાહેબના ગળામાં હાર પહેરાવ્યો હતો. પરંતુ હાર પહેરાવતી વખતે દરેક હાર પહેરાવનારની નજર બાબાસાહેબના મોં પર જડાયેલી રહેતી હતી, જ્યારે રમાબાઈની નજર બાબાસાહેબના પગ તરફ હતી.

હારતોરાનો કાર્યક્રમ પૂરો થઈ ગયા પછી ત્યાં એક નાની એવી સભા થઈ અને સહસ્રબુદ્ધેએ રમામાતાની બે શબ્દો બોલવા અને આ ભાષણમાં બાબાને હાર પહેરાવતી વેળા તેમની નજર બાબાના મોં તરફ ના રાખતાં તેમના પગ તરફ કેમ રાખી હતી તેનો ખુલાસો કરવા (ગમ્મતમાં) જણાવ્યું.

માતા રમાઈને આ પહેલાં આવી સભામાં ભાષણ કરવાની આદત નહોતી. (જોકે, એકવાર ભાષણ કર્યું હતું ખરું) તેના કારણે તેઓ ક્ષણભર તો ગભરાઈ જ ગયાં ! બોલું અને તે સારું ના લાગે તો? અને જો ના બોલું તોયે પંચાત જ થાય, આવી દ્વિધાભારી સ્થિતિ ઊભી થઈ હતી. પરંતુ તે પ્રસંગને આ મહાન માતાએ ખૂબ જ ચતુરાઈથી પાર પાડયો.

તેમણે કહ્યું, "અધ્યક્ષ મહારાજ, દલિતોના બાબા અને મારા મહાન પતિ, મારાં બધાં નાનાં-મોટાં ભાઈ-બહેનો સહસ્રબુદ્ધે સાહેબે મારી સામે બે પ્રશ્નો મૂક્યા છે. તેમાં

(૧) બધાના પછીથી છેવટે મેં બાબાસાહેબને હાર કેમ પહેરાવ્યો ? અને

(૨) તે હાર પહેરાવતી વખતે મારી નજર બાબાસાહેબના પગ તરફ કેમ હતી? તેનો જવાબ હવે હું આપું છું. મારી કાંઈ ભૂલચૂક થાય તો માફ કરશો એવી આશા રાખું છું.

પહેલા પ્રશ્નનો ઉત્તર એવો છે કે, જેમને બાબાસાહેબના દર્શન ક્યારેક જ થાય છે. તેને તેના માટે પ્રથમ તક આપવી એ મારું કર્તવ્ય હતું. તે મારી માણસાઈ અને સૌજન્ય હતું, એટલે જ મેં સૌ કોઈને પહેલી તક આપી અને છેલ્લે મેં હાર પહેરાવ્યો.

ક્રમશઃ...

હવે મારો બીજા પ્રશ્નનો ઉત્તર એ છે કે, આપ સૌને એની તો ખબર છે કે, બાબાસાહેબ બધા જ દીન-દલિતોનું, ગરીબ-દૂબળા, દીનદુખિયાનો ઉદ્ધાર કરવાની જવાબદારી પોતાના માથે સ્વીકારી છે અને હું તેમની ધર્મપત્ની છું. તેમણે સ્વીકારેલી આ જવાબદારીને મારી નજર લાગે નહીં એટલે મેં તેમના પગ તરફ નજર રાખી હતી. મારા આ જવાબોથી સહસ્રબુદ્ધે સાહેબને સંતોષ થયો હશે એવું મને લાગે છે." અને આમ કહીને રમાબાઈએ તેમનું નાનું ભાષણ પૂરું કર્યું. આ ભાષણ પૂરું થતાં જ જનસાગરમાંથી તાળીઓનો પ્રચંડ ગટગડાટ ગાજી ઊઠ્યો. "માતા રમાબાઈ ઝિંદાબાદ, આંબેડકર ઝિંદાબાદ, આંબેડકર કૌન હૈ..." વગેરે નારાઓએ વાતાવરણ ગજવી મૂક્યું. આ પછીથી ડિલાઇલ રોડ (હાલનું નામ ના.મ.જોષી માર્ગ)ના અત્યંત

પાયાના કાર્યકર્તા સખુબાઈ મોહિતેનું ભાષણ થયું. તેમણે કહ્યું, "ભાઈઓ, માતા રમાઈનું આ પહેલું ભાષણ આપે સાંભળ્યું હશે. બાબાસાહેબની સાથે સાથે જ આપણને રમામાતાનાંયે દર્શનનો લાભ મળ્યો, તેમનું ભાષણ સાંભળવા મળ્યું. તમારા-અમારા જીવનમાં આજે સોનાનો દિવસ ઊગ્યો. આ માતાએ બાબાસાહેબની જેમ જ અપાર દુ:ખો સહન કર્યાં, કષ્ટ સહન કર્યું. બાબાસાહેબને તેમણે સસારના કુંડાળામાં બાંધી રાખ્યા નહીં. આપણો ઉદ્ધાર કરવા માટે, એનું કામ કરવા માટે તેમણે તેમને મોકળું મેદાન આપ્યું, છૂટા મેલ્યા. તેનું કારણ એવું છે કે, તેમની નાનપણની વાત હું કરું છું. તેમણે પોતાના નાનપણમાં જ તેની મા પાસે મરે નહીં એવા અમર પતિની માંગણી કરી હતી. તે વાત એવી છે કે, નાનપણમાં આપણે બધાને જ આપણાં મા- બાપ, મોટા વડીલો, ગુરુજનો તરફથી વાત સાંભળવી પડતી હોય છે. તે જ પ્રમાણે રમાબાઈને પણ તેમની માતા પાસેથી વાત સાંભળેલી. આ વાત હતી શંકર-પાર્વતીની. પાર્વતી જ્યારે લગ્ન કરવાને યોગ્ય થઈ ત્યારે તેનાં માતાપિતા તેનાં માટે વર શોધવા માટે પ્રયત્ન કરતાં હતાં. પરંતુ પાર્વતીને તો 'મરણ ના પામે તેવો અમર' પતિ જોઈતો હતો. તેણે પોતાની હઠ તેની મા પાસે મૂકી. ત્યારે પાર્વતીની માએ તેને કહ્યું કે, "તું કહે છે તેવો પતિ મેળવવા માટે અતિશય તપશ્ચર્યા કરવી પડે છે. ખૂબ જ કષ્ટ સહન કરવાં પડશે. એકદમ સહજ રીતે આવો પતિ તો મળશે નહીં." તે સાંભળીને આપણી આ રમા —ભાગીરથી અને બાબાસાહેબની રામુએ પણ પોતાની માતાને પૂછ્યું, "...તો પછી શું પાર્વતીની જેમ કદી મરણ ના પામે એવો અમર પતિ મને પણ મળશે ખરો?" તેની માંએ કહ્યું, "તારે એના માટે પાર્વતી જેવું તપ કરીને ભારે દુ:ખ-કષ્ટ ભોગવવું પડશે.'" ત્યારે આપણી આ રમામાતાએ કહ્યું, "તો પછી હુંયે એવું તપ કરી તકલીફ-દુર્દશા ભોગવીશ. હું પણ ઉપવાસ-વ્રત કરીને કદી મરે નહીં એવો અમર વર મેળવીને જંપીશ." આટલું કહીને સખુબાઈએ કહ્યું, "ભાઈઓ, બહેનો, આપણને ખબર છે કે, આપણા રમાબાઈનું જેમનું પિયર વણદગામ છે, તે ભાગીરથીએ અને બાબાના રામુએ બાબાસાહેબ માટે કેટલું બધું કષ્ટ સહન કર્યું છે ! બાબાસાહેબ ઉચ્ચશિક્ષણ માટે, સમાજની સેવા કરવા માટે તેમને સંસારથી જંજાળમાં બાંધીને રાખ્યા નહીં. તેમના માટે તેમણે અપાર યાતના-દુ:ખ ભોગવ્યાં. છાણ વીણ્યું, તેનામાંથી બળતણ માટે છાણાં થાપ્યાં. તેને વેચીને તેના પૈસામાંથી પોતાના પરિવાર-કુટુંબનું ભરણ-પોષણ કરીને સંસારનું ગાડું ચલાવ્યું. આવું તો ઘણુંબધું તેમણે કરેલું છે અને એટલે જ તેમને બાબાસાહેબ જેવા, જેમની વિદ્વત્તાથી જગત આખામાં કીર્તિ પ્રસરી છે એવા મહાપુરુષ કે જે 'કદી મરણ ના પામે તેવા અમર પતિ' તેમને મળ્યા છે. આ તેમની કઠોર તપશ્ચર્યાનું ફળ છે. (પ્રચંડ તાળીઓનો ગડગડાટ અને માતા રમાબાઈ તેમ જ બાબાસાહેબ અમર રહોના જયઘોષથના ગગનભેદી નારાથી વાતાવરણ ગુંજી ઊઠ્યું.) માતા રમાબાઈએ આવા 'મરણ પામે નહીં તેવા અમર પતિ' મેળવીને પતિરાજની સાથે સાથે પોતાની કીર્તિ જગતમાં ચોફેર ફેલાવી છે એવું નથી શું? એ શું ખોટું છે?

**અહીં બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકારજીની આત્મકથા પૂર્ણ થાય છે.**
**હવે પછીના નવા જ આયામ સાથે આપણે બધા પૂન: મળીશું,**
**આપ સર્વેને જય ભીમ નમો બુદ્ધાય.**

સાભાર......
પુસ્તક:- મારી આત્મકથા: ડૉ. બાબાસાહેબ આંબેડકર
સંપાદક:- શ્રી જ. ગો. સંત
અનુવાદ:- મુળજીભાઈ વી. ખુમાણ